સાહિત્ય પુષ્પગુચ્છ

(An Advanced Course in Gujarati)

સંપાદિકા
મધુ કે. સંપટ

ભારતીય ભાષા સંસ્થાન
મૈસૂર, ભારત

સાહિત્ય પુષ્પગુચ્છ

Central Institute of Indian Languages
Publication No. 483

Subject : Major Indian Languages - Gujarati

સાહિત્ય પુષ્પગુચ્છ

સંપાદિકા
મધુ કે. સંપટ

ભારતીય ભાષા સંસ્થાન
મૈસૂર, ભારત

sahitya pushpaguccha
(Advanced Course Reader : Gujarati)
Madhu K. Sampat

First Published: October 2001
Asvina 1923

© *Central Institute of Indian Languages, Mysore, 2001.*

This material may not be reproduced or transmitted in any form or by any means, electronic, or mechanical, including photocopy, recording, or any information storage and retrieved system, without permission in writing from :

Prof. Udaya Narayana Singh
Director
Central Institute of Indian Languages
Manasagangotri, Vinoba Road
MYSORE 570 006, INDIA

Phone	:	0091-821-515820 (Director)	PABX	:	0091-821-515558
Grams	:	BHARATI	Telex	:	0846-268 CIIL IN
E-mail	:	udaya@ciil.stpmy.soft.net (Director)	Fax	:	0091-821-515032
		bhasha@sancharnet.in	Website	:	http://www.ciil.org

To contact Head, Publications, E-Mail to: rajya@ciil.stpmy.soft.net

ISBN-81-7342-090-4

Price: Rs. 140-00 (US $.15.00)

Published by Prof. Udaya Narayana Singh, Director
Central Institute of Indian Languages, Mysore.
Printed by Mr. S.B. Biswas, Manager
CIIL Printing Press, Manasagangotri, Mysore 570 006. INDIA.
Cover Design : H. Manohar
Production : K. Srinivasacharya

FOREWORD

The present Gujarati Reader which is designed to be used as a part of our Advanced Course is being presented by the Author-Editor as a 'Floral Tribute' (Pushpaguccha) containing 20 prose texts and 10 poetic compositions. The book covers a wide range of writing styles used in Gujarati novels, plays, belles letters, autobiographies and newspapers so that both teachers and second language learners using them benefit from the lessons. The texts used here are not merely instances of ideal writing styles, they are also used to teach certain grammatical patterns and lexical coinages.

The language teaching materials produced by the Institute have so far been tried out through a series of 10 months Intensive Training Programmes currently offered in 7 Centres of the Institute at three levels; Basic, Intermediate and Advanced courses. The present Advanced Course Reader is suitable to be used not only for such language learners who are taught at Pune, but also for those who have had introduction to Gujarati language through a formal system, and yet have not had chance to go beyond the basics.

Sahitya Pushpaguccha is also expected to provide interesting reading materials to adult, new learners of Gujarati who have been taught by those engaged in literacy and post literacy campaign. For such mother tongue speakers of Gujarati, the rich selection of texts used here can be very handy.

The Gujarati Diaspora scattered over many countries, and especially in the African nations, would also find this course to be of relevance, should the community elders decided to teach their language to the younger generation by using a text like this which provides an interesting reading.

The suggestions, comments, criticisms from all those who may use this teaching material will be most welcome. Specific comments on the aspect of production, including typographical and other errors that may have crept in or stylistic changes could be sent to Dr. K.S.Rajyashree (e-mail: rajya@ciil.stpmy.soft.net), who heads the Publication Unit. Suggestions on teaching and use of these materials could be mailed to Dr. Usha Nair (e-mail: wrlc_in@hotmail.com), Principal of our Centre in the West at Pune.

I am very happy to see that the Advanced Gujarati Reader in its current incarnation has finally seen the light of the day for which Mrs. Madhu Sampat has to be given due credit.

Mysore
27/09/2001

Udaya Narayana Singh

ACKNOWLEDGEMENT

It is my pleasure to acknowledge my indebtedness to the persons who helped me in my work and who gave me their valuable guidance for preparing this present book.

I am highly indebted to Shri. Jayanti Dalal (*parakhun*), Shri. Kishansingh Chawda (*mangalsutra*), Shri. Dhoomketu (*bhikhu*), Shri. Father Valles (*bhasha jay to sanskruti jay*), Shri. Kanaiyalal Munshi (*dhirajkaka*), Shri. Pragaji Dosa (*minaldevino nyaya*), Shri. Vallabhbhai Patel (*ladat dhapavye rakho*), Smt. Kundanika Kapadiya (*strimukti*), Shri. Ramanlal Vasantlal Desai (*pratham shahid*) and Shri. Javerchand Meghani (*jesal-toral meghanino patra*) for their generous permission to include a piece of their literery work as a text material for the Advanced Course Reader : Gujarati. Further I am indebted also to those copyright holders whose response is awaited.

I am grateful to Prof. Udaya Narayana Singh, Director and Prof. Omkar N. Koul, former Director i/c., Central Institute of Indian Languages (C.I.I.L.), Mysore, for their encouragement and guidance. I am also grateful to Dr. M.S.Thirumalai the then Prof-cum-Deputy Director of C.I.I.L., Mysore. for his guidance regarding writing up of the different types of exercises which are covered in the text. I thank Dr. Dutta Baruah, Reader-cum-Research Officer, C.I.I.L., Mysore under whose supervision the work is completed.

My sincere thanks to Dr. (Mrs.) Naliniben Maheta, who has gone through the whole manuscripts and did vetting. I am most thankful to Dr.(Mrs.) Usha Nair, the Principal of Western Regional Language Centre (W.R.L.C.), Pune for her valuable suggestions and fruitful discussions.

I specially acknowledge my several batches of teacher trainees learning Gujarati on whom these lessons were tried out.

I thank Miss Ranjan C. Surti, Gujarati Typist, W.R.L.C., Pune for composing the lessons of the Advanced Course and Mr. T.N.Madanmohanan who did the DTP work. I thank Manager, C.I.I.L. Printing Press, Mysore for the neat execution of printing of this volume.

Madhu K. Sampat

અનુક્રમણિકા

Foreword		v
Acknowledgement		vi
પ્રસ્તાવના		ix

ગદ્યવિભાગ

01.	ધીરજકાકા	કનૈયાલાલ માણેકલાલ મુનશી	1
02.	મીનળદેવીનો ન્યાય	પ્રાગજી ડોસા	9
03.	કુર્તાલમ્	ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર	17
04.	પંઢરી	દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર	22
05.	નથી છૂટતું	ઝીણાભાઈ દેસાઈ	30
06.	વાચન	મણિલાલ નભુભાઈ દ્વિવેદી	36
07.	પૅરિસના ત્રણ છોકરા	બળવંતરાય કલ્યાણરાય ઠાકોર	43
08.	લડત ધપાવ્યે રાખો	સરદાર વલ્લભભાઈ પટેલ	50
09.	કરકસર	ધનસુખલાલ મહેતા	58
10.	મુકુંદનું પ્રાયશ્ચિત	રાજગોપાલાચાર્ય	68
11.	મેઘાણીના પત્રો	ઝવેરચંદ કાલીદાસ મેઘાણી	74
12.	મંગળસૂત્ર	કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડા	78
13.	પારખું	જયંતિ દલાલ	84
14.	ભાષા જાય તો સંસ્કૃતિ જાય	ફાધર વાલેસ	100
15.	પ્રથમ શહીદ	રમણલાલ વસંતલાલ દેસાઈ	108
16.	ભીખુ	ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી	118
17.	પ્રગતિ કે અધોગતિ	જ્યોતિન્દ્ર હરિશંકર દવે	126
18.	રેવાને તીરે	ભોળાભાઈ પટેલ	133
19.	ચોપડાની ઇંદ્રજાળ	ચંદ્રકાંત પંડ્યા	141
20.	સ્ત્રીમુક્તિ	કુન્દનિકા નરોત્તમદાસ કાપડિયા	151

પધ્યવિભાગ

01.	વૈષ્ણવજનનાં લક્ષણો	નરસિંહ મહેતા	158
02.	જનની	દામોદર ખુશાલદાસ બોટાદકર	161
03.	એક જ દે ચિનગારી	હરિહર પ્રાણશંકર ભટ્ટ	165
04.	જય જય ગરવી ગુજરાત	નર્મદાશંકર લાભશંકર દવે	168
05.	અખાના છપ્પા	અખો	172
06.	દૂર શું ? નજીક શું?	ઉમાશંકર જેઠાલાલ જોશી	175
07.	જેસલ-તોળલ	ઝવેરચંદ કાલીદાસ મેઘાણી	179
08.	મંગળ મંદિર ખોલો	નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા	183
09.	અત્તરિયાને	બાલમુકુંદ દવે	186
10.	આપની યાદી	સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ	189

પ્રસ્તાવના

ભારતીય ભાષા સંસ્થાન (મૈસૂર), આ સંસ્થાએ ભારતના શિક્ષકોને પ્રાદેશિક ભાષાનું પ્રશિક્ષણ આપવા માટે ક્ષેત્રીય ભાષા કેન્દ્રની સ્થાપના કરી, જે રાષ્ટ્રીય એકાત્મતામાં પોતાનો અમૂલ્ય ફાળો નોંધાવી રહી છે. ત્રિભાષી સૂત્રની યોજના હેઠળ પ્રશિક્ષણ લીધેલાં પ્રશિક્ષણાર્થીઓ આ ત્રીજી પ્રાદેશિક ભાષા પોતાની શાળાનાં વિધ્યાર્થીઓને શીખવી શકે છે જે આ પ્રશિક્ષણને કારણે શક્ય થયું છે. આ યોજના અંતર્ગત ગુજરાતી ભાષાના અભ્યાસક્રમમાં **'સાહિત્ય પુષ્પગુચ્છ'** - આ ત્રીજું પાઠ્યપુસ્તક પ્રકાશિત સ્વરૂપમાં તૈયાર કરતાં મને અનહદ આનંદ થાય છે.

આ પુસ્તક હાથમાં લેતાં પહેલાં પ્રશિક્ષણાર્થીઓએ બે સોપાન સર કરી લીધાં હોય છે. પહેલા સોપાનનો પ્રાથમિક અભ્યાસ એટલે Intensive Course in Gujarati, જેમાં વ્યાકરણની રચનાને ધ્યાનમાં રાખી ભાષાનું માનક સ્વરૂપ શીખવવામાં આવે છે. બીજું સોપાન માધ્યમિક અભ્યાસ એટલે Intermediate Course, જેમાં બોલચાલની ભાષા અને માનક ભાષા હાથમાં હાથ મેળવીને ચાલે છે. આ માધ્યમિક અભ્યાસમાં ગુજરાતની સંસ્કૃતિ તથા જીવનપરિચયની ઝાંખી કરાવવામાં આવે છે અને ભાષાકીય જ્ઞાનનો ઉપયોગ શીખવવામાં આવે છે. આ બંને પુસ્તકો પશ્ચિમ ક્ષેત્રીય ભાષા કેન્દ્રનાં પ્રાચાર્યા ડૉ.(શ્રીમતી) ઉષા નાયરે તૈયાર કર્યાં છે.

ત્રીજું સોપાન છે ઉચ્ચ અભ્યાસક્રમ એટલે કે Advanced Course in Gujarati જેમાં ગુજરાતી સાહિત્યનો રસાસ્વાદ કરાવવામાં આવે છે. આ પુસ્તકનું નામ છે **'સાહિત્ય પુષ્પગુચ્છ'**. બાગમાં વિવિધ પ્રકારનાં ફૂલો ખીલે છે જે બાગની સુંદરતા વધારે છે અને વાતાવરણને મહેકતું કરે છે. પણ તેમાં ચાર ચાંદ ત્યારે લાગે છે જ્યારે અમુક ફૂલો પુષ્પગુચ્છમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરે છે. તે જ રીતે ગુજરાતી સાહિત્ય વિપુલ પ્રમાણમાં વિશાળ ફલક પર છે. તેમાંના અમુક અંશને આ પુસ્તકમાં સ્થાન આપી સાહિત્યનો પરિચય કરાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

ભાષાનું અધ્યયન તે ભાષાના સોહામણા સાહિત્યને સમજ્યા વગર પૂર્ણ થતું નથી. પરંતુ ત્રીજી કે ચોથી પ્રાદેશિક ભાષા શીખી રહેલાં પ્રશિક્ષણાર્થીઓ

માટે સાહિત્યની પસંદગી કરવી એ ઘણું જ કપરું કાર્ય છે. તેઓની મર્યાદિત ભાષાશક્તિનો વિચાર પહેલાં કરવો પડે છે. તદુપરાંત સાહિત્યમાં કાળાનુક્રમે આવેલા બધા પ્રવાહોને આવરી શકાતા નથી. પાઠ્યપુસ્તકમાં આ બધાનો સમાવેશ કરવો એ મર્યાદા બહારની વાત છે. તે કારણે ઘણા સાહિત્યકારોની કૃતિઓને ન્યાય આપી શકાયો નથી. તે જ પ્રમાણે જે કૃતિઓ સમજવી અઘરી પડે તે પણ લઈ શકાતી નથી, કારણ ત્યાં આકલનશક્તિનો વિચાર પ્રથમ કરવો પડે છે. તેથી સરળ, સમજી શકાય, ગ્રહી શકાય પણ રસપાન થાય, રુચિ જાગ્રત કરે તેવી કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતી સાહિત્યમાં જેણે પોતાનું આગવું ઉલ્લેખનીય પ્રદાન કર્યું છે તેવા સાહિત્યકારોની વિશિષ્ટ કૃતિની ઓળખ આપવાનો પ્રયત્ન કર્યો છે. આ પાઠોની અનુક્રમણિકા ભાષાની આકલનશક્તિનો વિચાર કરીને બનાવી છે. તેમાં સમયનો કે શ્રેષ્ઠ કૃતિનો સંબંધ નથી એ ધ્યાનમાં લેવું જરૂરી છે.

આ પુસ્તકમાં નવલિકા, નાટક, ભાષાંતરીત વાર્તા, આત્મચરિત્ર, લલિત નિબંધ, પ્રવાસ વર્ણન, વિનોદી વાર્તા, વૈચારિક નિબંધ, સાહિત્યિક પત્ર વગેરે સાહિત્યપ્રકારને સમાવી લેવામાં આવ્યા છે. ગામડાની બોલીનો નમૂનો પણ છે. લોકસાહિત્યના પ્રકારને પણ મહત્ત્વ આપ્યું છે. આ પાઠો દ્વારા અનેક પ્રશ્નોને આવરી લેવામાં આવ્યા છે જેવા કે, સ્ત્રીના પ્રશ્નો, દલિત વર્ગના પ્રશ્નો, સામાજિક, આર્થિક, ધાર્મિક પ્રશ્નો વગેરે. સામાજિક જીવન, શહેરી તથા ગ્રામ્યજીવન વગેરેનું જીવનદર્શન આ પાઠો દ્વારા થાય છે. સાથે સાથે ભાષાકીય સુંદરતાની વિશિષ્ટ ઓળખ પણ થાય છે. જ્ઞાનપીઠ પારિતોષિક મેળવનાર સાહિત્યકારને તથા સાહિત્ય પુરસ્કાર મેળવનાર સાહિત્યકારોને આ પુસ્તકમાં ગૌરવપૂર્વક સ્થાન આપ્યું છે. આવા સમૃધ્ધ, અભિજાત ગુજરાતી સાહિત્યનું દર્શન પ્રશિક્ષણાર્થીઓને થાય અને વાંચવાની પ્રેરણા, ઉત્સુકતા જાગે એવા હેતુને ધ્યાનમાં રાખી આ પુસ્તક તૈયાર થયું છે. આ પુસ્તકમાં 20 ગધ્યકૃતિ અને 10 પધ્યકૃતિ છે.

કૃતિની પહેલાં ટૂંકમાં લેખકનો પરિચય આપવામાં આવ્યો છે. જેથી તેઓ સાહિત્યકારોના વિશેષ પ્રદાનને જાણી શકે અને સાહિત્યનું વિહંગાવલોકન કરી શકે. કૃતિ પછી ટિપ્પણ આપ્યું છે, જેમાં અઘરા શબ્દોના અર્થ દર્શાવવામાં આવ્યા છે. તથા રૂઢિપ્રયોગ, શબ્દપ્રયોગના અર્થ સમજાવ્યા છે. જેથી તેઓ નવી નવી રચના કરી તેનો ઉપયોગ કરતાં શીખે. ટિપ્પણ પછી સાહિત્યિક કે સાંસ્કૃતિક નોંધની સ્પષ્ટતા કરવામાં આવી છે જેની છણાવટ કરવી જરૂરી બને

છે, જેની મદદથી સાહિત્યનો અંશ સમજવો સહેલો બને છે. ત્યારબાદ પ્રશિક્ષણાર્થીએ કેટલું ગ્રહણ કર્યું છે તેના માપદંડ રૂપે સ્વાધ્યાય આપવામાં આવ્યો છે.

સ્વાધ્યાયમાં વિવિધ પ્રશ્નોને આવરી લેવામાં આવ્યા છે જેવા કે ટૂંકા પ્રશ્નો, પૂર્વાપર સંબંધ, ટૂંક નોંધ, મોટા પ્રશ્નો, ચર્ચાત્મક વિષયો અને ભાષાકીય પ્રશ્નો. ભાષાકીય પ્રશ્નોમાં પ્રશિક્ષણાર્થીઓનું ભાષાકીય જ્ઞાન વધારવા અને શબ્દભંડોળ વધારવા અનેક પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. જેમાં મુખ્ય છે - શબ્દપ્રયોગ અને રૂઢિપ્રયોગનો અર્થ બતાવી વાક્યમાં ઉપયોગ કરો, સમાનાર્થી, વિરુધ્ધાર્થી શબ્દો આપો, મૂળ શબ્દ બતાવો, નામ પરથી વિશેષણ કે ક્રિયાપદ પરથી નામ બનાવો, ખરા અર્થની પસંદગી કરો, કહેવતને સંદર્ભ સાથે સમજાવો વગેરે.

આ બધા પ્રશ્નો પ્રશિક્ષણાર્થીઓની ગ્રહણશક્તિ અને આકલનશક્તિને ધ્યાનમાં રાખી બનાવ્યા છે. તેનો મુખ્ય હેતુ એ છે કે પ્રશિક્ષણાર્થીઓ તે સમજે, નવી નવી રચના કરે અને અભિવ્યક્તિનું સામર્થ્ય ધીમે ધીમે વિકસાવે, સાથે સાથે પોતાની માતૃભાષામાં આવેલી સાહિત્યિક કૃતિની તુલના કરી તેને આત્મસાત કરે - તેવી અપેક્ષા રાખવામાં આવે છે. ત્યારબાદ વિશેષ વાંચન દર્શાવવામાં આવ્યું છે, જે વિધ્યાર્થીઓને વાંચન બાબત માર્ગદર્શન આપે છે અને પોતાના વિચાર વ્યક્ત કરવા માટે અનેરી તક પૂરી પાડે છે.

આ પાઠ્યપુસ્તકમાંની કેટલીક કૃતિઓ પશ્ચિમ ક્ષેત્રીય ભાષા કેન્દ્રનાં પ્રાચાર્યા ડૉ.(શ્રીમતી)ઉષા નાયરે પસંદ કરી છે, જ્યારે કેટલીક કૃતિઓ ડૉ.(શ્રીમતી)મધુ સંપટે પસંદ કરી છે. લેખકનો પરિચય, ટિપ્પણ,નોંધ અને સ્વાધ્યાય - વગેરે ડૉ. મધુ સંપટે તૈયાર કર્યું છે.

શારદાદેવીની અસીમ કૃપા મેળવનાર સાહિત્યકારોની કૃતિનો આ પુસ્તકમાં સમાવેશ કરી તેનું સંપાદન કરતાં હું રોમાંચ અનુભવું છું. સાહિત્યકારોના સહકાર વગર આ પુસ્તક તૈયાર થઈ શક્યું ન હોત. તેઓના આ ઉમદા સહકાર બદલ હું તેઓની ઋણી છું. આ પુસ્તક તૈયાર કરી સંસ્થાને અર્પણ કરતાં હું અનહદ આનંદ અનુભવું છું.

મધુ સંપટ

ધીરજકાકા

કનૈયાલાલ માણેકલાલ મુનશી : (જન્મ : 1887 - મૃત્યુ : 1971)

કનૈયાલાલ માણેકલાલ મુનશીનો જન્મ ભરૂચમાં થયો હતો. તેઓ પ્રખર ધારાશાસ્ત્રી અને આપણા દેશના અગ્રણી રાજપુરૂષ હતા. તેઓએ સમાજ, સંસ્કૃતિ અને પત્રકારત્વનાં ક્ષેત્રમાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેઓએ સાહિત્યનાં વિવિધ ક્ષેત્રમાં ટૂંકી વાર્તા, નવલકથા, નાટક, નિબંધ, વિવેચન, જીવનચરિત્ર વગેરેમાં કલમ ચલાવી છે. નવલકથાકાર તરીકે તેઓ સવિશેષ પ્રસિધ્ધ છે. 'પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, રાજાધિરાજ, જય સોમનાથ' જાણીતી નવલકથાઓ છે. 'અડધે રસ્તે, સીધાં ચઢાણ' એમની આત્મકથા છે.

પ્રસ્તુત અંશ 'અડધે રસ્તે' માંથી લેવામાં આવ્યો છે. ધીરજકાકા લેખકના પિતા માણેકલાલ મુનશીના મિત્ર હતા. ટોળટીખળ, મજાક તો ધીરજકાકાનો સ્વભાવ હતો. પોતાને સભ્યતાથી રહેવાનું કહેનાર ગોરાસાહેબને પાઠ ભણાવવા ધીરજકાકા ઘોડા માટે પાટલૂન સિવડાવવા દરજીને બોલાવે છે. બીજા પ્રસંગમાં અણઘડ છબીલને મદદ કરવા મગનની કાણે જાય છે. ત્રીજા પ્રસંગમાં સૂતેલા અધુભાઈ ઉપર છાપરેથી પાણી રેડે છે. આ બધા પ્રસંગમાં ધીરજકાકાનો હળવો મિજાજ દેખાય છે. લેખકે ધીરજકાકાનું મનોરંજક રેખાચિત્ર દોર્યું છે.

શ્રી મુનશીના કાકા હરદેવરામ મુનશી 'અધુભાઈ' અને 'સરકાર'ના નામથી પ્રસિધ્ધ હતા.

સરકારના શોખનો પાર નહોતો, અને લહેરમાં, ઔદાર્યમાં ને અતિથિસત્કારમાં તેમણે નરભેરામ મુનશીની કીર્તિ ઉજ્જ્વલ રાખી હતી. વારપર્વે સરકાર જાફત કરે. મિત્રો આવે. પોતાનાં ને મિત્રોનાં છોકરાંઓ આવે. અમે બધાં બળદગાડીમાં બેસી ગામ બહાર કોઇની વાડીમાં જઇએ. લાડુ, દૂધપાક ને પોંક થાય તે ખાઇએ. સંગીત ને ટોળટપ્પામાં દહાડોરાત જાય. આવે સમયે એના પ્રિય સોબતીમાં હતા ધીરજરામ પુરાણી- ગુજરાત સમસ્તના ધીરજકાકા, દેશભક્ત છોટુભાઈ બાલકૃષ્ણ પુરાણીના કાકા. બાપાજીના પણ એ મિત્ર થાય.

'ધીરજકાકા' ઘરમાં આવે કે ઘર ઊંઘતું હોય ત્યાંથી જાગે.

'માકુભાઈ ! એ રાવસાહેબ ! આવું કે?' એટલું ખડકીમાં પેસતાં બોલતા. અને બાપાજી બારીએ નીકળે એટલે એ નવેણમાં પેસી જતા. 'તાપીભાભી' આજે હું જમવાનો છું. અરે પણ પેલો કનુભાઇ ક્યાં ગયો? કહી મને ઊંચકે ને ભેટે. મને એ ગમે નહિ. એટલે વધારે જોરથી ભેટે. 'જો દીકરા. કવિતા શીખવું' : 'જે વાંચે ચોપડી તે ચોપડી ચોપડી ખાય'. તારા બાપની માફક. ને 'જે ન વાંચે ચોપડી તે બેપડી કરમાં સહાય'. મારી માફક. સમજ્યો? ચોપડી ચોપડી ખાય એટલે - જો તાપીભાભી બનાવે છે તે રોટલી. અને બેપડી એટલે ઘંટી'.

એટલે દાદર પરથી બાપાજી બૂમ પાડે : 'ધીરજકાકા, જોજો છોકરાને કંઈ નઠારું શીખવતા !' કાકાના જીભે બીભત્સ વાત જરાજરામાં આવતી.

'અરે માકુભાઈ! જીભને તે હાડકું હોય? જે આવે તે ખરું. ને હું નહિ તો કોઈ બીજું એને શીખવ્યા વગર રહેવાનું છે?'

'ધીરજકાકા! એવું શું બોલો છો ?'

એટલે એ વાત ફેરવે : 'ચાલ દોસ્ત શીખવું. બોલ', 'સૌથી મોટાં અન્નપાણી. કહે છે ધીરજકાકા વાણી'.

જ્યારે એ આવે ત્યારે આવી કવિતાના બે બોલ શીખવીને જાય. એવી ઘણી ઘણી કવિતા કરતા અને મિત્રોને ગાઈ સંભળાવતા.

ધીરજકાકા જેવો મશ્કરો મેં ગુજરાતમાં જોયો નથી. એમની મશ્કરીઓ કોઇએ સંગ્રહી નથી એ અફસોસની વાત છે. એક બે વાત મને યાદ રહી છે તે અહીં લખું છું.

- - - - - -

મારા જન્મ પહેલાં એ ભરૂચના સુપરિન્ટેન્ડન્ટના કારકુન હતા. એક દહાડો ધીરજકાકાથી આપણી જૂની રીત પ્રમાણે પાટલીનો છેડો ઘૂંટણ ઉપર લેવાઈ ગયો. સાહેબે શિખામણ આપી:

'ડેખો ઢીરજકાકા ! ઐસી ઢોટી લેના બેશર્મ હય. હમારા લોગ ઉસકું નંગા કહેતા હય'.

'બોત ખૂબ, સાહેબ!' ધીરજકાકાએ નીચે નમી કબૂલાત આપી ને રજા

લીધી.

બીજે દહાડે સવારે સાહેબ ડિસ્ટ્રીક્ટમાં જવાને તૈયાર થયા. 'ઘોડા લાઓ'.

'જી હજૂર'. ઘોડાવાળાએ કહ્યું. પણ ઘોડો આવ્યો નહિ.

સાહેબ ઉકળ્યા. 'ડે-ગધ્ધે-સુવર ! ઘોડા લાઓ!'.

ઘોડાવાળો ધ્રૂજતો આવ્યો : 'હજૂર, ધીરજકાકા ઉસકી માપણી કર રહે હૈ'.

'માપણી! ક્યા બકતા હૈ?' અધીરા સાહેબ દોડતા તબેલામાં ગયા. ધીરજકાકા અને બીજો એક માણસ ગજથી ઘોડાનાં અંગો માપી રહ્યા હતા.

'ઢીરજકાકા! તુ...ક્યા કરટા હૈ? પાગલ હો ગયા ?'

'અરે ના રે ખુદાવંત ! બરાબર કાળજું ઠેકાણે છે'.

'ટો ક્યા કરટા હૈ?'

'આપનો હુકમ માથા ઉપર ઉઠાવું છું'. ઠંડે કલેજે ધીરજકાકાએ કહ્યું.

'હુકમ ! ક્યા બકટા હૈ?'

'જી, હા હજૂર. આપે કહ્યું હતું કે ઘૂંટણ દેખાય એ તો નાગો બેશરમ સાહેબ. આ સા...નફ્ફટ ઘોડો ચારે ઘૂંટણ ઉઘાડા રાખીને ઊભો રહે છે. તેથી હું દરજીને બોલાવીને લાવ્યો છું. એને માટે પાટલૂન કરાવું છું'.

સાહેબે પછી શું કર્યું તે કોઈ કહેતું નહિ.

- - - - - -

બીજી મજાકની વાત પણ મેં સાંભળી છે. ધીરજકાકાની ઓફિસમાં એક કારકુન હતો. છબીલદાસ કહીશું તો ચાલશે. છબીલના કાકાનો કાજગરો છોકરો મગન કાચી વયે મરી ગયો. તેથી તેને અમદાવાદ કાણે જવાનું થયું. પણ તેને ન આવડે કાણે જતાં કે ન આવડે આશ્વાસન દેતાં. એટલે ધીરજકાકાની મદદ માગી. ધીરજકાકા તૈયાર હતા. પણ કાંઈ એમ ને એમ થાય? 'બે રૂપિયા આપે તો સાથે આવું ને તારી કાણ પાર ઉતારું'. એમણે કહ્યું.

છબીલ ગભરાટિયો હતો. બે રૂપિયા આપી ધીરજકાકાને તે અમદાવાદ લઈ ગયો.

પરોઢિયે ચાર વાગે ગાડી અમદાવાદ પહોંચી અને જ્યારે જ્યાં જવાનું હતું ત્યાં પહોંચ્યા ત્યારે ચારે પાસનાં ફળિયાં ધીરજકાકાના બુલંદ અવાજથી ગાજી રહ્યાં : 'ઓ મારા મગન રે - ઓ મારા મગનિયા રે!'

લોકો આંખો ચોળતાં ઊઠ્યાં. કોણ આવ્યું ? મગનના બાપ, ભાઈઓ વહેલા વહેલા ધોતિયાં ઓઢી ઓટલે આવ્યા. ઘરની ને પાડોશની સ્ત્રીઓ જેમતેમ એકઠી મળી. છેડો વાળવા બેઠી.

છબીલ અને ધીરજકાકા પાસે આવ્યા : 'ઓ મારા મગન રે !'

બાપ, ભાઈઓએ પ્રતિશબ્દ કર્યો : 'ઓ મારા મગનિયા રે !'

બૈરાંઓએ સૂર પૂર્યો : 'અરે ભાઈ, તને મરવો નહોતો ધાર્યો ! હું હું હું હું હું !'

પછી છબીલ અને ધીરજકાકા બાપ, ભાઈઓ પાસે બેઠા અને રડવા લાગ્યા. શિષ્ટાચાર પ્રમાણે નવા આવનાર પહેલાં પોતે છાનાં રહે અને બાપ, ભાઈઓને છાના રાખે, પછી અંદરના બૈરાંઓ રડતાં રહે. પણ ધીરજકાકાને બે રૂપિયાની કિંમતનો મગનવિરહનો આઘાત લાગેલો હતો એટલે હૃદયભેદક અવાજે, આંસું ને ધ્રૂસકાં સાથે 'ઓ મારા મગનિયા રે!' ની પરંપરા તેમણે પોકાર્યે જ રાખી. પાંચ મિનિટની દસ મિનિટ, પંદર થઈ. ન ધીરજકાકા છાના રહે, ન બાપ, ભાઇઓથી રહેવાય. ન બૈરાંઓથી રહેવાય. ધીરજકાકા તો માથું પકડી છાતીફાટ રડયે જ જાય: 'ઓ.....મારા આ....:આ....મગનિયા આ....રે....એ....એ....!'

આખરે બાપ, ભાઈઓ રડી રડીને થાક્યા ને છબીલને ધીમેથી કહ્યું : 'અરે, પેલાને કહે છાનો રહે'.

છબીલે બે પોક વચ્ચે કાકાને કાનમાં કહ્યું : 'હવે છાના રહો ને'.

ધીરજકાકાને છાતીફાટ રડવાનો જુસ્સો આવ્યો :'ઓ મારા મગનિયા રે. ઓ મારા મગન રે' ની બે પોક વચ્ચે છબીલને રડવાને જ રાગે , 'રડવાના પૈસા આપ્યા છે, છાના રહેવાના નહિ', એટલું ધીમેથી કહ્યું અને પછી મોટેથી ફરી

આગળ ચાલુ રાખ્યું :'ઓ મારા મગન રે !'

આખરે નાછૂટકે છબીલે સોદો કર્યો. છાનામાના બે રૂપિયા લૂગડાની સોડમાં ધીરજકાકાને આપ્યા - છાના રહેવાની ફી. ત્યારે ધીરજકાકાનો આઘાત શમ્યો. આંસું સુકાયાં. 'મગનિયા' ની પોક અટકી અને કાણ વીખરાઈ.

- - - - - -

.....ત્રણ મિત્રો ડાકોરમાં ભેગા થયા : સરકાર, કૃષ્ણમુખરામકાકા અને ધીરજકાકા, અમે પણ હતાં.

'અધુભાઈ, રોજ બપોરે સૂઈ શાના જાઓ છો?' કૃષ્ણમુખરામકાકાએ કહ્યું.

'મને બંપોરે સૂતા વિના ન ચાલે'. અધુકાકાએ કહ્યું.

'વારુ ભાઈ ! અમારાથી ના કહેવાય. સૂઓ, સૂઓ. અધુભાઈ સરકાર નહીં સૂએ તો બીજું કોણ સૂએ?' ધીરજકાકાએ જવાબ આપ્યો.

અધુભાઈકાંકા સૂઈ ગયા નિરાંતે. અડધો કલાક થયો અને છાપરાનું નળિયું ખસ્યું અને પાણીની ધારા મચ્છરદાનીમાં થઈ ઊંઘતા સરકારનો અભિષેક કરી રહી.

તે જાગ્યા: 'કોદર ! મોરાર ! કોણ સા.....છાપરા પર છે? પકડો, પકડો'. અને પાણીથી તરબોળ સરકાર ફલાંગ મારતા બહાર દોડી આવ્યા.

છાપરા પર મૂકેલી નિસરણી પરથી બે પ્રતિષ્ઠિત વૃદ્ધો કછોટા મારી, હાથમાં ખાલી ઘડો લઇ, નીચે ઊતરી આવતા મેં જોયા. ધીરજકાકા કહેતા હતા, 'સૂઓ, અધુભાઈ ! સૂઓ. અમારાથી ના કહેવાય ! સરકાર નહીં સૂએ તો કોણ સૂએ ?'

અધુભાઈકાકા ક્રોધથી કાંપતા હતા અને એમના મિત્રો ખડખડાટ હસતા હતા. આ પ્રસંગે મને ઘણી મોજ પડી હતી. એવું ઝાંખું સ્મરણ થાય છે.

ધીરજકાકાને મન જીવન એક મોટી મજાક હતી. એમાંથી તોફાન ને હાસ્યના અનેક રંગો એ કાઢતા ને બધાંને તેનો પાસ લગાડતા. ન્યાતીલા નહીં

છતાં એ ટેકરાનું અંગ હતા. અને એમનું નિખાલસ દિલ, આનંદી સ્વભાવ અને રમૂજી ટૂચકા વિના ક્યાંય સુધી ટેકરાનું વાતાવરણ સૂનું લાગતું.

ટિપ્પણ :

જાફત = મિજબાની, **નવેણમાં** = રસોડામાંની નાની ચોકડી, **કાજગરો** = જુવાનજોધ, લાડકો દીકરો, **શિષ્ટાચાર** = રિવાજ, **ઔદાર્ય** = ઉદારતા, **નઠારું** = ખરાબ, **જરાજરામાં** = હાલતાં ચાલતાં, વારંવાર, **ઉકળવું** = ગુસ્સે થવું, **માપણી** = માપ લેવું તે, **ટેકરો** = મુનશીના કુટુંબીઓ ભરૂચમાં જે જગ્યાએ રહેતાં તે સ્થળ

નોંધ :

1. કાણે જવું :

લોકાચાર પાળવા માટે પાસેના સગાંસંબંધીના મૃત્યુ બાદ રડતાં રડતાં ખરખરો કરવા જવું એટલે કે શોક પ્રદર્શિત કરવા જવું.

2. છેડો વાળવો :

પાસેના સગાંસંબંધીના મૃત્યુ બાદ સ્ત્રીઓનું માથે અને મોઢે ઓઢીને મોટેથી રડવું.

3. હાસ્યરસ :

સાહિત્યના નવ રસોમાંનો એક રસ તે હાસ્યરસ. બે પ્રકારનાં હાસ્યો હોય છે. નર્મ હાસ્ય, જે ચહેરા ઉપર હાસ્ય ઉપજાવે છે ને બીજું ખડખડાટ હાસ્ય. આ હાસ્ય વ્યક્તિ-નિષ્ઠ, પ્રસંગનિષ્ઠ અને સંજોગનિષ્ઠ હોઈ શકે છે. હાસ્યનો એક પ્રકાર કટાક્ષ છે. વક્રદૃષ્ટિથી અને વક્રભાવથી સાહિત્યમાં કટાક્ષનો ઉપયોગ થાય છે. રમણભાઈ નીલકંઠની "ભદ્રંભદ્ર" સળંગ સુરસિક હાસ્ય નવલકથા છે, જેમાં શ્લેષદ્વારા સુંદર રીતે હાસ્ય ઉપજાવ્યું છે.

સ્વાધ્યાય :

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. ધીરજકાકા બાળકોને શું શીખવતા ?
2. ધીરજકાકા શા માટે ઘોડાની માપણી કરતા હતા ?
3. ધીરજકાકા છબીલની સાથે કેમ ગયા ?
4. ધીરજકાકા શા માટે છાના રહેતા ન હતા ?
5. ધીરજકાકાએ અધુભાઈની શી મજાક કરી?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'જે ન વાંચે ચોપડી તે બેપડી કરમાં સહાય'.
2. 'જીભને તે હાડકું હોય ? જે આવે તે ખરું'.
3. 'આ સા... નફ્ફટ, બેશરમ ઘોડો ચારે ઘૂંટણ ઉઘાડા રાખીને ઊભો છે. તેથી હું દરજીને બોલાવીને લાવ્યો છું'.
4. 'રડવાના પૈસા આપ્યા છે. છાના રહેવાના નહીં'.
5. 'સૂઓ, અધુભાઈ સૂઓ ! અમારાથી ના કહેવાય ! સરકાર નહીં સૂએ તો કોણ સૂએ ?'

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. ધીરજકાકાનો લાલચી સ્વભાવ
2. ધીરજકાકાનું ચરિત્રચિત્રણ
3. પાઠમાં વ્યક્ત થતો હાસ્યરસ

પ્ર.4. જીભને તે હાડકું હોય ? ચર્ચા કરો.

પ્ર.5. ધીરજકાકાને મન જીવન એક મજાક હતી - સમજાવો.

પ્ર.6. 'પડે ચડે જીભ વડે જ માનવી' નિબંધ લખો.

ભાષાભ્યાસ :

પ્ર.7 અ: નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં ઉપયોગ કરો.

1. કાળજું ઠેકાણે હોવું
2. હુકમ માથા પર ઉઠાવવો
3. કાચી વયે મરી જવું
4. કાણે જવું
5. છાનું રહેવું
6. છેડો વાળવો

બ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

નઠારું, વિના, નિસરણી, દહાડો, ઝાંખું

ક: ઉદાહરણને ધ્યાનમાં રાખી ક્રિયાપદના મૂળ ધાતુને -ણી પ્રત્યય લગાવી નામ બનાવો.

દા.ત. માપવું = માપણી

કમાવું, ગોઠવવું, કરવું, પજવવું, કાપવું, વાવવું

ડ: નીચે આપેલું વાક્ય બીજી કઈ રીતે કહી શકાય?

"કોઈપણ કામ કાંઈ એમ ને એમ થાય ?"

વિશેષ વાંચન :

મુનશીની આત્મકથા 'અડધે રસ્તે' વાંચો.

* * *

મીનળદેવીનો ન્યાય

શ્રી. પ્રાગજી ડોસા (જન્મ : 1907 - મૃત્યુ : 1998)

તેઓ નાટ્યકાર તરીકે જાણીતા હતા. 'સમયનાં વહેણ, ચરણરજ, છોરું-કછોરું, ઘરનો દીવો' તેમનાં જાણીતાં લોકપ્રિય નાટકો છે. 'તખ્તો બોલે છે ભાગ - 2' તેમની સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત કૃતિ છે. 'મંગલમંદિર, છોરું-કછોરું'એ એમને સારી કીર્તિ અપાવી છે. તેઓએ અભિનય કલાની દૃષ્ટિએ સુંદર નાટકો આપ્યાં છે. ખાસ અભિનયને કેન્દ્રમાં રાખીને વિવિધ વસ્તુ, વિષય, પ્રકાર અને ટેકનિક રજુ કરતાં નાટકો આપ્યાં છે. એમની એકાંકીઓ તખતાલાયક છે, જેમાં તેમનો ફાળો નોંધપાત્ર છે.

પ્રસ્તુત એકાંકીમાં મીનળદેવી ધોળકામાં 'મીનળ તળાવ' બંધાવી રહ્યાં હતાં. એ તળાવ પાછળની ઘટના અહીં વર્ણવી છે. આમાં મીનળદેવીનો પ્રજાપ્રેમ અને પ્રજા પ્રત્યેની આત્મીયતા જોવા મળે છે.

<u>સ્થળ</u>	:	ધોળકાનું પાદર
<u>પાત્રો</u>	:	રાજમાતા મીનળદેવી
		કારભારી
		કારીગર
		કનકલતા

(પડદો ખૂલે છે તે પહેલાં અંદરથી ઘૂઘરાના તાલબદ્ધ અવાજ સાથે ગીતની કડી સંભળાય છે.)

કનૈયા તોરી બંસીને જાદુ કિયા, સૂધ ખોઈ, ક્યોં સતાયે જિયા - (ગીતની એક ટૂક પૂરી થતાં પડદો ખૂલે છે ત્યારે - થોડાક કારીગરો અને મજૂરો આજુબાજુ માપ લેતા દેખાય છે. અંદર ખૂણામાં એક મકાનના ખૂણાનો થોડો ભાગ આગળ પડતો દેખાય છે. ત્યાંથી ગીત અને ઝાંઝરનો ધીમો અવાજ આવે છે.)

કારભારી : આ ત્રીજી વારનું માપ લેવાય છે; પણ તળાવનો ઘાટ બેસતો જ નથી. હવે તો કંટાળો આવ્યો. અલ્યા એ જશજી! જરા આજુબાજુ પાણીનો છંટકાવ કર કે ઠંડક થાય.

કારીગર : કારભારી બાપુ, પીવાના પાણીના તો આ ધોળકાને પાદર સાંસાં છે, ત્યાં તમને ઠંડક કરવા પાણીનો છંટકાવ કરાવવાનું ક્યાં સૂઝે છે ?

કારભારી : અરે માળું, એ તો સાંભર્યું જ નહિ. એ પાણી માટે તળાવ ખોદવા તો અહીં ક્યારના મથી રહ્યા છીએ.... પણ આ તો આપણું પાણી નીકળી રહ્યું છે.

કારીગર : તળાવ બાંધવામાં આ મકાનને કારણે ખાંચો પડે છે. એને ગોળ કરવા એનું મકાન તોડવુંયે પડે.

રાજમાતા : (પ્રવેશ કરતાં) કોનું મકાન તોડવાની વાતો થાય છે ?

બંને : (વંદન કરતાં) જય હો, રાજમાતાનો !

કારભારી : આપને એક નાનકડા કામ માટે તકલીફ આપવી પડી. પરંતુ માતાજી, આ નૃત્યાંગનાનું મકાન નહિ તૂટે ત્યાં સુધી તળાવની શોભા નહીં થાય.

રાજમાતા : તો એ મકાન વેચાતું લો. એને પૂરેપૂરા દામ ચૂકવી દો.

કારભારી : પણ એ બાઈ મકાન વેચવાની જ ના પાડે છે.

રાજમાતા : કદાચ અહીં બળથી નહીં પણ કળથી કામ નીકળશે. તેથી જ મેં એ નૃત્યાંગના કનકલતાને અહીં જ બોલાવી છે. જેથી પોતાની નજરે જ એ તળાવની શોભા બગડતી જોઈ સમજી જશે.

(કનકલતા આવીને રાજમાતાને નમન કરે છે.)

કનકલતા : વંદન કરું છું રાજમાતા ! મારાં અહોભાગ્ય કે આપ આજે મારે આંગણે પધાર્યાં છો. ફરમાવો, આપની શી સેવા કરું? તમે મારા જેવી એક નૃત્યાંગનાને કાલાવાલા કર્યા વિના તળાવ બાંધી શકો છો. છતાં આ દુરાગ્રહ શા માટે ?

કારભારી : દુરાગ્રહ તો તારો છે. તને માં માંગ્યું ધન મળે છે, રાજની મદદ મળે છે છતાં તું ધર્મકાર્યની આડે શા માટે આવે છે?

કનકલતા : ધર્મકાર્ય ? એક ધર્મકાર્ય કરવા જતાં કોઈનું મન દૂભવવું એ શું ધર્મકાર્ય છે? અને તે પણ વિના જરૂરે ? માતાજી, તળાવ ગોળ બંધાશે તો શો લાભ થશે ?

રાજમાતા : દીકરી, એથી તળાવની શોભા વધશે એ તો તુંયે સમજી શકે છે.

કનકલતા : એ તળાવથી કોને કીર્તિ મળશે ?

કારભારી : એ તળાવથી રાજમાતા મીનળદેવીનું નામ ઈતિહાસમાં અમર થશે. પ્રજાનાં દુ:ખ દૂર કરનાર એ રાજમાતાના નામ પરથી એ તળાવ 'મીનળ તળાવ' તરીકે ઓળખાશે. તેથી તેમની કીર્તિ અમર રહેશે.

કનકલતા : કારભારી, તમે જે બોલ્યા તે સાચું. તળાવ ખાંચાવાળું બને કે ગોળ, એનાથી અર્થ તો જે સરવાનો છે તે જ સરશે. પણ શોભા વધતાં રાજમાતાની કીર્તિ વધશે. રાજમાતા! તમે તો દયાળુ છો, તમારો ન્યાય તો જગજાહેર છે. મૂંડકાવેરો માફ કરવા માટે આજે તમે પ્રજાને હૃદયે બિરાજો છો. તમને હજુ પણ કીર્તિની ભૂખ છે તો મા, હું તો સાધારણ નૃત્યાંગના, મનેય કીર્તિની લાલસા હોય ને ?

રાજમાતા : ધોળકાની પ્રજા પાણી વિના ટળવળે છે. તેમને કાજે તળાવ બાંધી દેવામાં મદદ કર.

કનકલતા : હુંયે ધોળકાની જ પ્રજા છું ને, રાજમાતા ? ધોળકાનું દુ:ખ એ મારું દુ:ખ. મારું તન, મન ને ધન આપની સેવામાં હાજર છે.

રાજમાતા : તો પછી આ તળાવ બાંધવાના કામમાં અંતરાય કેમ ઊભો કરે છે ?

કનકલતા : મારું મકાન રહેશે તો શું તળાવ નહિ બંધાય? એમાં પાણી નહિ રહે ?

કારભારી : તળાવ તો બંધાશે. પાણીયે રહેશે. પણ તળાવને શોભા નહિ આવે.

કનકલતા : તળાવની શોભા માટે કોઈનું મકાન તોડી પાડવાનું શું તમને રાજમાતાએ શીખવ્યું છે?

રાજમાતા : ના દીકરી, રાજમાતાની આજ્ઞા નથી પણ માગણી છે કે પ્રજાના પુણ્યકાર્યમાં આડે ન આવ.

કનકલતા : રાજમાતા, નાને મોંએ વાત કરવા બદલ ક્ષમા કરજો. પરંતુ ગોળને બદલે ખાંચાવાળું તળાવ.....

રાજમાતા : બોલ દીકરી, તને કઈ કીર્તિ જોઈએ છે ? હું કોઈનું દિલ દુઃખાવી પરાણે રાજસત્તાનો ઉપયોગ કરવા નથી ઈચ્છતી. પ્રજાનું મન જીતવા હું સાધારણ નૃત્યાંગના પાસેથી પણ પાઠ ભણીશ. બોલ.

કનકલતા : માતાજી, તમે તો આવાં હજારો કામો કર્યાં છે ને કરાવશો. પણ આ તળાવ ખાંચાવાળું રહેવા દઈ તમારી સાથે મને પણ અમર થવા દો, કે મારી હઠે તળાવ ખાંચાવાળું રહ્યું અને પ્રજાને ન્યાય આપવા મહારાણી મીનળદેવીએ એક નૃત્યાંગનાનું દિલ પણ રાજી રાખ્યું. એટલી ઉદારતાથી તમારી કીર્તિ વધુ ફેલાશે.

રાજમાતા : દીકરી, તું સામાન્ય નૃત્યાંગના નથી પણ મારા જેવી કીર્તિઘેલીને રાહ ચીંધનારી છે. રાજમાતા મીનળદેવીની આજ્ઞા છે કે કનકલતાનું મકાન એમ જ રહેવા દઈ તળાવ બાંધવાનું કામકાજ શરૂ કરો. દીકરી, ઇતિહાસ જો મને યાદ કરશે તો તનેય નહીં ભૂલે.

કનકલતા : રાજમાતા ! સોમનાથ મહાદેવ તમારું કલ્યાણ કરે. ઇતિહાસ હંમેશાં કહેશે કે ન્યાય જોવો હોય તો જુઓ 'મીનળ તળાવ'. માતાજી, તમે સાચે જ લોકમાતા છો.

ટિપ્પણ :

ટૂક = કવિતાની અમુક કડીઓનો સમૂહ, **ઘાટ** = આકાર, દેખાવ, **સાં સાં** = મુશ્કેલી, તંગી, અછત, **મથવું** = મહેનત કરવી, **પાણી નીકળવું** = ખૂબ મહેનત પડવી, **દામ** = પૈસા, **બળથી નહિ પણ કળથી કામ કાઢવું** = શક્તિનો ઉપયોગ ન કરતાં ચાલાકીથી, યુક્તિથી, કામ કરાવી લેવું, **કાલાવાલા કરવા** = વિનંતી કરવી, દીનતાપૂર્વક આજીજી કરવી, **દુરાગ્રહ** = ખોટો આગ્રહ, **મોં માગ્યું મળવું** = ઈચ્છા પ્રમાણે મળવું, **આડે આવવું** = વચ્ચે, આવવું, (અહીં અર્થ છે મુશ્કેલી વધારવી), **દૂભાવવું** = દુ:ખી કરવું, **અર્થ સરવું** = હેતુ સિધ્ધ થવો, **હૃદયે બિરાજવું** = બીજાના દિલમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરવું, **અંતરાય** = મુશ્કેલી, અડચણ, **તકલીફ** = તસ્દી, **નાને મોંએ વાત કરવી** = મોભાને, ધ્યાનમાં ન રાખતાં વાત કરવી, **દિલ દુ:ખાવવું** = લાગણી દુભાવવી (અહીં નારાજ કરવું), **પરાણે** = બળજબરીથી, મહામહેનતે, **પાઠ ભણવો** = બોધ લેવો.

નોંધ :

1. મીનળદેવી :

કર્ણદેવ, ભીમદેવ પહેલા પછી આવનાર રાજા હતા જેઓએ ભીલોને હરાવ્યા હતા અને કર્ણાવતી સ્થાપી હતી. તેઓ મીનળદેવીને પરણ્યા હતા. સિદ્ધરાજ તેમનો પુત્ર હતો. જેને ગુજરાતનો સુવર્ણયુગ (1094-1143) માનવામાં આવે છે. તેણે સૌરાષ્ટ્ર અને માલવાને જીતી રાજ્યની સીમા વધારી હતી. પ્રખ્યાત વૈયાશાસ્ત્રી શ્રી હેમચંદ્રાચાર્યાસુરી તેઓના સમયમાં થઈ ગયા. મીનળદેવી રાજમાતાએ લોકોપયોગી કાર્યો કરી નામના મેળવી હતી.

2. મૂંડકાવેરો :

સોમનાથ મહાદેવનાં દર્શન કરવા જનારા પાસેથી વ્યક્તિદીઠ કર (વેરો) લેવામાં આવતો હતો જેને કારણે ગરીબ પ્રજા સોમનાથ મહાદેવનાં દર્શનથી વંચિત રહી જતી હતી. મીનળદેવી રાજમાતાએ જ્યારે આ વાત જાણી ત્યારે તેઓ દર્શન કર્યા વગર પાછાં આવ્યાં અને પુત્ર સિદ્ધરાજ જ્યાં સુધી આ વેરો

લેવાનું બંધ ન કરે ત્યાં સુધી પોતે અન્નજળ નહિ લે તેવું પણ લઈને બેઠાં. રાજા સિદ્ધરાજે આ મૂંડકાવેરો નાબૂદ કર્યો ત્યારબાદ તેઓ દર્શન કરવા ગયાં. આ રીતે આમજનતા માટે તેઓએ ઘણાં લોકહિતનાં કાર્યો કર્યાં છે.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. તળાવનો ઘાટ શાથી બેસતો ન હતો?
2. મીનળદેવી શા માટે તળાવ બંધાવી રહ્યાં હતાં?
3. મીનળદેવી કનકલતાને શું સમજાવવા ગયાં હતાં ?
4. કનકલતા રાજમાતાની આજ્ઞા કેમ માનવા તૈયાર ન હતી?
5. કનકલતા નૃત્યાંગનાને લોકો કઈ રીતે યાદ કરે છે ?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'મારાં અહોભાગ્ય કે આપ આજે મારે આંગણે પધાર્યાં છો'.
2. 'દીકરી, એથી તળાવની શોભા વધશે એ તો તુંયે સમજી શકે છે'.
3. 'ધોળકાનું દુ:ખ એ મારું દુ:ખ'.
4. 'બોલ દીકરી, તને કીર્તિ જોઈએ છે?'
5. 'દીકરી, ઇતિહાસ જો મને યાદ કરશે તો તનેય નહીં ભૂલ'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. મીનળદેવીની ઉદારતા
2. નૃત્યાંગનાની હઠ

પ્ર.4. ધન, સત્તા અને જોરજુલમથી ન્યાય ખરીદી શકાય છે - ચર્ચા કરો.

પ્ર.5. ન્યાય, નીતિ સહુ ગરીબને, મોટાને સહુ માફ,
વાઘે માર્યું માનવી, એમાં શો ઈન્સાફ.
ઉપર આપેલી પંક્તિનું સ્પષ્ટીકરણ કરો.

ભાષાભ્યાસ :

પ્ર.6. અ: નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં ઉપયોગ કરો.

1. સાં સાં પડવાં
2. પાણી નીકળવું
3. કાલાવાલા કરવા
4. આડે આવવું
5. નાને મોંએ વાત કરવી
6. દિલ દુભાવવું

બ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

ઘાટ, દામ, અંતરાય, પાદર,
તકલીફ, લાલસા, કીર્તિ, પરાણે

ક: નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો.

ઠંડક, તોડવું, બગડવું, વધવું,
દયાળુ, કીર્તિ, ઉપયોગ, જીતવું

ડ: નીચે આપેલાં વાક્યો બીજી કઈ રીતે કહી શકાય ?

1. મનેય કીર્તિની લાલસા હોય ને?
2. ઇતિહાસ જો મને યાદ કરશે તો તનેય નહીં ભૂલે.

ઇ: નીચે આપેલા શબ્દોના મૂળ શબ્દ આપો.

ઠંડક, છંટકાવ, નાનકડું, ખાંચાવાળું,
માગણી, નૃત્યાંગના, ઉદારતા, આપણું

ઈ: જોડ શબ્દ જણાવો.

દા.ત. આજુ - બાજુ

1. કાલા
2. કામ
3. ડગલે
4. હસતાં
5. લીંપે
6. છાનો

ઉ: આપેલા શબ્દ પરથી અન્ય શબ્દો એ જ અક્ષરોનો ઉપયોગ કરી બનાવો

દા.ત. છંટકાવ - ટકા, ટકાવ, કાટ, કાવ, વટ

1. રાજમાતા 2. નાગપૂર 3. રાજકારણ

- - - - - -

વિશેષ વાંચન:

પ્રાગજી ડોસાનાં અન્ય નાટકો મેળવી વાંચો.

* * *

કુર્તાલમ્

ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર (સુન્દરમ્): (જન્મ : 1907)

સુન્દરમ્ પ્રધાનપણે કવિ છે. સમાજનાં દલિતપીડિત માનવીઓ પ્રત્યેની અનુકંપા મૂર્ત કરતાં તેમનાં કાવ્યો ઘણાં લોકપ્રિય છે. કવિએ શ્રમજીવીઓની વેદનાને "કોયા ભગતની કડવી વાણી" કાવ્યમાં વાચા આપી છે.

તેમણે ગદ્યમાં પણ પોતાની કલમ ચલાવી છે. તેમણે બાળાશંકરની રચનાઓ અને ન્હાનાલાલની કૃતિઓનું નિખાલસભાવે મૂલ્યાંકન કર્યું છે. "મીનપિયાસી, ઉન્નયન" તેમના નવલિકાસંગ્રહો છે.

પ્રસ્તુત દક્ષિણ હિંદના પ્રવાસનું વર્ણન "દક્ષિણાયન" માંથી લેવામાં આવ્યું છે. પ્રત્યેક યાત્રાસ્થાનની ભૂતાર્થ હકીકત આપી છે. ઉપરાંત તેની સાંસ્કૃતિક, કલાવિષયક અને પ્રાકૃતિક વિશિષ્ટતાનું તેઓ પ્રાસાદિક શૈલીમાં ચિત્ર દોરે છે. પ્રવાસ વર્ણનમાં તેમની સૌંદર્ય દૃષ્ટિ અને બૌધ્ધિક સત્વશીલતાના ઉત્તમ સંસ્કાર જોવા મળે છે.

કન્યાકુમારી છોડ્યું અને આનંદોત્સવ પછી અનુભવાતી ગ્લાનિ જેવો ભાવ હૃદયમાં થવા લાગ્યો. માતૃભૂમિનો છેક છેવટનો દક્ષિણ છેડો જોઈ લીધો. એક સાક્ષાત્કાર તો થયો. પણ હવે? કન્યાકુમારીના દર્શનનો પ્રસન્ન ઉલ્લાસ તો મનમાં વ્યાપેલો જ હતો. છતાં એક મ્લાન પ્રશ્ન થયો :"હવે ફરીને ક્યારે જોઈશું?"

પણ જીવનની ક્ષણભંગુરતા અને ભાવિની અનિશ્ચિતતાનો વિચાર કરવાનો ઝાઝો વખત ન હતો. હજી મદ્રાસ લગીનો આખો પૂર્વકિનારો મહાન તીર્થધામોથી ભરપૂર એવો જોવાનો હતો. વહેલામાં વહેલું બીજે સ્થળે ક્યારે પહોંચાય તેની ગોઠવણ વિચારતા અમે રેલ્વેનાં ટાઈમટેબલો ઉથલાવવા માંડ્યા.

હવે અમારો પ્રવાસ ઉત્તરાભિમુખ બન્યો. હરિત વનરાજીથી વિભૂષિત મલબાર છોડીને અમે જરા સૂકા છતાં લાક્ષણિક સૌંદર્ય ધરાવતા પ્રદેશમાં પ્રવેશ કર્યો. આખા દક્ષિણમાં પૂર્વ અને પશ્ચિમ કિનારે પોલા થડની જાતિનાં વૃક્ષો -

નાળિયેરી, ખજૂરી, તાડ, પાલ્માયરા, કેળ, સોપારી પુષ્કળ પ્રમાણમાં છે. નાના નાના પર્વતો અને ટેકરીઓ કે સપાટ જમીન સાથેનું પલટાતું સૌંદર્ય એક મહા મધુર દર્શન થઈ પડે છે.

અંધારું થયે અમે તિનવેલીમાં પ્રવેશ કર્યો. આખી રાત અહીં ગાળવાની હતી. સવારના પહોરમાં જ અમે નીકળ્યા. અમારું લક્ષ્ય હતું અહીંથી પશ્ચિમમાં 45 માઈલ પર આવેલા કુર્તાલમના સ્નાન કરવા યોગ્ય ધોધ. આપણા કાઠિયાવાડની ગાડીઓની બહેન જેવી ગાડી ઠચૂક ઠચૂક કરતી ચાલતી હતી. ઉત્તર-પશ્ચિમમાં ગાડીની સાથે એક ગિરિમાળા પણ શરૂ થઈ. કન્યાકુમારી જતાં જેના માથે સુવર્ણમુગટ જેવો સૂર્ય ઊગતો જોયો હતો. તે જ મહેન્દ્રગિરિ અહીં લંબાયો હતો.

તેન્કાશી આવ્યું. નામનો અર્થ છે દક્ષિણનું કાશી. પણ કાશીનો મહિમા આ સ્થળને નામ પૂરતો જ મળ્યો છે. એનો ખરો મહિમા ધારણ કરનાર તો જરા ઉત્તરમાં આવેલું કાંજીવરમ્ છે. ગામમાં એક જીર્ણ મંદિર છે. એક 'વંડીવાળો' 'એટ આના, એટ આના' કરતો અમને લઈ ગયો. વંડી એટલે ગાડી. એ અર્થ ઠેઠ ત્રિચિનાપલ્લીમાં સમજાયો. વંડીવાળો ન સમજે હિંદી કે અંગ્રેજી. અમે સહેલામાં સહેલું બોલીએ તો પણ કેવળ ડોકું હલાવે.

કુર્તાલમ્ અહીંથી સાડા ત્રણ માઈલ હતું. આ વંડીએ જેટલો કંટાળારસ પાયો એટલો બીજા કોઇએ આ પ્રવાસમાં પાયો નથી. ધીરે ધીરે કશી ઉતાવળ વિના ચાલતા આ ગાડામાં એક કલાક જતાં ને એક કલાક આવતાં મહામુશ્કેલીએ ગાળ્યો.

તામ્રપર્ણી નદી એક ઢીંચણવા ઊંડી હતી. નાનકડા ગામને પશ્ચિમ છેડે એક દોઢસો -બસો ફૂટ ઊંચી ટેકરી પરથી નદી નીચે ભૂસકો મારે છે. આપણે ઓટલા પરથી કૂદતા હોઈએ તેવું લાગે છે. જોગનો ધોધ જોયા પછી હિંદમાં એકે એવો ધોધ નથી રહેતો કે જેનું સૌંદર્ય જોવા માટે તમારે પસ્તાવાનું રહે. હાથીનાં પગલાંમાં બધાંનાં સમાય જાય. પણ કુર્તાલમની મજા જુદી જ જાતની છે. અહીં મજા અંદર નહાવાની. બસોએક ફૂટ ઊંચા એક ઓટલા જેવા ખડકની કિનાર પરથી તામ્રપર્ણી આવતી દેખાય છે. અધવચ બીજા ઓટલા પર તે ઘડી થંભે છે. અને હવામાં ઊતરતી પરીની પેઠે પોતાનું હીમધવલ ઉત્તરીય ફેલાવતી હોય તેમ ફરીને તે નીચે ઊતરે છે. આછો મીઠો અવાજ અહીં થાય છે. અહીં રાજાધોધની ગર્જના કે પ્રચંડ પ્રપાત નથી. કાળા ખડક પર સફેદ વર્ણની

તામ્રપર્ણીનો પ્રવાહ શિવ ભભૂતિ લગાવીને બેઠા હોય તેવો લાગે છે. ખડકના મૂળમાં પડેલા પથ્થરોમાં લાંબો ઓટલો બનાવી તેની આગળ એક લોખંડનો કઠેડો બનાવ્યો છે. કઠેડા અને ખડકની વચ્ચે પાણીનો વધારે મારો છે. અને છેડે નાના ધોધવા છે. ચોમાસામાં આ પાણીના પ્રવાહ વધારે પુષ્ટ અને પ્રબળ બનતા હશે. પણ તામ્રપર્ણીને તથા તેના નાનકડા ધોધને યાદ કરું છું તે માત્ર તેના સ્નાનને લીધે. જોગનો ધોધ ભલેને મહાધોધરાજ રહ્યો, પણ તેણે કંઈ સ્નાન થોડું કરાવ્યું હતું?

એક પડખે પડતા નાના ધોધવા નીચે હું ઊભો. પડતું પાણી ઠીક ઠીક વાગતું હતું. ત્યાંથી જરા આગળ ચાલ્યો. પાણીની સેર ધડધડાટ કરતી દસેક ફૂટમાં ફેલાઈને પડતી હતી. ખડકના મૂળમાં પાણી ઓછું હતું. ત્યાંના રોજ નાહનારા તો અંદર પેસી નિરાંતે ઊભા હતા. હું હિંમત કરી અંદર ઘૂસ્યો. આંખો મીંચાઈ ગઈ હતી. કઠેડાને પકડીને હું ચાલ્યો. પાણીનો માર વધવા લાગ્યો. ઉપરથી પડતાં પાણી મારો ઉપહાસ કરતાં હોય તેમ "નાસ, નાસ" કહેતાં મારી પર તૂટી પડતાં હતાં. પીઠ પર જાણે કોઈ કૂબા ટીપવા લાગ્યું. આંખ મીંચીને રૂંધાતા શ્વાસે હું પેલી બાજુ નીકળી ગયો.

એક શ્વાસ લીધો. હજી આ બાજુ આવવાનું હતું. મેં આંખ મીંચી ઝુકાવ્યું. બીજીવાર એટલું મુશ્કેલ ન લાગ્યું. ધોધથી ચામડી ટેવાઈ જાય તો પછી આટલું મુશ્કેલ ન લાગે. જુઓને, પેલા અહીંના લોકો તો જાણે શાવરબાથ લઈ રહ્યા છે!

સ્ટેશને આવ્યા. ગાડીને હજી વાર હતી. નાસ્તો કરવાની શરૂઆત કરી. પણ શું આશ્ચર્ય! ખાધું, અરે, કેટલુંય ખાધું, પણ કેમે કરી પેટ ભરાય નહીં. આ શું? સાંજે મદુરા પહોંચ્યા ત્યારે ત્યાંથી જાણી શકાયું કે એ પ્રતાપ કુર્તાલમના ધોધના પાણીનો. યાત્રીઓ ધોધનું પાણી પીવાનું અને સાથે ભરી લેવાનું ચૂકતાં નથી. એમાં ભૂખ પ્રગટાવવાનો એવો પ્રબળ ગુણ છે.

ટિપ્પણ :

ક્ષણભંગૂરતા = ઘડીમાં ભાંગી જવું, ઘડીમાં નષ્ટ થઈ જવું, **ઉત્તરાભિમુખ** = ઉત્તર દિશા તરફ જતું, **હરિત** = લીલું, **યાન** = વાહન, **લાક્ષણિક** = ખાસ,

આગવું, **સૌષ્ઠવ** = સૌંદર્ય, **પ્રપાત** = ઉપરથી નીચે પડવું તે, પછાડ, **મ્લાન** = ખિન્ન, ગમગીન, **સપાટ** = સમતલ, **પલટાતું** = બદલાતું, **કશી** = કોઈ, **મારો** = પ્રવાહ.

નોંધ :

કન્યાકુમારી :

કન્યાકુમારી ભારતની છેક દક્ષિણ કિનારે આવેલું છે. તેથી તેને ભારતમાતાના ચરણોમાં પડેલું એક પુષ્પ કહે છે. કન્યાકુમારી પાસે ત્રણ દરિયાનો સંગમ થાય છે. તેનું સૌંદર્ય અવર્ણનીય છે. આ દરિયાનાં પાણી કન્યાકુમારીના પગને પખાળે છે. અહીં રત્નાકર સાગરના ભવ્યતાનાં દર્શન થાય છે. આ સંગમસ્થાને એક ટેકરી છે. આ ટેકરી પર ઊભા રહેનારને ભારતમાતાને અંજલિ આપતા હોય એવું લાગે છે. અહીંનું વિપુલ સૌંદર્ય જોઈ પ્રવાસી ધન્યતા અનુભવે છે.

સ્વાધ્યાય

પ્ર.1. **નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

1. કન્યાકુમારી છોડતાં લેખક શા માટે દુઃખી થાય છે?
2. કુર્તાલમ્ ધોધની મજા શી છે?
3. કુર્તાલમ્ ધોધના પાણીનું મહત્ત્વ જણાવો.

પ્ર.2. **નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.**

1. **'હાથીના પગલાંમાં બધાંનાં પગલાં સમાઈ જાય'.**
2. **'જોગનો ધોધ ભલેને મહાધોધરાજ રહ્યો, પણ તેણે કંઈ સ્નાન થોડું કરાવ્યું હતું?'**
3. **'પાણી મારો ઉપહાસ કરતાં હોય તેમ 'નાસ, નાસ' કહેતાં મારી પર તૂટી પડતાં હતાં'.**
4. **'ખાધું, અરે, કેટલુંય ખાધું, પણ કેમે કરી પેટ ભરાય નહિ'.**

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. તામ્રપર્ણી નદીનું સૌંદર્ય

ભાષાભ્યાસ :

પ્ર.4. અ: નીચે આપેલા શબ્દપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં ઉપયોગ કરો.

1. સાક્ષાત્કાર થવો 2. ચત ગાળવી
3. ઠ્યૂક ઠ્યૂક ચાલવું 4. ઉપહાસ કરવો
5. આંખો મીંચી ઝુકાવવું

બ: નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો.

1. સહેલામાં સહેલું 2. ભરવું
3. વહેલામાં વહેલું 4. પકડવું
5. ઝાઝું 6. ઊગવું

ક: ઉદાહરણ પ્રમાણે નામને -ઈક પ્રત્યય લગાવી વિશેષણ બનાવો.

દા.ત. સમાજ - સામાજિક

લક્ષણ, અર્થ, ઇતિહાસ, ભૂગોળ,
સાહિત્ય, મર્મ, પ્રકૃતિ, પ્રસંગ

- - - - - -

વિશેષ વાંચન :

સુન્દરમ્ નું પ્રવાસવર્ણન 'દક્ષિણાયન' વાંચો.

* * *

પંઢરી

દત્તાત્રય બાળકૃષ્ણ કાલેલકર (જન્મ : 1886)

કાકાસાહેબ કાલેલકરને નામે દેશભરમાં જાણીતા થયેલા દત્તાત્રય બાળકૃષ્ણ કાલેલકરની માતૃભાષા મરાઠી હતી. તેઓ ગુજરાતી સાહિત્યના ગાંધીયુગના આગળ પડતા સાહિત્યકાર હતા. એમનો ગુજરાતી ભાષા પરનો કાબુ અસાધારણ હોવાથી પૂ. ગાંધીજીએ તેઓને 'સવાઈ ગુજરાતી'નું બિરુદ આપ્યું હતું. સાહિત્યકાર તરીકે તેઓનું વ્યક્તિત્વ અનોખું હતું. તેઓની પાસે જીવનમાંથી સૌંદર્ય શોધી લેવાની વિશિષ્ટ દૃષ્ટિ હતી. પ્રત્યેક વસ્તુ-વિષયને આસ્વાદ્ય બનાવે તેવી રસાર્દ્રશૈલી હતી. તેઓએ સાહિત્ય જગતને ઉત્કટ ચિંતન અંને પ્રાસાદિક શૈલીવાળા નિબંધો આપ્યા છે. સાહિત્યિક દૃષ્ટિએ આ નિબંધો તેઓનું નોંધપાત્ર અર્પણ છે.

તેમના નિબંધસંગ્રહ 'જીવન-લીલા' અને 'હિમાલયનો પ્રવાસ' એની શૈલીની તાજગી અને રુચિરતાને કારણે સર્વશ્રેષ્ઠ છે. આ પ્રવાસવર્ણનમાં કવિએ તત્વજ્ઞ, સમાજસુધારક, સંસ્કૃતિચિંતક, હાસ્યકાર અને માનવતાપ્રેમી દેશભક્તનું સત્વ દેખાડ્યું છે.

'સ્મરણયાત્રા' એમની આત્મકથા છે. પૂ. ગાંધીજીએ સંસ્કારેલા આત્મચરિતના આદર્શને સૌ પ્રથમ કૃતિમાં ઝીલનાર કાકાસાહેબ છે. સ્મરણયાત્રામાં એમના બાળપણ અને કિંશોર જીવનની નોંધ છે. 'પંઢરી' આ પાઠ આમાંથી લેવામાં આવ્યો છે. આમાં કર્મકાંડનાં ઔચિત્યાનૌચિત્ય દર્શાવવામાં આવ્યાં છે. આમાં ઉત્કટ સત્યભક્તિ અને આત્મપરીક્ષાના ગુણો જોવા મળે છે. અને નર્મમર્મનો આસ્વાદ પણ માણવા મળે છે.

ઘણા વરસની ઝંખના પછી અમે પંઢરપૂર જઈ શક્યા. બળદગાડીમાં કે પગપાળા મુસાફરી કરવામાં જે આનંદ, અનુભવ અને સ્વતંત્રતા રહે છે, તે રેલગાડીમાં નથી હોતાં. પંઢરપૂરની ભૂમિ એટલે પવિત્રભૂમિ. ત્યાંનો એક એક કાંકરો અને પથરો સંતોના ચરણોથી પુનિત થયેલો છે, પવિત્ર છે, હિતકર છે, એમ માનવાને પ્રથમથી જ મન તૈયાર હતું. મંદિરને રસ્તે બેઠેલાં આંધળાં,

પાંગળાં, કોઢિયાં અને અપંગ લોકો પણ જાણે કોઈ બીજી જ દુનિયાનાં માણસો છે એમ મારી નજરે લાગતું.

ચંદ્રભાગા પર અમે નાહવા ગયા. ત્યાં પહેલવહેલું મંદિર જોયું પુંડલિકનું.

એક ડોશી ઊંચે સાદે ગાતી હતી -

કાં રે પુંડ્યાં નાતલાસી

ઊભે કેલે વિઠ્ઠલાસી.

પુંડલિક માતાપિતાની સેવામાં એવો તો લીન હતો કે એની ભક્તિથી રાજી થઈ શ્રીકૃષ્ણ પોતે એને વર આપવા આવ્યા ત્યારે માતાપિતાની સેવા છોડી પરમાત્માનું સ્વાગત કરવા ઊઠવું એને ન રુચ્યું. એણે પાસે પડેલી એક 'વીટ' (ઇંટ) ભગવાન તરફ ફેંકી અને કહ્યું, 'લો આસન, જરા ઊભા રહો, મારી સેવા પૂરી થવા દો'.

સેવામાંથી પરવાર્યા પછી પુંડલિકે પૂછ્યું, 'કેમ આવ્યા છો?' 'તારી ભક્તિ જોઈ સંતુષ્ટ થયો છું. વર આપવા જ આવ્યો છું'. 'માતાપિતાની સેવામાં મને પૂરતો આનંદ છે, વર આપવા જ માગો છો તો એટલું માગી લઉં કે અહીં ઊભા રહો'.

તે દિવસથી વિષ્ણુનું નામ 'વિઠ્ઠલ' (વીટ પર ઊભા રહેનાર) પડ્યું. એટલા માટે જ પંઢરપુરમાં વિઠ્ઠલ સાથે રુકિમણીની મૂર્તિ નથી. રુકિમણીનું મંદિર જુદું છે. પંઢરપુરમાં રુકિમણીને રખુમાઈ કહે છે. અને રાધાને રાઈ કહે છે. ચંદ્રભાગાના પટમાં જ્યાં જુઓ ત્યાં ભજન ચાલતું હોય. અહીં વર્ણાશ્રમ કે કર્મકાંડને મહત્ત્વ નથી. આ ભક્તિનું પિયર, સર્વ સંતોનું ધામ છે.

અમે નાહીને વિઠ્ઠલનાં દર્શને ગયાં. ગોર મહારાજ સાથે હોવાથી દરેક સ્થાનનું મહાત્મ્ય ઝટઝટ સમજાઈ ગયું. રસ્તામાં એક તાડપીઠ - વિઠોબા આવતા એવું સ્મરણ છે. આ વિઠોબા આગળ એક મોટું વાસણ હતું. એમાં લોકો છાશ અને ધાણીનો લોટ નાંખતાં.

વિઠ્ઠલના મંદિરમાં કેટલી ભીડ ! કોઈ ગાય છે, કોઈ નાચે છે, કોઈ મોટેથી વિઠ્ઠલનો સાદ પાડે છે. મંદિરના એક એક ભક્તની નિષ્ઠા જોઈને મને આનંદ થયો, પણ સરવાળે બધાની છાપ બહુ સારી પડી નહિ. બધાં મળીને

એવો કોલાહલ કરે કે એના કરતાં શાકબજાર સારું. હું નાનો હતો તોયે ભક્તિનો ઊભરો બતાવનાર લોકોનો દંભ જોઈ શકતો હતો. પ્રતિષ્ઠાની લાગવગથી ખાનગી રસ્તે અમે મંદિરમાં ગયાં અને સહેલાઈથી દર્શન કરી આવ્યાં. પહેલું દર્શન તો ઉતાવળે કરવાનું હોય. મંદિરના દરેક થાંભલા સાથે કંઈક ને કંઈક આખ્યાયિકા જોડાયેલી છે. 'આ ગરુડસ્તંભ : અહીં તુકારામ ઊભા રહેતા. ગોરા કુંભાર અહીં બેસતા. આ ઓટલા ઉપર નામદેવે માથું કૂટ્યું હતું'. મંદિર બહાર એક પગથિયું પિત્તળનું છે. એ નામદેવની પાયરી તરીકે પ્રખ્યાત છે, કેમ કે એની નીચે નામદેવ સમાધિસ્થ થયા હતા.

રખુમાઈનું દર્શન કરી અમે ગોપાળપુર જોવા ગયાં. રસ્તામાં જ્યાં શ્રીકૃષ્ણે વલોણું વલોવ્યું હતું તે સ્થાન આવ્યું. ત્યાં ગોર કહે : 'જલ્દી જલ્દી આવો, થોડીક જ ધાણી હવે બાકી રહી છે. તમે ઠીક વખતસર આવ્યા. આટલી જ રહી છે'. અમે બે પૈસા આપી ધાણીના બે-ચાર દાણા લીધા અને આગળ ચાલ્યાં. ગોપાળપુરમાં એક શિલા છે ત્યાં. એ શિલા પર ગાયને ઊભી રાખી શ્રીકૃષ્ણે એનું દૂધ કાઢી પીધું હતું. એ ગાયની ચાર ખરી, શ્રીકૃષ્ણના પગ અને વાટકો, એ બધાંનાં ચિહ્ન એ શિલા પર ઊંડાં ઊતરેલાં દેખાતાં હતાં. આ બાજુએ નદીમાંથી ગમે તે પથરો કાઢો તો તેના પર બાળગોપાળનાં પગલાં સ્પષ્ટ દેખાતાં હતાં.

નદીના વહેણમાં પાણી વચ્ચે એક નાનકડું મંદિર છે. હોડીમાં બેસી અમે ત્યાં દર્શન કરવાં ગયાં. અર્ધું વહેણ વટાવ્યું હશે ત્યાં હોડીવાળાને મેં કહ્યું : 'અહીં ડૂબકી મારી એક પથરો કાઢી બતાવ'. એણે એક પથરો કાઢ્યો અને શું આશ્ચર્ય! એના પર બાળકનાં જેવાં પગલાં સ્પષ્ટ દેખાતાં હતાં.

અહીંથી અમે જનાબાઈનું સ્થાન જોવા ગયાં. જનાબાઈ એ નામદેવના ઘરની દાસી. બિચારીને સગુંવહાલું કોઈ ન હતું, તેથી વિઠોબા પોતે એની સાથે એનું દળણું દળતા. આઠ આઠ દિવસે એને નવડાવતા અને એના વાળ ઓળતા. એક રાત વિઠોબા ત્યાં જ સૂઈ ગયેલા. જનાબાઈના વખતની એક રજાઈ આજે પણ ત્યાં જોઈ શકાય છે. એના પર તેલ રેડી રેડીને લોકોએ એને ચામડા જેવી કરી નાંખી છે. પણ પાછાં ફરતાં પેલા ધાણીવાળા ગોર પાસે અમે ફરીથી ગયાં. એ વખતે એની થાળીમાં બે મુઠ્ઠી ધાણી હતી ! એને પૂછ્યું: 'હવે આટલી ક્યાંથી આવી ગઈ?' મને એ શાને જવાબ આપે ?

ચંદ્રભાગાને કિનારે એક નાનકડો કુંડ છે. ત્યાં તુકારામે પોતાના અભંગની ચોપડીઓ પથરા બાંધી પાણીમાં ડૂબાવી હતી. અને વિઠોબાએ એનું સમાધાન કરવા સાત પથરા સાથે એ ચોપડીઓ તરતી કરી હતી. એનું સત આજે પણ તમે અજમાવી શકો છો. બે પૈસા આપો તો એક માણસ પથરાની બનાવેલી એક નાનકડી નૌકા 'પુંડલીક વરદે હરિવિઠ્ઠલ' કહી પાણીમાં છોડી દે છે અને એ નૌકા ત્યાં પાણીમાં તરે છે. એ નૌકાને તરતી મેં મારી સગી આંખે જોઈ છે. મેં પેલા માણસને કહ્યું : 'આ જ નૌકા નદીના પાણીમાં છોડ જોઈએ, ત્યાં ડૂબી ન જાય તો માની લઈએ કે આજે પણ સત છે'. એણે મારું ન માન્યું, કેમ કે હું નાનો હતો.

સાંજે વહેલા જમી અમે વિઠોબાની પૂજા જોવા ગયાં. વિઠોબાની મૂર્તિનું રસભર્યું વર્ણન સંતોનાં વચનોમાં એટલું બધું સાંભળ્યું હતું કે સાક્ષાત્ મૂર્તિ કદરૂપી લાગે છે એમ મન કબૂલ કરવા તૈયાર ન હતું. શિયાળાના દિવસો હતા. એટલે વિઠોબા ગરમ પાણીએ નાહ્યા. ઘડા ભરી ભરીને એમને દૂધથી નવડાવ્યા, પછી દહીંથી, મોઢે માખણનો એક મોટો ગોળો ચોડી દીધો હતો. એક લોટો મધ રેડ્યું. કસ્તુરી એ ગરમ ચીજ. કસ્તુરીથી નાહ્યા પછી પંચામૃતની શરદી નડે નહિ. કસ્તુરીની ગરમી ઉતારવા ચંદનના પાણીનો લોટો માથે રેડવામાં આવ્યો. છેલ્લે શુદ્ધોદક આપ્યું. શરીર લૂછીને રેશમી કોરનું ધોતિયું પહેરવા વિઠોબા તૈયાર થયા. વિઠોબાને પાટલી તો બહુ જ ફેશનેબલ પાડવી જોઈએ. અમારા જેવા ભક્તોની આંખો ઠરી જતી. પછી આવ્યો જરકસી જામો. એના પર મહારાષ્ટ્રની પદ્ધતિનો રેશમી અંગરખો, પછી પાઘડી બાંધવાની ક્રિયા શરૂ થઈ. વિઠોબા તૈયાર પાઘડી ન પહેરે, પણ માથા પર જ પાઘડી બંધાવે. એમાં જ અર્ધો કલાક ગયો. હવે વિઠોબા ઠીક ઠીક રસિયા દેખાવા લાગ્યા. પણ ટાઢના દિવસોમાં ઓવરકોટ વગર કેમ ચાલે ? પણ ઓવરકોટો તો આધુનિક વસ્તુ એટલે મશરૂની એક ગોદડી સૌથી ઉપર ઓઢાડવામાં આવી.

હવે તો વિઠોબાના શરીરનો ઘેરાવો એમની ઊંચાઈ કરતાં વધ્યો. વિઠોબાએ કસ્તુરીનો ચાંદલો કર્યો. પછી ભોગ ચઢાવવામાં આવ્યો. એ વખતે બારણાં બંધ હતાં. ભૂખ્યાં લોકો જુએ તો વિઠોબાને નજર લાગે, અને અપચો પણ થાય ! મહેર વડવા (ગોર) લોકોની કે વિઠોબાએ તાંબુલ અમારા દેખતાં જ ખાધાં.

હવે વિઠોબાને શયનગૃહમાં જવાની ઉતાવળ જણાઈ. શયનગૃહ જમણી બાજુએ સુંદર રીતે સજાવેલું હતું. પણ ત્યાં વિઠોબા કઈ રીતે જાય? એટલે વિઠોબાના પગથી શયનગૃહમાં મંચક સુધી એક લાંબું લૂગડું તાણવામાં આવ્યું. એના ઉપર લાલ રંગે વિઠોબાનાં પગલાં છાપ્યાં હતાં.

અમારા ગોરે કહ્યું : 'હવે તો કળિકાળ વધ્યો છે, નહિ તો પહેલાં શયનગૃહમાં પાનબીડી કરી રાખી હોય તો તે સવાર સુધીમાં અલોપ થતી અને થૂંકદાનીમાં પાનનો લાલ કૂચો પડેલો જણાતો. ભક્તો એ લઈને ખાતા'.

બીજે દિવસે સવારે ચાર વાગે અમે કાકડ આરતી જોવા ગયાં. એ વખતે પણ લોકોની ભારે ભીડ હતી. કાર્તિક પૂનમથી મહા પૂનમ સુધી પૉ ફાટે તે પહેલાં નદીમાં નહાવાનું પુણ્ય વિશેષ છે અને કાકડ આરતી વખતે દર્શન કરવાં એ તો પુણ્યની અવધિ થઈ. અમને રોજ અભિષેકના પંચામૃતમાંથી એક એક લોટો તીર્થ મળતું. અમારો સવારનો નાસ્તો એની મદદથી જ થતો.

પંઢરપુરમાં એક વસ્તુ વિશેષ આકર્ષક લાગી. ત્યાં સાધારણપણે ઊંચનીચ ભાવ ન મળે. બધાં જ સંતો ને બધાં જ સમાન. જ્ઞાનદેવ, નામદેવ, જનાબાઈ, ગોરા કુંભાર, તુકારામ વગેરે સંતોની કેળવણીનું એ ફળ છે.

ટિપ્પણ :

ઝટઝટ = ઝડપથી, જલદીથી, **વર** = વરદાન, **સાદ પાડવો** = મોટે અવાજે બોલાવવું, **સરવાળે** = એકંદરે, **છાપ** = અસર, **કોલાહલ** = ઘોંઘાટ, **દંભ** = ડોળ, **લાગવગ** = વગ, વસીલો, **અજમાવવું** = ખાત્રી કરવી, **સગી આંખે જોવું** = નજરોનજર જોવું, **અલોપ થવું** = અદૃશ્ય થવું, **પૉ ફાટવું** = વહેલી સવાર થવી, મળસકું થવું, **તીર્થ** = પ્રસાદ, **અપચો થવો** = ખાવાનું બરાબર ન પચવું અને પેટ બગડવું.

નોંધ :

પંચામૃત :

દૂધ, દહીં, ઘી, મધ અને ખાંડનું મિશ્રણ જે દેવોને પ્રસાદરૂપે ધરાવવામાં આવે છે.

પંઢરપુર :

મહારાષ્ટ્રમાં આવેલું સુપ્રસિદ્ધ યાત્રાધામ છે. પંઢરપુર ચંદ્રભાગા નદી ઉપર આવેલું છે. શહેરની મધ્યમાં ભગવાન વિઠોબાનું મંદિર છે. મંદિરના ગર્ભાગારમાં ભગવાન વિઠોબાની ભવ્ય પાષાણની મૂર્તિ છે. અહીં પૂજા-અર્ચના ખૂબ ઠાઠમાઠથી થાય છે. આ મંદિરથી લગભગ ચારસો પચાસ મીટરને અંતરે પુંડલિકનું મંદિર છે. તેની પાછળ રખુમાઈનું મંદિર છે. અહીં કારતક સુદ દેવઊઠી અગિયારસ તથા અષાઢ સુદ અગિયારસના દિવસે લાખો લોકો યાત્રા કરવા આવે છે.

કાકડ આરતી :

કારતક માસમાં કડકડતી ઠંડીમાં વહેલી સવારે થતી ભગવાનની આરતી.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. વિષ્ણુનું નામ વિઠ્ઠલ શા માટે પડ્યું ?
2. લેખકને વિઠ્ઠલનું મંદિર શા કારણે શાકબજાર લાગ્યું ?
3. લેખકે ધાણીવાળા ગોરને કેવી રીતે પકડી પાડ્યો ?
4. સાંજે વિઠોબાની પૂજામાં લેખકે શું જોયું ?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ આપી સમજાવો.

1. 'લો આસન, જરા ઊભા રહો. મારી સેવા પૂરી થવા દો'.
2. 'કસ્તુરી એ ગરમ ચીજ, કસ્તુરીથી નાહ્યા પછી પંચામૃતની

શરદી નડે નહિ'.

3. 'ભૂખ્યા લોકો જુએ તો વિઠોબાને નજર લાગે અને અપચો પણ થાય'.

4. 'શયનગૃહમાં પાન-બીડી કરી રાખી હોય તો તે સવાર સુધીમાં અલોપ થતી'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. વિઠોબાની સંધ્યાપૂજા
2. વિઠોબાની પૂજામાં થતો નકામો વ્યય
3. પાઠમાં જોવા મળતી અંધશ્રદ્ધા.

પ્ર.4. "મહારાષ્ટ્રનું યાત્રાધામ પંઢરપુર" તે વિષે માહિતી મેળવો.

પ્ર.5. "તમારા પ્રાંતમાં આવેલું યાત્રાધામ" - વિષે નિબંધ લખો.

ભાષાભ્યાસ :

પ્ર.6. અ: નીચે આપેલા શબ્દપ્રયોગોનો અર્થ બતાવી વાક્યમાં ઉપયોગ કરો.

1. સાદ પાડવો
2. સગી આંખે જોવું
3. અલોપ થવું
4. અપચો થવો

બ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

કોલાહલ, દંભ, લાગવગ, ઝટઝટ
વર, જુદું, છાપ, તીર્થ

ક: નીચેનાં વાક્યોની ખાલી જગ્યા પૂરો.

1. જેને અંગની કોઈ ખોડ હોય તેને ..... કહેવાય.
2. જે કાને સાંભળી ન શકે તેને ..... કહેવાય.
3. જે આંખે જોઈ ન શકે તેને ..... કહેવાય.

4. જેને હાથ ન હોય કે તૂટેલો હોય તેને ..... કહેવાય.
5. જેની જીભ બોલતાં થોથવાય તેને ..... કહેવાય.
6. જેની ચામડી પર સફેદ ડાઘ હોય તેને ..... કહેવાય.
7. જેને પગે ખોડ હોય કે પગ ન હોય તેને ..... કહેવાય.
8. જેના શરીરનાં અંગમાંથી પરુ ઝરતું હોય તેને ..... કહેવાય.

- - - - - -

વિશેષ વાંચન :

લેખકનું 'સ્મરણ યાત્રા' પુસ્તક વાંચો.

* * *

નથી છૂટતું

ઝીણાભાઈ દેસાઈ - 'સ્નેહરશ્મિ' (જન્મ : 1903 -)

ઝીણાભાઈ રતનજી દેસાઈનો જન્મ વલસાડ જિલ્લામાં આવેલ ચીખલી ગામમાં થયો હતો. સ્નેહરશ્મિ એમનું ઉપનામ છે. 'અર્ઘ્ય, પનઘટ' વગેરે કાવ્યસંગ્રહો ઉપરાંત ટૂંકી વાર્તા, નાટક, નવલકથા, આત્મકથા વગેરે સાહિત્યસ્વરૂપો તેમણે ખેડેલાં છે. 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ' તેમનો પ્રસિદ્ધ હાઈકુસંગ્રહ છે. તેઓ ગાંધીયુગના એક જાણીતા કવિ હતા. કેળવણીના ક્ષેત્રે તેમનું પ્રદાન મહત્ત્વનું છે. એક જવાબદાર શિક્ષક તરીકે ઊગતી પેઢીના શીલઘડતરમાં તેઓએ સક્રિય રસ લીધો હતો.

પ્રસ્તુત અંશમાં તેઓએ વ્યસનમુક્ત થવાની વાત કરી છે. જો મનુષ્ય દૃઢ મનોબળ ધરાવતો હોય તો ગમે તેવું વ્યસન હોય તે આસાનીથી છોડી શકે છે. એ હકીકત લેખકે સુંદર દૃષ્ટાંત આપી રજૂ કરી છે.

પોતાની નબળાઈઓ કે વ્યસનોના બચાવમાં સામાન્ય રીતે લોકો 'નથી છૂટતું!' કહી છૂટી પડવા માગતા હોય છે. જેટલો પ્રયત્ન તે લોકો પોતાની નબળાઈનો બચાવ કરવા માટે કરતા હોય છે, તેટલો જો તે નબળાઈથી છૂટવા કરે, તો સહેલાઈથી તેમાંથી મુક્ત થઈ શકે. વ્યસનને વશ થવું એટલે પડવું. વ્યસનમાંથી મુક્ત થવું એટલે ચડવું. પડવું સહેલું છે પણ પ્રાણઘાતક હોય છે; ચઢવું અઘરું છે પણ કલ્યાણકારી હોય છે. ખીણમાં રહેનારની ક્ષિતિજો કેટલી બધી સાંકડી હોય છે ! હવા પણ કેવી બંધિયાર ! જ્યારે શિખર ઉપર ? કેવી વિસ્તીર્ણ ક્ષિતિજો ! કેવી ખુશનુમા હવા ! કેવી તાજગી ! વ્યસનોની ચુંગાલમાં ફસેલો માણસ અધોગતિ સાધતો હોય છે. વ્યસનમાંથી મુક્ત થનાર ઊર્ધ્વગામી હોય છે ! તેના જીવનમાં ઉત્તરોત્તર તાજગી, આનંદ અને વિશાળતા પ્રગટે છે. નીચે પડનારના જીવનમાં ક્લેશ, વિષાદ અને પરિતાપ હોય છે.

જગતને અનાદિકાળથી આ સત્ય લાધેલું છે. બધા પયંગબરો, ધર્મપ્રવર્તકો, સુધારકો અને સંતોએ આ એકની એક વાત અનેક રીતે, જુદાં જુદાં રૂપકો અને દૃષ્ટાંતો દ્વારા કહેલી છે. એમ છતાં મનુષ્ય એવો તો પામર છે કે એ બોધ તે

જરીવારમાં ભૂલી જાય છે અને ગાંડો બનીને આત્મવિનાશને માર્ગે ઝંપલાવે છે.

આ જાતની ઘેલછાને કેવળ વ્યક્તિઓ જ વશ થાય છે એવું નથી : મોટા મોટા જનસમૂહ ને રાષ્ટ્રો પણ એના ભોગ બને છે. ઠેઠ પ્રાચીનકાળથી એનાં પ્રમાણો મળી આવે છે. આખો યાદવસમૂહ કેવી રીતે મદિરાપાનમાં સપડાયો અને કેવી રીતે નાશ પામ્યો એ એક અતિ કારમી કથા છે. આખો ચીન દેશ કેવી રીતે અફીણના વ્યસનમાં સપડાઈ પાયમાલ બન્યો એ જગતની એક અતિ કરૂણ તવારીખ છે. હિંદના કરોડો લોકો દારૂતાડીની બદીમાં કેવી રીતે પાયમાલ બન્યા છે એ આપણા રોજના અનુભવની એક અતિ દુઃખદ કલંકકથા છે.

આપણા દેશમાં આ વ્યસનોની નાગચૂડ લોકો પર એવી તો સખત છે કે સરકારને એ માટે કાયદાનો અમલ કરવાની ફરજ પડી છે. આપણા પ્રાંતમાં દારૂબંધીનો કાયદો અમલમાં આવ્યો છે. પણ આ વ્યસનોથી માણસો એવા તો પામર બની જાય છે કે પોતાની વાસનાને સંતોષવા એ ગમે તેવા ગુના કરતાં નથી અચકાતાં. આમાંથી લોકોને ઉગારવા માટે તેમને સાચું જ્ઞાન અપાય એ બહુ જરૂરી છે. એકલા કાયદાથી લોકોનાં હૃદય ફેરવી નહિ શકાય. એ માટે એમને અનેક રીતે તાલીમ મળવી જોઈએ. આથી આપણી સરકારે અનેક શૈક્ષણિક અને રંજનાત્મક પ્રવૃત્તિઓ પણ ઉપાડી છે. આપણી નજર આગળ એક મહાન ક્રાંતિ થઈ રહી છે ; જગતના ઇતિહાસનું એક મહાન પ્રકરણ લખાઈ રહ્યું છે. એમાં આપણે શો ફાળો આપીશું ?

સૌથી પ્રથમ તો આપણે બીજા માટે બોજારૂપ ન બનીએ એ પણ એક મોટી સામાજિક સેવા છે, કારણ કે આપણી સરકારને એટલો ઓછો બોજો ઉપાડવાનો રહે. આપણે પોતે વ્યસનથી મુક્ત હોઇએ એટલે આપણી બીજી ફરજ આપણી આસપાસ આરોગ્યપ્રદ હવા ફેલાવવાની છે. આપણા અનેક ઓળખીતા-પાળખીતાને આપણે વ્યસન છોડવા કહીશું કે તરત તે કહેશે, 'શું કરીએ ? નથી છૂટતું !' આપણે આ 'નથી છૂટતું !' સામે સફળતાપૂર્વક લડી શકીએ અને અન્યને બતાવી શકીએ કે આ દુનિયામાં નહિ છૂટે એવું કંઇ જ નથી. તો પોતાની નબળાઈઓમાંથી મુક્ત થવાનો રાજમાર્ગ આપણે અન્યને પણ બતાવી શકીએ. આ અંગે સંત કબીરનો સુંદર પ્રસંગ છે.

કબીરના શિષ્યોમાંથી એકને મદ્યપાનનું વ્યસન હતું. કબીરે તેને બે-ત્રણ વાર એ માટે ટોક્યો, પણ પેલો એકનો એક જવાબ આપતો, 'નથી છૂટતું'.

એટલે કબીરે તેને ટોકવાનું બંધ કર્યું. એ પછી એ શિષ્ય સાથે કબીર એકવાર ફરવા નીકળ્યા. રસ્તામાં એકાએક એક ઝાડને તે વળગી પડ્યા અને પછી જાણે બાથ છૂટતી ન હોય તેમ બૂમાબૂમ કરવા માંડ્યા. ચેલો તો એ જોતાં આભો બન્યો. તે ગુરૂને સંબોધી બોલ્યો, 'અરે આ શું કરો છો, ગુરૂજી ?' કબીર બોલ્યા, 'ભાઈ, તું જોતો નથી કે આ નથી છૂટતું ?' ચેલો બોલ્યો, 'મહારાજ, શું નથી છૂટતું? ઝાડે આપને પકડ્યા છે કે આપે ઝાડને પકડ્યું છે? છોડી દો એટલે છૂટી જશે'. કબીર હાંફતાં હાંફતાં બોલ્યા, 'બેટા ! હું પણ ક્યારનો એ જ વાતથી પરેશાન થાઉં છું કે દારૂએ તને પકડ્યો છે કે તેં દારૂને ?' ચેલો આ સાંભળતાં શરમાઈ ગયો. પોતાની શક્તિ અને પોતાની પામરતાનું તેને ભાન થયું. તે જ ઘડીએ પોતાની પામરતા ખંખેરી નાખવા તેણે સંકલ્પ કર્યો. 'નથી છૂટતું' વાક્યને તેણે તિલાંજલિ આપી. તે વ્યસન- મુક્ત થયો.

એ ચેલાની જેમ આજે મદ્યના વ્યસનમાં પડેલાં આપણાં અસંખ્ય ભાઈબહેનોનાં મુખમાંથી 'નથી છૂટતું' એવા કાયરતાસૂચક શબ્દો અવારનવાર નીકળે છે.તે બધાંને તેમની સાચી શક્તિનું કોણ ભાન કરાવશે ? આપણા યુગમાં મહાત્મા ગાંધીજીએ એવો પ્રબળ પુરૂષાર્થ કર્યો. દુર્ભાગ્યે આજે તેઓ આપણી વચ્ચે નથી. પણ આપણે સૌ તેમના વારસ લેખાઈએ છીએ. તેમના આશીર્વાદ આપણને મળે છે. તેમની ભાવનાથી આપણામાંનાં અસંખ્ય જણ રંગાયેલાં છે. આ કાર્ય સફળતાથી પાર ઉતારવાનો ધોરી માર્ગ તેમણે આપણને બતાવેલ છે. તેમને પગલે ચાલી, તેમના જીવનનું એક મહાન સ્વપ્ન સિદ્ધ કરવા આજે આપણે સંકલ્પ કરીએ અને આપણી સકળ દુર્બળતા સામે જેહાદ પોકારીએ. 'નથી છૂટતું' જેવું કાયર વચન આપણે પોતે ભૂલી જઈએ અને બીજાઓને એના પંજામાંથી મુક્ત કરીએ, અને સુદૃઢ મનવાળું, તંદુરસ્ત, પ્રાણવાન નવું હિંદ સર્જીએ !

ટિપ્પણ :

છૂટી પડવું = જવાબદારીમાંથી ખસી જવું, **બંધિયાર** = હવા-ઉજાસ વગરનું (સ્થાન), **વિસ્તીર્ણ** = ખૂબ ફેલાયેલું, વિસ્તારવાળું, **ચુંગાલ** = પંજો. અહીં અર્થ થાય છે મજબૂત પકડ, **ઊર્ધ્વગામી** = ઉન્નતિ કરનારું, **પરિતાપ** = સંતાપ,

દુ:ખ, **ઘેલછા** = ધૂન, **પાયમાલ બનવું / થવું** = ભારે દુર્દશા થવી, સર્વનાશ થવો, **તવારીખ** = ઇતિહાસ, **ઉગારવું** = બચાવવું, **ટોકવું** = વારંવાર કહેવું, ઠપકો આપવો, યાદ કરાવવું, **આભું બનવું** = ચકિત થવું, નવાઈ પામવું, **પામરતા** = નબળાઈ, **ખંખેરી નાંખવું** = છોડી દેવું, ખેરવી નાંખવું, **તિલાંજલિ આપવી** = કાયમ માટે છોડી દેવું, **ધોરી માર્ગ** = મુખ્ય રસ્તો, **કારમી** = દુ:ખદ.

નોંધ :

1. નાગચૂડ :

નાગ પોતાના શિકારને ફસાવવા તેની આજુબાજુ વીંટળાઈ જાય છે એટલે કે તેને ભરડો લે છે. આ સખત જીવલેણ પકડમાંથી શિકાર છટકી શકતો નથી. તેવી જ રીતે આ વ્યસનોની ચૂડ એટલે કે જીવલેણ પકડ નાગચૂડ જેવી હોય છે. આ વ્યસનોમાં સપડાયેલો માણસ અનેક કુકર્મોમાં અને મુસીબતોમાં ફસાતો જાય છે અને છેવટે પાયમાલ થઈ જાય છે.

2. જેહાદ પોકારવી :

જેહાદ એટલે ધર્મ ખાતર કરવામાં આવતું યુદ્ધ. અહીં વ્યસનમાંથી મુક્ત થવા સમાજે ભેગા થઈ તે સામે લડત આપવાની છે. તે માટે દરેકે દૃઢ સંકલ્પ કરી મન મજબૂત કરવાની જરૂર છે.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. માનવી પોતાની નબળાઈઓ કે વ્યસનનો બચાવ કેવી રીતે કરે છે ?
2. વ્યસનયુક્ત વ્યક્તિની શી દશા થાય છે ?
3. યાદવોના અને ચીનના દૃષ્ટાંત દ્વારા લેખક શું કહેવા માગે છે ?
4. વ્યસનની બદીમાંથી છોડાવવા સરકારે શું કર્યું છે ? લેખક એ સિવાય બીજો કયો માર્ગ બતાવે છે ?

5. કબીરે પોતાના શિષ્યને વ્યસનમુક્ત કરવા શું કર્યું ?

6. લેખક ભારતવાસીઓ પાસે શેની અપેક્ષા રાખે છે ? એ અપેક્ષા પૂરી કરવા આપણે શું કરવું જોઈએ ?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'પડવું સહેલું છે, પણ પ્રાણઘાતક હોય છે'.
2. 'શું કરીએ ? નથી છૂટતું !'
3. 'ઝાડે આપને પકડ્યા છે કે આપે ઝાડને પકડ્યું છે ?'
4. 'તેમના જીવનનું એક મહાન સ્વપ્ન સિદ્ધ કરવા આજે આપણે સંકલ્પ કરીએ'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. વ્યસનની નાગચૂડ
2. કબીરનું દૃષ્ટાંત

પ્ર.4. વ્યસનની નાગચૂડ - ચર્ચા કરો.

પ્ર.5. નિબંધ લખો.

1. વ્યસન સર્વનાશનું મૂળ
2. વ્યસનમુક્ત થવા સમાજસુધારણા

ભાષાભ્યાસ :

પ્ર.6. અ: નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં ઉપયોગ કરો.

1. છૂટી પડવું
2. પાયમાલ થવું
3. આભું બનવું
4. તિલાંજલિ આપવી
5. ખંખેરી નાખવું

બ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

પરિતાપ, ઘેલછા, તવારીખ, ધોરી,
ક્લેશ, વિષાદ, કારમી, ઉગારવું

ક: નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો.

સહેલાઈથી, સહેલું, અધોગતિ, પકડવું, વ્યસનયુક્ત

ડ: ઉદાહરણને ધ્યાનમાં રાખી મૂળ શબ્દને - આઈ પ્રત્યય લગાવી નામ બનાવો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.

દા.ત. નબળું - નબળાઈ

સહેલું ..... ગરીબ ..... ચોખ્ખું .....
નરમ ..... જાડું ..... મોટું .....
કઠણ ..... ઊંડું ..... સાફ .....

ઈ: ઉદાહરણને ધ્યાનમાં રાખી મૂળ શબ્દને -તા પ્રત્યય લગાવી નામ બનાવો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.

દા.ત. વિશાળ - વિશાળતા

સુંદર ..... લાક્ષણિક ..... નિર્મળ .....
ફળદ્રુપ ..... પ્રામાણિક ..... કટુ .....
સરળ ..... ચારુ ..... મધુર .....

- - - - - -

વિશેષ વાંચન:

વ્યસનમુક્તિને લગતું વિશેષ વાંચન કરો.

* * *

વાચન

મણિલાલ નભુભાઈ દ્વિવેદી : (જન્મ : 1858 - મૃત્યુ : 1898)

મણિલાલ નભુભાઈ દ્વિવેદી નડિયાદના વતની હતા. તેઓ સંસ્કૃતના અધ્યાપક તેમજ તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી હતા. નિબંધ, કવિતા, નાટક, વિવેચન-સંશોધન વગેરે ક્ષેત્રો તેમણે ખેડ્યાં છે. 'પ્રિયવંદા અને સુદર્શન' માસિકોના તેઓ તંત્રી હતા. 'કાન્તા, નૃસિંહાવતાર, ગુલાબસિંહ' ઈત્યાદિ પુસ્તકો તેમણે આપ્યાં છે. તેઓ નિબંધલેખક અને ગદ્યકાર તરીકે વિશેષ જાણીતા છે. 'બાલવિકાસ અને સુદર્શન ગદ્યાવલિ'માં અનેક વિષયો પર લખાયેલા તેમના નિબંધો સંગ્રહાયા છે. વિચારપ્રધાન કથનરીતિ તેમના નિબંધોનું મુખ્ય લક્ષણ છે.

લગભગ એકસો વર્ષ પહેલાં લખાયેલા આ વિચારપૂર્ણ નિબંધમાં લેખક વાચનક્ષેત્રે પ્રવર્તતી ઉદાસીનતા અંગે ચિંતા વ્યક્ત કરે છે. 'આપણું વાચન એ આપણા જીવનનું સાચું પ્રતિબિંબ છે'. તેમ તેમણે કહ્યું છે. ઉપરછલ્લું વાચન પ્રજાજીવનને હણનારું છે તેનું પ્રતિપાદન આ નિબંધમાં અસરકારક રીતે થયું છે જે આજના જમાનાને પણ લાગુ પડે છે. તેમનું પ્રસાદિક ગદ્ય માણવા જેવું છે.

દિન પ્રતિદિન શિક્ષણના વિસ્તાર સાથે વાચનનો પણ વિસ્તાર થતો જાય છે. અને વાચનની રુચિને તૃપ્ત કરનારા લેખો પણ વૃદ્ધિ પામતા જાય છે. એ વાત સંતોષ ઉપજાવનારી છે, તથાપિ આપણે અને આપણે સ્થાને આવનારાં આપણાં બાળકો શું વાંચીએ છીએ, કેવી રીતે વાંચીએ છીએ, એનો વિચાર કરવાની બહુ આવશ્યકતા છે. શરીરને પુષ્ટિ આપનાર અન્નની અને ભોજનની આપણે અનેક રીતે પરીક્ષા કરીએ છીએ, પણ મન અને આત્માને પુષ્ટિ આપનાર જે વાચન છે તેની યથાયોગ્ય પરીક્ષા આપણે કરતા નથી. જેમ સર્વ વાતોમાં આજકાલ બહારની ટાપટીપ અને શોભા ઉપર વિશેષ લક્ષ અપાતું થયું છે તેમ વાચનમાં પણ થઈ ગયું છે. આપણી શાળાઓ અને પાઠશાળાઓ સુધી દૃષ્ટિ કરી જોઈશું તો કોઈ એક વિષયના તલસ્પર્શ પર્યંત સાંગ અધ્યયનનો ક્રમ

જોવામાં આવશે નહિ. સર્વ વિષયનું પલ્લવગ્રાહી પાંડિત્ય આપણા વિદ્યાલયમાંથી પદવી ધારણ કરીને બહાર આવતા યુવકોમાં પણ દીઠામાં આવે છે. ત્યાં અન્ય પ્રાકૃતોની તો વાત જ શી કરવી ?

શાળાઓમાં જેમ ગણિતની કૂંચીઓ, ઇતિહાસાદિના સંક્ષેપ,એવાં કૃત્રિમ સાધન પ્રયોજાવા માંડ્યાં છે તેમ મનુષ્યના જીવનને પરમોપયોગી એવા અતિ ગહન વિષયો પણ સંક્ષેપમાં હસ્તગત કરવાની લલુતા સર્વ પાસા વધેલી દીઠામાં આવે છે. મનુષ્યના વ્યાપારમાં વૃદ્ધિ થઈ છે કે મનુષ્યોની બુદ્ધિ ક્ષીણ થઈ છે, પણ જાણે દોડતે દોડતે જ જ્ઞાનમાત્રને ઉપાડી લેવાય તો ઠીક એવી અસાધારણ તૃષ્ણા દીઠામાં આવે છે. પુસ્તક હાથમાં લીધું, પ્રથમ પત્ર જોયું, અંત્ય પત્ર જોયું, વચમાં આમતેમ ઉથામ્યું, અને અમુક અભિપ્રાય તે પુસ્તકના વિષય સંબંધે ધારણ કરીને ઊંચું મૂક્યું - એ જ પ્રચાર પડ્યો છે. 'વખત નથી' એ તો એક બહુ સામાન્ય અને સાધારણ ફરિયાદ થઈ પડી છે, અને કેટલીક વાર તે વાત ખરી હશે તથાપિ સેંકડે પંચાણું જનને સંબંધે તો આલસ્ય, બેપરવાઈ અને પોતાની બુદ્ધિનું અભિમાન સંતાડવાનો એ ખોટો માર્ગ છે.

આટલું છતાં એમ નથી કે વાચનની રુચિ ઓછી થઈ છે, પ્રથમ કરતાં ઘણી વધી છે. અભણમાં અભણ માણસના ઘરમાં પણ ચાર પુસ્તકો હશે, ગાંધીની દુકાને હિંગ, મરી ને મરચાંની વાસમાં પણ નાટકનાં ગાયનોયે પડેલાં હશે. રેલ્વેમાં મુસાફરી કરતાં ઘણાખરા માણસોના હાથમાં પુસ્તક કે 'ન્યૂઝપેપર' હશે, અને સર્વ કોઈ પોતાની શક્તિ અનુસાર કોઈ ને કોઈ 'પેપર' - 'છાપું' - રાખતા હશે. ઘણાક જનોને નિત્ય 'પેપર' જોયા વિના અન્ન ભાવતું નથી એવી પણ સ્થિતિ છે. આટલી બધી વાચનની રુચિ બહુ સંતોષ ઉપજાવનારી છે, પણ એનો સાર શો છે ? જેમાં કશો ઉપદેશ નહિ એવી અથવા આડકતરી રીતે અવળો ઉપદેશ આપનારી વાતો, તેવાં જ નાટકો, અને વેપાર, લડાઇ, કેસ ઈત્યાદિનાં ખબરઅંતરોનાં 'પેપરો', એ વિના બીજા પ્રકારનું વાચન આ બધી પ્રવૃત્તિમાં દેખાતું નથી એ બહુ શોચનીય છે.

આપણી શાળાઓ અને પાઠશાળાઓમાં જેમ પરીક્ષા 'પાસ' કરવા માટે જ અધ્યયન ચાલે છે, ગોખીને મોઢે રાખીને, ગમે તે રીતે પણ પરીક્ષામાં ઉત્તર આપવા જેટલી જ તૈયારી કરવામાં અને કરાવવામાં આવે છે, તેમ આપણા વાચનમાં પણ કામ જેટલું, ખપ જેટલું, પૈસો પેદા થાય તેટલું વાંચવા ઉપર

વાચકોનું લક્ષ છે. 'પાસ' અને 'નોકરી' ની ઉતાવળમાં જેમ શિક્ષણનો હેતુ - બાળકના મનનો વિકાસ કરાવી તેને વિચારતા શીખવવું - તે ઊંધો વળ્યો છે, તેમ પૈસો, પૈસો, એ ઝંખનામાં વાચનનો વાસ્તવિક હેતુ - પ્રાકૃત જીવનને ઉન્નતિકારક પ્રવાહમાં ધોઈ સ્વચ્છ અને ઉન્નત કરવું - તે પણ ઊંધો વળી ગયો છે. વાચન તે જાણે વખત ગાળવાને માટે જ હોય એમ મનાવા લાગ્યું છે, વખત વાચનને માટે છે એમ મનાતું બંધ થયું છે. રેલ્વેમાં 'વખત જવા' માટે પુસ્તકો અને પેપરો સાથે રહે છે. વખત મળશે ત્યારે વિચારવાને માટે રહેતાં નથી. પ્રાચીન સમયમાં કોઈ પણ ગ્રંથને 'વિચારવો' એમ કહેવાતું તેને સ્થાને હવે 'વાંચવો' એટલું જ કહેવાય છે, ને તે અન્વર્થ છે કેમ કે વિચાર્યા વિના વાંચી જવાય તેવા જ વાચનની આ સમયને ભૂખ છે.

કહેવાનું તાત્પર્ય એમ નથી કે સર્વ કોઈ વાંચનારે તત્ત્વશાસ્ત્ર અને ગહન વિચારના ગ્રંથો જ વાંચવા અને વિચારવા. પરંતુ એવા વિષયોને એ રેલ્વેની મુસાફરીમાં લઈ જવાને અને વખત ગાળવાને સાથે રાખેલી વાતો તથા નાટકો કે પેપરના આર્ટિકલોની પેઠે ઉપર ઉપરથી જોઈને જ હાથ કરી લેવાની આશા રાખવી, કે તે રીતે તે વિષયોને ચર્ચાયેલા જોવાની ઈચ્છા કરવી એ અતિશય અયોગ્ય અને હાનિકારક છે. ગહન વિષયોને એ રીતે ચર્ચી શકાતા નથી, અને એ રીતે ચર્ચવાથી તેમનું સંપૂર્ણ જ્ઞાન ન થતાં સમજનારને વિચાર કરવામાં ભૂલ થયા વિના રહેતી નથી. વાચનની જે પદ્ધતિ પડી ગઈ છે, કથા, વાર્તા, નાટક, ન્યુઝપેપર એટલામાં જ વાંચનનો વિસ્તાર આજકાલ આવી રહ્યો છે, તેથી ગંભીર વિષયોની ચર્ચાનો અવકાશ જતો રહ્યો છે. એટલું જ નહિ, પણ જે વિષયો રુચિકર વાચનમાં ગણાય છે તેમાં પણ તેના સ્વરૂપને અનુસરીને કે તેના તલસ્પર્શને અનુભવવાને કાંઈ લખાતું જણાતું નથી.

ગંભીર વિષયોની ચર્ચાને અભાવે અને ગંભીર વિષયોનું વાચન અરુચિકર થવાને લીધે, તથા જે રુચિકર વાચન છે તેમાં પણ બહુ ઊંડાઈ ન હોવાને લીધે, વાચકોના જીવનમાંથી, વ્યાપારમાંથી, વિચારમાંથી, આચારમાંથી, ગાંભીર્ય અને વિવેક પ્રત્યક્ષ રીતે ન્યૂન થતાં જાય છે. આ જગતમાં અવતરીને મરવાની વચમાં જાણે ખાવાપીવા અને મોજમજા કરવા વિના બીજું કશું કર્તવ્ય જ ન હોય તેવી લઘુતા, ચંચળતા, વિકળતા આપણા વાચકોના અંગમાં વારંવાર જણાય છે અને અભિમાન તથા સંકુચિત મન અને વિચાર સાથે સ્વછંદિતા, ગમ્મત, મોજ એ જ સર્વત્ર નિયામક થઈ ગયાં હોય એવું ખેદકારક ભાન વિચારવાનને થયા વિના

રહેતું નથી. જીવન અને તેના ઉપયોગ અને નિર્વાહ તથા સ્વરૂપ વિષે ગંભીરતાથી વિચાર કરવો, તે વિચારને અનુસરી મહત્કાર્યોમાં પ્રવેશ કરવાના સાહસ, સ્વાર્પણ અને આગ્રહ પોતાના ચારિત્ર્યમાં પ્રતિક્ષણે દર્શાવવા, એ વાત જ જાણે આપણા વાચકોના લક્ષમાં ન હોય, કાર્યસિદ્ધિનો રહસ્યમાર્ગ ગંભીર વિચાર છે એનું જાણે વિસ્મરણ જ થઈ ગયું હોય, તેવું વર્તમાન સમયના વાચનની સ્થિતિથી જણાઈ આવે છે.

આપણા દેશમાં જ આમ થયું છે એમ નથી. યુરોપ અને અમેરિકામાં પણ દેશની ઉન્નતિના સ્વરૂપને સમજનારા વિચારવાન પુરૂષો આવા જ પ્રકારની ફરિયાદ કરે છે. વરાળયંત્ર, વીજળી અને ચુંબકની પાંખો ઉપર ઊડતા અને મહાલક્ષ્મીની પ્રતિમાના પ્રતાપમાં ઝંખવાઈ ગયેલા આ સમયને પોતાનાં અંતઃકરણ અને બુદ્ધિમાં પણ વરાળયંત્ર, વીજળી અને ચુંબકનાં સાધનોથી વિચારવાનો અને નિર્ણય કરવાનો પ્રકાર જોઈએ છે. આમ હોવાથી આજ તમને એવા સ્ત્રી-પુરૂષો બહુ જડશે કે જેમણે ઘણાં શાસ્ત્રો, ઘણા ગ્રંથો, ઘણા વિચારોનાં મોટાં પૂંછડાં, ગમે તે, પણ કાંઈક ને કાંઈક જાણ્યાં હોય, પણ એવા જન તો અતિ વિરલ જડશે કે જેને કોઈ એક વિષયનું તેના મૂળથી પરિપાક પર્યંત સાંગોપાંગ યથાર્થ જ્ઞાન હોય. આથી કરીને આ સમયનું જીવન કેવળ એક રમત જેવું, નકામું, હલકું અને સ્વાર્થી થઈ ગયું છે.

જ્યાં જોઈએ ત્યાં રમતગમતની મંડળીઓ, ક્લબો, સોસાયટીઓ છે ; અને વિદ્યા કે જ્ઞાનના ગંભીર વિસ્તાર માટેનાં તેવાં સ્થાન અન્ય દેશોમાં ક્વચિત દેખાય છે તથાપિ આપણા ભારતખંડમાં તો એકપણ નથી એ અતિશય શોકજનક દશા છે. વિદ્યાવિનોદ, શાસ્ત્રચર્ચા, એ તો એક અનાદરનો વિષય છે ; લૉનટૅનિસ, મ્યુઝિક, ક્રિકેટ, ચા-પાણી, જ્યાફતો અને વચમાં વચમાં નાટકોનાં ગાયનો એ આજકાલના વિદ્યાના ઉપાસકોનો શોખ છે !

પઠનપાઠનનો જે પ્રાચીન સંપ્રદાય હતો તેનો તો અત્યંત ઉચ્છેદ થયો છે, અને આજ એક શતકથી પાશ્ચાત્ય કેળવણીના પ્રભાવથી આપણે વાંચતાં અને લખતાં થયા છતાં એકપણ શુદ્ધ પ્રતિભાવાળો (original) લેખ ઉપજાવી શક્યા નથી ! આપણું વાચન એ જ આપણા જીવનનું ખરું પ્રતિબિંબ છે, માણસ કોની સાથે રહે છે ને શું વાંચે છે તે કહો એટલે તે કેવો છે એ કહી શકાશે એમ જે જ્ઞાનીએ કહ્યું છે તેણે સત્ય કહ્યું છે.

ટિપ્પણ :

પુષ્ટિ = પોષણ, **બહારની ટાપટીપ** = ઉપરનો ભપકો, શણગાર, **તલસ્પર્શ** = વસ્તુના તળિયા સુધી ઊંડે જઈ વિચારતું, મૌલિક, **સાંગ** = આખું, તમામ, **પલ્લવગ્રાહી** = પાંદડાને પકડનારું, ઉપરચોટિયું, **ગણિતની કૂંચી** = ગણિત છોડવાના ઉપાય, **પ્રાકૃત** = કેળવણી પામ્યા વગરનું, અણઘડ, **લલુતા** = લોલુપતા, ઈચ્છા, લોભ, **ઉથામવું** = આમતેમ જોવું, નજર નાખવી, પાનાં ઉથલાવવા, **આડકતરી રીતે** = અપ્રત્યક્ષ રૂપે, **અવળું** = ખોટું, ઉલટું, **શોચનીય** = વિચાર કરવા જેવું, ચિંતાજનક, **ગોખવું** = મોઢે કરવું, **જોગવાઈ** = વ્યવસ્થા, **ઊંધું વળી જવું** = બગડી જવું, **અન્વર્થ** = શબ્દના અર્થ પ્રમાણેનું, **પેઠે** = માફક, **ઉપર ઉપરથી જોવું** = ઉપર ઉપર નજર ફેરવવી, **અવકાશ જતો રહેવો** = તક જતી રહેવી, **ન્યૂન થવું** = ઓછું થવું, **અભાવ** = અછત, **વિકળતા** = વિલ્વળતા, **પરિપાક** = પરિણામ, **સાંગોપાંગ** = પૂર્ણ, પૂરેપૂરું, **ઉચ્છેદ થવો** = નાશ થવો, નિર્મૂળ થવું.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. લેખકે શા માટે વાચનની તુલના અન્ન સાથે કરી છે ?
2. લેખકને શાળા અને પાઠશાળાઓમાં શું જોવા મળ્યું ?
3. લેખકને કઈ હકીકત શોચનીય લાગે છે ?
4. લેખકના મતે કઈ બાબત હાનિકારક છે ? શા માટે ?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'કાર્યસિદ્ધિનો રહસ્યમાર્ગ ગંભીર વિચાર છે'.
2. 'આપણું વાચન એ આપણા જીવનનું પ્રતિબિંબ છે'.
3. 'આપણા વાચનમાં પણ કામ જેટલું, ખપ જેટલું, પૈસો પેદા થાય તેટલું વાંચવા ઉપર વાચકોનું લક્ષ છે'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. ગંભીર વાચનનો અભાવ

પ્ર.4. નિબંધ લખો.

1. પુસ્તક સાચો મિત્ર
2. મને ગમતું પુસ્તક
3. આજકાલનું છીછરું વાંચન

ભાષાભ્યાસ :

પ્ર.5. અ: કૌંસમાં આપેલા અર્થમાંથી યોગ્ય અર્થ નક્કી કરી લખો.

1. અવળો ઉપદેશ (આડો ઉપદેશ, વાંકો ઉપદેશ, ખોટો ઉપદેશ, ઊંધો ઉપદેશ)
2. ઊંધું વળી જવું (બગડી જવું, ઢોળાઈ જવું, ઊલટું થઈ જવું, પડવું)
3. અવકાશ જતો રહેવો (સમય ચાલી જવો, ફુરસદ ન મળવી, પ્રસંગ ચાલી જવો, તક જતી રહેવી)
4. ઉચ્છેદ થવો (છેદ થવો, નાશ થવો, ઉડાડી દેવું, ખતમ કરવું)

બ: નીચે આપેલા રૂઢિપ્રયોગોનો વાક્યમાં ઉપયોગ કરો.

1. ઊંધું વળી જવું
2. આડકતરી રીતે
3. સંકુચિત મન
4. અવકાશ જતો રહેવો

ક: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

પુષ્ટિ, લલુતા, સાંગ, ખપ, પેઠે
વિકળતા, પરિપાક, જોગવાઈ, અભાવ.

ડ: નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો.

કૃત્રિમ, સંક્ષેપ, આલસ્ય, બેપરવાઈ,
અભણ, આડકતરી રીતે, ગહન, રુચિ

- - - - - -

વિશેષ વાંચન :

ધીરૂભાઇ ઠાકર કૃત 'ગુજરાતી ભાષા સાહિત્યનું ભાવિ' નિબંધ વાંચો.

* * *

પૅરિસના ત્રણ છોકરા

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર : (જન્મ : 1869 - મૃત્યુ 1951)

શ્રી. બ. ક. ઠાકોરે કવિ, વિવેચક, ઈતિહાસકાર, ચરિત્રકાર, નાટકકાર, નવલિકાકાર અને ભાષાંતરકાર તરીકે સાહિત્યનાં વિવિધ ક્ષેત્ર અને પ્રકાર ખેડ્યાં છે. છંદ, ભાષા, વિષય, શૈલી, આયોજન ઈત્યાદિ સર્વ બાબતોમાં ઠાકોરની કવિતા ક્રાંતિકારક જણાય છે. તેઓ કહેતા કે અર્થ અને ભાવનાના આરોહ-અવરોહ એ જ કવિતામાધુર્યના આરોહ-અવરોહ છે. તેથી જ તેમાં અર્થઘનતા છે. તેમણે પૃથ્વી છંદના ઉપયોગ દ્વારાકવિતાના છાંદસ દેહને પલટો આપ્યો છે. સૉનેટ તેમનું ચિરંજીવ પ્રદાન છે.

ગુજરાતી ગદ્યના ઘડવૈયાઓમાં ઠાકોરનું સ્થાન માનભર્યું છે. ઠાકોરની બુદ્ધિ ગહન વિષયોને ઝડપથી માપી લે છે. પછી તેને સળંગ અર્થઘન મહાવાક્યમાં ગોઠવે છે. તેઓ બાહ્ય ચળકાટવાળી સુકુમાર ભાષાના વિરોધી છે. છતાં તેના ગદ્યમાં ક્યાંય શિથિલતા જોવા મળતી નથી.

પ્રસ્તુત કૃતિ ભાષાંતરિત નવલિકા છે. એમાં માનવીય ત્રણ ગુણ - શ્રધ્ધા, આશા અને કરુણાનું ભાવોર્મિ સાથે આલેખન કરવામાં આવ્યું છે. સાથે સાથે બતાવવામાં આવ્યું છે કે જગતમાં માનવતા મરી પરવારી નથી.

વરસાદ રહી ગયો. પણ રાત વહેલી અને અંધારી ઘોર જામી. સીન નદીના પુલ ઉપર ફાનસ હતાં. પણ ઉપર ચાલતો માણસ નજીક આવે ત્યારે જ દેખાતો. એ પુલ ઉપર એક નિર્ધન, અપંગ ડોસો ધીમે ધીમે ચાલતો હતો. તેની બગલમાં એક જેવી તેવી વાયોલિન હતી અને પૂરાં વસ્ત્ર પહેરેલાં ન હોવાથી ટાઢમાં તે ધ્રૂજતો હતો. પુલ વટાવી તે સુંદર મોટાં મકાનોવાળી એક શેરીમાં આવ્યો. ઊંચે બારીમાંથી ચક અને ફરફરિયાં ભેદીને રોશનીનાં કિરણો અને મોજશોખમાં પડેલાં માણસોના આનંદી સ્વર અને ગાનના સૂર આવતા હતા. એ બારીઓ તરફ થોડીવાર જોઈ રહી ડોસાએ પોતાનું દીન વદન નીચું નમાવ્યું અને એક ખૂણાના અંધકારમાં જઈ પાકી બાંધેલી ગટર આગળ તે ઊભો રહ્યો અને વાયોલિન વગાડવા લાગ્યો. પૈસાની તેને જરૂર હતી અને ગાનવાદન

સિવાય કમાણી કરવાનું સાધન તેની પાસે હતું નહિ. જુવાનીમાં તે એક નટચમૂમાં હતો. ગાઈ-બજાવી સારું જાણતો પણ હાલ તેની વાયોલિન સારી ન હતી. ટાઢ બહુ વાતી હતી અને તેથી તેનું હૃદય છેક નિર્બળ અને ઉદાસ થઈ ગયું હતું. એટલે ગાયનમાં તેનું ધ્યાન રહ્યું નહિ. વાયોલિન ધીમી અને બેતાલ બોલવા લાગી અને તેની આંખમાંથી રહી રહીને એક એક મોટું ટીપું ટપકવા લાગ્યું.

આસપાસ બારીઓ ઉઘાડી હતી. પણ ગમતમાં પડેલાના અથવા તો ઘેર કે કોઈ સહેલગાહે પહોંચી જવાની ઉતાવળવાળાના બેપરવા કાનમાં દુઃખીનો અવાજ ક્યાંથી પેસે? આ પણ અપંગ, ઉપવાસી અને આફતના ભાર તળે દબાઈ ગયેલા ડોસાનું ગાન-વાદન પણ ઘડીભરમાં ઉભરાતાં આંસું અને ઉપરાઉપરી આવતા નિસાસાને લીધે બંધ પડ્યું, અને કોઈ અણધાર્યો હાથ એની મદદે ન લંબાત તો આવી રાતના ઠારમાં એ બિચારો ગટર આગળ શિંગડું થઈ જાત.

એવામાં એક પાસથી ત્રણ ખૂબસૂરત નવજુવાન છોકરાઓ દોડતા, એકબીજા સાથે મસ્તીતોફાન કરતા અને હસતા હસતા આવ્યા. એમાંના વચલાની અડફટમાં ડોસો આવી ગયો અને તે પોતે બિચારો ખૂણાની દીવાલમાં અફળાયો. છોકરો પણ પડતો પડતો રહ્યો અને અંધારામાં તેને કંઈ સૂઝ્યું નહિ એટલે તે ગાળ દેવા જતો હતો. ત્યાં તેણે એ બુઢ્ઢાનું લંબાતું ડૂસકું સાંભળ્યું. તે પાછો વળી ખૂણામાં આવ્યો ને તેણે ડોસાને ઉઠાડ્યો અને તેનું જોઈને તેના બે ભાઈબંધ પણ પાસે આવ્યા. બીજા છોકરાએ તેની ટોપી આણી આપી અને માફી માગી. અને ત્રીજો વયોલિન ઊંચકી લઈને આવ્યો અને તે પાછી આપતાં ખબર પૂછવા લાગ્યો કે કોઈ બીજી ઈજા તો નથી થઈ? ડોસો એકથી બીજા તરફ જોવા લાગ્યો અને ચિત્તભ્રમ થયેલા જેવો દેખાયો. પણ આ ત્રણેની માયાળુ રીતભાતના જવાબમાં થોડીવારે એના મોં થકી 'મારી છોકરી - મારી વાયોલિન - છોકરી, અરે દેવ !' એવા એવા ભાંગ્યાતૂટ્યા શબ્દ નિસાસા સાથે નીકળવા લાગ્યા. છોકરાઓને ખરેખર દયા આવી અને તેમણે એનાં ફાટ્યાંતૂટ્યાં કપડાં - અફળાઈ પડ્યો ત્યારે ખરડાયાં પણ હતાં તે સાફ કરતાં કરતાં મીઠાશથી પૂછી પૂછીને એની બધી હકીકત જાણી લીધી. એની એકની એક છોકરી વિયેનામાં ક્ષયને આજારે મરવા પડી હતી અને તેની પાસે જવાને રસ્તા ખર્ચને માટે પણ ડોસા કને એક પાઈ સરખી ન હતી. અને આજે છેક લાચાર બની જે મળે તે પૈસા કમાવાને માટે ગાઈ-વગાડીને ભીખ માગવાનો નીચ ઉદ્યમ કરવા પણ તે તૈયાર

થયો. ત્યાં તો પાછલા પહોરનો પવન ફૂંકાવા લાગ્યો અને ઠંડો થઈ ગયો. વાદળાં ચઢી આવીને ઝાપટાં પડવા લાગ્યાં અને અત્યારે વાયોલિન પણ ગટરમાં પડી કુટાઈ નકામી જેવી થઈ ગઈ.

હકીકત સાંભળીને અને બુઢ્ઢાના તનમનની સ્થિતિ વેદના જોઈને ત્રણે વિચારમાં પડ્યા. ત્યાં જરા વારમાં સૌથી મોટાએ આદ્ર અવાજે પણ તેજોમય આંખે ત્રીજા છોકરાને કહ્યું, 'લાલ, લાવ તો તારી વાયોલિન'. એણે તાર મેળવ્યા. એટલામાં બન્ને એનો મનસૂબો સમજી ગયા. લાલે પોતાના હાથમાં ડોસાની ટોપી લીધી અને વચલા છોકરાએ પોતાનો કંઠ વાયોલિન સાથે મેળવ્યો અને ગાનવાદન શરુ થયું. ત્રણે સંગીતના સારા અભ્યાસી હતા અને ઉસ્તાદી મેળવવા માટે પૅરિસ આવેલા હતા. નાની ઉંમરના છતાં પણ તેમની સંગીત અને નાટકશાળાની દુનિયામાં ખ્યાતિ થવા લાગી હતી. આજ રાતે મનોવૃત્તિને અનુસરીને એમનું ગાયન ખૂબ ખીલ્યું. ડોસાને જુવાનીમાં ગાયનનું સારું જ્ઞાન હતું. આ છોકરાઓ આમ શું કરવા કરે છે તે તો એ ન સમજ્યો. પણ એમના મનોહર ગાયનવાદનથી એનું દુઃખ ધીરે ધીરે પાછું હઠ્યું. અને ચિત્ત ગાયનમાં જ પરોવાતું ગયું. ગઈ સાંજે જ પૅરિસમાં એક સુંદર સંગીતનાટક ભજવાયું હતું. તે પહેલે પ્રયોગે જ અત્યંત લોકપ્રિય થઈ ગયું હતું. આ નાટકનાં જ ગાયનો આ છોકરાઓએ એક પછી એક ઉપાડ્યાં. અને લાંબી શેરીની ઊંચી ભીંતો વચ્ચે ઝઝૂમતાં વાદળાંની છત તળે નવજુવાન કંઠ અને ગગનટોચ ભેદતાં - પણ મૃદુતાને ન છોડતા તંત્રના આંદોલનો વિષે કુદરતે પણ વિશેષ સુંદરતા પૂરી.

પૅરિસના શોખીન શહેરમાં અને આવે વખતે આવા અસાધારણ ગાયનને લીધે દસેક મિનિટમાં જ ગાડીઓ રસ્તામાં થોભવા લાગી. બારીઓમાં સ્ત્રીપુરુષોનાં ડોકાં દેખાવા લાગ્યાં. અને બારી-બારણાં પણ ખૂલવા લાગ્યાં. જુવાનોએ ત્રીજું, ચોથું ગાયન માંડ્યું ત્યાં તો વાએ વાત ચલાવી અને આખી શેરી કામકાજ પડતાં મૂકીને આમને સાંભળવામાં પડી. ગાડીઓમાંથી અને બારીઓએથી તાલ અપાવા માંડ્યા, તાળીઓ પડવા લાગી અને શોખીનો તરફથી પોતપોતાના પ્રિય ગાયનો સંભળાવવા માટે સૂચનાઓ પણ થવા લાગી. અર્ધો કલાક થયો, પોણો કલાક થયો, કલાક થવા લાગ્યો. ડોસાની ફાટેલી ટોપી સોનાનાં અને રૂપાનાં નાણાંથી છલકાઈ ગઈ. મોટા છોકરાએ વાયોલિન બંધ કરી. ત્રણે બુઢ્ઢા પાસે આવ્યા અને ટોપીમાંનું નાણું એના ગજવામાં મૂઠે મૂઠે ભરવા લાગ્યા. એના મંદ મગજમાં તો હજુ એમના છેલ્લા ગાયનના સૂર રમતા હતા. તે આ શું થાય છે તે જોતાં

ચમક્યો. એમના હાથ ઝાલવા ગયો. પણ બે ઘરડા હાથે કરીને છ હોંશીલા અને નવજુવાન હાથ તે શી રીતે ખાળી શકે ? છોકરાઓએ ટોપી સપાટામાં ખાલી કરી અને પછી મૂંગે મોંએ પીઠ ફેરવીને જવા માંડ્યું. તેઓને ખરે જ જતા રહેતા જોઈ ડોસાએ છેલ્લાની બાંય ઝાલી અને સવાલ પૂછ્યો, 'ભાઈ, તમારું નામ'?'

જરાક ખચકાઈ ગંભીરતાથી તેણે જવાબ દીધો : 'શ્રદ્ધા'.

ડોસાએ બીજા તરફ જોયું, 'ભાઈ, તમારું નામ ?'

'આશા'.

અને ડોસો ત્રીજા સામું જુએ ત્યાં તો તે બોલ્યો,

'કરૂણા'.

ડોસો બિચારો ઘૂંટણે પડી કરગરવા લાગ્યો: 'મારી છોકરીનો જાન બચાવનારા, નામ તો તમારાં કહેતા જાઓ. હું અને તે કોનો આભાર માનીએ?'

મોટા છોકરાના મુખ ઉપર સ્મિત ફરક્યું. આછાં થતાં વાદળવાળા આકાશ તરફ જમણો હાથ સહેજ ઊંચો થયો અને તે પ્રસન્ન કંઠે બોલ્યો, 'આભાર, પરવરદિગારનો'.

ત્રણે જુવાનો ઉભરાતા આનંદ સાથે વેગથી દોડી ગયા.

'કેવા ખૂબસૂરત છોકરા ! શું સુંદર ગાયન ! પેલી ચીજ તો નાટકશાળા કરતાં અચ્છી ગાઈ'. વગેરે વચનો બોલતાં બોલતાં શોખીન નરનારીઓ વીખરાયાં. ગાડીઓ ચાલી ગઈ અને બારીબારણાં બંધ થયાં. શેરી પાછી હતી તેવી બની રહી. થોડીવારે વાદળાંમાંથી નીકળતા ચંદ્રને અજવાળે ડોસો સીન નદીનો પુલ ઓળંગી ગયો.

ટિપ્પણ :

ચક = બારી પર લગાવવાનો સળીવાળો પડદો, **ગાનવાદન** = ગાવું અને વગાડવું, **નટચમૂ** = નાટક કંપની, **ઠાર** = થીજવી નાંખે તેવી ઠંડી, **અડફટ** = ઝપટ, અથડામણ, આડે આવવું, **ડૂસકું** = રડતાં રડતાં જોરથી ખેંચાતો શ્વાસ, **આજારે** = માંદગીથી, **આદ્ર** = લાગણી, **મનસૂબો** = ઈરાદો, વિચાર,

ખાળવું = અટકાવવું, રોકવું, **કરગરવું** = વિનવવું, **આંખમાંથી એકેક ટીપું ટપકવું** = આંખમાંથી આંસું ટપકવાં, રડવું, **શિંગડું થઈ જવું** = ઠંડીને કારણે અંગ અકડાઈ જવું, ઠંડીને કારણે થીજી જવું, **ચત્તભ્રમ થવું** = મનની સ્વસ્થતા ગુમાવી દેવી. **એક પાઈ સરખી નહતી** = એક પૈસો પણ નહોતો, **વાએ વાત ચલાવી** = હવાની ગતિએ ચારે બાજુ વાત ફેલાઈ જવી, **દુઃખ પાછું હટવું** = દુઃખ દૂર થવું, **ચિત્ત પરોવાવું** = મન લાગવું, **મૂંગે મોંએ જવું** = કંઈ પણ બોલ્યા વિના ચાલ્યા જવું.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. ડોસાની આંખમાંથી એકેક ટીપું ટપકવા લાગ્યું. શા માટે?
2. ડોસો ગટર પાસે વાયોલિન વગાડતો હતો ત્યારે તેની શી હાલત થઈ?
3. પૅરિસના ત્રણ છોકરાઓ ડોસાને મદદ કરવા કેમ તૈયાર થયા ?
4. કઈ રીતે પૅરિસના ત્રણ છોકરાઓએ ડોસાને મદદ કરી?
5. 'શ્રદ્ધા, આશા અને કરૂણા' - નામ દ્વારા લેખક શું સૂચિત કરે છે?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'મારી છોકરી - મારી વાયોલિન - છોકરી, અરે દેવ !'
2. 'લાલ, લાવ તો તારી વાયોલિન !'
3. 'બે ઘરડા હાથે કરીને છ હોંશીલા અને નવજુવાન હાથ તે શી રીતે ખાળી શકે?'
4. 'મારી છોકરીનો જાન બચાવનારા ! નામ તો તમારાં કહેતા જાઓ, હું અને તે કોનો આભાર માનીએ ?'

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. ડોસાનું પાત્રાલેખન
2. પૅરિસના ત્રણ છોકરાની માનવતા

પ્ર.4. વાર્તાના આરંભમાં 'રાત ઘોર અંધારી જામી હતી' અને વાર્તાના અંતમાં 'વાદળમાંથી નીકળતા ચંદ્રને અજવાળે ડોસો પુલ ઓળંગી ગયો' - આ વાક્યો દ્વારા લેખક શું સૂચિત કરવા માગે છે તે સમજાવો.

ભાષાભ્યાસ :

પ્ર.5. અ: નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવી વાક્યમાં ઉપયોગ કરો.

1. શિંગડું થઈ જવું
2. અડફટમાં આવવું
3. ચિત્તભ્રમ થવું
4. મનસૂબો સમજી જવો
5. દુ:ખ પાછું હટવું
6. ચિત્ત પરોવાવું
7. વાએ વાત ચલાવવી
8. મૂંગે મોંએ જવું

બ : નીચે આપેલા રેખાંકિત શબ્દની જગ્યા પર નકારાત્મક શબ્દ મૂકી વાક્ય પૂરું કરો.

1. <u>કોઈએ ધારેલું ન હોય એવો ઓચિંતો</u> હાથ એની મદદે લંબાયો.
2. તે <u>પરવા કર્યા વિના</u> ચાલતો હતો.
3. તે <u>બળ વગરનો</u> થઈ ગયો હતો.
4. તેની તૂટેલી ફૂટેલી વાયોલિન <u>કામની ન</u> હતી.
5. <u>જે અનુભવી નથી તેની</u> શા માટે સલાહ લેવી ?
6. <u>યશ ન મળે</u> તો ફરી મહેનત કરો.

ક: નીચે આપેલી જોડ પૂરી કરો.

દા.ત. તૂટેલું ફૂટેલું

1. ભાંગ્યું ..... 2. વાસણ .....
3. લઘર ..... 4. ઠરડ .....
5. લીંપ્યું ..... 6. છાનો .....

- - - - - -

વિશેષ વાંચન :

અન્ય ભાષાંતરિત નવલિકાઓ શોધી વાંચો.

* * *

લડત ધપાવ્યે રાખો

સરદાર વલ્લભભાઈ પટેલ (જન્મ : 1875 - મૃત્યુ : 1950)

વલ્લભભાઈ પટેલ એટલે ભારતના સરદાર, "લોખંડી પુરૂષ". તેઓ ગુજરાતની અસહકારની લડતોમાં મહાત્મા ગાંધીજીના જમણા હાથ હતા. તેમનાં ભાષણોનો સંગ્રહ "સરદાર વલ્લભભાઈનાં ભાષણો"ના નામે નવજીવન કાર્યાલયે પ્રસિધ્ધ કર્યો છે. તેમાં તેમનાં ભાષણો માર્મિક, વ્યવહારુ, સચોટ અને આમજનતાની બુધ્ધિમાં સહેજે ઊતરી જાય એવાં છે. નીચે આપેલું ભાષણ એમણે આપેલાં અનેક ભાષણોમાંનું એક નમૂનારૂપ છે.

સને 1930 ની શરૂઆતની લડતમાં તેઓ પોણા ચાર મહિના સાબરમતી જેલમાં હતા. તેઓ કેદ ભોગવીને બહાર આવ્યા ત્યારે અમદાવાદની જનતા સમક્ષ આ ભાષણ આપ્યું હતું. જેલજીવનનો માર્મિક ઉલ્લેખ, લડતમાં બહેનોએ લીધેલા ભાગથી તેમને ઉપજેલો સંતોષ તથા લડત માટે સીધી ઉશ્કેરણી - આ ભાષણનાં મુખ્ય તત્ત્વો છે.

પ્રથમ તમે સર્વેએ મારું જે પ્રેમપૂર્વક સન્માન કર્યું છે તે માટે હું ખરા દિલથી તમારા બધાનો આભાર માનું છું.

અત્યારે એકદમ તમે મારી પાસેથી આપણા કાર્યને અંગે સલાહ કે સૂચનાની આશા તો નહીં રાખતાં હો, કારણ કે હું તો આપણી લડતના મંડાણ પહેલાં જ જેલખાનામાં જઈ બેઠો હતો. મને ત્યાં બેઠાં બેઠાં દેશની લડતે કેવો રંગ પકડ્યો છે તે વિષે પૂરેપૂરી માહિતી મળતી નહોતી. પણ અત્યારે બધા જ દેશનેતાઓ જેલમાં પૂરાયા છે ને આપણા સેનાપતિ મહાત્મા ગાંધીજી પણ પકડાયેલા છે ત્યારે પણ તમારો બધાંનો આટલો બધો ઉત્સાહ અને ઉમંગ છે એ જોઈને હું ખરેખર મગરૂર થાઉં છું ને તમને બધાંને ખરેખર ખરા હૃદયથી મુબારકબાદી આપું છું. તમે જે અપૂર્વ શાંતિ જાળવી છે, તમે જે અડગ હિંમત દર્શાવી છે તે માટે, તથા તમારી કુશળતા, તમારા ત્યાગ માટે મારે તમને મુબારકબાદી આપવી જોઈએ.

આથી વિશેષ તો તમે મારી પાસેથી અત્યારે આશા ન રાખો. હું પ્રથમ

તો જાણવા માંગું છું કે આપણા ગુજરાતમાં કાર્ય કેવું ચાલી રહ્યું છે. કાર્યકર્તાઓ બધા નવા જ છે. તેમની સાથે પણ મારે પરિચય કરવો છે. એ શું કાર્ય કરે છે. તેમાં એમને શી શી મુશ્કેલીઓ નડે છે એ બધું હું જાણી લઉં. ટૂંકમાં ગુજરાતની હાલની આપણી લડતની શી સ્થિતિ છે એથી હું સારી રીતે વાકેફ થાઉં ત્યાર પછી જ સલાહસૂચના આપી શકું ને માર્ગ દર્શાવી શકું.

જેલનાં સુખ :

પણ તમે મારી પાસેથી જેલયાત્રાની વાતો સાંભળવાની આશા જરૂર રાખી હશે. તેની તે તમને શી વાત કરું? ત્યાં કંઈ માથાં કૂટતાં નહોતાં, ત્યાં કોઈ જાતનું દુ:ખ જણાતું નહોતું. જો કોઈ એમ કહે કે જેલમાં દુ:ખ છે તો તમે માનતા નહીં. ત્યાં પરમ ચેન છે. અને તે વળી રોજના ચાર પૈસાના ખર્ચમાં જેલમાં જેટલું સુખ મળે છે એટલું બહાર નથી. કારણ કે આજે જ્યારે આપણી હિંદની મહાસભાના પ્રમુખ જેલમાં પૂરાયા છે, જ્યારે જગતના શ્રેષ્ઠ મહાત્મા ગાંધી યરવડાના કારાવાસમાં છે, ત્યારે જેલની બહાર રહીને આરામથી ખાવું એ ધૂળ ખાવા જેવું છે. સો મણની તળાઈઓમાં સૂવું એ પણ ચિતા પર સૂવા જેવું છે. આથી સાચું કહું છું કે જેલમાં જેટલું સુખ લાગે છે એટલું બહાર નથી લાગતું.મને તો એક જિલ્લા મેજિસ્ટ્રેટની નોટિસનો અનાદર કરવાના આરોપ માટે ત્રણ માસ અને ત્રણ અઠવાડિયાં માટે વગર ખર્ચની વીશી મળી હતી અને મેં આજના દિવસના માત્ર બે રોટલા વગર કશું જવા દીધું નથી. આજે સાંજના મારા બે રોટલાનો હક હતો ને કાલ સવારની એક પાઇની જુવારની કાંજી પણ મળવી જોઇતી હતી. એ મારો અધિકાર - મને છોડ્યો ત્યારે મેં જેલરને કહ્યું હતું તેમ - છીનવી લીધો. બાકી તો ત્યાં ચેન જ હતું.

જેલમાં બેઠેલા આપણા બધા મિત્રો પણ ચેનમાં છે. એ મિત્રો પાસેથી વિદાય લેતાં મને જે દર્દ થયું તે તમે નહીં સમજી શકો. માને બાળકો પાસેથી વિખૂટાં પડતાં જેવું દુ:ખ થાય તેવું દુ:ખ મને થયું છે. અને મને વિદાય દેતાં એમને પણ ખૂબ દર્દ થયું છે.

સરકારનો ઉકળાટ:

ત્યારે તમે જેલના દુ:ખની બીક તો રાખતા જ નહીં. સરકાર અત્યારે રોષે ભરાઇ છે. એને ઉકળાટ છે. જેમ આ ઘડીએ આપણને શરીરે ઉકળાટ થાય

છે. એ એક-બે દિવસમાં વરસાદ તૂટી પડવાની નિશાની છે ને તેથી પાણી પાણી થઈ જવાનું છે. તેમ જ સરકારનો ઉકળાટ પણ એ જ બતાવે છે કે તે હવે થોડા વખતમાં જ પલળીને પાણી પાણી થઇ જવાની છે.

મેં જેલ જતાં અગાઉ આપણી લડત વિશે બધી આગાહી કરી હતી. પણ લાઠી વિશે તો મને કલ્પનાય આવી નહોતી. મેં ધાર્યું હતું કે ગોળીઓ છોડશે. પણ સરકારે લાઠીઓ ચલાવી એ નવી જ વસ્તુ છે. હોય, આ સરકાર તો સુધરેલી છે ને ! એટલે એ એની સભ્યતા નવે નવે પ્રકારે બતાવે.

ખરું જેલખાનું કયું?

આજની સ્થિતિ જોતાં મને અતિશય આશા બંધાઈ છે. તમારો બધાંનો ઉત્સાહ જોઈ હું હર્ષઘેલો થઈ જાઉં છું. તમે હવે બતાવી દો કે આ ઉત્સાહ ક્ષણિક નથી.એ એક પળ માટે આવેલું પૂર નથી. પણ એક તપસ્વીની દસ-બાર વર્ષની પ્રખર તપશ્ચર્યાનું ફળ છે. આજે મને ઘણા સલાહ આપતા હતા કે મારે ભાષણ ન કરવું કારણ કે તેમને ભય હતો. પણ મારા હાથની રેખામાં જેલની વાત જ નથી. જેલ જવાનું મેં જાણ્યું જ નથી. આ સરકારની જેલ એ તે કંઈ જેલખાનું છે? ખરું જેલખાનું તો માયાનું બંધન છે. આ આપણા આત્માને જે મોહ, માયા ને કામક્રોધનાં બંધન છે એ જ ખરું જેલખાનું છે. જે માણસે એ બંધન સ્વેચ્છાએ તોડ્યાં છે એ માણસને આ જગત પરનું બળવાનમાં બળવાન એવું કોઇપણ સામ્રાજ્ય બંધનમાં રાખી શકવાનું નથી. આથી જ કહું છું કે જેલ તો મને કંઈ હિસાબમાં જ નથી. ને આ જિંદગીમાં તો તે મારે મન કંઇ જ નહીં હોય.

બહેનોનો ભાગ :

આજે જ મેં એ કહેવાતા જેલખાનામાંથી બહાર નીકળતા ખેડાના ઓગણીસ વીરોને ને એક બહેનને એમાં પેસતાં જોયાં. એ બહેન તો ગામડામાં રહેનારી એક બ્રાહ્મણી છે. એનો ભાઇ મારી સાથે પંદર વર્ષોથી કામ કરે છે. એ ત્રણ વખત જેલમાં ગયો હતો ને હું એને ત્રણ વખત બહાર કાઢી લાવ્યો છું. અત્યારે પણ એ જેલમાં છે. મેં જેલમાં રહેતા બીજા બધા ભાઈઓને કહ્યું છે કે મારે માટે એ કોટડી કાયમ રાખજો. કાં તો હું એ બધાને એ જેલમાંથી બહાર કાઢી લાવીશ કે હું એમની સાથે જ પાછો અંદર જઇશ. એ જેલ ગયેલી બહેન નિરક્ષર છે. પણ એનો ભાઇ ગુજરાતનો એક તપસ્વી છે. એણે હજારોના જીવનમાં ફેરફાર

કરી નાખ્યાં છે. અને અત્યારે એ નાસિક જેલમાં છે. એનું નામ રવિશંકર. એની બહેન ચંચળબહેનને જ્યારે મેં જેલમાં પેસતી જોઇ ત્યારે મને જેવો હર્ષ થયો તેવો બીજા કશાથી નહોતો થયો. જ્યારે ગુજરાતના ગામડાંની બહેનો જેલમાં જતી થઈ જશે ત્યારે આપણી જીત નજીક જ માનજો. ગુજરાતમાં આજે જે ઇતિહાસ ઘડાઈ રહ્યો છે તેમાં બહેનોનો ભાગ જોઈને હું હર્ષઘેલો થઈ જાઉં છું.

ધોરી રસ્તો :

હું ઇચ્છું છું કે અત્યારે જે ઉત્સાહનો - દેશસેવાનો પવન વાઇ રહ્યો છે, તે એટલો જ બલકે તેથી પણ વિશેષ વાયા જ કરે. યરવડાની જેલમાં પૂરાયેલા આપણા મહાન સેનાપતિને એ જેલના દરવાજા ઉઘાડી બહાર લાવી આપણી ઇજ્જત પર નંખાયેલ હાથને દૂર ન કરીએ તો આપણું જીવ્યું વ્યર્થ જાણજો.

મરણ તો એક વખત જ આવે છે. બે વખત નહીં. ને તે કરોડાધિપતિ કે ગરીબ - કોઇનેય છોડતું નથી. તો પછી એનો ભય શો? આપણે મરણનો ભય છોડી નિર્ભય થઇએ. મેં એવી કોઇ જ સરકાર જોઇ નથી કે જે તેંત્રીસ કરોડની એક મહાન પ્રજાને તેની ઈચ્છા વિરુધ્ધ તોપ કે મશીનગનની બીક બતાવી દબાવી શકે. માટે આપણો નિશ્ચય જો સાચો જ હોય તો જીત પણ આપણા હાથની જ વાત છે એ ચોક્કસ માનજો.

હું ગુજરાતની પરિસ્થિતિથી વાકેફ થઈ થોડા જ વખતમાં કંઈ માર્ગ સૂચવીશ. પણ નવો માર્ગ વળી શો હોય? મહાસભાએ અને મહાત્માજીએ રસ્તો બતાવી દીધો છે. એ રસ્તે જવામાં સત્ય અને અહિંસા એ બેની જરૂર છે. એ રસ્તો ધોરી રસ્તો છે. એ ઉપર બાળકથી માંડી વૃધ્ધ અને સ્ત્રીઓ ને પુરૂષો સર્વ જઈ શકે છે. આ લડત જ એવી છે કે બાળકો પણ ચલાવી શકે. અને આ પ્રસંગે જે પોતાનું મોં સંતાડશે, જે આ લડતમાં પોતાનું યોગ્ય સ્થાન નહીં લે, તેનું નામ ઇતિહાસમાં કાળા અક્ષરે લખાવાનું. માટે તમે સૌ પોતપોતાનો ધર્મ સમજી લો. હિંમત અને દ્રઢતાથી લડત આગળ ધપાવ્યે જાઓ, ને આખરે જીત પામો. પ્રભુ આપણને શક્તિ આપો. ઈશ્વર આપણું કલ્યાણ કરો!

ટિપ્પણ:

મંડાણ = શરૂઆત, **મગરૂર થવું** = અભિમાન આવવું, **વાકેફ થવું** = જાણકાર થવું, પરિચિત થવું, **ઉકળાટ** = બફારો, અહીં ઉશ્કેરાટ, **પૂર** = જોશ, **કારાવાસ** = જેલ, **રોજ ચાર પૈસામાં જ** = કેદી દીઠ રોજનું એક આનાનું (છ પૈસાનું) ખર્ચ સરકાર કરતી, **વીશી** = ભોજનાલય, **ધોરી** = મુખ્ય, **વિખૂટાં પડવું** = અલગ થવું, **સભ્યતા** = સભ્ય મનુષ્ય તરીકેની રીતભાત(કટાક્ષમાં), **એક સમર્થ તપસ્વી** = મહાત્મા ગાંધીજી, **પ્રખર** = સખત, જબરી, **ચેન** = શાંતિ, **રવિશંકર** = રવિશંકર મહારાજ, ગુજરાતના મૂંગા લોકસેવક

નોંધ :

1) લડતે કેવો રંગ પકડ્યો છે :

રંગ પકડવો એટલે રંગ જામે તેવું કરવું. અહીં લડત કઇ અને કેવી રીતે આગળ ચાલી રહી છે, રંગ જમાવી રહી છે તે જોવું.

2) માથાં કૂટતાં નહોતાં :

શોક કે ગુસ્સામાં માથાં અફાળતાં નહોતા. શબ્દપ્રયોગ છે માથું કૂટવું. જ્યારે કોઇ નજીકની વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે શોક કરવામાં આવે અથવા તો વિપરીત પરિણામ આવતાં ગુસ્સામાં અને દુ:ખમાં માથું અફાળે.

3) ધૂળ ખાવા જેવું :

તદ્દન સ્વાદ વગરનું, નકામું. ધૂળ ખાઈ શકાતી નથી અને તેમાં કોઇ સ્વાદ પણ હોતો નથી. અહીં તેનો અર્થ છે કે માનવીએ જીવન ટકાવી રાખવા માટે ખાવું જોઇએ. ભોગવિલાસ માટે નહીં. તદુપરાંત જ્યારે દેશ, સમાજ કે કુટુંબ મુસીબતમાં હોય ત્યારે જીભના સ્વાદને પોષે તેવા મનગમતા પદાર્થોનો ત્યાગ કરવો જોઇએ. જે કોઇ વ્યક્તિ મુસીબત વખતે ભોગવિલાસને છોડતો નથી અને ભાવતાં ભોજનનો ત્યાગ કરતો નથી ત્યારે તેને ઉશ્કેરવા આ રૂઢિપ્રયોગ વપરાય છે.

4) પાણી પાણી થઇ જવું :

પરસેવાથી રેબઝેબ થઈ જવું. વધુ પડતી મહેનત કે કાર્ય કરવાથી શરીરે પરસેવો છૂટે છે. અને તેનાથી પલળી જવાય છે.

5) તળાઈ :

ખૂબ રેશમી રૂથી ભરેલું, મોટું, પોચું ગાદલું કે જે ખાસ કરીને ધનિકોના ઘરમાં જ રહેતું અને જેના પર ધનિકો સુખની નિંદ્રા માણતા.

6) રવિશંકર :

રવિશંકર મહારાજ ગુજરાતના મૂકસેવક તરીકે જાણીતા છે. તેઓનો જન્મ ખેડા જિલ્લાના રઢુ ગામે થયો હતો. બાળપણથી જ એમનો સ્વભાવ સાહસિક અને નીડર હતો. તેઓ દીનદુ:ખીઓ પ્રત્યે લાગણીવાળું હૈયું ધરાવતા હતા. તેઓએ આઝાદીની લડતમાં ઝંપલાવ્યું હતું. ચરખો ચલાવી ખાદીનાં સાદાં વસ્ત્રો પહેરતા. સાદું જીવન એ એમનો જીવનમંત્ર હતો. ધીમે ધીમે રાજકીય પ્રવૃત્તિને સ્થાને લોકસેવાએ જીવનમાં પ્રવેશ કર્યો. ગંદકી દૂર કરવી, ગરીબાઇ દૂર કરવી, લોકોને કામધંધે ચડાવવા, કુદરતી આપત્તિમાં સપડાયેલા લોકોને મદદ કરવી વગેરે તેમનાં કાર્યક્ષેત્ર હતાં. તેઓએ ગુજરાતના ડાકુઓનાં હૃદયનાં પરિવર્તન પણ કર્યાં હતાં. તેથી જ તેઓને મૂકસેવક મહારાજનું બિરુદ આપ્યું હતું.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. સરદાર વલ્લભભાઇ પટેલ જનતા સમક્ષ ક્યાં ક્યાં સુખોનું વર્ણન કરે છે?
2. સરદાર ખરું જેલખાનું કોને કહે છે? શા માટે?
3. લડત ધપાવવા માટે સરદાર ધોરી રસ્તો કયો ગણાવે છે?
4. સરદાર જનતાને શા માટે પાનો ચડાવતા હતા ?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'સો મણની રૂની તળાઈઓમાં સૂવું એ પણ ચિતા પર સૂવા જેવું છે'.
2. 'ખરું જેલખાનું તો માયાનું બંધન છે'.
3. 'મરણ તો એક વખત જ આવે છે, બે વખત નહીં'.

પ્ર.3. સરદારની ભાષણ-શૈલી પર ટૂંક નોંધ લખો.

પ્ર.4. લેખકે રજૂ કરેલાં મોહ-માયાનાં બંધન વિષે તમારા વિચારો દર્શાવો.

પ્ર.5. મરણ વિષે હિંદુઓનું તત્વજ્ઞાન સ્પષ્ટ કરો.

ભાષાભ્યાસ :

પ્ર.6. અ: નીચે આપેલા શબ્દપ્રયોગોનો અર્ધાંશ આપ્યો છે, તેની સાથે જતાં ક્રિયાપદો આપી તે શબ્દપ્રયોગોનો વાક્યમાં ઉપયોગ કરો.

1. આભાર .....
2. વાકેફ .....
3. માથું .....
4. છીનવી .....
5. વિખૂટાં.....
6. ઉકળાટ .....

બ: રેખાંકિત શબ્દને ધ્યાનમાં રાખી તેના પરથી બીજો શબ્દ બનાવી વાક્યોની ખાલી જગ્યાઓ પૂરો.

1. <u>તોડવાં</u> હોય તો પણ મોહ-માયાનાં બંધનો જલ્દીથી ..... નથી.
2. યરવડાની જેલમાં દેશનેતાઓને <u>પૂર્યા</u> હતા. આ ..... દેશનેતાઓને જેમ બને તેમ જલ્દી જેલની બહાર લાવવા જોઈએ.

3. ગુજરાતમાં કાર્ય કેવું ચાલી રહ્યું છે તે મારે જાણવું છે. કારણ કે ..... બધા જ નવા છે.

4. ચોક્કસ માનવીમાં જ ..... હોય છે.

ક: સમાનાર્થી શબ્દો આપો.

ધોરી, વીશી, ઉકળાટ, મંડાણ, પ્રખર.

- - - - - -

વિશેષ વાંચન:

"સરદાર વલ્લભભાઇનાં ભાષણો" નામનો સંગહ લઇ વાંચન કરો

* * *

કરકસર

ધનસુખલાલ મહેતા : (જન્મ : 1890 -)

ધનસુખલાલ મહેતાએ હાસ્ય, વાર્તા, નિબંધ, નાટક, નવલકથા, રેખાચિત્ર એમ અનેક પ્રદેશોમાં વિહાર કર્યો છે. પરંતુ તેમની ખાસ વિશિષ્ટતા એ છે કે તેઓ હાસ્યના અંશો શોધવા ક્યાંય જતા નથી. હંમેશાં બનતા સાધારણ બનાવોમાંથી તેમની નજર હાસ્યજનક નર્મગર્ભ અંશો શોધી કાઢે છે. તેઓએ નર્મ એવી સરસ રીતે કેળવ્યો છે કે કરૂણરસની છાંટ પણ તે નર્મ સાથે સફળ રીતે ભેળવી શકે છે.

તેમના 'હું, સરલા અને મિત્રમંડળ' નામના હળવી વિનોદાત્મક ભાષામાં લખાયેલા વાર્તાસંગ્રહમાંથી નીચેની વાર્તા લીધી છે. જેમાં કરકસર કરવા જતાં માથે પડતો ખર્ચ, સર્જાતા પ્રસંગો અને ઉદ્‌ભવતું નર્મ હાસ્ય માણવા મળે છે.

વર્તમાનપત્ર વાંચી રહીને મેં ટેબલ ઉપર મૂક્યું, 'સરલા, તું શાની વાત કરવા માગતી હતી?' બગાસું ખાતાં ખાતાં મેં પૂછ્યું.

સુંદર વિચારસ્વપ્નમાંથી ઝબકી હોય તેમ સહેજ આંખની ભ્રમર ચઢાવતાં સરલા બોલી, 'શી વાત કરતી હતી? બકરાંની સ્તો, બીજી શાની હોય?'

'બકરાંની ? વળી બકરાં કેવાં ?'

'અરે વહાલા! તમે તો કશું ય સમજી શકતા નથી. હું હમણાં તેમને વિષે જ વાંચતી હતી'. જાણે કોઈ સામાન્ય અક્કલના શિષ્ય ઉપર કૃપાદૃષ્ટિ કરીને ગુરુ સમજાવતા હોય તેમ સરલાએ 'ગૃહસંસારનો ભોમિયો' એ પુસ્તકનાં પાનાં ફેરવતાં કહ્યું.

મારા અંત:કરણને આઘાત થયો. આ જ 'ગૃહસંસારનો ભોમિયો'ને લીધે મારે આગળ બેએક વખત કઢંગી સ્થિતિમાં મૂકાવું પડ્યું હતું. તે વખતે તેને અગ્નિમાં હોમી દેવાનો ઠરાવ પણ કર્યો હતો. પણ પાછળથી સરલાની લાગણીને સન્માન આપી તેમ નહોતું કર્યું. તેથી હવે વળી તેમાંથી જ કાંઈક અવનવું તોફાન જાગશે એમ ધારીને હું કંપ્યો. તેમ છતાંય મેં હસવાનો પ્રયત્ન કર્યો.

એટલામાં જ ધડાકો થયો.

'વહાલા ! આપણે એક બકરી લેવી જોઈશે'. સરલાએ ગંભીરતાથી કહ્યું. આ શબ્દો સાંભળતાં જ મેં મારી ખુરશી આંચકો મારીને પાછળ ખરોડી અને ગુસ્સાનો ડોળ ધારણ કરીને કહ્યું, 'તું જાણે છે કે આપણે ત્યાં એક કૂતરો અને બિલાડી છે. તેમને આપણી વાડી પૂરી થતી નથી. બકરી રાખીને એકાદ વીઘું જમીન પણ લેવી જોઈશે કે?'

હું કાંઈ બહુ જ મૂર્ખાઈભર્યું બોલ્યો હોઉં તેમ સહેજ સ્મિત કરતાં સરલા બોલી, 'તમે ય શું? એને તો આપણે બાંધી રાખવાની'.

હું એકદમ ઉત્તર આપવા જતો હતો એટલામાં હાથના ઈશારાથી મને અટકાવીને સરલાએ 'ગૃહસંસારનો ભોમિયો' માંથી વાંચવા માંડ્યું. તેમાંથી 'બકરાં' ને લગતો ભાગ વાંચ્યા પછી તેણે મને કહ્યું, 'આ સિવાય તમને સંધિવા જણાય છે તેનું કારણ તમારી પાચન શક્તિ નબળી છે તે છે. તે તો યાદ હશે જ !'

'પણ એવા કચરાપટ્ટી ડૉકટરો વિષે હું શો મત ધરાવું છું તે તને પણ યાદ હશે જ'. મેં ચિડાઈને કહ્યું.

સરલાએ વાત પડતી મૂકી.

'આપણા બધા પાડોશીઓ કહે છે કે ભૈયો દૂધમાં પાણીનો ભેળ કરે છે'. સરલા બોલી.

'ભલે, તેઓ ગમે તેમ બોલે. તેની મને દરકાર નથી'.

'પણ મારે છે ને !' સરલાએ કહ્યું.

હવે મારાથી રહેવાયું નહિ. હું ઊઠીને બારણા તરફ ચાલ્યો.

'બસ, હવે મારી ખાતરી થઈ કે તારા મગજમાં કાંઈક વિચાર આવે એટલે મારા અભિપ્રાયનું વજન ક્યારેય રહેવાનું નહિ. કેમ એમ જ ને? પણ આ વખતે મારે ખુલ્લું કહી દેવું જોઈએ કે જો મારા ઘરમાં બકરી આવશે તો તેમાં મારી સંમત્તિ તો નથી જ એમ સમજવું. મને બકરી ગમતી નથી એટલું જ નહિ, પણ હું તેના નામને ધિક્કારું છું'.

બારણામાંથી બહાર નીકળીને બારણું મેં જોરથી બંધ કર્યું. ત્રણ દિવસો

વીતી ગયા. હું ટેબલ ઉપર હાથ ટેકવીને એક લેખ લખવાનો પ્રયત્ન કરતો હતો. જોઇએ તેવા શબ્દો મને સાંભરતા ન હતા. મારો કમ્પાઉન્ડ પૂરો થતાં જ એક નાની નદી છે. તેનાં ખળખળ વહેતાં પાણી હું જોઉં છું ત્યારે મને હૃદયમાં ઉચ્ચ વિચારો સ્ફુરે છે. જેથી આ વખતે પણ જરા ત્યાં જઇ આવવાનો મેં વિચાર કર્યો. ખીંટી ઉપરથી ટોપી લઇને હું બારણા પાસે ગયો. બારણું ઉઘાડ્યું. વિચારમાં ને . વિચારમાં ઓટલા ઉપરથી હું નીચે ઊતર્યો.

બેં.....એ.....અ ! ભડાક્ ! ભમ !!!'

'એ કોણ હરામખોર ?'

મારાથી વાક્ય પૂરું થઇ શક્યું નહીં. ઓટલા પાસે તીક્ષ્ણ કાંકરાવાળી જમીન ઉપર પહોળા પગ કરીને હું બેસી ગયો. મારી ટોપી સહેજ છેટે એક ગુલાબના છોડ ઉપર પડી. ચશ્મા પાસેના પાણીના કુંડામાં અદૃશ્ય થઈ ગયા. મારી સામે ખૂંટાથી બાંધેલી મસ્તાન બકરી હવામાં ઉછળતી લાગતી હતી. પ્રભાતની શાંત સુંદરતામાં વિઘ્ન નાખતી, જાણે કે પોતાની હદમાં આવવા ને અપમાનિત શબ્દો વડે ઉત્તેજિત કરતી હોય તેમ આગલા પગ હવામાં ઉછાળતી તે બકરી દ્વન્દ્વયુદ્ધની માગણી કરતી હોય તેમ દેખાતી હતી.

યુદ્ધમાં ઉતરવાની મારી બિલકુલ વૃત્તિ ન હતી. તેથી થોડીકવાર સુધી તો હું મૂંગો જ બેસી રહ્યો. પણ પછી હું ઉશ્કેરાયો. કેટલાક નહિ બોલાય તેવા શબ્દોનું ઉચ્ચારણ કરતો બકરીથી દૂર ઊભો રહીને હું મેદાન ગજાવવા મંડ્યો.

'હં, હં, આ શું બોલો છો ?' પાછળથી ધ્વનિ સંભળાયો. સરલાની આંખો સતેજ થઈ ગઈ. મોં ઉપર લાલાશ આવી ગઈ હતી.

'આ વિશે તું શો ખુલાસો કરે છે તે હું જાણવા માંગું છું'. મેં કર્કશતાથી કહ્યું.

સરલાએ મને સામો ઠપકો દેતી હોય તેમ નરમાશથી કહ્યું, 'બિચારીને હજી આ નવી સ્થિતિ ગોઠતી નથી'.

'બિચારીને ગોઠતી નથી !' મેં કટાક્ષમાં જ કહ્યું. પણ મને આ સ્થિતિ ગોઠતી નથી તેનું કેમ?

'પણ તેના ફાયદાઓ તો જુઓ. આ તરફથી તેણે જમીન કેવી સુધારી

તે જુઓ. તમારી બધી મહેનત જ બચી ગઈ'. સરલાએ કહ્યું.

'બહુ સારી સુધારી. હવે એક વખત હું તેના પંજામાં સપડાઉં તો મારી બધી જ મહેનત બચી જાય'.

'હવે નકામો કાગનો વાઘ શું કરતા હશો ? જરા આપણી સાથે હળીમળી જશે ને એટલે....'

'પણ મારી તેને હળવાની તક જ નહિ મળશે તો? એને માટે રખેવાળ પણ નથી રાખ્યો?'

'ના, આજે તો પેલો જગુ આવવાનો છે. દૂધ દોહતાં શીખવશે. પછી તો....'

'પછી તો શું?'

'પછી તો શીખી જશો ને ?' મારા વાંસા પર સ્નેહથી હાથ ફેરવતાં સરલા બોલી.

જાણે બાણ છૂટ્યું હોય તેમ બકરીએ સામી દિશામાં ધસારો કર્યો. મોંમાંથી જીભ બહાર કાઢીને પગ અફાળતી ખૂંટામાંથી દોરી કાઢવા તે પ્રયત્ન કરવા લાગી. સદ્દભાગ્યે તે તો નિષ્ફળ નીવડ્યો. ધસારાનું કારણ અમારો કૂતરો હતો. કૂતરો બકરીની મર્યાદાની બહાર ઊભો રહીને તેને ઉશ્કેરવાને ઠંડે પેટે મોટે અવાજે ભસતો હતો.

હું ઊભો થયો.

'તું અને જગુ મળીને, તમારે જે કરવું હોય તે કરજો. આ કાર્યમાં મારા તરફથી મદદની બિલકુલ આશા રાખશો નહિ'. હું નદી તરફ જવાનો વિચાર માંડી વાળીને પાછો બારણા ભણી જતાં બોલ્યો.

અંદર જઇને મેં મારું ચિત્ત અન્ય પ્રવૃત્તિઓમાં પરોવ્યું. બકરીની ઉત્પત્તિ જ નહીં હોય એવી દુનિયામાં રહેતાં મનુષ્યોનો આનંદ કેવો હશે તે વિષે વિચાર કરવા લાગ્યો. પણ એવી શાંતિ ઝાઝી વાર ટકી નહીં.

બહાર વાડીમાં અનેક જાતના અવાજો આવવા લાગ્યા. પિત્તળનાં વાસણનો ખખડાટ, અશુદ્ધ ગુજરાતી ભાષાનો શબ્દોચ્ચાર અને સરલાન્તે કોમળ ધ્વનિ કર્ણ પર અથડાવા લાગ્યા.

'ઓ મારા દાદા ! આ તે બકરી કે બકરો ?'

આ અવાજ જગુનો હતો. આત્મપ્રતિષ્ઠા અને કુતૂહલની વૃત્તિએ આખરે વિજય મેળવ્યો. હું અંદરથી નીકળીને બહાર આવ્યો.

જગુ પોતાના પગ પાસે પડેલાં પિત્તળનાં વાસણ સામે જોતો માથું ખંજવાળતો ઊભો હતો. તેનાથી સહેજ દૂર સરલા ઊભી હતી. તેના પગનાં પાલવમાં અર્ધો ભરાઈને કૂતરો બકરીને વધુ ઉશ્કેરતો હતો. બકરી વિકરાળ પ્રાણીની પેઠે ચારે પગ ઉછાળતી, જમીન ખોદતી, હુંકાર શબ્દ કરતી, ખૂંટાની આસપાસ વર્તુળ આકારમાં કૂદતી હતી. જાણે પૃથ્વી નક્ષત્રી કરવાને પરશુરામે પુનઃઅવતાર ધારણ કર્યો હોય તેમ બકરી હવાને વીંઝતી હતી.

જગુએ મને નીચા વળી સલામ કરી.

'સા'બ, બકરીને કોણ જાણે ક્યંમ મારી સામે વેર ભરાયું છે'.

'અરે, વેર શાનું ? એ તો તારી સાથે મિત્રાચારી કરવા માગે છે'. મેં લાગ જોઈને મશ્કરીમાં કહ્યું.

'હેં, હેં, જો હું પાસે જાઉં તો મને આખો ને આખો ખાઈ જાય. મને તો એમ થાય છે કે આને હું દોહીશ શી રીતે ?' મોટેથી હસતાં જગુ બોલ્યો.

સરલા આથી કાંઈક કચવાઈને બોલી, 'જો તમે પગ ઝાલો તો હું દોહું'.

'સરલા, તારે બકરીની પાસે નથી જવું. હું તને મના કરું છું'. મેં આજ્ઞા કરી.

અલબત્ત સરલાએ આજ્ઞાભંગ કર્યો. 'હું બીકણ નથી. બકરી મારી છે. હું ગમે તે કરીશ'.

હોઠ પીસીને હું બોલ્યો, 'સરલા, હમણાં તો હું જાઉં છું. પણ જો પાછળથી કંઈ નવુંજૂનું થયું તો પસ્તાતી નહિ'.

મારા શબ્દોથી તેને કાંઈક ભયંકર સ્થિતિનું ભાન થયું હોય એમ લાગ્યું. મને જવા દેવો કે નહીં તે વિષે તેના હૃદયમાં અનેક વિચારો ઉત્પન્ન થયા. પણ એવામાં દુર્ભાગ્યે જગુ હાથમાં વાસણ લઈને આગળ વધ્યો એટલે સરલાએ મને અટકાવ્યો નહિ. હું ક્રોધના મુખમાં જ જવાને નીકળ્યો. રજપૂતો કેસરિયા કરતા તે વખતે તેમના મનની સ્થિતિ કેવી હશે, તેનો ખ્યાલ મને આવ્યો.

'સા'બ, જેવો હું શિંગડાં પકડવા આગળ ધસું કે તરત જ તમારે તેના પાછલા પગ પકડી લેવા. પછી તેનું કંઈ ચાલવાનું નથી'. જગુ બોલ્યો. આવી રીતે વ્યૂહરચનાની ગોઠવણ કરીને જગુ શિંગડાં પકડવા કૂદ્યો બકરી પણ સામેથી આવતા શત્રુને શિકસ્ત આપવા પાછલા પગ ઉપર ઊભી થઈ. હું પણ મારે કરવાનું કામ બજાવવાને યાહોમ કરીને આગળ વધ્યો. મેં પાછલા પગ પકડવા પ્રયત્ન કર્યો. પછી શું થયું તેનું સ્મરણ મને બરાબર નથી. એક ક્ષણમાં સુંવાળા ઘાસ ઉપર હું ચત્તોપાટ પડી ગયો. મારી છાતી ઉપર બકરીના પાછલા પગો નૃત્ય કરવા લાગ્યા. પણ એવામાં જગુનો દ્વિતીય હુમલો થયો. બકરી આ હુમલા સામે ટકી શકી નહિ. સરકસમાંના મલ્લની માફક મારી છાતી ઉપર થઈને બકરીએ ગુલાંટ ખાધી. આંચકાને લીધે દોરી તૂટી. જગુએ તે જોયું. અનેકાનેક બીભત્સ ગાલીપ્રદાનથી બકરીના હૃદયને ત્રાસ આપવાનો વૃથા પ્રયત્ન કરતો જગુ છલાંગ મારીને નાઠો.

આ પ્રસંગે મારે કબૂલ કરવું જોઈએ કે બકરીનો સ્વભાવ ગમે તેવો તામસી અને ભયંકર હતો છતાં તેનામાં શૂરવીરને છાજે તેવા ગુણો પણ હતા. મારા જેવા નિર્બળ શત્રુને ભૂમિ ઉપર પડેલો જોઈને મારા તરફ ધસી નહિ. તેમ સરલાને પણ તેણે ગણકારી નહિ. હું અને સરલા ઊભયને સામે ક્રોધયુક્ત, તિરસ્કારભરી દૃષ્ટિ કરીને જેમ રાણો સમરસિંહ બે હાથે તલવાર વીંઝતો યવનો સામે ધસ્યો હતો તેમ તે જગુની પાછળ પડી.

વાતાવરણ હજી પણ ગાળોથી પ્રદુષિત કરતો જગુ અટક્યો નહિ. તીવ્ર વેગથી તે દોડ્યે જ જતો હતો. તેની પાછળ પ્રત્યેક ક્ષણે અંતરમાં ઘટાડો કરતી બકરી વિકરાળ વાઘની સમી છલાંગ મારતી જતી હતી. તેના પાછલા પગની પાસે જ અમારો કૂતરો જાણે યુદ્ધગીત ગાતો હોય તેમ ભસતો દોડતો જતો હતો અને તેની પાછળ બકરી સહસા પાછી ફરે તો પણ નાસવાનો અવકાશ રહે એટલે અંતરે હું દોડતો જતો હતો. સરઘસ એક સપાટામાં કમ્પાઉન્ડ પૂરો કરીને રસ્તા ઉપર જઈ પહોંચ્યું. જગુ અને બકરી વચ્ચેનું અંતર ઘટતું જતું હતું. અને તે જ પ્રમાણમાં જગુની વાચાળશક્તિ વધતી જતી હતી. પણ જ્યારે અંતર તદ્દન નષ્ટ થશે અને જગુ તથા બકરીનો સંગમ થશે ત્યારે શો ભયંકર દેખાવ થઈ રહેશે એ વિચારની કલ્પના કરતાં કરતાં મારું હૃદય કંપવા લાગ્યું.

એટલામાં ભોં.....ભોં.....ભોં.....!

સામેથી ધૂળના ગોટા ઉડાડતી મોટરકાર ધમધમાટ કરતી આવી. જગુએ ગભરાટથી આમતેમ નજર ફેરવતાં એક ઝાડ જોયું. કૂદકો મારીને તેની ડાળ પકડી લીધી. બકરીએ વળી નિર્બળ શત્રુને છોડીને બલવત્તર શત્રુની સામે જ ધસારો કર્યો. જગુને છોડી દઈને, આગલા બે પગ ઊંચા કરીને પ્રચંડ વેગથી મોટરકાર સામે તેણે ધસારો કર્યો. રખે મોટરકારને પણ ઉથલાવી પાડે એવી શંકાથી ભયભીત થઈને કૂતરો અને હું પણ એક દિશાએ ખસી ગયા. પુનઃ જોરથી મોટર હાંકનારે ભૂંગળાનો ધ્વનિ કર્યો. મોટરકાર અને બકરી ઊભયનો વેગ અનિવાર્ય હતો. એક આંચકો મોટરકારને લાગ્યો. ધૂળનો ગોટો વધ્યો. પળમાં મોટરકાર આંખ આગળથી અદૃશ્ય થઈ ગઈ.

'આખરે તે વિરાંગનાને છાજે તેવી રીતે લડતાં મૃત્યુ પામી એ કાંઈ જેવુંતેવું આશ્વાસન નથી'. બકરીના શબ ઉપર સરલા આંસું ઢાળતી હતી અને તેના દિલાસારૂપે મેં કહ્યું.

'પણ..... પણ હું દૂધવાળાને શું મોં બતાવીશ? મેં એને દૂધ લાવવાની ના કહી દીધી હતી'. સરલા આંખ લૂછતાં બોલી.

મેં મૃત્યુ પામેલી બકરીના શરીર સામે જોયું. મારાથી હસી દેવાયું.

ટિપ્પણ :

આઘાત થવો = દુઃખ થવું, **કઢંગી** = ખરાબ, બેડોળ, ઢંગ વગરની, **અગ્નિમાં હોમી દેવું** = નાશ કરવો, **અવનવું** = અજુગતું, **ડોળ ધારણ કરવો** = ઢોંગ કરવો, ખોટો દેખાવ કરવો, **પડતું મૂકવું** = છોડી દેવું, બેધ્યાન કરવું, **ભેગ કરવો** = ભેળસેળ કરવી, **ખુલ્લું કહેવું** = સ્પષ્ટ કહેવું, **મેદાન ગજાવવું** = જોર જોરથી બોલવું, **કર્કશતાથી** = કાનને ન ગમે એવા મોટા અવાજમાં, **ગોઠવું** = ગમવું, **ઠંડે પેટે** = શાંતિથી, **પ્રવૃત્તિ** = કામકાજ, **આત્મપ્રતિષ્ઠા** = પોતાની આબરૂ, **નક્ષત્રી** = ક્ષત્રિય વગરનું, **વીંઝવું** = હવામાં જોરથી ઘુમાવવું, **ક્યમ** = કેમ, **લાગ** = તક, મોકો, **કચવાઈને બોલવું** = મૂંઝવાતા બોલવું, નારાજ થઈને બોલવું, **નવુંજૂનું થવું** = ન બનવું જોઈએ તેવું કાંઇ અણધાર્યું બનવું, અણધારી ઘટના ઘટવી, **કાળના મુખમાં જવું** = મૃત્યુને ભેટવા જવું, **યાહોમ કરીને કૂદી પડવું** = હિંમતથી લડવું, **ચત્તોપાટ** = સીધો, **શિકસ્ત** = હાર,

તામસી = ક્રોધી, **બીભત્સ** = ગંદા, આ શબ્દનો સાચો અર્થ ચીતરી ચડે એવું, **પ્રદુષિત કરવું** = બગાડવું, ખરાબ કરવું, **ધમધમાટ કરતું આવવું** = અતિ વેગથી અવાજ કરતું આવવું, **બલવત્તર** = વધારે બળવાન, **અનિવાર્ય** = રોકી ન શકાય તેવું.

નોંધ :

કાગનો વાઘ કરવો :

આ એક કહેવત છે. જેનો અર્થ છે કે નાની એવી વસ્તુને કારણ વગર મોટું સ્વરૂપ આપવું એટલે કે મહત્ત્વ આપવું.

પરશુરામ:

આ એક ઋષિ હતા. આમ તો વિષ્ણુનો છઠ્ઠો અવતાર ગણાય. જેઓએ પૃથ્વીને નક્ષત્રીય કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. સરલા શા માટે બકરી ખરીદવા માગતી હતી ?
2. લેખ લખવા બહાર જતાં લેખકની શી હાલત થઈ?
3. જગુને બકરીનો કેવો અનુભવ થયો ?
4. બકરીનો અંત કેવી રીતે આવ્યો?
5. લેખકે સરલાને શા માટે આશ્વાસન આપ્યું?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'બિચારીને હજુ આ નવી સ્થિતિ ગોઠતી નથી'.
2. 'ઓ મારા દાદા ! આ તે બકરી કે બકરો ?'
3. 'હેં, હેં, જો હું પાસે જાઉં તો મને આખો ને આખો ખાઈ જાય'.

4. 'આખરે તે વીરાંગનાને છાજે તેવી રીતે લડતાં મૃત્યુ પામી એ કાંઈ જેવું તેવું આશ્વાસન નથી'.
5. 'પણ - પણ - હું દૂધવાળાને શું મોં બતાવીશ?'

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. બકરીને દોહવા જતાં લેખકની થયેલી હાલત
2. સરલાની બકરી

પ્ર.4. કરકસર કેવી રીતે બોજારૂપ નીવડી? વિસ્તારપૂર્વક જણાવો.

પ્ર.5. આ આખાય પ્રસંગમાં હાસ્યરસ ક્યાં ક્યાં જણાય છે? તે જણાવો.

પ્ર.6. નીચેની પંક્તિઓ સમજાવો.

1. હવે નકામો કાગનો વાઘ શું કરતા હશો?
2. જાણે પૃથ્વી નક્ષત્રી કરવાને પરશુરામે પુનઃઅવતાર ધારણ કર્યો હોય તેમ બકરી હવાને વીંઝતી હતી.

ભાષાભ્યાસ:

પ્ર.7. અ: નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં ઉપયોગ કરો.

1.	અગ્નિમાં હોમી દેવું	2.	ડોળ ધારણ કરવો
3.	પડતું મૂકવું	4.	ભેગ કરવો
5.	નવુંજૂનું થવું	6.	કાળના મુખમાં જવું

બ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

કઢંગી, ઠરાવ, ડોળ, ભેગ, અભિપ્રાય,
સંમતિ, ધિક્કારવું, તીક્ષ્ણ, પ્રવૃત્તિ, મશ્કરી,
લાગ, વૃથા, તામસી, છાજવું, નાસવાનો

ક: નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો.

ગમવું, નબળું, દરકાર, જોરથી, તીક્ષ્ણ,
સુધારવું, પહોળું, સુંવાળું, પાછલા, નિર્બળ.

ડ: ઉદાહરણને ધ્યાનમાં રાખીને વિશેષણ ઉપરથી નામ બનાવો. અને તે શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.

ઉદા. સુંદર - સુંદરતા
કર્કશ, નિર્ભય, કટુ, કુરૂપ

ઈ: ઉદાહરણને ધ્યાનમાં રાખી વિશેષણ પરથી નામ બનાવો.

ઉદા. નરમ - નરમાશ
કડવું, તીખું, મીઠું, ખારું, લાલ, લીલું

- - - - - -

વિશેષ વાંચન :

લેખકનો વાર્તાસંગ્રહ 'હું, સરલા અને મિત્રમંડળ' વાંચો.

* * *

મુકુંદનું પ્રાયશ્ચિત

શ્રી રાજગોપાલાચાર્ય (રાજાજી) :

આ વાર્તા શ્રી રાજગોપાલાચાર્ય (રાજાજી)ના વાર્તાસંગ્રહમાંથી ટૂંકાવીને લીધી છે. તેઓની ટૂંકી વાર્તાઓ જાણીતી છે. આ વાર્તાઓ વાસ્તવલક્ષી છે. ભાવનાપ્રધાન છે. ખાસ કરીને તેમણે દારૂ-તાડી અને હરિજનના પ્રશ્નો અંગેની વાતો વાર્તાઓમાં વણી લીધી છે. તેમની વાર્તાઓનાં પાત્રો નીચલાં સ્તરનાં છે. પાત્રો અને સ્થળોનાં નામ મદ્રાસ તરફનાં છે.

નીચે આપેલી વાર્તામાં અસ્પૃશ્યતાના પ્રશ્નને તથા માણસાઈના પ્રશ્નને વાચા આપવામાં આવી છે. આ બન્ને પ્રશ્નો ખૂબ સુંદર અને કરૂણ રીતે આ વાર્તામાં વણી લેવામાં આવ્યા છે જેને માટે રાષ્ટ્રપિતા ગાંધીજી પોતાનું જીવન ન્યોછાવર કરી ગયા.

નાનાં છોકરાં અને વાંદરાં ભેગાં મળે એટલે ધિંગામસ્તીનો પાર ન રહે. વેલંપટ્ટી ગામને પાદરે આમલીઓનાં ઝુંડમાં છોકરાંઓએ ભારે તોફાન માંડ્યું હતું. ત્યાં આગલી રાતે વાંદરાંઓનું એક ટોળું આવી ચડ્યું હતું. છોકરાંઓ વાંદરાંને સતાવતાં હતાં.

એવામાં અચાનક એક છોકરાએ ચીસ પાડી. બધાં છોકરાંઓ તે તરફ દોડ્યાં. મુકુંદને એક વાંદરાએ પકડ્યો હતો. અને તેને લવૂરા તથા બચકાં ભરવા માંડ્યાં હતાં. મુકુંદે વાંદરાના બચ્ચાને પકડ્યું હતું. તેથી તે બચ્ચાની માએ તેને લેવા મુકુંદને પકડ્યો હતો. છોકરાંઓએ બૂમાબૂમ કરી મૂકી. પણ છંછેડાયેલા વાંદરાની પાસે જવાની હિંમત કોણ કરે?

મરી નામનો એક છોકરો દૂરથી આ બધું જોતો હતો. તે એકદમ દોડી આવ્યો અને સમયસૂચકતા વાપરી મુકુંદના હાથમાંથી બચ્ચું લઈને નાઠો. બચ્ચાની મા મુકુંદને છોડી, મરીના ધાર્યા પ્રમાણે તેની પાછળ દોડી. એટલે મરીએ તરત બચ્ચાને છોડી દીધું. બચ્ચું માને વળગી પડ્યું. વાંદરી તેને લઈને ઝાડ પર ચડી ગઈ. મુકુંદ લોહીલુહાણ થઈ ગયો હતો. તે બેભાન થઈ જમીન પર પડી ગયો.

તે જોઈ બધાં છોકરાં ગભરાઈને ગામ તરફ નાઠાં. ફક્ત મરી અને તેનો નાનો ભાઈ ચિન્નો જ ઊભા રહ્યા.

મરીએ ચીન્ના પાસે પોતાના ઘરેથી પાણી મંગાવ્યું. અને મુકુંદ પર છાંટ્યું. થોડીવારે મુકુંદ સહેજ ભાનમાં આવ્યો, એટલે બન્ને ભાઈઓ તેને ઉપાડીને તેને ઘેર લઈ ગયા.

મુકુંદના મા સીતમ્મા નાહીધોઈ, દેવપૂજાથી પરવારીને રસોડામાં રાંધવા બેઠી હતી. મુકુંદને લોહીલુહાણ જોઈને તે ગભરાઈ ગઈ અને ચીસો પાડતા પૂછવા લાગી, 'હરામખોરો, મારા મુકુંદને કોણે માર્યો?' મરીએ બધી વાત કહી. એટલે તે શાંત પડી. તેણે ધીમેથી વહાલભર્યા અવાજે પૂછ્યું, 'તમે કોના દીકરા છો, બેટા ?' મરીએ કહ્યું, 'મા અમે ભંગીના છોકરા છીએ'.

આ સાંભળીને સીતમ્મા એકદમ તાડૂકી ઊઠી : 'મૂઆ, તમે ભંગી થઈને બ્રાહ્મણના ઘરમાં ઠેઠ રસોડા સુધી આવ્યા અને મારું ઘર અભડાવી માર્યું?' આટલું બોલીને મિજાજ ગુમાવી તેણે પાસે પડેલો લાકડાનો ફાચરો ચિન્નાને છૂટો માર્યો. મરી તરત વચ્ચે આવ્યો, એટલે તે ફાચરો મરીના પગમાં વાગ્યો અને તે જમીન પર ગબડી પડ્યો. ચિન્નો ચીસો પાડતો ઘર બહાર નાઠો.

મરી બેઠો થઈ પગ દાબી રડતો રડતો બોલ્યો, 'મા, હું અને મારો ભાઈ તો મુકુંદને મૂકવા અહીં આવ્યા હતા !'

'અરે, મર તું અને તારો ભાઈ ! મારું ઘર અભડાવી મૂક્યું. હવે હું શું કરીશ ?' એમ બોલી ગુસ્સામાં આવી તેણે બીજો ફાચરો મરી તરફ ફેંક્યો. તે ફાચરો મરીને જોરથી વાગ્યો અને તે બૂમો પાડતો ત્યાંથી નાઠો.

એક દિવસ કમલપુરની ઈસ્પિતાલમાં ચાર માણસો એક ખાટલો ઊંચકીને આવ્યા. પગથિયાં પાસે ખાટલો મૂકી તેઓ આજીજી કરતા બોલ્યા,'સાહેબ, મા-બાપ !'

એ સાંભળી દાક્તરે પોતાના મદદનીશને બહાર જઈ તપાસ કરવા મોકલ્યો. તેણે આવીને દાકતરને કહ્યું, 'એક હરિજન બાઈ છે. તેને ખૂબ માર પડ્યો છે. તે હજુ બેભાન છે. આપ કહો તો તેને અંદર લાવીએ'.

દાકતરે તરત જ હા પાડી.

તે બાઈને ટેબલ પર સૂવાડી દાકતર તપાસવા લાગ્યો. પેલા ચાર જણામાં એક મરી હતો. તેણે હાથ જોડી દાકતરને પૂછ્યું, 'સાહેબ,મારી વહુ જીવશે ખરી?'

દાકતર : તાડીબાડી પીને એને મારી છે કે શું ?

મરી : ના માબાપ, હું તાડી પીતો નથી. મારા બાપુ તાડી પીને મારી માને મારતા અને તેની પાસેથી પૈસા પડાવી લેતા. છેવટે ખૂબ દેવું થઈ જતાં તે ક્યાંક ચાલ્યા ગયા. તે પછી આવ્યા જ નહિ. એટલે હું તાડી પીતો નથી.

દાકતર : તો પછી આને આટલું બધું વાગ્યું શી રીતે?

મરી : માબાપ, અમારા ગામમાં આ વરસે કૂવાતળાવમાં પાણી રહ્યું નથી. ખેતરોના કૂવામાં ક્યાંક પાણી છે. પણ અમને તેમાંથી કોણ ભરવા દે? એક ખેડૂત ભલો છે. તે પોતાના ખેતરને પાણી પાઈ રહ્યા પછી નીકમાં રહેલું પાણી અમારાં બૈરાંને ભરવા દે છે. પણ ગઈકાલે તેના નાના છોકરાએ એ પણ બંધ કર્યું. અમે બધાં પાણી વિના ટળવળવા લાગ્યાં. તે જોઈ મારી વહુ, અમને કહ્યા વિના કૂવામાંથી પાણી ભરવા મધરાતે તેના ખેતરમાં ગઈ. પણ ખેડૂતો જાગી ગયા અને 'કૂવો અભડાવ્યો' એમ કહી તેઓએ તેને આટલો માર માર્યો. 'સાહેબ, એ જીવશે ખરી?'.

દાકતર : જરૂર જીવશે. ફિકર કરવાની જરૂર નથી. પણ તેને સાજી થતાં એક મહિનો લાગશે. ત્યાં સુધી તેને અહીં દવાખાનામાં રહેવું પડશે.

દાકતરે મરીની વહુ પૂવઇની ખૂબ કાળજીથી સારવાર કરી. બધા ઘા રૂઝાતાં એક મહિનાથી વધુ વખત વીતી ગયો.

એક દિવસ દાકતરે મરીને કહ્યું, 'મરી, મારું એક કામ કરીશ?'

મરી બોલ્યો, 'કહો મા-બાપ, તમે તો મારી વહુને જીવતદાન આપ્યું છે. મારો જીવ માગો તો તે પણ હું આપી દેવા તૈયાર છું'.

દાકતરે કહ્યું, 'તું નાનો હતો ત્યારે તેં એક બ્રાહ્મણના છોકરાને વાંદરાના હાથમાંથી બચાવ્યો હતો. એ તને યાદ છે ? તું જો ન હોત તો એ વાંદરું તેને ફાડી જ ખાત. પણ તેના બદલામાં તે છોકરાની માએ તેને મારીને ઘરમાંથી કાઢી

મૂક્યો હતો, ખરું ને ?'

મરી : 'માબાપ, એ તો બહુ દહાડાની વાત છે. પણ તમને એ ક્યાંથી ખબર? ખરે, તમે જ તો મુકુંદભાઈ નથી ને ?'

દાકતરે હસીને કહ્યું, 'વાહ, તેં મને ઓળખ્યો ખરો. પણ હવે મારી વાત સાંભળ. મારી બાએ તને લાકડાનો ફાચરો મારીને કાઢી મૂક્યો હતો. તે વાત મારાથી ભૂલી શકાતી નથી. તું અને તારી વહુ હવે મારા ઘરમાં જ રહો. મારા ઘરમાં બીજું કોઈ નથી. તમે મારા ઘરમાં રહેશો તો જ મારી બાનો દોષ ધોવાશે અને મને શાંતિ થશે'.

(આભડછેટના ખોટા ખ્યાલોથી માણસ પોતાની માણસાઈ પણ કેવી ગુમાવી બેસે છે. તેનાં બે ઉદાહરણો આ વાર્તામાં છે, ગાંધીજી તેથી જ અસ્પૃશ્યતાને પાપ અને હિંદુ ધર્મનું કલંક કહેતા.)

ટિપ્પણ :

ધિંગામસ્તી = તોફાનમસ્તી, **સતાવવું** = હેરાન કરવું, **લવૂરા** = નખ કે નહોરથી ભરેલા ઉઝરડા, **છંછેડાયેલું** = ગુસ્સે થયેલું, **તાડૂકવું** = એકદમ મોટેથી બોલવું, ગુસ્સામાં બોલવું, **અભડાવવું** = અસ્પૃશ્ય કરવું, અપવિત્ર કરવું, **ફાચરો** = લાકડાનો ટુકડો, **દેવું** = કરજ, **જીવતદાન આપવું** = મોતના મુખમાંથી પાછું લાવવું, મરવાની અણી ઉપર હોય તેને બચાવી લેવું, **પડાવી લેવું** = બીજા પાસેની વસ્તુ બળજબરીથી છીનવી લેવી કે લઈ લેવી.

નોંધ :

પાણી વિના ટળવળવું :

જ્યારે પીવા પાણી ન મળે ત્યારે તરસ છીપાવવા માટે કે પાણી પીવા માટે તરફડિયાં મારવાં. આવી પરિસ્થિતિ ખાસ કરીને દુકાળમાં અને રેગિસ્તાનમાં જોવા મળે છે.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. વાંદરાએ મુકુંદની કેવી હાલત કરી?
2. મુકુંદને બચાવવા મરીએ શી યુક્તિ કરી?
3. સીતમ્માએ મરી અને ચિન્નાને શા માટે માર્યું?
4. મરીની પત્નીને શા માટે હોસ્પિટલમાં લઈ ગયા ?
5. મુકુંદે માએ કરેલા દોષનું શી રીતે પ્રાયશ્ચિત કર્યું?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'મૂઆ, તમે ભંગી થઈને બ્રાહ્મણના ઘરમાં ઠેઠ રસોડા સુધી આવ્યા અને મારું ઘર અભડાવી માર્યું?'
2. 'તાડી-બાડી પીને એને મારી છે કે શું ?'
3. 'સાહેબ, એ જીવશે ખરી ?'
4. 'તમે મારા ઘરમાં રહેશો તો જ મારી બાનો દોષ ધોવાશે અને મને શાંતિ થશે'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. મરીની સમયસૂચકતા
2. મુકુંદે કરેલું પ્રાયશ્ચિત

પ્ર.4. અસ્પૃશ્યતા નિવારણ - નિબંધ લખો.

પ્ર.5. ગાંધીજીની અસ્પૃશ્યતા ચળવળ પર ચર્ચા કરો.

ભાષાભ્યાસ :

પ્ર.6. અ: નીચે આપેલા શબ્દોના અર્થ સ્પષ્ટ કરી તેનો વાક્યમાં ઉપયોગ કરો.

1. પરવારવું 2. લોહીલુહાણ
3. ટળવળવુ 4. જીવન-દાન

બ: નીચે આપેલાં વાક્યોનાં સમાનાર્થી વાક્યો આપો.

1. છોકરાંઓએ તોફાન માંડ્યું હતું.
2. તમે મારું ઘર અભડાવી માર્યું.
3. બાપા બા પાસેથી પૈસા પડાવી લેતા.
4. મરીએ મુકુંદ પર પાણી છાંટ્યું.
5. સીતમ્મા એકદમ તાડૂકી ઊઠી.

- - - - - -

વિશેષ વાંચન :

મહાત્મા ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણ પરના લેખો વાંચો.

* * *

મેઘાણીના પત્રો

ઝવેરચંદ કાલિદાસ મેઘાણી (જન્મ : 1897 - મૃત્યુ : 1947) :

શ્રી ઝવેરચંદ મેઘાણી રાષ્ટ્રીયશાયર અને લોકશાયર તરીકે પ્રસિદ્ધ છે. તેઓ કવિ ઉપરાંત સિદ્ધહસ્ત સમર્થ ગદ્યલેખક હતા. તેઓએ લોકસાહિત્યનું શાસ્ત્રીય સંશોધન કરી ઘણાં પુસ્તકો આપ્યાં છે. તેમની નવલકથાઓ અને નવલિકાઓ ઘણી લોકપ્રિય છે. તેઓ લોકભોગ્ય શૈલીમાં રસ જમાવે છે. તેમની શૈલી પ્રવાહી અને રંગીલી છે. સજીવ સંવાદો તેમના ખાસ ગુણો છે.

તેઓ પત્રકાર પણ હતા. તેઓએ સાહિત્ય અને ઈતર વિષયો પર લેખો લખ્યા છે. ઘણા અંગત પત્રો પણ લખ્યા છે. તેમના પત્રોનું લિ. 'સ્નેહાધીન ઝવેરચંદ' નામથી સંપાદન કરી તેમના પુત્ર શ્રી. મહેન્દ્ર મેઘાણીએ પ્રસિદ્ધ કર્યા છે. નીચે આપેલો પત્ર શ્રી મેઘાણીએ શ્રી. ઉમાશંકર જોશીને લખ્યો છે.

વહાલા ભાઈ,

વધુ ને વધુ ઠરડાતાં જતાં આંગળાં ને બગડતી જતી આંખો છતાં તમારા કાગળની તો મન રાહ જોઈ રહે છે. તે આંગળાં પણ જુઓ અત્યારે પોતાનો ઠરડમરડ ભૂલીને પૂરપાટ જાય છે. બાકી રવિવારો વળી મારે કેવા?

પહેલા ખબર તમે છેલ્લે મૂકો એટલે હું તમને વિનયી નહીં ગણું. ધૃષ્ટતાની જમાત મારે વધારવી છે ખરી ને એટલે જ કદાચ આમ હશે. ભલા માણસ! તમે ફર્સ્ટ ક્લાસ આવ્યા, તે તો તમારા માટે વર્ષોથી ઝંખનારા વડીલ તરીકે મને તારથી મળવા જોઈતા ખબર હતા. આ તો જગત આખું (આપણા મિત્રોનું) જમી રહ્યા પછી વાસી, ફુગ વળેલા સમાચાર મને આપો છો. તેમાં પણ જાણે મારા પર મહેરબાનીનો ટુકડો ફેંકતા હો એવી બેપરવાઈથી !

હું તો એટલો બધો રાજી થયો છું કે ત્યાં હોત તો આનંદનું કાવ્યચ્ચારણ બે ધુસ્સા લગાવીને કરી કાઢત.

હવે તો માર્ગ સરળ થયો, ભાઈ ! આગે બઢો, ભાઈ, કેમ લખું છું, કેવી રીતે ખેંચું છું, તે તો મન જાણે છે. પણ એમ જ મરવું સરજાયું જણાય છે.

માનસિક જંજાળોમાં વધારો થયે જ જાય છે. ઊંઘ ગુમાવી રહ્યો છું. એ વધુ વિષમ વાત છે. તમે કદી ઊંઘ ગુમાવીને કવિ ન બનજો.

'સમરાંગણ'ના ભાલા તમારી આંખોમાં નહિ પરોવો તો હું જરાયે દુ:ખ નહીં લગાડું. એક જ મહિનામાં ચાલુ કામ સાથે પૂરી થયેલી ચોપડી છે. જેવી હો તેવી, મને તો મારા અંતરની સંઘરાયેલી એક કવિતા જેવી છે. સૌએ એને સારી જ કહેવાની જરૂર નથી.

.....માનવી એટલે જ દુ:ખમાખોનો મધપૂડો ! બેશક ! મધુ તો કોઈકને ભાગ્યે જ જાય. મધપૂડો તો માત્ર મહત્તા આપે છે. એ મહત્તાની અંદર વેદનાનાં મધુ છિદ્રો છે.

રખે હું ક્યાંક કવિ બની જઈશ એવી બીકે બંધ કરું છું.

ગૌરીને આશીર્વાદ.

લિ.

ઝવેરચંદ.

ટિપ્પણ :

ઠરડમરડ = વાંકુંચૂંકું, **પૂરપાટ** = વેગ, **ધૃષ્ટતા** = ઉદ્ધતાઈ, બેશરમી, **જંજાળ** = ઉપાધિ, સાંસારિક દુ:ખ, **ઝંખવું** = ઈચ્છવું.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. લેખકને શા માટે મનદુ:ખ થાય છે ?
2. શ્રી. મેઘાણીને શી મુશ્કેલી હતી?

પ્ર.2. નીચે પૂછેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'આ તો જગત આખું જમી રહ્યા પછી વાસી, ફુગ વળેલા સમાચાર મને આપો છો'.

2. 'સમરાંગણના ભાલા તમારી આંખોમાં નહિ પરોવો તો હું જરાયે દુ:ખ નહિ લગાડું'.
3. 'માનવી એટલે દુ:ખમાખોનો મધપૂડો !'

પ્ર.3. લેખક સુખ અને દુ:ખને શેની સાથે સરખાવે છે ?

પ્ર.4. આ પાઠને સાર્થક કરતી બે પંક્તિઓ આપી છે તે વિસ્તારથી સમજાવો.

'જો તારે માણવી હોય મધુના સ્વાદની મજા,
તો તારે સહેવી પડશે માખીના ડંખની સજા'.

પ્ર.5. અ: નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો.

પોતાનો, વાસી, બગડતી,
સરળ, વિનયી, ગુમાવવું

બ: રેખાંકિત શબ્દને ધ્યાનમાં રાખી તેના પરથી બીજો શબ્દ બનાવી વાક્યની ખાલી જગ્યા પૂરો.

1. <u>બેપરવા</u> માનવીમાં જ ..... વધુ હોય છે.
2. <u>માનસ</u>શાસ્ત્રના જાણકાર જ ..... રોગ દૂર કરી શકે છે.
3. જે જીવન ધારણ કરે છે તે <u>મરે</u> છે. .....શ્રીમંત કે ગરીબ કોઈને પણ છોડતું નથી.
4. <u>ધૃષ્ટ</u> માનવીમાં ..... હોય છે.
5. દરેક <u>માણસ</u>માં ..... તો હોવી જ જોઈએ.
6. <u>કડવાં</u> કારેલાંમાં ..... ઘણી હોય છે.

ક: નારું વિશેષણ ભવિષ્ય કૃદંતનો પ્રત્યય છે. જે ક્રિયાપદના મૂળધાતુને લાગે છે જે વિકારી વિશેષણ તરીકે વપરાય છે. દા.ત. ઝંખવું - ઝંખનારું એટલે કે ઈચ્છા રાખનારું. આ જ રીતે નીચે આપેલા ક્રિયાપદ પરથી વિશેષણ બનાવો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.

કરવું, વેચવું, શીખવું, જોવું,
નાચવું, રમવું, ગાવું, બોલવું

- - - - - -

વિશેષ વાંચન :

ઝવેરચંદ મેઘાણીના બીજા પત્રો મેળવીને વાંચો.

* * *

મંગળસૂત્ર

કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડા : (જન્મ : 1904)

શ્રી કિશનસિંહ ચાવડા જાણીતા સમર્થ ગદ્યલેખક છે. કેટલાંક બંગાળી અને હિન્દી પુસ્તકોના તેઓએ અનુવાદ કર્યા છે. એમના પ્રવાસોની હકીકતો 'સંસ્કૃતિ' માં 'જિપ્સીની આંખે' શીર્ષક તળે પ્રગટ થઈ હતી. તે હવે 'અમાસના તારા' નામથી ગ્રન્થસ્થ થઈ છે. પોતાના જીવનની સ્મૃતિઓને સંગ્રહતું એક સુંદર પુસ્તક છે. તેમાં એમણે પોતાના અનુભવની જાતજાતની અને ભાતભાતની રસભરી વાતો લખી છે. તેમાંથી નીચેનો પ્રસંગ લીધેલો છે.

'મંગળસૂત્ર' - માતાના પુત્ર પ્રત્યેના ઊંડા, આદ્ર સ્નેહનું આલેખન કરે છે. પુત્રના હિત માટે મા પોતાના પ્રિયમાં પ્રિય એવા મંગળસૂત્રનો ત્યાગ કરે છે જેની પિતાના મૃત્યુ બાદ દર વર્ષે પૂજા કરવામાં આવતી. તે પુત્રની પ્રસન્નતાથી સંતોષ અને આનંદ અનુભવે છે. અને પુત્ર પણ માતાએ કરેલા ત્યાગથી કૃતજ્ઞતાથી આદ્ર બની દિલને હચમચાવી નાખે એવી લાગણી અનુભવે છે. આ બાબતનું આલેખન હૃદયસ્પર્શી છે.

પિતાના મૃત્યુ પછી બાની ઉદાસીનો પાર નહોતો. એના મુખ ઉપર સ્મિત આવતું તે પણ વિષાદથી છવાયેલું. એના કામમાં, એના વર્તનમાં, અરે અમારા તરફ એના વાત્સલ્યમાં ઉદાસીનો આધાર હતો. મને બાનું ગળું બહુ ગમતું. એક તો આમ પણ બા બહુ દેખાવડી અને નમણી હતી. એના હૃદયની નિર્મળતાનું લાવણ્ય એના ચહેરા પર એવું વિલસતું કે આપણે જોયા જ કરીએ. પણ સર્વમાં એની ડોક મને અપાર વહાલી લાગતી. અને એ ગરદનને વળગીને વહાલ કરતાં હું કદીયે ધરાતો નહિ. નિશાળમાં કંઇક ગુનો થયો હોય, કોઇ છોકરા સાથે તકરાર થઇ હોય, બાપુજીએ આંખ દેખાડી હોય કે બાનું વહાલ જોઇતું હોય ત્યારે હું એની ડોકે બાંઝી પડતો. મંગળસૂત્રથી શોભતા એ ગળાને બચ્ચીઓ ભરતાં હું કદી જ થાકતો નહિ. અને એના બદલામાં હું ધરાઇને એનું વાત્સલ્ય પીતો. બાપુજીના ગયા પછી બાનો ઉદાસ ચહેરો મંગળસૂત્ર વિનાના સૂના ગળાથી બહુ જ એકલો લાગતો. બા પણ છત્ર વિનાની અનાથ લાગતી.

મારી દૃષ્ટિ જ્યારે જ્યારે બાના ચહેરા પર પડતી ત્યારે ત્યારે આપમેળે એની એકલ ડોક પર ઊતરીને ડૂસકું ભરી લેતી. આ દુ:ખ ખમનાર હું એકલો નહોતો. મારાં પારવતી ફોઈ પણ હતાં. ફોઈ પોતે બહુ રૂપાળાં હતાં. પણ બાના સ્વરૂપનાં એ મોટાં ચાહક હતાં. મને બરાબર યાદ છે. એક દિવસ ફોઇ, બા અને હું એમ ત્રણ જણ બેઠાં હતાં. પિતાજીનાં સ્મરણોની ઉજાણી ચાલતી હતી. ત્યાં અચાનક ફોઈની આંખ બાના ગળા પર જઇને બેઠી. એમનાથી રહેવાયું નહિ. બોલ્યાં,``ભાભી ગળામાં તુળસીની માળા તો રાખ જ. આ સૂની ડોક મારાથી જોવાતી નથી". અને સ્વાભાવિક રીતે જ એમનો હાથ બાના ગળાને અડકી પડ્યો. બાએ માથે એવી રીતે ઓઢ્યું કે ડોકની ચારુતા સંતાઈ ગઈ. બા કશું બોલી નહિ. બાની ડોકને બાથ ભરીને બચ્ચી ભરવી એ મારા જીવનનું પરમ ઐશ્વર્ય હતું. છતાં એ એકલવાઈ ડોક જ મને રડાવી મૂકતી અને બાના ગયેલા સૌભાગ્યની યાદ આપીને પિતાજીનાં સ્મરણોની યાત્રા કરાવતી.

ધનતેરસે અમારે ત્યાં ધનની પૂજા થતી. પિતાજી જીવતા ત્યારે પણ બા મારી પાસે જ પૂજા કરાવતી. બાપુજીના ગયા પછી પણ એમ જ થતું. પણ બાપુજીના ગયા પછી ધનતેરસની પૂજામાં એક ફેરફાર છાનો ન રહ્યો. હું પૂજા કરી રહું ત્યાર પછી એક નાનીશી રેશમી પોટલીમાંથી પોતાનું મંગળસૂત્ર કાઢીને બા દૂધથી અને પછી પાણીથી ધોઇ એની પૂજા કરતી. અને પછી એ પોટલીમાં સંભાળથી એને મૂકીને એક ચાંદીની ડબ્બીમાં મૂકી દેતી. આવી ધનતેરસ દર વખતે આવતી અને ચાલી જતી. ધીરે ધીરે પેલું મંગળસૂત્ર મારે ગન બા જેટલું જ વહાલું થઇ ગયું.

ઇ.સ. 1929 માં હું પોંડિચેરીથી પાછો આવ્યો ત્યારે મારું મોટું સુખ બાનો હસતો ચહેરો હતો. હું ગયો ત્યારે એને જે ઓછું આવ્યું હતું તે હું પાછો આવ્યો ત્યારે હસીને એણે ઓગાળી નાખ્યું. અમે સૌ સુખી હતાં. આવીને મેં 'નવગુજરાત' સાપ્તાહિકમાં સહતંત્રીનું કામ સ્વીકાર્યું. બાને બહુ આનંદ થયો. એ કામને કારણે મારે સવારે , બપોરે અને સાંજે એમ ગમે ત્યારે ગમે તેટલું રખડવું પડતું. એક વખત ઉનાળો હતો. વૈશાખનો મહિનો. ગરમી તો કહે મારું કામ. લૂ એવી વાય કે માથું ફાટી જાય. એવા સળગતા બપોરે બે વાગ્યે ભૂખ્યોતરસ્યો હું ઘેર પહોંચ્યો. બા પણ બિચારી ભૂખી તરસી મારી વાટ જોઇને ચિંતા કરતી બેઠી હતી. હું આવ્યો ત્યારે એનો ચહેરો કરમાઇ ગયો હતો. અમે જમ્યાં. જમીને હું જરા જંપ્યો. ઊઠ્યો ત્યારે મારું આખું શરીર તાવથી ધીકતું

હતું. બા તો ગભરાઇ ઊઠી. ઘરના બધા ઇલાજો એણે કર્યા. પણ તાવે મચક ન આપી. આખરે દાક્તરને બોલાવવા પડયા. દાક્તરની સલાહથી મને ઈસ્પિતાલમાં ખસેડ્યો. અને આખરે ઇશ્વરની કૃપાથી અને બાની આશિષથી બે મહિને હું સારો થઇ ગયો.

ત્યાર પછીની ધનતેરસે અમે પૂજા કરવા બેઠાં. પૂજામાં માત્ર પાંચ જ રૂપિયા હતા. એક પણ ઘરેણું નહોતું. મને અચંબો લાગ્યો. ધનની પૂજા પછી બાએ નિત્ય પ્રમાણે પોતાના મંગળસૂત્રની પણ પૂજા કરી. પછી મેં બાને પૂછ્યું ત્યારે ખબર પડી કે મારા પોંડિચરીના લાંબા નિવાસ દરમિયાન બાએ ઘરેણાં વેચીને ઘર ચલાવ્યું હતું. તે દિવસે હું બાની એ એકલવાઈ ડોકે બાઝી ખૂબ રડ્યો.

શિયાળો ગયો અને ઉનાળો આવ્યો. મારી બહુ ઈચ્છા હતી કે હું સાઈકલ લઉં, પણ એટલી બધી બચત ક્યાંથી કાઢવી? એક રાતે બેસીને અમે વાતો કરતાં હતાં, ત્યાં મારાથી સાઈકલની વાત નીકળી ગઇ. સાઈકલ વિના કેટલી મુસીબત પડે છે એ સાંભળીને બાનું હૈયું ભરાઈ આવ્યું. બીજે દિવસે બપોરે મને પાછું મોડું થયું. બા બિચારી દર વખતની જેમ ભૂખીતરસી મારી રાહ જોઈને બેઠી હતી. મને જમાડ્યા પછી એની એક જ ચિંતા હતી કે હું માંદો ન પડું. બપોરે જમીને હું કામ પર જવા નીકળ્યો ત્યારે બાએ પૂછ્યું,``બેટા સાઈકલ હોય તો તને ઓછી મહેનત પડે. નહિ?" મેં જતાં જતાં હસીને કહ્યું : ``એ તો કબીરજી કહી ગયા છે". જ્યારે જ્યારે મારે બાને હસાવવી હોય ત્યારે હું ઉપરનું વાક્ય વાપરતો.

સાંજે હું ઘેર આવ્યો ત્યારે ઓટલા પર એક નવી સાઈકલ પડેલી. મને એમ કે કોઈ મળવા આવ્યું છે. મારો અવાજ સાંભળીને બા બહાર દોડી આવી. એના મુખ પર અવર્ણનીય આનંદ હતો. ઘણાં વરસ પછી મેં એનો આવો પ્રફુલ્લિત ચહેરો જોયો. એણે કહ્યું; "કિસન તારી સાઈકલ આવી ગઈ". આનંદ અને આશ્ચર્યની મિશ્ર લાગણીથી દબાઇ ગયેલો હું પૂછવા જાઉં તે પહેલાં તો હાસ્યનું ઇનામ આપીને બા બોલી ઊઠી : "હું લઈ આવી; ગોપાળકાકાને ત્યાંથી. ગમીને?" એમણે કહ્યું, "હમણાં છોકરાઓ આ ગાડી બહુ શોખથી વાપરે છે. સારી છે ને?" મેં કહ્યું ,"પણ બા, હમણાં મારે નથી જોઈતી". અને હું આગળ બોલવા જાઉં તે પહેલાં તો એ બોલી ઊઠી: "ફેરવી તો જો. હું જોઉં તો ખરી કે

તને કેવીક ચલાવતાં આવડે છે!" અને મેં નવી સાઈકલ પર ચક્કર માર્યું ત્યારે અમે બંને ખુશ થઇ ગયાં.

ત્યાર પછીની ધનતેરસે અમે પૂજા કરવા બેઠાં હતાં. બાએ મારી પાસે પાંચ રૂપિયાની પૂજા કરાવી અને પૂજા પૂરી થઇ. બાએ મંગળસૂત્રની પૂજા ન કરી એટલે મેં પૂછ્યું: "બા, તમારી પૂજા કેમ નથી કરતાં?" બાએ હસીને કહ્યું : "હવે જરૂર નથી. તું સાઈકલ પર બેસીશ અને હું તને જોઈશ એ જ મારી પૂજા છે". મારા અંતરમાં ફાળ પડી. મેં કહ્યું : "બા, તમે મંગળસૂત્ર વેચીને આ સાઈકલ લઈ આવ્યાં?" અને મારા ઊતરેલા મુખને બાએ પોતાની ડોક પર ઢાળી દીધું. મારાથી ન બાથ ભરાઈ, ન તો બચ્ચી કરી શકાઈ.

બીજે દિવંસે હું એક મિત્ર પાસેથી એકસોદસ રૂપિયા લઈને ગોપાળકાકાને ઘેર ગયો. કાકા તો ઘેર નહોતા પણ ગુલાબકાકી હતાં. એ બહાર આવ્યાં ને મેં એમની ડોકમાં બાનું મંગળસૂત્ર જોયું. રૂપિયા મારા ગજવામાં જ રહી ગયા. કાકીની ખબર પૂછીને હું નીકળ્યો. પાછા આવીને મેં બાને કહ્યું: "ગુલાબકાકીના ગળામાં તમારું મંગળસૂત્ર જોઈને એક શબ્દ પણ બોલાયો નહિ". બાએ હસીને કહ્યું: "બેટા, એમનું સૌભાગ્ય અખંડ રહો". બાનું એ મુખ આજે જ્યારે જ્યારે હું મારી સાઈકલને અડકું છું ત્યારે મારી આંખો આગળ આવે છે અને મારા અંતરને અડકે છે. સાઈકલો મારી ઘણી બદલાઇ છે, પણ બાનો એ ચહેરો નથી બદલાયો.

ટિપ્પણ :

વિષાદ = શોક, દિલગીરી, **લાવણ્ય** = સુંદરતા, **વિલસવું** = રમતું, દેખાતું, **ડોક** = ગળું, **કદીએ ધરાતો નહિ** = સંતોષ ન થતો, **આંખ દેખાડવી** = ગુસ્સો કરવો, **બાઝી પડવું** = વળગી પડવું, **સૂનું ગળું** = ખાલી ગળું, **ગળું એકલું લાગતું** = ગળું અડવું લાગતું, **એકલ ડોક** = ખાલી ડોક, **ખમવું** = સહન કરવું, **ચારુતા** = સુંદરતા, **ઐશ્વર્ય** = સંપત્તિ અહીં સુખ, **ફેરફાર છાનો ન રહયો** = ફેરફાર જણાઈ આવ્યો, **ઓછું આવવુ** = દુ:ખ થવું, **દુ:ખ ઓગાળી નાંખ્યું** = દુ:ખ દૂર કરી નાંખ્યું, **વાટ જોવી** = રાહ જોવી, **જંપવું** = સૂવું, **શરીર તાવથી ધીકતું હતું** = શરીરમાં ખૂબ તાવ ચઢયો હતો, **તાવે મચક ના આપી** = તાવ ઊતર્યો નહિ **અચંબો** = નવાઇ, આશ્ચર્ય, **હૈયું ભરાઈ આવવું** = દુ:ખ થવું, **અવર્ણનીય** = જેનું વર્ણન ન કરી શકાય તેવું, **ફાળ પડવી** = ધ્રાસ્કો પડવો,

નોંધ :

મંગળસૂત્ર :

સ્ત્રીઓનું સૌભાગ્યનું ચિહ્ન છે. લગ્નમંડપમાં વર ચાર ફેરા ફરી લીધા પછી પોતાની પત્નીને મંગળસૂત્ર પહેરાવે છે. મંગળસૂત્ર ઉપરથી ખબર પડી આવે છે કે છોકરી પરણેલી છે કે કુંવારી છે. આ સૌભાગ્ય ચિહ્ન ત્યારે જ ગળામાંથી ઊતરે છે જ્યારે તેના પતિનો સ્વર્ગવાસ થાય છે. વિધવા સ્ત્રીઓ મંગળસૂત્ર પહેરી શકતી નથી.

અભ્યાસ :

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.

1. પિતાના મૃત્યુથી બાની શી હાલત થઈ?
2. પિતાજીના મૃત્યુ પછી ધનતેરસની પૂજામાં લેખકે શો ફેરફાર જોયો?
3. લેખક શા કારણે માંદા પડી ગયા?
4. સાઈકલની જરૂરિયાત જણાતાં પ્રેમાળ માતાએ શું કર્યું?
5. માતા મંગળસૂત્ર વેચીને સાઈકલ લાવી છે તે લેખકે ક્યારે જાણ્યું?
6. લેખક શા માટે મંગળસૂત્ર પાછું લાવવા ગયા?
7. લેખક શા માટે મંગળસૂત્ર પાછું ન લાવ્યા?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'ભાભી ગળામાં તુળસીની માળા તો રાખ જ'.
2. 'બેટા સાઈકલ હોય તો તને ઓછી મહેનત પડે. નહિ?'
3. 'ફેરવી તો જો. હું જોઉં તો ખરી કે તને કેવીક ચલાવતાં આવડે છે?'
4. 'તું સાઇકલ પર બેસીશ અને હું તને જોઇશ એ જ મારી પૂજા છે'.
5. 'બેટા, એમનું સૌભાગ્ય અખંડ રહો'.

ભાષાભ્યાસ :

પ્ર3. અ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

લાવણ્ય, વિષાદ, ડોક, ચારુતા,
અચંબો, આપમેળે, દેખાવડી, ગજવું

બ: નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો.

રૂપાળું, માંદું, ઉદાસ, ગમતું, પોતાનું

ક: નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યોમાં ઉપયોગ કરો.

1. બાઝી પડવું 2. છાનું ન રહેવું
3. ઓછું આવવું 4. મર્ચક ન આપવી
5. હૈયું ભરાઈ આવવું 6. ફાળ પડવી.

ડ: નીચેનાં વાક્યો અર્થ બદલ્યા વગર બીજી કઈ રીતે કહી શકાય.

1. આ દુ:ખ ખમનાર હું એકલો નહોતો.
2. મારાથી એક શબ્દ પણ બોલાયો નહિ.
3. ગરમી તો કહે મારું કામ.

ઇ: મૂળ શબ્દ આપો.

દેખાવડી, નિર્મળતા, એકલવાઈ,
ભૂખ્યું, પ્રફુલ્લિત, સહેલાઇ

- - - - - -

વિશેષ વાંચન:

કિસનસિંહ ચાવડાનું પુસ્તક "અમાસના તારા" વાંચો.
વિનોદિની નીલકંઠ દ્વારા રચિત "સોમ અને મંગળ" વાર્તા વાંચો.

* * *

પારખું

શ્રી. જયંતિ દલાલ (જન્મ : 1909 -)

શ્રી. જયંતિ દલાલે બેંતાળીસના લોકક્રાંતિના વાતાવરણને તાદૃશ કરતી નવલકથાઓ આપી છે. સફળ ભાષાંતરકારના ફળસ્વરૂપે ઉત્તમ નવલોનાં ભાષાંતરો આપ્યાં છે. ટૉલસ્ટૉયની મહાનવલ 'વૉર ઍન્ડ પીસ' ગુજરાતીમાં ઉતારી પોતાની વિશિષ્ટતા નોંધાવી છે.

તેઓએ એકાંકીકાર તરીકે પણ સાહિત્યસૃષ્ટિમાં નામના મેળવી છે. નાટ્યક્ષેત્ર પરત્વે ગુજરાત તેમની પાસે ખૂબ આશા રાખી રહ્યું છે. તેમનાં બધાં જ નાટકો સામાજિક છે. પૌરાણિક વસ્તુને પણ આધુનિક વાસ્તવલક્ષી સ્પર્શ આપવાની તેમને ટેવ છે. તેમના નાટકના સંવાદો હાસ્યકટાક્ષવાળા હોય છે.

નીચેની એકાંકી હળવા પ્રકારની છે. તે 'જવનિકા' નામક નાટ્યસંગ્રહમાંથી લેવામાં આવી છે. આ એકાંકીમાં આખોય પ્રસંગ વિનોદજનક અને કુતૂહલપ્રેરક છે. આ એકાંકી ભજવી શકાય એમ હોવાથી શાળા કૉલેજોમાં અતિ લોકપ્રિય છે.

પાત્રો	:	ડૉકટર પિયુષ
		અનિરુદ્ધ
		મનમોહનદાસ
		નંવરત્નમણિરાવ
		ગમન
સ્થળ	:	દવાખાનું
સમય	:	સવારના દસ

ડૉકટર : હમણાં જ વિઝિટેથી આવ્યો.

અનિરુદ્ધ : હવે ચાખને, ભાઈ.

ડૉ. : અનિરુદ્ધ !

અનિ. : શું છે ?

ડૉ. : તમે આમ ને આમ.....

અનિ. : (અધવચ્ચેથી અટકાવીને) પણ તમે તમે શેનો કહી મરે છે?

ડૉ. : Say ! (અલ્યા ઓ !)

અનિ. : હવે સાંભળ્યું તારું 'say !'

ડૉ. : You don't understand. (તું સમજતો નથી.) મારા સ્ટાફ(માણસો)ના દેખતાં.....

અનિ. : (ખડખડાટ હસતાં) તારો સ્ટાફ ?હા ! હા ! હા !

ડૉ. : I mean my compounder. (એટલે મારો કમ્પાઉન્ડર).

અનિ. : સાથે પેલા હરિજનને પણ ગણાવ ને ! મહિને આઠ આના પરખાવે છે કે બધું પીળે પાને ?

ડૉ. : I do not know how to teach you to talk. (તને વાત કરતાં કેમ શીખવવું તેની મને સૂઝ પડતી નથી).

અનિ. : પહેલાં જાતે શીખને.

ડૉ. : એટલે તારે કહેવું શું છે?

અનિ. : હું એમ કહું છું કે આમ કશા જ કામ વિનાના અહીં બેઠા હતા એવી નક્કર વસ્તુસ્થિતિથી મને વાકેફ કરવાની સભ્યતા આપે શીખી લેવી.

ડૉ. : વારુ. (મોટા થોથામાં મોં ઘાલે છે).

અનિ. : જો ભાઈ, આમ દેખાડે પંડિતાઈ મળતી હોત તો પેલો છગનો સહદેવ જોશીનો અવતાર ગણાત.

ડૉ. : ભાઈ, હવે ટૂંકું પતાવીશ?

અનિ. : અરે ભલા આદમી, ઊલટો ઉપકાર માન કે માખ મારવાની મહાન હિંસામાંથી હું તને ઉગારું છું.

ડૉ. : એટલે તું અહીં લડવા જ આવ્યો છે ?

અનિ. : અરે ભાઈ ! લડે ક્યાં પાલવે ? જો આપણે બે લડીએ, પછી ચોક્કસ જ તું મને તમાચો મારે. મારો આ હાલતો દાંત પડી જાય. મારે નવો નંખાવવો પડે. તારે મફત નાંખી દેવો પડે. તું કમાતો હોય તો ઠીક. પણ.....

ડૉ. : Humbug! (બેવકૂફી !)

અનિ. : એ હમ્બગ તમ્બગમાં હું કાંઈ ન જાણું.

ડૉ. : ત્યારે આપ જાણો શું ?

અનિ. : અરે હા યાર ! બરાબર યાદ આવ્યું, ડૉક્ટર સાહેબ !

ડૉ. : ભાઈ, હવે તો તું નામ પાડે તો ઉપકાર.....

અનિ. : પણ અલ્યા પિયુષ.....

ડૉ. : Nonsense ! ડૉ. પિયુષરાયજી કહો.

અનિ. : એ તો પાટિયા પર લખવાનું - બોલવાનું નહિ. પણ ડૉક્ટર.....

ડૉ. : (ખિજાઈને) છે શું તે કહોને !

અનિ. : એ જ . ખિજાતો હોય તો તું તારે ત્યાં. આ ચાલ્યો હું. તો પછી કાંઈ થાય તો દોગાની ના દેતો.

ડૉ. : વારુ !(રિવૉલ્વીંગ ચૅરમાં પડખું ફેરવે છે.)

અનિ. : સારું. (ઊભો થાય છે.)

ડૉ. : આવજે.

અનિ. : શું કામ ? અપમાન સહેવા ? ઊલટું તમારા ભલા માટે આવીએ ત્યારે તમે ....

ડૉ. : જરા સભ્યતાથી બોલતા હો તો.....

અનિ. : સભ્યતા ! પણ હું શું કહેતો' તો ? (માથું ખંજવાળતાં) હા, બરાબર યાદ આવ્યું. (ડૉ. ની. પીઠ થાબડી) શાબાશ ! દોસ્ત, Congratulations (મુબારકબાદી) !

ડૉ. : (મલકાતાં) બહુ મોડા થયા.

અનિ. : ડૉક્ટર, દોસ્ત ! Better late than never ! (નહિ મામા કરતાં કાણા મામા સારા !) પણ ધીરજનાં ફળ મીઠાં છે તે વાત તેં સાબિત કરી હોં ! નીલુ જેવી છોકરી આખી નાતમાં તમને ન મળત. હા ! હા ! હા !

ડૉ. : (સંતોષના હાસ્યથી) જોજે કાંઈ હૃદય ઊભરાઈ ન જાય.

અનિ. : પણ ડૉક્ટર ! તમારી પરીક્ષા હવે છે, એ ખબર છે ?

ડૉ. : ના, કેમ વારુ ?

અનિ. : તમારા સસરા તમને જોવા, પારખવા આવ્યા છે.

ડૉ. : મારા સસરા ! તે જીવે છે?

અનિ. : ત્યારે ! જુવાનિયા વિરુદ્ધ ન પડે તો બીજી વાર ફેરા ફરવાની પણ ઉમેદવારી ધરાવે છે.

ડૉ. : તે અહીં આવ્યા છે ?

અનિ. : હા, આજે સવારે જ મેલમાં આવ્યા અને હમણાં જ આ બાજુએ પગલાં થતાં હશે.

ડૉ. : પણ કાંઈ કહ્યા કહેવરાવ્યા વિના ?

અનિ. : ઘેલો રે ! એમને તો કશી જ તૈયારી વિના તને જોવો હશે.

ડૉ. : That is strange ! (આશ્ચર્યકારક કહેવાય !)

અનિ. : તારા વિવાહ જેટલું નહીં.

ડૉ. : પણ અનિરુદ્ધ, મારે શું કરવું ? હું તો એમને ઓળખતો

પણ નથી !

અનિ. : Surely this is strange. (ખરેખર, એ તો આશ્ચર્યકારક). ડૉકટર દીઠે પણ નહીં ?

ડૉ. : અરે ભલા આદમી, અત્યાર લગી નામે પણ નહીં.

અનિ. : તો તો તારે સંભાળવાનું. કારણ કે માણસ જરા વહેમી છે અને વળી પાછું જૂના જમાનાનું.

ડૉ. : ત્યારે તો કમબખ્તી.

અનિ. : પૂરી. અને એ (દવાખાનું બતાવી) આ બધાના ભભકામાં ન અંજાયા ને તો.....

ડૉ. : તો ? તો શું ?

અનિ. : (ચપટી વગાડી આંગળીથી એક વર્તુળ દોરે છે.) શું....શું, વિવાહ ફોક.

ડૉ. : પણ..... પણ મારે કરવું શું ? તું ઓળખે છે ?

અનિ. : હા , દીઠે અને નામે બંને રીતે.

ડૉ. : એ કેવા છે ?

અનિ. : (ઠંડે કલેજે) માણસ જેવા માણસ.

ડૉ. : અરે દોસ્ત, My dear friend, help me, help me.(અરે ભાઈ, મારી વહારે ધા.)

અનિ. : ઊંહું. મારે તો જરા સભ્યતા શીખવા જેવું છે.

ડૉ. : ઓ ભાઈ અનિરુદ્ધ ! આવી cruel jock ? (ક્રૂર મશ્કરી !) .

અનિ. : શું થાય ભાઈ ? આપણે હજી બોલતાં પણ શીખવાનું! (ગોખતો હોય એમ) ડૉકટર પિયુષરાયજી.....ડૉ. પિયુષરાયજી.

ડૉ. : મોટાભાઈ, હવે માફી માંગું છું, થયું ? પત્યું ? હવે મને

જરા કહેને એ દેખાવે કેવા છે ?

અનિ. : જો ભાઈ, વાત એમ છે કે તારા સસરાનું વ્યક્તિત્વ જ જૂદું છે. ઘરમાં સાડાત્રણ ફૂટની છૂટી પાટલીની ધોતલી, જુવાનીની પહેલવાનીનો ખ્યાલ આપે એવું ખુલ્લું બદન, અને ભગવાન ચાણક્ય જેવી ફરફરતી શિખા.

ડૉ. : અને બહાર ?

અનિ. : બહાર ? જો ભાઈ, બહારમાં પણ ભેદ છે. જો એ શાક લેવા જતા હોય....

ડૉ. : (ચિડાઈ) પણ મારું દવાખાનું ક્યાં શાકબજાર છે ?

અનિ. : ના રે ના, હોય ? અહીંના જેવી શાંતિ ત્યાં ક્યાં મળવાની છે ?

ડૉ. : (ગળી જતાં) પણ જ્યારે કોઈને મળવા જતા હોય ત્યારે....

અનિ. : લાંબો કાળો કોટ, ચાર પાટલીનું ધોતિયું અને કાશ્મીરી ટોપી. અરે યાર, જૂનો દોસ્ત નવા લિબાસમાં.

ડૉ. : અનિરુદ્ધ, પ્યારા દોસ્ત, મને કહે ને કે એ આવે ત્યારે મારે શું કરવું ?

અનિ. : અરે ભાઈ, એ તને શીખવવાનું હોય ? હમણાં મારી આગળ જ નાટક ભજવતો'તો ને ! (આંગળીને વેઢે ગણાવતાં) વિઝિટ, સ્ટાફ, એપોઈન્ટમેન્ટ, ઑપરેશન, આર્ટિકલ્સ, લેક્ચર, રિસર્ચ, ઈન્વેન્શન, પ્રિસ્ક્રિપ્શન, પૅસ્ટ, પાવડર, ટૅસ્ટ ટ્યુબ.....

ડૉ. : પણ તું હોય તો ફેર પડે !

અનિ. : શો ફેર પડવાનો હતો ? જમાઈ બદલાય, કાંઈ સસરો ઓછો બદલાવાનો છે ?

ડૉ. : Rascal ! (શઠ !)

અનિ. : કેમ, પાછો સભ્ય બની ગયો ! લે ભાઈ, મારે શું ? માથે

પડી ભોગવ ! (સીટી વગાડતાં જાય છે.)

ડૉ. : (રિવોલ્વીંગ ચૅરમાં ઘૂમતાં) લાંબો કાળો કોટ, ચાર પાટલીનું ધોતિયું, અને કાશ્મીરી ટોપી. કાશ્મીરી ટોપી ને લાંબો કાળો કોટ. (ગોખે છે. ટેબલ પરનો કૉલ બૅલ દાબે છે.) કાશ્મીરી ટોપી.....

(ગમન કમ્પાઉન્ડર આવે છે.)

ડૉ. : ગમનલાલ, લાંબો કાળો કોટ.

ગમન : શું સાહેબ ?

ડૉ. : ચાર પાટલીનું ધોતિયું.

ગમન. : જી સાહેબ.

ડૉ. : કાશ્મીરી ટોપી.

ગમન. : પણ સાહેબ.....

ડૉ. : પગમાં શું ? ભૂલી ગયો. સાવ ભૂલી ગયો. પૂછવાનું જ ભૂલી ગયો.

ગમન. : (ટેબલને અડકીને ઊભો રહે છે.) મને કેમ બોલાવ્યો સાહેબ ?

ડૉ. : ઓહો ! તમે આવી ગયા ? ગમનલાલ જુઓ. પેલા જૂના કેસોની ફાઈલ્સ છે તે મારા ટેબલ પર મૂકો. પેલું લિટરેચર (સાહિત્ય) છે તેની ધૂળ ઉડાડી તૈયાર રાખો. પેલા ચાર્ટ્સ ખંખેરી નાંખો. બધું એકદમ ઑર્ડરમાં (વ્યવસ્થાપૂર્વક). લાંબો કાળો કોટ, કાશ્મીરી ધોતિયું અને ચાર પાટલીની ટોપી.

ગમન. : બીજું કાંઈ સાહેબ ?

ડૉ. : લાંબું કાળું ધોતિયું, ચાર પાટલીનો કોટ, અને કાશ્મીરી ટોપી.

ગમન. : સાહેબ, આ શું બોલો છો ?

ડૉ. : ભૂલ્યો, ભૂલ્યો. કાશ્મીરી કોટ.

ગમન. : (જતાં જતાં) હાય બેકારી !

ડૉ. : મારી પણ ભૂલ થઈ. છબી જ મંગાવી લીધી હોત તો કેટલું સારું થાત ! કેટલી બધી ઉપાધિમાંથી ઊગરી જાત!

(મનમોહનદાસ દાખલ થાય છે.)

ડૉ. : (એને જોતાં જ) એ જ લાંબો કાળો કોટ, ટોપી અને ચાર પાટલીનું ધોતિયું.

એ જ..... એ જ. (ઊભો થઈ) પધારો..... પધારો.

મન. : અરે, એ શું ? તસ્દી માફ કરજો. પણ મારે જરા આવવું પડ્યું.

ડૉ. : અરે, એમાં શું ? આપણું જ દવાખાનું માની લો. ગમનલાલ, ગમનલાલ !

ગમન. : (બહાર આવી) જી !

ડૉ. : પેલા પેસ્તનશા શેઠને ત્યાં કહેવડાવી દો કે અત્યારે મારાથી નહીં જ અવાય.

મન. : તમે વિઝિટ ન ગુમાવતા.

ડૉ. : અરે સાહેબ ! આપ જેવા પધારે ત્યારે એક વિઝિટમાં શું? અને મને એટલો આરામ મળશે.

મન. : ખૂબ થાક લાગતો હશે !

ડૉ. : અરે સાહેબ ! વાત ન પૂછો, વાત ન પૂછો. ગમનલાલ !

ગમન. : જી.

ડૉ. : અરે, માણસ સાથે કંપનીમાં કહેરાવો કે મિક્સચર (દવા) તૈયાર થયું છે. માણસ મોકલી મંગાવી લે. અને સાથે સાથે પૂછજો પેટન્ટનું શું કર્યું? હા, ભૂલતા નહીં.

ગમન. : પણ સાહેબ ?

ડૉ. : મેં કેટલીવાર કહ્યું કે હું બોલું ત્યારે લખી લેવું. પછી સાહેબ, સાહેબ કરી હેરાન કરો છો ? Oh God ! Save me from these creatures! (પ્રભુ ! આવા માણસોથી મને બચાવો !)

ગમન. : (ડઘાઈને) બરાબર, સાહેબ.

ડૉ. : જાઓ. (ગમન જાય છે.) શું કહું, સાહેબ ! જમાનો જ એવો આવ્યો છે કે માણસ સમજુ અને વિશ્વાસુ તો ન જ મળી શકે. વિશ્વાસુ હોય તો કહ્યું ના સમજે. સમજે તો આપણાથી વિશ્વાસ ના મૂકાય.

મન. : બરાબર છે. પણ ડૉક્ટર, એ શાની પૅટન્ટ છે ?

ડૉ. : (મલકાતાં) એ તો Trade secret (ધંધાદારી રહસ્ય) છે. પણ તમને કહેવામાં વાંધો નહીં. એ મારી શોધ છે. વર્ષોની Research (સંશોધન) પછી એ Invention (શોધ) થઈ શકી છે, અને તેથી Dental Surgery (દંત્ય શસ્ત્રક્રિયા)માં જ નહીં Allopathy (પાશ્ચાત્ય વૈદિકવિદ્યા)માં પણ મોટો Revolution (ફેરફાર, ક્રાંતિ) થશે.

મન. : હં. એનું નામ ?

ડૉ. : (શરમાતાં) એનું નામ તો પિયુષ ડ્રોપ્સ છે. એ ડ્રોપ્સથી નવા કુદરતી દાંત ગમે ત્યારે, ગમે તે ઉંમરે ઊગશે.

મન. : ઓહો, ત્યારે તો Fertilizer-manure (ખાતર) જેવું !

ડૉ. : હાજી. પણ આપ અંગ્રેજી ક્યાંથી જાણો ?

મન. : કેમ વારુ ! હું શું, મારી છોકરી પણ અંગ્રેજી જાણે છે.

ડૉ. : આપની છોકરી ?

મન. : હા. આ વર્ષે કન્યા વિદ્યાલયમાંથી પાસ થઈને કૉલેજમાં

ગઈ.

ડૉ. : જી.

મન. : વકરાપાણી કેમ ચાલે છે ?

ડૉ. : Oh, I don't worry about it ! (એની તો હું પરવા જ કરતો નથી.) મારે તો કાંઈ કરી જવું છે.

મન. : બરાબર. પણ ઘરમાંય જોવાનું તો હોય ને !

ડૉ. : એ તો સાહેબ, ઈશ્વરની કૃપા અને આપ જેવા મુરબ્બીઓની દયા છે. હજાર- બારસોની Average (સરેરાશ) આવક હશે.

મન. : That's magnificent, Doctor ! (ખૂબ સરસ ! ડૉક્ટર.)

ડૉ. : Oh thanks. (ઉપકાર થયો.)

મન. : મેં સાંભળ્યું છે ડૉક્ટર કે તમે દાંત કાઢવાની નવી process (પદ્ધતિ) શોધી છે ?

ડૉ. : જી. મિત્રોએ તો ઘણું કહ્યું કે પૅટન્ટ લે. પણ મેં કહયું કે જ્ઞાન ઉપર કોઈનો ઈજારો ન હોવો જોઈ એ. એટલે મેં તો formula (સૂત્ર) જાહેર કરી, પણ ફેર તો પડે જ ને!

મન. : હાસ્તો.

ડૉ. : અને મને તો practice (મહાવરો) અંગે રમત થઈ ગઈ છે. નહીં નહીં તો મહિને પાંચસો- છસો દાંત પાડવાના આવતા હશે.

મન. : ઓહો.

ડૉ. : અને પચાસેક Major Operations (મોટી શસ્ત્રક્રિયાઓ). આહ ! Wisdom tooth (ડહાપણની દાઢ)ના તો cases આવે છે cases !

મન. : હા, ડૉક્ટર એ તૂત નવું છે. મારી daughter (દીકરી) પણ કહે છે કે tooth extract કરાવી લઉં. (દાંત કઢાવી નાંખું.)

ડૉ. : નહીં જી. As one interested in you, I won't advise. (મને તમારામાં અંગત રસ હોવાથી હું એવી સલાહ ન આપું.) મારી પિયુષ ડ્રોપ્સ લો. ત્રણ જ મિનિટમાં દર્દ નાબૂદ અને પછી કાયમને માટે મારી પિયુષ પેઇસ્ટ વાપરો.

મન. : ઠીક ડૉક્ટર, ત્યારે હું રજા લઈશ.

ડૉ. : કેમ કાંઈ ઉતાવળમાં?

મન. : ઑફિસે જવાનું છે.

ડૉ. : ઑફિસે ?

મન. : હાસ્તો, હું તો અહીં ઑફિસના કામે જ આવ્યો હતો. ઉપકાર થયો કે તમે frankly (નિખાલસપણે) કહી દીધું.

ડૉ. : કઈ ઑફિસ ?

મન. : ઈન્કમટૅક્સ, સુપરટૅક્સ. હું તો અહીંનો surcharge collector (વધારાનો કર ઉઘરાવનાર) છું.

ડૉ. : હેં ! (ખુરશીમાં ફસડાઈ પડે છે.)

મન. : જી. હવે જુઓ ડૉક્ટર, હમણાં હું મારા માણસને મોકલું છું. એ પૂછે એ વિગતો બરાબર નોંધાવજો હોં . લો ત્યારે, સાહેબજી.

ડૉ. : Oh , scandle! murder ! asson! (દગો, ખૂન, હત્યા!) આ બધાં એ અનિરુદ્ધનાં જ કામ. બચ્ચો હાથ આવે તો આખીયે બત્રીસી તોડી નાંખું. એક તો અહીં ભાડું, પગાર ઘરમાંથી કાઢવા પડતાં હોય અને ઉપરથી આવી લપ વળગાડે. યાદ રાખ !

(આંટા મારે છે.નવરત્નમણિરાવ દાખલ થાય છે)

: આપ છો ? મને ખાતરી ન હતી. મને તો એમ કે ક્યાંક

દવા કરવા ગયા હશો.

ડૉ. : (પીઠ ફેરવી) ક્યાં જહન્નમમાં ?

નવ. : કેમ વળી, દરદીને ત્યાં.

ડૉ. : દરદી ! ક્યાં છે દરદી ? ક્યાં છે દરદી ? ઓ દરદી ! જેટલી તારા નામની માળા જપી એટલી પ્રભુના નામની જપી હોત તો તદ્દન દર્દ વગરની રીતથી મુક્તિ મળી હોત !

નવ. : ડૉક્ટર ! આમ કેમ બોલો છો ?

ડૉ. : બેકારી, My dear friend ! (ભાઈ) બેકારી.

નવ. : આપની શોધ ?

ડૉ. : કેવી શોધ અને કેવી વાત !

નવ. : આપની દવાઓ ?

ડૉ. : ભાડૂતી, ભાડૂતી !

નવ. : પણ આપનાં પિયુષ ડ્રોપ્સ ?

ડૉ. : પીગળી ગયાં. મારા બુઝુર્ગ મિત્ર, પીગળી ગયાં.

નવ. : અરે, પણ તમારાં operations ? (શસ્ત્રક્રિયાઓ?)

ડૉ. : ભાઈ, મારું lancet (નસ્તર મૂકવાનાં સાધનો) પણ ભાડૂતી છે.

નવ. : અને તમારાં લેખો, ભાષણો ?

ડૉ. : લખવા જેટલી આવડત નથી, બોલવા જેટલી હોંશિયારી નથી.

નવ. : પેલી તમારી પિયુષ પૅસ્ટ ?

ડૉ. : એ પિયુષ બીજો, હું નહીં .

નવ. : આ શું કહો છો, ડૉક્ટર !

ડૉ. : નક્કર હકીકત. માથું મારીએ તો લોહી નીકળે એવી નક્કર વસ્તુસ્થિતિ.

નવ. : આ દવાખાનું ?

ડૉ. : હજુ બિલ પત્યું નથી.

નવ. : ભાડું ?

ડૉ. : ચાર માસ થયા.

નવ. : તમારો સ્ટાફ ?

ડૉ. : કેસ પર કમિશન ! જાઓ, હવે તમે સિધાવો.

નવ. : એમ સિધાવે ક્યાં ? આવી છેતરપીંડી ? હરામખોર!

ડૉ. : હવે જા ભાઈ, જા. તને ખબર છે ને મને હથિયાર વિના પણ દાંત પાડતાં આવડે છે.

નવ. : એટલે ?

ડૉ. : એટલે ? (ઊભો થઈ તમાચો મારે છે.) એટલે આ . સમજ્યો ?

નવ. : આટલે સુધી ? નીલુએ મને બધું કહ્યું હતું. આ નહીં.

ડૉ. : કોણ ?

નવ. : મારી દીકરીએ , ભાઈ તારો દોષ નથી. પેટનાં જ જ્યાં આડા ફંટાય ત્યાં પછી પારકાનું શું ?

ડૉ. : ત્યારે આપ.....આ.....

નવ. : હા ભાઈ, હું નવરત્નમણિરાવ. પારખું કરવા નીકળ્યો. પારખું થઈ ગયું બાપ ! છતી આંખે છોકરીને કૂવામાં નાંખી. (પોક મૂકે છે.)

ડૉ. : પણ આપ લાંબો કાળો કોટ, કાશ્મીરી ટોપી અને ચાર પાટલીનું ધોતિયું પહેરતા હતા !

નવ. : (નાક ખંખેરતાં) તે મને એમ કે કમાઉ ભણેલા જમાઈ પાસે જરા વટમાં જાઉં, એટલે કોટ-પાટલૂન માગી આણ્યાં. ઓ મારી દીકરી રે .....

ડૉ. : હું કોને રોઉં ?

ટિપ્પણ :

પરખાવું = આપવું, પીળે પાને = મફતમાં, વાકેફ કરવું = જણાવવું, થોથાં = પુસ્તકો, સહદેવ જોશી = પાંચ પાંડવોમાંનો સૌથી છેલ્લો ભાઈ, જેને ત્રણે કાળનું જ્ઞાન હતું, માખ મારવી = કોઈ જ કામકાજ ન હોવું, નવરા બેસી રહેવું, ઉગારવું = બચાવવું, દોગાની ના દેતો = દોષ ના દેતો, પારખવું = જાણવું, તપાસ કરવું, ફેરા ફરવા = લગ્ન કરવાં, વિવાહ = સગપણ, સગાઈ, ભપકો = દેખાવ, દીઠે = દેખાવે, પગલાં થવાં = આવવું, આગમન થવું, અત્યાર લગી = હજુ સુધી, વહારે ધાવું = મદદે જવું,મદદ કરવી, લિબાશ = પહેરવેશ, વકરા-પાણી = ધંધો, બત્રીસી તોડી નાંખવી = બરાબરનો માર મારી દાંત તોડી નાંખવા. લાક્ષણિક અર્થ માર મારી સીધો કરવો, જહન્નમ = નરક, માથે પડ્યું ભોગવવું = આવેલી મુસીબત સહન કરવી, લપ વળગાડવી = આલતુ ફાલતુ કોઈને પણ બીજાનો સમય બરબાદ કરવા મોકલવું, છતી આંખે કૂવામાં નાંખવું = જાણી જોઈને મુસીબતમાં નાંખવું.

નોંધ :

ચાણક્ય :

ચાણક્ય મગધ દેશના એક મોટા રાજનીતિજ્ઞ હતા. જેણે નંદવંશનો નાશ ન કરે ત્યાંસુધી ચોટલીની ગાંઠ નહીં વાળવાની પ્રતિજ્ઞા લીધી હતી તે કૌટિલ્ય.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. ડૉ. પિયુષનો ધંધો વાસ્તવમાં કેવો ચાલતો હતો ?

2. અનિરુદ્ધે ડૉ. પિયુષને મળવા આવનાર સસરાની ઓળખાણ શી આપી ?
3. મનમોહનદાસ સાથે વાત કરવામાં ડૉક્ટરે શી ભૂલ કરી ?
4. નવરત્નમણિરાવ છેવટે શા માટે રડવા લાગ્યા ?

પ્ર.2. **નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.**

1. 'જુવાનિયા વિરુદ્ધ ન પડે તો બીજી વાર ફેરા ફરવાની પણ ઉમેદવારી ધરાવે છે'.
2. 'બચ્ચો હાથ આવે તો આખીયે બત્રીસી તોડી નાંખું'.
3. 'પેટનાં જ આડા ફંટાય ત્યાં પછી પારકાનું શું ?'
4. 'છતી આંખે છોકરીને કૂવામાં નાંખી'.
5. 'મને એમ કે કમાઉ ભણેલા જમાઈ પાસે જરા વટમાં જાઉં'.

પ્ર.3. 'દરદી ! ક્યાં છે દરદી ! જેટલી તારા નામની માળા જપી છે તેટલી પ્રભુના નામની માળા જપી હોત તો મુક્તિ મળી હોત' - આ વાક્યમાં રજુ થતો બેકાર વ્યક્તિનો અફસોસ અને કટાક્ષ વર્ણવો.

પ્ર.4. 'પારખું' એકાંકીમાં કોનું પારખું થઈ ગયું? તે બાબત ચર્ચા કરો.

ભાષાભ્યાસ :

પ્ર.5. અ: **નીચે આપેલા શબ્દપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં ઉપયોગ કરો.**

1. માખ મારવી	2. દોગાની દેવી
3. ફેરા ફરવા	4. પગલાં થવાં
5. પીળે પાને	6. વહારે ધાવું

બ: **નીચે આપેલી કહેવતો સંદર્ભ સાથે સમજાવો.**

1. ન મામા કરતાં કાણા મામા સારા
2. ધીરજનાં ફળ મીઠાં

ક: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

પરખાવું, થોથાં, ઉગારવું, ભપકો,
વકરા-પાણી, ઈજારો, લિબાશ, વટ,
ખાત્રી, દીઠે, વિવાહ, વહેમી

ડ: નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો.

શીખવવું, ઉપકાર, ગુમાવવું,
કમાઉ, ભણેલું, આવક

ઈ: રેખાંકિત શબ્દને ધ્યાનમાં રાખી વાક્યની ખાલી જગ્યા પૂરો.

1. પંડિતોમાં .....હોવી જ જોઈએ.
2. કમાઉ દીકરાની ..... મા-બાપને મીઠી લાગે છે.
3. સભ્ય વ્યક્તિમાં ..... હોય છે.
4. જેનામાં વહેમ હોય તેને જ ..... કહેવાય.
5. જેને બરાબર ગણતાં આવડે તેની ..... ખોટી ન પડે.
6. બીજાને છેતરવું એટલે જ .....

- - - - - -

વિશેષ વાંચન :

જયંતિ દલાલ લિખીત 'જવનિકા' નાટ્યસંગ્રહ વાંચો.

* * *

ભાષા જાય તો સંસ્કૃતિ જાય

ફાધર વાલેસ : (જન્મ ઇ.સ.1925)

કાકા સાહેબ કાલેલકરની જેમ ગુજરાતી સાહિત્યને સમૃધ્ધ કરનાર અગુજરાતી લેખક છે. તેઓએ માનવજીવનને અને મોટે ભાગે યુવાન પેઢીને સ્પર્શતા અનેક વિષયોને નિબંધરૂપ આપ્યું છે. જીવનને ઉન્નત બનાવે તેવી કીમતી વિચારણા ફાધર વાલેસના નિબંધોમાં જોવા મળે છે. "સંસારસાધના, વ્યક્તિઘડતર, સદાચાર, ચારિત્ર્યયજ્ઞ" એમનાં પુસ્તકો છે. આ પુસ્તકોએ લોકશિક્ષણનું, લોકસંસ્કાર ઘડતરનું સ્તુત્ય કાર્ય બજાવ્યું છે.

પ્રસ્તુત નિબંધમાં લેખકે વિદેશમાં વસતા ગુજરાતીઓને તેમની ભૂલાતી જતી માતૃભાષાના સંદર્ભે સમયસરની ચેતવણી આપી છે. ભાષા એ કોઇ બાહ્ય આવરણ કે ઉપર ઉપરની વસ્તુ નથી. ભાષાની સાથે માનવીનો લોહીનો સંબંધ છે. તેથી જ નિબંધકાર ફાધર વાલેસે કહ્યું છે - ભાષા જાય તો સંસ્કૃતિ જાય.

મારી લંડનની એક મુલાકાત દરમિયાન હું એક વાર ગુજરાતી મિત્રને ઘેર એની સાથે વાતચીત કરતો હતો. અમે બંને ગુજરાતીમાં વાતો કરતા હતા. એવામાં મિત્રનો મોટો દીકરો આવ્યો. કંઇક કહેવા ગયો પણ અમને ગુજરાતીમાં વાતો કરતા જોઇને એ જરા ઊભો રહ્યો, મોં ઉપર અણગમો બતાવ્યો, પછી મારી હાજરીમાં જ પોતાના બાપને અંગ્રેજીમાં કહ્યું,'ફાધરની સાથે શું કામ ગુજરાતીમાં બોલો છો? એમને અંગ્રેજી આવડે છે'. અને ગુસ્સાથી પીઠ ફેરવીને ચાલ્યો ગયો.

બીજા ઘરમાં અમે બધાં બહાર જવા માટે તૈયાર થતાં હતાં. ક્યાંક ફરવા જવાનો કાર્યક્રમ હતો. છોકરાઓ તો તૈયાર હતા. પછી એમની મમ્મી આવી. એણે એક સુંદર સાડી પહેરી હતી. મોટો છોકરો એની પાસે ગયો અને લાડ અને ફરિયાદના મિશ્ર અવાજે બોલ્યો, 'મમ્મી, સાડી ન પહેરે તો ન ચાલે? તું સાડી પહેરે એ મને બિલકુલ ગમતું નથી. જરા ડ્રેસ બદલી આવો ને!' મમ્મીએ એને પંપાળ્યો અને મારી તરફ દુઃખદ નજરે જોયું. સાડી તો નહિ બદલી.

ત્રીજા એક ઘરમાં બહેનોનું મિલન હતું. એની શરૂઆત પ્રાર્થનાથી

કરવાની હતી. મેં સૂચવ્યું કે 'અસત્યો માંહેથી' પ્રાર્થના સૌ બોલીએ, ને એ માટે સભામાં ઘણી યુવતીઓ હતી તો એમાંથી કોઇ બોલે અને બીજાં બધાં ઝીલીએ. પણ યુવાન લોકોમાં કોઈને એ પ્રાર્થના મોઢે ન હતી.સંકોચ તો ન હતો, પણ આવડતી જ ન હતી. પછી બોલે શી રીતે? છેવટે એક મોટી બહેને શરૂ કરી અને અમે બધાંએ ઉપાડી.

ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વવિખ્યાત છે. અને દુનિયાના શ્રેષ્ઠ પ્રાર્થનાસંગ્રહોમાં એનું અગ્રસ્થાન છે. ગુજરાતની કોઈપણ સ્કૂલના વિધ્યાર્થીઓને આજે પણ મોઢે છે જ અને વિના સંકોચે એ બોલી શકે છે. પણ પરદેશની એ ગુજરાતી બાળાઓને એ આવડતી ન હતી. બોલાવીએ તો બોલે, પણ પોતાની મેળે ન બોલે.

સાડી પણ પશ્ચિમના ભદ્ર સમાજમાં એક ખૂબ રુચિકર, પ્રતિષ્ઠિત, કલાત્મક વેશ ગણાય, અને ભારતીય સ્ત્રીઓ એમની આગવી છટાથી સાડી પહેરીને આંતર રાષ્ટ્રીય સંમેલનોમાં જાય ત્યારે ખૂબ શોભે અને વખાણાય. પણ પોતાની મમ્મી સાડી પહેરે એ પેલા લંડનવાળા ગુજરાતી છોકરાને ગમતું નથી.

અને મોટી વાત તો ભાષાની. પોતાના બાપને ગુજરાતીમાં બોલતાં સાંભળીને દીકરાને ગુસ્સો ચઢે તો પોતે ગુજરાતીમાં બોલશે ખરો? વાંચશે ખરો? વાપરશે ખરો? થોડુંઘણું ગુજરાતી તો તેને આવડે છે. નાનપણથી ઘેર સાંભળતો અને સ્કૂલમાં કે સ્કૂલની બહાર પણ થોડું શીખતો. અત્યારે એ ગુજરાતી સમજે છે, અશુધ્ધ બોલે અને લખે જરા પણ નહિ એવી પરિસ્થિતિ છે. પરદેશમાં દેશી ભાષા સચવાતી નથી.

આફ્રિકાના એક મુલકમાં ગુજરાતીઓની વચ્ચે ગુજરાતી ભાષાને ટકાવવા એક પ્રયોગ કર્યો છે. ગુજરાતી લખવામાં ઘણાને તકલીફ પડે માટે સરળ જોડણી અને સરળ નિયમો અપનાવ્યાં છે. બધી ઈ દીર્ઘ અને બધા ઉ હ્રસ્વ, જોડાક્ષર નહિ, અનુસ્વાર નહિ અને કોઇ ભૂલ હોય તોય ભૂલ નહિ ગણાય. સારી સગવડ છે અને ઉદારતા છે. પ્રયોગ પાછળનો હેતુ પણ શુભ છે. પરંતુ એથી કંઈ વળવાનું નહિ. ગુજરાતીને સરળ બનાવવાથી ગુજરાતી ટકવાનું નહિ. દીર્ઘહ્રસ્વનો સવાલ નથી. ક, ખ, ગ, ઘ નો સવાલ છે, એટલે કે આખી ભાષાનો સવાલ છે. એ જાય તો જાય, અને ટકે તો ટકે ને પરદેશમાં એ નહિ ટકે.

પરદેશના ગુજરાતીઓના આમંત્રણથી તેઓ વસે છે એવા અનેક દેશમાં હું ગયો છું એમની જોડે રહયો છું, ચર્ચાઓ કરી છે, વ્યાખ્યાનો આપ્યાં છે. એમને સીધી વાત કરવાની હજુ સુધી મારી હિંમત ચાલતી ન હતી. મને બોલાવે, બધી સગવડ કરી આપે, ઉત્તમ આતિથ્ય કરે, એટલે હું સૌને સારું લગાડીને બોલતો અને ગુજરાતીને ટકાવવા જે કંઈ પ્રયત્ન કરે તે ખૂબ વખાણતો: જરૂર ઘરમાં નાના છોકરાઓની જોડે ગુજરાતી બોલો, સ્કૂલમાં એનો અભ્યાસ દાખલ કરાવી શકો તો કરાવો, અને ન બની શકે તો સ્કૂલના સમય પછી સ્કૂલના મકાનમાં ભણાવો, દેશથી ગુજરાતી માસિકો મંગાવો, ગુજરાતીમાં પ્રવચનો ગોઠવો, ગુજરાતી ભજનો ગાઓ, એ રીતે જરૂર ગુજરાતી ભાષાનું ગૌરવ સાચવી શકશો અને એના લાભ તમને મળતા રહેશે. હવે હિંમત આવી ગઈ છે એટલે સીધું કહું છું : આ બધું સારું છે, પણ નકામું છે. એટલે કે એથી ગુજરાતી તમારે ત્યાં ટકવાનું નથી ને એનું ગૌરવ સચવાવાનું નથી ને એના લાભ મળવાના નથી. ખોટી ભ્રમણા ન સેવો. ગુજરાતી તમારાં ઘરોમાંથી જાય જ છે. બહુ બહુ તો એક બે પેઢી થોડું રહેશે. બે પેઢી પછી નામનિશાન નહિ. એ હકીકત છે એ જાણવી જોઈએ અને કહેવી જોઈએ. ખોટું આશ્વાસન આપવા એકબીજાને સારું લગાડવાનો પ્રયત્ન વ્યર્થ જ છે.

હમણાં પરદેશ જઈ આવેલા એક આત્મીય ગુજરાતી સાક્ષરની સાથે વાતચીત થતી હતી એમાં આ વાત નીકળી. તેઓએ ભારપૂર્વક કહ્યું, 'પરદેશમાં વસતા આપણા ભાઈઓએ જેમતેમ કરીને ગુજરાતીનું જ્ઞાન ચાલુ રાખવું પડશે; નહિ તો એ લોકો નરસિંહ - મીરાંને, અરે રાજેન્દ્ર, મકરન્દને કેવી રીતે વાંચશે?' મેં ધીરેથી કહ્યું, 'વાંચતાં જ નથી. અને મીરાં , નરસિંહ વિશે તો હજીય જાણે,પણ સુન્દરમ્, રાજેન્દ્ર, મકરન્દ વિશે પરદેશમાં જન્મેલા ગુજરાતી યુવાનોને પૂછો તો એમનાં નામ પણ સાંભળ્યા નહિ હોય. પછી વાંચવાની વાત ક્યાં રહી!'

કોઈ કહેશે કે ભાષા જાય તો ભલે જાય. એમાં શું? ને અંગ્રેજી ક્યાં ખોટી ભાષા છે - કે બીજીની જરૂર પડે! ગુજરાતી જાય તો ભલે જાય. ચલાવી લઈએ.

ભાષા જાય એનું દુ:ખ છે. પણ ભાષા જાય ત્યારે એનું બીજું અને મોટું દુ : ખ અને ચિંતા એ છે કે ભાષા જાય ત્યારે એકલી નહિ જાય, ભાષા જાય, માતૃભાષા જાય, દેશની અને કુટુંબની અને બાપદાદાઓની ભાષા એ કુટુંબના

સભ્યોમાંથી જાય, એની આવડત જાય, એની સમજણ જાય, એનો ઉપયોગ જાય ત્યારે એની સાથે મૂળ દેશ સાથેનો સંપર્ક જાય, વારસાગત સંસ્કૃતિ સાથેનો સંપર્ક જાય, સંસ્કારો જાય, મૂળિયાં જાય, ઇતિહાસનો અને ભૂતકાળનો અને હૃદયનો એક કટકો જાય - આ ખોટ મોટી છે.

ભાષા અને સંસ્કૃતિ એકબીજા સાથે એવી તો સંકળાયેલી છે કે એક જાય તો બીજી જાય. ભાષા એ સંસ્કૃતિનું તટસ્થ વાહન નથી; એની સાથે ઓતપ્રોત છે, વણાયેલી છે, એક થયેલી છે. આર્ય સંસ્કૃતિ આર્ય ભાષાઓમાં જ ટકે. પ્રયોગ કરવો હોય તો ગીતાજીનાં 'સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો' લઈને એનું અંગ્રેજી ભાષાંતર વાંચો. બોલો, તમારું દિલ એમાં બેઠું? ભક્તિ જામી? ધ્યાન લાગ્યું? સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો તમે બોલો અને (સંસ્કૃત આવડે તો સંસ્કૃતમાં) ત્યારે દિલમાં અનેરો આનંદ, શાંતિ, સાત્ત્વિકતાનો અનુભવ કરો છો. અંગ્રેજીમાં વાંચો ત્યારે એવું કશું લાગતું નથી. ભાષાનો પ્રભાવ છે. ભાષાનું જોર તે જે સંસ્કૃતિમાંથી આવી છે એની સાથે એકરૂપ થયેલી હોય છે, માટે એ જો જાય તો એના સંસ્કારો પણ ઘસડીને લઈ જાય. ભાષા ઊપડે તો પોતાનો સામાન લઈને ઊપડે; અને ભાષાનો સામાન એટલે સંસ્કૃતિ. ગુજરાતી ભાષા જાય તો ભારતીય સંસ્કૃતિને પણ સાથે લઈ જાય. એ કાંઈ ઓછું જોખમી નથી.

મારી મૂળ વાત ફરી એકવાર સ્પષ્ટ કહું. તમે પરદેશમાં ન જાઓ એમ હું નથી કહેતો, ન રહો એમ પણ નથી કહેતો. તમારી ઈચ્છા હશે તો જરૂર જશો અને જરૂર રહેશો. પણ જશો તો પૂરો વિચાર કરીને જશો, રહેશો તો પૂરો વિચાર કરીને રહેશો. શું મળે અને શું જાય, શો લાભ છે અને શું નુકસાન છે, શાની આશા છે અને શાનો ચોક્કસ ભારે મોટો ભોગ છે, એ બરાબર જોજો. જમા ખાતે ઠીક રકમ છે પણ ગયા ખાતે કંઈ ઓછી રકમ નથી. બંને પક્ષ બરાબર તપાસજો. પછી જવું હોય તો જરૂર જજો. પણ આંખો બંધ કરીને તો નહિ જાઓ. બીજાઓના અનુકરણથી, ફેશનના જોરથી, પૈસાના મોહથી, પ્રતિષ્ઠાની ભૂખથી તો નહિ જાઓ. અને સાચા કારણથી જવાનો વિચાર કરો ત્યારે પણ જવાથી કેવા ગેરલાભ છે એનો પણ પૂરો ખ્યાલ કરશો. માબાપનો વિયોગ, કામનો અતિરેક, ઓછું કૌટુંબિક જીવન, લઘુમતીનાં જોખમ, સંસ્કૃતિનો હ્રાસ- યાદ રાખો કે તમને પ્રિય છે એવી કેટલીક વસ્તુઓ તમારે માટે નહિ તો તમારા દીકરાઓ માટે તો જશે જ. મમ્મીની સાડી જશે. પપ્પાની ભાષા જશે. ઉપનિષદની પ્રાર્થના પણ જશે. એ તમને ગમશે ખરું?

ટિપ્પણ :

અણગમો બતાવવો = નારાજગી બતાવવી, **પંપાળવું** = વહાલથી હાથ ફેરવી ફોસલાવવું, **ઝીલવું** = એક જણનું બોલવું કે ગાવું બીજાએ ઉપાડી લેવું, **મોઢે ન હોવું** = યાદ ન હોવું, **પ્રાર્થના ઉપાડવી** = પ્રાર્થના શરૂ કરવી, **મેળે** = જાતે, **ભદ્ર** = સભ્ય, ખાનદાન, **આગવી છટા** = વિશિષ્ઠ ખૂબી, વિશિષ્ઠ રીત, **વખાણવું** = પ્રશંસા કરવી, **સચવાવું** = જતન કરવું, **જોડે** = સાથે, **ખોટ** = નુકસાન, **ભ્રમણા સેવવી** = ભ્રમ રાખવો, આશા રાખવી, **તટસ્થ** = નિષ્પક્ષ, પક્ષપાતરહિત, **ઓતપ્રોત થવું** = એકબીજા સાથે વણાઇ જવું, **દિલ બેસવું** = ગમવું, મન લાગવું, **ગયા ખાતે** = ઉધાર બાજુએ, **આંખો બંધ કરીને જવું** = વિચાર કર્યા વગર જવું, **હ્રાસ** = ઘસારો, ક્ષય.

નોંધ :

1. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો : આ લક્ષણો આ પ્રમાણે છે : (1) જેણે તમામ વાસનાઓનો ત્યાગ કર્યો હોય (2) જે હંમેશાં આત્મસ્વરૂપમાં સ્થિર રહે (3) નામ, રૂપ વગેરેથી ભાસતી આ સર્વ દૃશ્યજાળ મિથ્યા હોય, આ દૃશ્યાદિ ભાસોને કેવળ આત્માસ્વરૂપે જ જુએ એટલે કે આત્મા વડે જ સંતુષ્ટ બનેલો પુરૂષ જ સ્થિતપ્રજ્ઞ અર્થાત જીવનમુક્ત છે.(4) દુ:ખોથી ખેદ પામતો નથી. જેને આશા નથી. (5) ષડરિપુ- કામ, ક્રોધ, મોહ, માયા, મદ,મત્સર વગેરેથી દૂર રહી આત્મસ્વરૂપમાં સ્થિર રહે. (6) ઈંદ્રિયોને વશ થઈને વર્તે તેની બુધ્ધિ સ્થિર ગણાય. (7) પોતાનામાં તમામ વિષયોને સમાવી દઈ ચલિત ન થાય અને કામ-વાસનાને ત્યજી દઇ ઇચ્છા, મમતા, અહંકારરહિત અવસ્થામાં સ્થિર રહે.

2. અસત્યો માંહીથી : કવિ ન્હાનાલાલ દલપતરામની સુપ્રસિધ્ધ પ્રાર્થના 'સ્તુતિનું અષ્ટક' ના આઠ શ્લોક છે. એમાં કવિએ ઇશ્વરના મહિમાનું અને માનવીના વિનમ્ર ભક્તિભાવનું અસરકારક નિરૂપણ કર્યું છે. પરમાત્મા સર્વવ્યાપી ને સર્વશક્તિમાન છે.આખી સૃષ્ટિ એનું જ સર્જન છે. એને પોષનાર અને એનો નાશ કરનાર પણ એ જ છે. આવા પરમાત્મા પાસે કવિ અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ ને મૃત્યુમાંથી જીવન તરફ લઈ જવા માટે પ્રાર્થના કરે છે. ઉપનિષદો, ભગવદ્‌ગીતા જેવા ગ્રંથોમાંની કેટલીક ભાવનાઓ આમાં રજૂ કરી છે. જેમાંની બે પંક્તિઓ નીચે મુજબ છે.

'અસત્યો માંહીથી' પ્રભુ! પરમ સત્યે તું લઈ જા;

ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઈ જા.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. પરદેશ વસતાં ગુજરાતી કુટુંબોમાંથી ગુજરાતી ભાષા અને ભારતીય સંસ્કૃતિ નાશ પામતાં જાય છે તે હકીકત લેખક ક્યાં દૃષ્ટાંતો આપી સિધ્ધ કરે છે?
2. લેખક ગુજરાતી ભાષા ટકાવવા શરૂઆતમાં શી સલાહ આપતા?
3. લેખક પરદેશમાં વસતાં ગુજરાતીઓને હિંમતથી ભાષા માટે શું કહે છે?
4. લેખકના મતે ભાષા જાય છે ત્યારે તેની પાછળ બીજું શું શું જાય છે?
5. પરદેશ વસવા જનારને લેખક શી સલાહ આપે છે?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'મમ્મી, સાડી ન પહેરે તો ન ચાલે?'
2. 'દીર્ઘહ્રસ્વનો સવાલ નથી, ક, ખ, ગ, ઘ નો સવાલ છે'.
3. 'ભાષા જાય એનું દુ:ખ છે'.
4. 'જમા ખાતે ઠીક રકમ છે પણ ગયા ખાતે કંઈ ઓછી રકમ નથી'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. પરદેશમાં ગુજરાતી ભાષાનું ભાવિ
2. ભાષા અને સંસ્કૃતિનો સંબંધ

૩: નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ બતાવી વાક્યમાં ઉપયોગ કરો.

1. અણગમો બતાવવો 2. મોઢે ન હોવું
3. ઓતપ્રોત થવું 4. દિલ બેસવું

- - - - - -

વિશેષ વાંચન :

ધીરૂભાઈ ઠાકરનો સાહિત્યિક નિબંધ 'ગુજરાતી ભાષાસાહિત્યનું ભાવિ' વાંચો.

* * *

પ્રથમ શહીદ

રમણલાલ વસંતલાલ દેસાઇ : (જન્મ : 1892 : મૃત્યુ - 1954)

રમણલાલ વસંતતલાલ દેસાઈ ઉચ્ચ કોટિના નવલકથાકાર તરીકે લબ્ધપ્રતિષ્ઠ હતા. તેમની નવલકથાઓ મુખ્યત્વે સામાજિક છે. તેનાં પાત્રો સમકાલીન સમાજના મધ્યમ વર્ગના પ્રતિનિધિઓ હોય છે. તેમનું સૌમ્ય, સમભાવપૂર્ણ અને ભાવનાશીલ ચારિત્ર્ય પ્રેમ અને સહાનુભૂતિ પ્રેરે છે. તેઓએ અસહકાર, સત્યાગ્રહ, ગ્રામસેવા, અસ્પૃશ્યતા નિવારણ, વર્ગભેદની નાબૂદી વગેરે પ્રશ્નોની ચર્ચા નવલકથામાં કરી છે. તેઓ ચિરસ્મરણીય રહેશે નવલકથાકાર તરીકેની તેમની સેવાથી.

'પ્રથમ શહીદ' પ્રકરણ તેમની નવલકથા "ભારેલો અગ્નિ" માંથી લીધું છે. 1857ના બળવા સમયે સ્વતંત્રતાની લડતમાં અહિંસાની ભાવના હજુ જાગૃત થઈ નહોતી. અંગ્રેજો સામે યુધ્ધ કરી ભારતને સ્વતંત્ર કરવું એવી ભાવના યુધ્ધના સર્વ મોવડીઓની હતી. માત્ર રુદ્રદત્ત નામના પંડિત જેઓ અઠંગ લડવૈયા હતા, તેઓ આ હિંસક યુધ્ધની વિરુધ્ધ હતા. અહિંસાના સિધ્ધાંતને વરેલા હતા. મંગળ પાંડે સાહસિક, શૂરવીર યોધ્ધો હતો. યુધ્ધની શરૂઆત ધાર્યા કરતાં વહેલી, અપરિપક્વ સમયે થઈ. કંપનીસરકારની એક ટુકડીમાં એ યોધ્ધો હતો.બંદૂકની કારતૂસમાં ગાય અને ડુક્કરની ચરબી હતી એવી માન્યતા હિંદી સૈનિકોમાં હતી. અંગ્રેજ અમલદારે કારતૂસ મોં વડે કાપી કેમ વાપરવી તે બતાવ્યું અને તે પ્રમાણે કરવા કહ્યું. કોઈ સૈનિકે કારતૂસ મોંમાં નાંખી નહિ. અંગ્રેજ અધિકારીએ ક્રોધમાં આવી આજ્ઞાભંગને માટે સૈનિકોને હથિયાર મૂકી દેવા આજ્ઞા કરી.મંગળ પાંડેએ આજ્ઞાનો ભંગ/વિરોધ કર્યો. અંગ્રેજ મેજર ક્રોધે ભરાયો અને મંગળને ગિરફતાર કરવા તે આગળ વધ્યો. મંગળ પાંડેએ તેને ગોળીથી ઠાર કર્યો. મૃત્યુ પામેલા અફસરની જગ્યા બીજા અંગ્રેજે લીધી. તેને પણ મંગળે ગોળીથી ઠાર કર્યો. "બળવા"ની આ રીતે શરૂઆત થઈ. એટલામાં દૂરથી ગોરું સૈન્ય આવતું દેખાયું. હિન્દી પલટન પાછી ફરી ગઈ. મેદાનમાં માત્ર મંગળ જ રહ્યો. ગોરું સૈન્ય છેક પાસે આવ્યું. હવે મૃત્યુ નિશ્ચિત છે એમ મંગળને ખાત્રી થઈ. તરત જ તેણે પોતાની છાતી સામે તાકી ગોળી છોડી.

ક્ષણમાત્રમાં લોહીલુહાણ થયેલો તરફડતો તેનો દેહ જમીન પર ઢળી પડ્યો. હવે આગળ વાંચો.

ગોરું સૈન્ય જરા અટક્યું. મૃત્યુ પામેલા સૈનિકને માન આપવા સહુએ સંગીનો ઊંચકી સલામ કરી. મૃત્યુ માનવીને પશુયે બનાવે અને દેવ પણ બનાવે. હજી ગોરા કાળા કોઈએ સંપૂર્ણ પશુત્વ સ્વીકાર્યું નહોતું.

એકાએક મંગળનો પગ હાલ્યો. મૃત્યુની છેલ્લી આંકડી ધારી સહુએ આગળ વધવાનું અટકાવ્યું. પરંતુ મંગળનો હાથ પણ હાલ્યો.

'પાંડે જીવતો લાગે છે'. ગોરી ટુકડીના આગેવાને કહ્યું. આગેવાન આગળ ધસ્યો. તેની સાથે બીજા સૈનિકો પણ આગળ વધ્યા. શબને માન આપવા તત્પર થયેલા ગોરાઓ જીવંત દેહને માન આપવા તત્પર ન હતા. જીવંત દેહ તો એક ફિત્તૂરનો હતો - બળવાખોરનો હતો, ખૂનીનો હતો. મંગળની પાસે જતાં મંગળે આંખ ઉઘાડી. તેનો કસાયેલો દેહ કવચ સમો હતો, એક ગોળીથી તે મૃત્યુ પામે એમ નહોતો. તેને મારવા માટે હજી બીજી ગોળીની જરૂર હતી, પરંતુ એ બીજી ગોળી મારવાનું સામર્થ્ય તેના દેહે ખોઈ નાંખ્યું હતું.

આંખ ખોલી મંગળ હસ્યો. ખૂનીને આમ હસતો જોઈ સહુને ખુન્નસ આવી ગયું. મૃત દેહને જે માન અપાય છે તે જીવંત દેહને અપાતું નથી. મંગળને ટુકડીના કેટલાક સૈનિકોએ ઉપાડી લીધો અને તેને દવાખાને મોકલી દીધો. ગોરા કાળા માટે દવાખાનાં પણ જુદાં હોય છે. મંગળને દેશી દવાખાને સુવાડ્યો.

મંગળના દેહે ધીરે ધીરે સામર્થ્ય મેળવવા માંડ્યું. પરંતુ એ સામર્થ્ય તેના દેહને લાંબો વખત જીવતો રાખવા દે એમ ન હતું. તેણે ફિત્તૂર કર્યું હતું. બે અંગ્રેજ અમલદારોનાં ખૂન કર્યાં હતાં એ વાત સાબિત હતી. તે કંપની-સરકારનો મોટો ગુનેગાર હતો. એ ગુનેગારને સજાએ પહોંચાડવા લશ્કરી ન્યાય તલપી રહ્યો હતો. દેહદુ:ખને ન ગણકારી બે દિવસમાં બેઠા થયેલા મંગળ પાંડે ઉપર લશ્કરી અદાલતે કામ ચલાવવાની શરૂઆત કરી.

કામ કંઈ લાંબો સમય ચાલ્યું નહિ. મંગળ પાંડેને ગુનો નાકબૂલ કરવો નહોતો. હજી તો એનો ઘા પૂરો રૂઝાયો નહોતો. છતાં ખૂની તરીકે લશ્કરી અદાલત આગળ ઊભા કરેલા મંગળ પાંડેને તે સંબંધી ફરિયાદ કરવાની હતી

જ નહિ. તેણે કંપની સરકારને ધર્મવિરોધી સરકાર તરીકે ગણાવી. અને જે સરકાર માટે તેણે પોતાનો જાન આપવાની તૈયારી રાખેલી તે કૃતઘ્ન અને અધર્મી બની જવાથી, તેને ઉથલાવી પાડવામાં જ તેણે પોતાનો ધર્મ માન્યો હતો. તેને કોઇ ગોરા પ્રત્યે અંગત વેર હતું જ નહિ. કેટલાક ગૌરવર્ણ સૈનિકો અને અમલદારોને યુધ્ધમાં બચાવ્યાનાં દૃષ્ટાંતો તેણે રજૂ કર્યાં. પરંતુ અધર્મ ભરી સત્તાના અંકોડા તાડવાનો ધર્મ તેને માથે આવી પડ્યો હતો એમ તે માનતો હતો. હથિયાર ઉગામતાં તેને એક ક્ષણ શોક થયો હતો. પરંતુ એ શોકને બાજુએ મૂકી પોતે માનેલું કર્તવ્યકર્મ કરવા તે પ્રેરાયો હતો. તેણે બે ખૂન અને તેય ગોરા અમલદારોનાં કર્યાં એ ખરું. પરંતુ તેણે એમાં જરા પણ ગુનો કર્યો હોય એમ તેને ભાસતું ન હતું. છતાં જેના પક્ષમાં બળ તેના પક્ષમાં ન્યાય- એ સિધ્ધાંત પ્રમાણે તેને ગુનેગાર ગણવામાં આવશે તો બહુ ખુશીથી તે ગુનાનું પરિણામ ભોગવશે એમ એણે જાહેર કરી દીધું.

બચાવ કરતાં ઘવાયેલા મંગળ પાંડેએ ન બેસવા ઈચ્છયું. ન આરામ માગ્યો, ન પાણી માગ્યું. તેનો બચાવ અદાલતને રુચ્યો નહિ- સત્ય લાગ્યો નહિ. વ્યકિત અને સમાજ વચ્ચે જ્યારે સિધ્ધાંતઘર્ષણ થાય છે ત્યારે સમાજ પોતે જ ન્યાયાસને બેસતો હોવાથી વ્યક્તિસિધ્ધાંત તેના મનમાં વસતો નથી. અને રાજ્ય પણ એક મોટા સમાજ-વિભાગરૂપ જ છે ને? મંગળ પાંડેને અદાલતે ગુનેગાર ઠરાવ્યો, અને તેને ફાંસીની સજા કરી. મંગળ પાંડેને જરાય આશ્ચર્ય જેવું લાગ્યું નહિ. તેની પાસે ઊભેલા ગોરા સૈનિક તરફ જોઇ હસીને તેણે કહ્યું:

'ફરી જન્મ અને ફરી કાર્ય. એક દેહ મૂકી આત્મા એની આસપાસ ફરી બીજો દેહ રચશે.'

મૃત્યુને માત્ર દેહબદલો માનનાર હિંદુ બહુ ખુશીથી મરી શકે છે. એ સૌ કોઇ જોઇ શક્યું. મંગળ હજી ઘવાયેલો હતો. ન્યાયપુર:સર એવે શરીરે એને ફાંસી દેવાય કે કેમ એ પ્રશ્ન કાળા સિપાઈઓને મૂંઝવી રહ્યો હતો અને મંગળ પાંડેને ફાંસી દેવાતી સહુએ જોવી એ યોગ્ય થાય કે કેમ એ પ્રશ્ને તેમને બે વિભાગમાં વહેંચી નાખ્યા. એક વિભાગ ખુલ્લા બળવાને માટે તૈયાર થયો. બીજો વિભાગ મંગળ પાંડેની કિંમત સમજતો હોવા છતાં, યોજનાભંગને બદલે મંગળનો ભોગ આપવા દેવા દેવા તૈયાર થયો. બંને પક્ષે છેવટે ભેગા મળી ક્રાંતિનાયકોને નિર્ણય કરવાનું કામ સોંપવા નિશ્ચય કર્યો. આઠદસ દિવસમાં

માંદા મંગળને ફાંસી દેવાશે એમ કોઇએ ધાર્યું ન હતું. પાસેમાં પાસેના સ્થળની સૈયદે આવી મંગળને છોડાવવો એવી યોજના ઘડાઈ, પરંતુ સૈયદ આવી પહોંચે તે પહેલાં તો મંગળને માટે ફાંસીની તૈયારી થઈ ગઈ.

દસ દિવસને બદલે તત્કાળ સજાનો અમલ થાત. પરંતુ બ્રાહ્મણના અને તેમાંય મંગળના ગળાને ફાંસી દેવા કોઈ જ જલ્લાદ તૈયાર થયો નહિ. ગોરા અમલદારોને લાગ્યું કે મંગળને ફાંસી દેવામાં જેટલો વિલંબ થશે એટલી મુશ્કેલી વધશે. તેમણે કલકત્તેથી એક નિષ્ણાત જલ્લાદને ચુપકીથી બોલાવી મંગાવ્યો. અને તેના આવતાં બરોબર મંગળ પાંડેને મૃત્યુ માટે તૈયાર થવા જણાવ્યું.

'હું તૈયાર જ છું. આટલા દિવસ કેમ થયા એની જ મને નવાઈ લાગે છે!' મંગળે જવાબ આપ્યો અને દુખતા જખમને ન ગણકારતાં તે ઊભો થયો.

'તારી કાંઈ ઈચ્છા છે?' અમલદારે પૂછ્યું. મરતાં પહેલાં કેટલીક ઈચ્છા તૃપ્ત કરવાની તક ગુનેગારને મળે છે.

'મારી ઈચ્છા? એ તો પૂર્ણ થશે જ.'

'કહે, શી ઈચ્છા છે? મીઠાઇ મંગાવું?'

'છટ! હું મીઠાઈનો ભોગી બ્રાહ્મણ નથી. મરતાં પહેલાં અનશનવ્રતથી હું પવિત્ર બન્યો છું.'

'ત્યારે, તારે શું જોઈએ?'

'હું ફરી ફરી જન્મ લઉં અને મારો દેશ કંપની સરકારના જુલમમાંથી મુકત થાય ત્યાં સુધી તેને માટે આમ ને આમ ફાંસીએ ચડ્યા કરું. મારે એ જોઈએ.'

તેના અડગ ધૈર્યથી ચકિત થતા ગોરા સૈનિકો તેને વધસ્થાને લઈ ગયા. નાનકડું મેદાન ખાલી હતું. કોઈ કાળા સૈનિકો ત્યાં રાખવામાં આવ્યા ન હતા. મંગળનું મુખ શાંત હતું. તેણે ચારે તરફ નજર કરી. ફાંસીનો માંચડો માત્ર ધ્યાન ખેંચતી વસ્તુરૂપે દખાયા કરતો હતો. એ માંચડાને અદૃશ્ય કર્યા વગર ઢાંકતી-એક મૂર્તિ તેની નજરે પડી : ગુરુ રુદ્રદત્ત!

મંગળે આંખો ચોળી. ગોરા સૈનિકો સમજ્યા કે અભિમાની, ઘમંડી પાંડે ગભરાયો છે. તેમને સહેજ આનંદ થયો. ખૂનીને સજાના ભયે થતો પશ્ચાતાપ

ક્વચિત સજા કરનારને આનંદ આપે છે.

'કેમ? હવે ગભરાઈશ નહિ'. એક ગોરા અમલદારે મંગળને આશ્વાસન આપ્યું.

મંગળે તેની સામે જોયું. તેની દૃષ્ટિમાંથી અગ્નિના તણખા એક ક્ષણ માટે વરસી ગયા. અમલદારને લાગ્યું કે મંગળ પાછો ખૂન ઉપર ચઢશે. પરંતુ મંગળની આંખે ફરીથી શાંતિ મેળવી. ફાંસીને રોંધી રહેલી રુદ્રદત્તની મૂર્તિને તેણે નમસ્કાર કર્યા.તેને લાગ્યું કે ફાંસી જેમ ગુના અટકાવી શકતી નથી તેમ વધ અને ખૂન માનવીના હૃદયને ફેરવી શકતા નથી. પરદેશી સત્તા તોડવી હોય તો હથિયાર કરતાં હિંમત, ખંજર કરતાં દક્ષતા, અને તલવાર કરતાં તપ વધારે અસરકારક સાધનો છે. ફરીફરી જન્મ લઈને દેશને માટે મરવા માગતા મંગળને લાગ્યું કે મેજર સાહેબે પણ મરતી વખતે હિંદુને તાબે રાખવા સારુ ફરીફરી મરવાનું માગ્યું હોય!

'ચાલો પાંડેજી, હવે વિચાર કર્યે કાંઈ વળે એમ નથી'. કોઈએ કહ્યું. મંગળ ફરી હસ્યો અને બોલ્યો.

'હું ડરું છું એમ જરાય ધારશો નહિ. હું એક જ વિચાર મારા માટે કરતો હતો. જેમ મને ફાંસી નિરર્થક લાગે છે તેમ તમને અમે કરેલાં ખૂન નિરર્થક લાગતાં હોય એ સંભવિત છે. યુધ્ધ એટલે ખૂનપરંપરા. એ પણ નિરર્થક કેમ ન હોય?'

'આ બધું હવે સમજાયું?'

મંગળનું મુખ પાછું સખત બન્યું. તેના હાથમાં પહેરાવેલી બેડી તેણે ખેંચી તોડી નાખી. એ બેડીને ઘુમાવીને તેને ટકોર કરનારા ગોરા ઉપર પછાડવાનો ચાળો તેણે કર્યો. તેમ થયું હોત તો ફરી એક વ્યક્તિનું રુધિર રેડાત. પણ મંગળે પોતાનો ઉપાડેલો હાથ પાછો ફેરવી લીધો. અને નવી મુસાફરીએ જનારા સાહસિકને વહાણ પર પગ મૂકતાં જે ઉમ્મા પ્રકટે એવી ઉમ્માથી તે ફાંસીના મંચ ઉપર જઇ ઊભો.

'પાંડે, આ તમારા પૈસા. તમારે એની શી વ્યવસ્થા કરવી છે?'

'મારા પૈસા? કેટલા?'

'છ રૂપિયા તમારી ઓરડીમાંથી મળ્યા.'

'લાવો.'

મંગળના હાથમાં રૂપિયા મુકાયા. સ્પષ્ટ, ગંભીર અવાજે તેણે કહ્યું. 'આ બે રૂપિયાનાં રમકડાં બંને સાહેબોનાં બાળકોને મારા તરફથી અપાવજો. મને તેમના પ્રત્યે વેર નથી.'

'ઠીક.'

'આ બે રૂપિયા મને અગ્નિદાહ કરનાર બ્રાહ્મણને આપજો.'

'વારુ.'

'અને-અને-આ બાકીના બે રૂપિયા પેલા જલ્લાદને આપજો.'

મંગળ સામે સહુ કોઈ આશ્ચર્યભરી લાગણીથી જોઈ રહ્યા. જલ્લાદને બે રૂપિયા આપનાર મંગળની વિચિત્ર ઉદારતા નાની છતાં મહાન હતી.

જલ્લાદ આગળ આવ્યો. તેણે મંગળની પાસે જઈ ફાંસીનો દોર હાથમાં લઈ ઠીક કરવા માંડ્યો. મંગળે તેને તેમ કરતાં અટકાવ્યો:

'તું મહેનત ન કર. લાવ દોરી મારા હાથમાં.' એમ કહી ફાંસીનો દોર હાથમાં લઇ ગાળો પોતાના ગળે ભેરવી બરાબર ગોઠવ્યો. તેને ટોપ પહેરાવવા જલ્લાદ પાછો આવ્યો.

'એ લઇ જા હું અંધારામાં મરીશ નહિ. મને મૃત્યુનો ડર નથી. ખુલ્લી આંખે તેની સામે જઈશ.'

એટલું કહેતાં બરાબર પ્રબળ વેગથી, પગનો પ્રહાર કરી તેણે મંચના લાકડાને તોડી પાડ્યું. લાકડું તૂટતાં જ મંગળ પાંડેના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યો;

'જય મહાદેવ!'

અને મંગળ પાંડેનો દેહ દોર પર લટકી પડ્યો. લટકતા દેહમાંથી આત્મા ઊડી ગયો. કંપની સરકારને ધ્રૂજાવવા ઈચ્છતો એ વીર આ દુનિયામાંથી અદૃશ્ય થઈ ગયો. સહુના કાનમાં 'જય મહાદેવ' નો ધ્વનિ અને સહુની દૃષ્ટિમાં સ્વહસ્તે મૃત્યુઝોલો ખાઈ રહેલો મંગળનો દેહ રમી રહ્યો. બળવાનો એ પહેલો શહીદ.

ટિપ્પણ:

કસાયેલું = અનુભવ કે કસરતથી ઘડાયેલું મજબૂત શરીર, **કવચ સમું** = બખતર જેવું એટલે કે મજબૂત, **ખુન્નસ આવવું** = વેર લેવાની ભાવના ઉત્પન્ન, થવી **સિધ્ધાંતઘર્ષણ** = સિધ્ધાંતો વચ્ચે વિરોધ, **તલપી રહેવું** = આતુર થવું, ઉત્સુક થવું, **હથિયાર ઉગામવું** = હથિયાર વાપરવું, **ન્યાયપુર:સર** = ન્યાયની રીતે, **અનસનવ્રત** = મરણ સુધી ઉપવાસ કરવાનું વ્રત, **દૃષ્ટિમાંથી અગ્નિના તણખા ઝરવા** = ખૂબ ગુસ્સો આવવો, **ચાળો કરવો** = એવો દેખાવ કરવો, અડપલાં કે તોફાન કરવું, **દક્ષતા** = ચતુરાઈ, ડહાપણ, **ધારવું** = સમજવું, **ભાસવું** = લાગવું

નોંધ :

હિંદુઓનું તત્વજ્ઞાન:

જીવન અને મરણ માટે હિંદુઓ ખાસ તત્ત્વજ્ઞાન ધરાવે છે. હિંદુઓના મત મુજબ ત્રણ જાતનાં કર્મ છે-સંચિત, પ્રારબ્ધ અને ક્રિયામણ. પૂર્વજન્મોનાં કર્મોનો સમૂહ તે સંચિત. એની ઈચ્છાઓ, વૃત્તિઓ,શકિતઓ વગેરેમાં સંચીત હોવાનું. પ્રારબ્ધ એ પણ સંચિતનો અંશ છે. મનુષ્યના આ જનમના યશ કે અપયશનું કારણ એનું પ્રારબ્ધ છે. સંચિતનો જે પાક પાકીને તૈયાર થયો હોય તે પ્રારબ્ધ મુજબ જીવન મળે છે. અને અમુક કર્મ અકબંધ રહે છે, તે ક્રિયામણ. એ ભાવિ સર્જે છે. એને કારણે એમ મનાય છે કે માનવીનું શરીર નષ્ટ થાય છે પણ આત્મા અમર રહે છે. એક ખોળિયું જીર્ણ થતાં તે બીજું ખોળિયું બદલે છે, અને પોતાનાં કર્મ પ્રમાણે અધૂરાં રહેલાં કાર્યો પૂરાં કરે છે.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. મંગળ પાંડેએ શા માટે બળવાની શરૂઆત કરી?
2. મંગળ પાંડે પર સરકારે ક્યા ક્યા આરોપ મૂક્યા?
3. મંગળ પાંડેએ છ રૂપિયાની શી વ્યવસ્થા કરી?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ આપી સમજાવો.

1. 'મૃત દેહને જે માન અપાય છે તે જીવંત દેહને અપાતું નથી'.
2. 'વ્યક્તિ અને સમાજ વચ્ચે જ્યારે સિધ્ધાંતઘર્ષણ થાય છે ત્યારે સમાજ પોતે જ ન્યાયાસને બેસતો હોવાથી વ્યક્તિસિધ્ધાંત તેના મનમાં વસતો નથી'.
3. 'હું ફરી ફરી જન્મ લઉં અને મારો દેશ કંપની સરકારના જુલમમાંથી મુક્ત થાય ત્યાં સુધી તેને માટે આમ ને આમ ફાંસીએ ચડ્યા કરું : મારે એ જોઈએ'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. મંગળ પાંડેનું પાત્રાલેખન
2. ફરી જન્મ ફરી કાર્ય - હિંદુઓનું તત્વજ્ઞાન
3. મંગળ પાંડેની અંતિમ ઈચ્છા

ભાષાભ્યાસ :

પ્ર.4. અ: નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં ઉપયોગ કરો.

1. સામર્થ્ય ખોઇ બેસવું
2. તલપી રહેવું
3. અગ્નિના તણખા ઝરવા
4. ચાળો કરવો
5. ઉથલાવી પાડવું
6. મુખ સખત બનવું

બ. નીચે આપેલા શબ્દપ્રયોગોનો અર્થ બતાવો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.

1. કસાયેલો દેહ
2. ખુલ્લી આંખે
3. અડગ ધૈર્ય
4. ખુન્નસ આવવું

ક. સમાનાર્થી શબ્દો આપો.

સંગીન, ધારવું, ફિત્તૂર, ઘા, ભાસવું, લાગણી

ડ. નીચેનાં વાક્યો બીજી કઈ રીતે કહી શકાય.

1. એક ગોળીથી તે મૃત્યુ પામે એમ નહોતું.
2. મંગળ પાંડેને ગુનો નાકબૂલ કરવો નહોતો.
3. કોઈ કાળા સૈનિકો ત્યાં રાખવામાં આવ્યા ન હતા.
4. હવે વિચાર કર્યે કાંઈ વળે એમ નથી.

પ્ર.5. અ: ક્રિયાપદના મૂળ ધાતુને -એલું પ્રત્યય લગાવી વિશેષણ બનાવો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.

દા.ત. કહેવું - કહેલું

તમારો કહેલો ઉત્તર બિલકુલ સાચો છે.

તળવું, બચાવવું, વાપરવું, કરવું, મોકલવું

બ: ખોર વિશેષણ છે જેનો અર્થ છે કે ટેવવાળું એટલે કે અમુક આદત મુજબ વર્તનારું જેમાં કોઈની એવી આદત પર ટીકા કરવામાં આવે છે.

દા.ત. ઝઘડો - ઝઘડાખોર, જે જ્યારે જુઓ ત્યારે નાની નાની બાબતમાં ઝઘડો કરે છે.

એવી જ રીતે નીચે આપેલા નામ પરથી -ખોર લગાવી વિશેષણ બનાવો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.

બળવો, હુમલો, સંઘરો, દંગો, કજિયો, નકલ, મસ્તી, સંગ્રહ, ચઢાઈ, બંડ. પરંતુ એક શબ્દ એવો છે કે જે વિશેષણ છે અને તેને -ખોર લગાવવાથી વિશેષણ બને છે. દા.ત. હરામી - હરામખોર

- - - - - -

વિશેષ વાંચન :

ભારતને ગુલામીની બેડીમાંથી છોડાવનાર શહીદો વિશે વાંચન કરો.

* * *

ભીખુ

ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી (ધૂમકેતુ)

(જન્મ : 1892 - મૃત્યુ : 1965)

ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ' ના ઉપનામથી પ્રસિદ્ધ છે. તેમનો સર્જનકાળ જેટલો વિશાળ છે તેટલો જ મહત્ત્વપૂર્ણ છે. તેઓએ પોતાની કલમ સાહિત્યનાં વિવિધ ક્ષેત્રમાં અજમાવી હતી. પરંતુ નવલિકાએ તેમને યશ અપાવ્યો છે. નવલિકાઓ અને નવલકથાઓ ભાવનાલક્ષી અને વાસ્તવદર્શી છે. તેમાં મુખ્ય હેતુ સમાજ સુધારણાનો છે.

વાર્તાના સંયોજનની કળા સુંદર છે. ભાષામાં સરળતા છે. તેમની શૈલી શિષ્ટ, સંસ્કારી અને કંઈક અંશે ઊર્મિલ છે.

નીચે આપેલી વાર્તા 'તણખામંડળ'માંથી લીધેલી છે. વાર્તાનું પાત્ર છે ભીખુ. 'ભીખુ' ભિખારી છે. ભિખારી એટલે ક્ષુદ્ર , અધમ ભાવોથી ભરેલ માનવ - એવું સમજવામાં આવે છે. પણ એવું નથી. ભિખારી કુટુંબમાં પણ પ્રેમભાવના હોય છે. ઉચ્ચ કુટુંબમાં પણ ભાગ્યે જ જોવા મળે એવી ઉદાત્ત ભાવના ભિખારીમાં જોવા મળે છે. એનું સુંદર ચિત્ર પ્રસ્તુત વાર્તામાં રજુ થાય છે. ભીખુ ભિખારી કુટુંબનું પ્રતિનિધિત્વ કરે છે.

સાંજના સાત થવા આવ્યા હતા. અને ઊંચે મિલના ધુમાડા નીચે ઊતરી વીજળીની રોશનીને ઝાંખી કરી રહ્યા હતા. મોટર, ગાડી, સાયકલ અને માણસોની ઠઠથી બજાર ભરચક હતું. અકસ્માતથી બચવા માટે હું ફૂટપાથ પર ચાલતો હતો.

મગજમાં આટલી ધૂન હતી કે આજે બને તો 'પ્રતિભા' વિશે જુદા જુદા લેખકોએ દર્શાવેલા મતનો અભ્યાસ કરી લેવો. એ ધૂનમાં હું આગળ ચાલ્યે જતો હતો.

'એક કંગાલ પર ઈતની રહમ કરો !'

દર્દથી બોલાયેલા આટલા શબ્દોએ પગને આગળ જતાં થંભાવ્યા. પાછા ફરીને જોયું તો હું ત્રણ દરવાજા પાસે ઊભો હતો. ફરી એ જ શબ્દો સંભળાયા. મેં ડોકું જરાક ખેંચ્યું, તો દરવાજા વચ્ચેની સાંકડી કમાનમાં એક અત્યંત કંગાળ સ્ત્રી બેઠી હતી. એટલી વારમાં તો મને રસ્તા વચ્ચે ઊભેલો જોઈને કેટલાક માણસો ધક્કા મારીને આગળ ચાલ્યા ગયા હતા.

એવામાં વચ્ચેના સરિયામ માર્ગ પર એક નાના છોકરાને રસ્તો ઓળંગતા, મોટરના મોંમાં, મૃત્યુના મુખમાં, જતો જોઈ મારી રાડ ફાટી ગઈ ! સહજ જ એ તરફ હું દોડ્યો, પણ તે પહેલાં તો શોફરે અત્યંત ચાલાકીથી છોકરાને ઉગારી લીધો, ને તેની મા આગળ આવીને હાંફળીફાંફળી દોડતી હતી તેના તરફ એક ઠપકાભરી નજર નાંખી હૉર્ન વગાડી તેણે મોટર આગળ ચલાવી મૂકી. હું પાછો હઠ્યો, ત્યાં એકજણ સાથે ભટકાયો, 'માફ કરજો મિસ્ટર' કહીને એકજણો ભટકાતો ચાલ્યો ગયો. ને એટલામાં તો પેલી કંગાલ સ્ત્રીના એના એ શબ્દો ત્રીજી વખત સંભળાયા, 'એક કંગાલ પર ઈતની રહમ કરો !'

એ સ્ત્રી બેઠી હતી ત્યાં ખૂણામાં અંધારામાં મેં નજર ફેરવી. તેના પગ પાસે ઉઘાડા શરીરે ત્રણ છોકરાં સૂતાં હતાં ને તેના ખોળામાં એક નાનું બચ્ચું દયામણું મોં રાખીને આવનાર-જનારની સામે જોયા કરતું હતું. બાઈ અશક્ત હતી ને ગરીબી તેના પર અસહ્ય જુલમ કરી રહી હતી. ઊંડા ખાડા જેવી આંખોમાંથી તેજ પરવારી રહ્યું હતું. પોતે છોકરાં માટે જ જીવનદોરી લંબાવી રહી હોય તેમ તેના મોં પરથી દેખાતું હતું. મારો હાથ એકદમ કોટના ખિસ્સામાં પડ્યો. એ ખિસ્સાએ બે કલાક પહેલાં જ કલદાર રાણી છાપના રૂપિયા સાથે ભદ્રમાંથી શહેર તરફ મુસાફરી કરી હતી. પણ અત્યારે તે ભોંઠો પડ્યો. માત્ર ત્રણ પૈસા જ હાથે ચડ્યા. નવ આના સિનેમાએ ને રોકડા સવા છ આના લક્ષ્મી વિલાસ હૉટેલે ઉપાડી લીધા હતા. ક્કસાધારણ માણસોના આ તદ્દન સામાન્ય વિલાસમાંથી પણ ઘણા જણ પોષી શકાય એમ છે !ક એ પસાર થઈ જતા વિચારની સાથે હાથ ખિસ્સામાંથી બહાર આવ્યો. ત્રણ પૈસા પેલી બાઈના હાથમાં પડ્યા ને પૈસાના ખખડાટથી જાગેલું એક છોકરું મને ફરી સતાવે તે પહેલાં જ હું દૂર થઈ ગયો. પણ અનાયાસે જ છોકરાના શબ્દો કાન પર પડ્યા, ક્કમા ! કાંઈ ખાવાનું છે? શું છે, લાવ જોઉં?'.

'ખાવાનું તો ભાઈ લાવે ત્યારે, પણ એ ગયો ક્યાં? ક્યારનો ગયો છે !'

પાછળથી લારીવાળાનો, 'હટો ભાઈ, હટો'નો અવાજ આવતાં હું એક તરફ ખસ્યો. ને 'લ્યો શિંગોડે' વાળો એક જ જાતના સ્વરોની વચ્ચે થઈ પગથી પર ચડી ગયો.

ફૂલોની છાબડીઓ ઉપર, નાળિયેર પર, સાબુ પર, ગૉળ પર એમ અનેક પદાર્થો પર ફરતી દૃષ્ટિ સામેના રસ્તા પર મીઠાઈની બે દુકાનો છે તેની આગળ જામેલી લોકોની ઠઠ તરફ ખેંચાઈ. કાંઈક તહેવાર હતો ને બંને દુકાનદારોએ રોશની કરી હતી. મારાં પગલાં સહજ તે તરફ વળ્યાં.

દુકાનમાં ગોઠવેલી મીઠાઈને જોવા માટે જ ઘણાખરાં ઊભાં હતાં. ઘડીમાં રોશની થાય ને હોલાય, એવી દુકાનનાં પાટિયાં પર ગોઠવેલી વીજળીની બત્તીઓ પર કેટલાંકની નજર ચોંટી હતી. ત્યાં વળી એક નાની સરખી આગગાડી આવ-જા કરી રહી હતી. કેટલીક પારસી બાઈઓ મીઠાઈની ખરીદી કરતી હતી. પણ સૌથી દૂર ખૂણામાં એક નાનો દસ-બાર વર્ષનો છોકરો, અત્યંત તૃષ્ણાથી, અનિમેષ દૃષ્ટિએ મીઠાઈના થાળ તરફ ખાસ કરીને સૌથી આગળ પડેલાં પીળી જલેબીનાં ગૂંચળાંઓ તરફ જોઈ રહ્યો હતો. અચાનક મેં એને જોયો. ભક્તિભાવથી જાણે એની દૃષ્ટિ ત્યાં ચોંટી રહી હતી.

એના અંગ ઉપર એકે સાજું લૂગડું નહતું, કે એના ચહેરા પર આશા, નિરાશા કે એવા કોઈ જાતના ભાવ ન હતા. એની પાછળ અંધારામાં બે માણસો ઊભા ઊભા વીજળીની આ ગોઠવણ પર કંઈક તર્ક ચલાવતા હોય તેમ લાગ્યું. હું ધીમેથી ગોળ ચકરાવો ખાઈ પેલા છોકરાની પડખે પણ જરા દૂર અંધારામાં જઈ ઊભો ને એના પર નજર ઠેરવી. તે શાંત લીન બનીને જલેબી નીરખી રહ્યો હતો.

અચાનક રોશની જરા મંદ થઈ. જુગજુગની સમાધિ પછી પ્રાપ્ત થયેલું કોઈ પ્રિયદર્શન લુપ્ત થવાનો ભય હોય તેમ એ રોશની બંધ થતાં જ દુકાન તરફ તે જરા ખસ્યો. એની આ સમાધિથી આકર્ષાયેલા એક જુવાને મારા તરફ જોઈને હાસ્ય કર્યું. પણ મારા તરફથી કશો જવાબ ન મળતાં તે દુકાન તરફ વળ્યો. પાશેર જલેબીનું પડીકું બંધાવ્યું ને તેમાંથી એકાદ કાઢીને ખાતો ખાતો પેલા છોકરા પાસેથી પસાર થયો. અરધી આશામાં, અરધી ઘેલછામાં, પેલા છોકરાએ જરાક હથેળી લંબાવી. સુગંધ લઈ શકાય એટલે નજીકથી પડીકાવાળા જુવાન સાથે જલેબીને પસાર થતાં જોઈ તેનું મોં પાણી પાણી .થઈ ગયું. તે પગના

અંગૂઠા પર જરાક ઊભો થયો, નીચો થયો, ફરી શરીર ઊંચક્યું. અને તરત જ નીચા થઈ પોતાનો ભોંઠો પડેલો હાથ તેણે પોતાના લઘરવઘર કંગાલ પહેરણમાં છુપાવી દીધો.

પણ એ અરધી મિનિટમાં તો તેનો ચહેરો ભારે દુઃખની , લાલસાની ને જબરદસ્ત યાત્નાની પરાકાષ્ઠા અનુભવી ચૂક્યો હતો.

પાછળથી મોટરના ભૂંગળાનો અવાજ થયો. આગળથી 'એય, આંખ પણ નથી કે શું?' એમ કોઈ પારસી બાનુની સાથે આવેલા પટાવાળાએ ધમકાવ્યો, ને પાસે ઊભેલા કોઈએ 'જા- જા-જા અહીંથી, કેમ ઊભો છે? તારે શું લેવું છે? ભિખારચટા ! તારે શું લેવાનું હોય?' એમ કહી તેને ધિક્કાર્યો. બધા વેગને દબાવતો હોય તેમ તે ધીમે દૃઢ પગલે પાછો હઠ્યો, એકદમ દુકાન પરથી નજર ખેંચી લીધી, ને અત્યંત આર્ત સ્વરે ફિક્કા હાસ્યસહ બોલ્યો, 'હા, ભાઈ, સાચું ! હું સવારનો ભૂખ્યો છું. પણ મારે ભિખારીને શું લેવાનું હોય?' તેણે જોરથી મૂઠી વાળી. અંદર ખખડેલા પૈસાનો અવાજ સ્પષ્ટ સંભળાયો. એક પણ દૃષ્ટિ પાછળ ફેંક્યા વગર તે ચાલ્યો ગયો.

આ બધા વ્યવહારથી ખિન્ન થઈને 'આ મનુષ્યત્વનું ભારે અપમાન છે. શ્રીમંતોએ....' એવા વિચારશ્રેણીમાં હું સમાજવાદનું મૂળ શોધતો હતો. ત્યાં તો તેને એટલી વારમાં મેં સામેની બજાર આગળ ઉતાવળે પસાર થતો જોયો.

ધુમાડા વધારે નીચે ઊતર્યા હતા ને ઘાટા થયા હતા. વીજળીનો પ્રકાશ ધૂળની ડમરીમાં ઢંકાતો હોય તેવું લાગતું હતું. પ્રેમાબાઈ હૉલની સભામાંથી પાછા વળનારા, ભાષણ વિશે રાખેલી આશા અને પરિણામની નિરાશા વચ્ચેનો તફાવત સાધવા પ્રયત્ન કરતા જતા હતા. ત્યારે એ બધાંથી પર, આ ભિખારી, એક દુકાને ઊભો રહી છ પૈસાના દાળિયા જોખાવતો હતો. અચાનક મને પેલી સ્ત્રીના શબ્દો યાદ આવ્યા. અરે કદાચ, એ દરવાજાની સાંકડી નેળમાં સડતા કુટુંબનો આ છોકરો સ્તંભ હશે! કદાચ શું? એમ જ હશે. સામેની દુકાને નીચે બેસીને, ધૂળમાં પોતાનું ચીંથરું પાથરી તેમાં એ દાળિયા બાંધી રહ્યો હતો. તેણે એક મૂઠી તેમાંથી ભરી. વીજળીના પ્રકાશમાં એ મૂઠી અધ્ધર જતી મેં જોઈ, અને એને ઝડપી લેવા આતુર મોં પહોળું થતું દેખાયું.

'એક આઈસ્ક્રીમ....' પાસેની દુકાન પર કૉલેજના વિદ્યાર્થી જેવા કોઈ ભાઈએ ઑર્ડર મૂક્યો, ને એટલામાં તો સામેથી તેના બેએક મિત્રોએ હસતાં

હસતાં આવીને વાંસામાં ધબાક ધબાક પોલા હાથની થપાટો લગાવી.

'ભાઈ, બીજી ત્રણ આપજો'. કહીને તેમની સાથે વાતોએ વળગ્યો.એમના પરથી ફરેલી નજરે પેલા ભિખારીના મોંને બંધ થઈને નીચે આવતું જોયું. તેનું વદન કરમાઈ ગયું હતું. ને તેણે ભરેલી દાળિયાની મૂઠી એમ ને એમ ચીંથરામાં પેસી જતી હતી ! ભૂખનું દુઃખ ગળી જઈને ચીંથરું વીંટાળી તે ત્રણ દરવાજા તરફ ચાલ્યો.

અને તે પેલી સ્ત્રી પાસે જ ગયો. પેલાં છોકરાં એને વળગી જ પડ્યાં. ને સ્ત્રીએ પોતાની ફાટેલતૂટેલ ગોદડી પર તેને બેસાડીને પૂછ્યું, 'બેટા, તેં કાંઈ ખાધું ?'

મારા અંગેઅંગમાંથી ટાઢની ચમકારી પસાર થઈ ગઈ.

'મા !' તે શાંતિથી બોલ્યો, 'મેં તો બહુ દાળિયા ખાધા. ખૂબ પાણી પીધું, ને પછી આવ્યો'.

'અત્યાર સુધી ક્યાં રોકાણો'તો ભાઈ?'

'મા ! પેલી જલેબીની દુકાન છે ના, ત્યાં એક શેઠે મને જલેબી ખવડાવી'.

'હું !'

'હા, મા'.

'અમારો ભાગ'. કહેતાં છોકરાં કૂદી પડ્યાં. છોકરો શરમિંદો થઈ ગયો. માએ તેની સામે ઠપકાથી ને સંતોષથી જોયા કર્યું.

'બેટા ! એવું હોય તો પોતાનાં ભાંડરડાંને માટે થોડું રાખીએ ! તું તો મોટો. તારાં પાળ્યાં, આ મોટાં થાય એમ છે. દાળિયા ક્યાંથી કાઢ્યા?'

'બરફ સાર્યા તેના દસ પૈસા આવ્યા ને !'

'હા... કેટલા પૈસાના દાળિયા લાવ્યો?'

'છ....છ....છ....' એમ બોલતાં તેણે છેવટે કહી નાંખ્યું . 'દસ'.

આના જીવનને જરાક ટેકો આપ્યો હોય તો ! બધાંને જ ભિખારી ગણી ઘણી વખત આપણે ઉદ્યોગ કરવાનો ઉપદેશ આપીએ છીએ. પણ આ છોકરાએ ભાંડુ માટે જલેબી જતી કરી, દાળિયા ન ખાધા અને ખોટું બોલ્યો. એને મદદ...

ઉતાવળથી ખિસ્સામાં ગયેલો હાથ પાછો ફર્યો. ધોબીનો ધોયેલ કોટ આજે જ પહેરેલો હોવાથી સાબરમતીની થોડીક ઝીણી રેતી જ હાથે ચોંટી. મેં હૉટેલ ને સિનેમાને આજે બીજી વખત સંભાર્યાં.

છેક એની પાસે સરીને મેં કહ્યું, 'છોકરા, તારું નામ !'

અવિશ્વાસભરી રીતે એ મારી સામે જોઈ રહ્યો. અત્યંત પ્યારથી તેનો હાથ હાથમાં લઈ મેં કહ્યું, 'છોકરા, તેં જલેબી ખાધી એ તો મેં જોયું, દાળિયા ખાધા એ પણ જોયું, પણ તારું નામ તો બોલ'.

પોતાની વાત કળાઈ ગઈ જાણીને તેણે લુચ્ચાઈમાં જરાક મોં મલકાવ્યું ને નીચું જોઈ બોલ્યો, 'મારું નામ ભીખુ, સા' બ'.

ટિપ્પણ :

જીવનદોરી = આયુષ્ય, જિંદગી, **અનાયાસે** = વગર મહેનતે, વગર પરિશ્રમે, **ઠઠ** = ભીડ, ગરદી, **લથરવથર** = અસ્તવ્યસ્ત, ગમેતેમ, **અનિમેષ** = એક નજરે, મટકું માર્યા વગર, **ઉગારી લેવું** = બચાવી લેવું, **ભોંઠું પડવું** = ચાટ પડવું, શરમાવા જેવું થવું, કંઈ ન મળતાં, નિરાશ થવું, **રાડ ફાટી જવી** = (અકસ્માત થતો જોતાં) મોઢામાંથી ચીસ નીકળી જવી, **હાંફળુંફાંફળું થવું** = ગભરાઈ જવું, **મોં પાણી પાણી થઈ જવું** = ખાવાનું મન થવું, **દુ:ખ ગળી જવું** = દુ:ખ ભૂલી જવું

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. મોજશોખ માટે ખર્ચેલા પૈસાનો લેખકને શા માટે પસ્તાવો થયો?
2. ભીખુ શા માટે ખોટું બોલ્યો?
3. ક્યાં કારણો માટે માએ ભીખુને એના મોટાપણાનું ભાન કરાવ્યું ?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'તારે શું લેવું છે? ભિખારચટા ! તારે શું લેવાનું હોય?'
2. 'આ મનુષ્યત્વનું ભારે અપમાન છે. શ્રીમંતોએ....'
3. 'તું તો મોટો. તારાં પાળ્યાં આ મોટાં થાય એમ છે'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. ભિખારી કુટુંબનું વર્ણન
2. ભીખુનું પાત્રાલેખન
3. ભીખુનો ભાઈ-ભાંડુ પ્રત્યેનો પ્રેમ

પ્ર.4. લેખકે દોરેલું સમાજનું ચિત્રણ કરો.

પ્ર.5. ભીખુ અને પૅરિસના ત્રણ છોકરા પાઠની સમાલોચના કરો.

ભાષાભ્યાસ :

પ્ર.6. અ: નીચે આપેલાં રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યોમાં ઉપયોગ કરો.

1. મોં પાણી પાણી થઈ જવું
2. રાડ ફાટી જવી
3. હાંફળુંફાંફળું થવું
4. દુ:ખ ગળી જવું
5. ભોઠું પડવું.

બ: નીચે શબ્દપ્રયોગોનો અર્ધો ભાગ આપ્યો છે. તેની સાથે જતાં ક્રિયાપદો મૂકી તે શબ્દપ્રયોગનો વાક્યોમાં ઉપયોગ કરો.

1. ઉગારી .....
2. કરમાઈ .....
3. ઝડપી .....
4. બૂમ .....
5. વળગી .....

ક: ક્રિયાપદના મૂળ ધાતુને -ણ પ્રત્યય લગાવી નામ બનાવો.

દા.ત. ગોઠવવું - ગોઠવણ

જમવું, મરવું, પોષવું,

આમંત્રવું, ચીરવું, માગવું

ડ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

ઠઠ, અનાયાસે, થંભાવવું, ઘેલછા

ઈ: બીજી કઈ રીતે કહી શકાય ?

1. એના અંગ પર એકે સાજું લૂગડું નહતું.
2. મેં જરાક ડોકું ખેંચ્યું.
3. હૉટેલે સવા છ આના ઉપાડી લીધા હતા.

- - - - - -

વિશેષ વાંચન :

ધૂમકેતુનો નવલિકા સંગ્રહ 'તણખામંડળ' વાંચો.

* * *

પ્રગતિ કે અધોગતિ

જ્યોતિન્દ્ર હરિશંકર દવે :(જન્મ : 1901 -)

જ્યોતિન્દ્ર હરિશંકર દવેના હાસ્યલેખો 'રંગતરંગ'માં ગ્રંથસ્થ થયા છે. સામાન્ય રોજિંદા બનાવો કે પ્રસંગના આલેખનમાં અર્થવિરોધ, વાકપાટવ કે વિપરીત દલીલોની રજૂઆતોથી નર્મ હાસ્ય સર્જે છે. તેમની વિશિષ્ટતા એ છે કે તેઓ ભાષણમાં પણ હાસ્યરસ વહેવડાવી શકે છે. તેઓ હાસ્યની લહેરીઓ જ નહિ પણ હાસ્યનાં વાવાઝોડાં ઉત્પન્ન કરવાની શક્તિઓ પણ ધરાવે છે.

પ્રસ્તુત લેખ 'રંગતરંગ' ભાગ ત્રીજામાંથી થોડા ફેરફાર સાથે લીધો છે. જગત પ્રગતિ કરે છે કે અધોગતિ ? એ એક નાનકડા પ્રશ્નમાંથી દૃષ્ટાંત પરંપરા ઉપજાવી જ્યોતિન્દ્રભાઈ આ લેખમાં સુબોધ નર્મ હાસ્ય રજુ કરે છે.

જગત પ્રગતિને પંથે પ્રયાણ કરી રહ્યું છે કે અધોગતિને માર્ગે સરી રહ્યું છે એ વિષે વિદ્વાનોમાં અનેક પ્રકારના મતભેદ પ્રવર્તી રહ્યા છે. કેટલાક માને છે કે જગત પ્રગતિને પંથે જ જઈ રહ્યું છે. આપણા છેક પુરાતન કાળના પૂર્વજો વાંદરા હતા, તેમાંથી સુધરી સુધરીને ક્રમશ: આપણા બાપદાદાઓએ ગધેડા સુધીની પ્રગતિ સાધી. આપણે મનુષ્ય બન્યા છીએ અને હવે પછીની પ્રજા દેવરૂપ બનશે. બીજા વિદ્વાનો કહે છે કે સત્યયુગ સમયના લોકો દેવરૂપ હતા, ત્યારપછી અધોગતિ પામતા પામતા તે મનુષ્ય થયા. હવે આપણે વાંદરા બન્યા છીએ, આપણા પછીની પ્રજા તો પશુ કરતાંયે અધમ કોટિની થશે. પહેલા વિદ્વાનો માને છે કે મનુષ્યનો સ્વભાવ પતનશીલ છે.

એકલા વિદ્વાનોમાં જ આ મતભેદ પ્રવર્તી રહ્યો છે એમ નથી, પરંતુ એ મતભેદનાં રસછાંટણાં અવિદ્વાનો ને જુદા જુદા ધંધાદારીઓને ઊડ્યા વિના રહ્યાં નથી. કેટલાક વૃદ્ધ રસોઈયાઓ તથા ભોજનનિપુણો કહે છે કે અસલના જેવા બટાકા હવે મળતા જ નથી. ત્યારે બીજા સુધારક રસોઈયાઓ ને ભોજનનિપુણો કહે છે કે અસલ વળી આવા બટાકા હતા જ ક્યાં? હમણાંના બટાકામાં કોઈને સુગંધ ન આવતી હોય તો તેમાં વાંક બટાકાનો નથી જ, ઊલટું હમણાંના જેવી જાતજાતની વાનગીઓ અસલ બની શકતી જ નહિ, અસલનાં

પાણી જ એવાં હતાં !

કેટલાક નિરાશાવાદી હજામો માને છે કે હજામતની કલાનો લગભગ નાશ થઈ ગયો છે. અસલના હજામો ઊંઘતા સિંહની હજામત કરતા, ને સિંહને સ્વપ્ન આવતું હોય તો તેમાંયે ભંગ પડતો નહિ. હવે તો રહ્યા માત્ર ભેંસમૂંડા, અને તેથી જ લોકો હાથે હજામત કરી પોતાની દાઢીની દુર્દશા કરી રહ્યા છે. બીજા આશાવાદી હજામો માને છે કે અસલ લોહી કાઢવામાં જ હજામતની કલા સમાઈ જતી. હાલ તો હજામનું બે વર્ષનું બાળક પણ મોં પર અસ્ત્રો ફેરવે છે કે રેશમી કપડું તે સમજાય નહિ એવી રીતે હજામત કરી શકે છે.

આધુનિક શિક્ષણના પ્રખર વિરોધી મારા ઓળખીતા એક વૃદ્ધ ગૃહસ્થ કહે છે કે પહેલાંના જેવા હૃષ્ટપુષ્ટ ને માતેલા ગોધાઓ પણ દેખાતા નથી. ગોધાઓ પણ હવે તો ગ્રેજ્યુએટ થઈ ગયા છે. કંતાયેલા, દમ વિનાના ને છત્રી બતાવીએ એટલે ભડકીને નાસી જાય એવા ! એમનો જ પુત્ર એમને જવાબ આપતાં જણાવે છે કે હાલના ગોધાઓ પણ સુધરી ગયા છે અને ધીમે ધીમે અહિંસક થતા જાય છે.

કેટલાક વૃદ્ધ પ્રજાપતિઓ કહે છે કે અસલના જેવા શાંત, કદાવર, ઉદ્યોગી ને કહ્યાગરા ગધેડા હાલ બિલકુલ દેખાતા નથી. હાલના તો ગધેડાઓ પણ બળવાખોર, નિરુદ્યમી ને સામ્યવાદી થઈ ગયા છે. જુવાન કુંભાર કહે છે કે અસલનાં તો માણસો પણ ગધેડાં જેવાં હતાં ને હાલમાં તો ગધેડાંઓ પણ માણસ જેવાં થવા માંડ્યાં છે.

પરંતુ આ તીવ્ર મતભેદની વચ્ચે એક વસ્તુ સર્વે એમાં સંમત છે એવી જણાઈ આવે છે કે જગત ગતિ કરી રહ્યું છે. એ વિષે બધા એકમત છે, પછી તે ઊર્ધ્વગતિ હોય કે અધોગતિ, વક્રગતિ હોય કે સીધીગતિ, સર્વ પ્રકારની ગતિઓનો ખીચડો હોય કે હીંચકગતિ હોય, પણ જગત ગતિમાન છે ને રહેશે એની કોઈથી ના પાડી શકાતી નથી !

આ ગતિ એ ક્યા પ્રકારની છે તે હું શોધી શકીશ એમ હું માનતો હતો - કોઈ વખત હજી પણ મારાથી માની જવાય છે. પરંતુ હજી એનો નિર્ણય હું કરી શક્યો નથી. કેટલીક વસ્તુમાં જગત અકુંઠિત ગતિએ પ્રગતિ સાધી રહ્યું છે. તો કેટલીક બાબતમાં અધોગતિની ખીણમાં તે જોસભેર ગબડી રહ્યું છે.

માનવજીવનમાં દુર્ભાગ્યે એક એવો સમય પણ આવે છે, જ્યારે બાલ્યકાળ પૂરો થતાં, અભ્યાસનો અંત આવતાં ને કેટલીક વાર પરણી લીધા પછી, 'હવે મારે શું કરવું?' એવો વિચાર એને આવવા લાગે છે. ધીરે ધીરે એ વિચાર વધતો જાય છે. ને પછી એ નોકરી શોધવા માંડે છે. એક રળિયામણી રાતે મને એ વિચાર આવ્યો, ને બીજા દિવસના ઘોર પ્રભાતે હું નોકરી શોધવા ચાલ્યો.

આ બાબતમાં ઉતાવળ કરવી સારી નહિ, અનુભવીઓની પહેલાં સલાહ લેવી વધારે યુક્ત છે, એમ માની હું મારા વકીલમિત્રને મળ્યો :'તું શી સલાહ આપે છે ? હું એલ. એલ.બી. થઈને વકીલાત કરું?'

'અરે ! ભાઈ, ના'. મારા વકીલમિત્ર બોલ્યા :'વકીલાતનો ધંધો કરી તું પાંચ-દસ વર્ષ સુધી તારા ઘરનું ભાડું પણ ચૂકવી શકશે એમ તું ધારતો હશે તો તે તારી ભૂલ છે. એના કરતાં તો કોઈ બીજો ધંધો શોધી કાઢ'.

એ પછી હું એક વેપારીને મળ્યો ને એની સલાહ પૂછી :'ભાઈ, વેપાર અત્યારે કોનો ચાલે છે કે તમારો ચાલશે ? હમણાં તો ઘાટીને પગાર આપવા જેટલી પણ કમાણી નથી'. તેણે કહ્યું.

વેપારનો વિચાર માંડી વાળી હું મારા ઓળખીતા શૅરદલાલને મળ્યો ને શૅરબજારમાં દલાલ થવાની ઈચ્છા એમના સમક્ષ દર્શાવી. 'બાપા, પૈસા મૂકી ગયા હોય ને લોકોના ઘોંઘાટ સાંભળવા બજારમાં આવવું હોય તો ખાસ ખોટું નથી. પણ એમાંથી કાંઈ પેદા કરી જવાની આશા રાખતો હોય તો તું ભીંત ભૂલે છે'. એમણે જણાવ્યું.

એમને ત્યાંથી નિરાશ થઈને હું પાછો ફરતો હતો એવામાં રસ્તામાં મારો એક શિક્ષકમિત્ર મળ્યો.

થોડીઘણી વાતચીત કર્યા પછી મેં એને કહ્યું:'હું કોઈ નિશાળમાં શિક્ષક તરીકે દાખલ થવા માંગું છું. તો મને જગા મળે કે નહીં ?'

'મુંબઈનો દરિયો બધો પુરાઈ ગયો ?' એણે મને કહ્યું.

'ના, કેમ ?' મેં ચકિત થઈ પ્રશ્ન કર્યો.

'દરિયામાં સમાઈ જવાય એટલાં પાણી હોય તો પછી શાળામાં દાખલ થવાનો વિચાર કરવો એ મૂર્ખતા છે'.

પછી હું એક મારા ઓળખીતા પત્રકારની ઑફિસે ગયો ને મને તંત્રીખાતામાં કે ખબરપત્રી તરીકે પણ રાખી લેવાની વિનંતી કરી.

'પત્રકાર થવાની ઈચ્છા આ પહેલી જ વાર થઈ આવી કે પહેલાં પણ થતી?' એણે પૂછ્યું.

'કોઈ કોઈ વાર એવી ઈચ્છા થતી ખરી'. મેં જવાબ વાળ્યો.

'એમ? ત્યારે રોગ વ્યાપી ગયો જણાય છે'.

'શું?'

'એ એક જાતની ઘેલછા છે. પત્રકાર થવાની ઈચ્છા એ એક પ્રકારના ગાંડપણની નિશાની છે. અને હવે તમને એવી ઈચ્છા થઈ આવે ત્યારે ઘરમાં કોઈ હોય તો તેને કહેજો કે તમને અંધારી ઓરડીમાં પૂરી રાખે ને ત્રણચાર દિવસ સુધી ભૂખ્યા રાખે. એવા સખત ઉપાય વિના એ રોગ અટકવો મુશ્કેલ છે'.

'મજાક નહિ, હું ખરું કહું છું'.

'હું મજાક નથી કરતો. એણે જણાવ્યું'. પણ કોઈને પત્રકાર થવાની સલાહ આપી શકું એમ નથી. તમે મારા મોટામાં મોટા દુશ્મન હોત તો કદાચ એવી સલાહ આપત. તમે પરણેલા છો ખરું ને?' અચાનક એણે પ્રશ્ન પૂછ્યો.

'હા, કેમ?' મેં પૂછ્યું.

'ત્યારે જો તમારી એ કોડભરી હોંસીલી ને પ્રેમાળ પત્ની માટે તમને જરા જેટલો પણ પ્રેમ હોય - અરે! એને માટે પાળેલા પશુ જેટલી પણ દયા હોય તો હવેથી વર્તમાનપત્રો ને માસિકોની ઑફિસ જે મહોલ્લામાં હોય તે મહોલ્લામાં પણ પગ ન મૂકતા ! મારા મિત્ર જાણીને આ સલાહ આપું છું'.

આવા અનેક અનુભવને અંતે મને માલુમ પડ્યું કે દ્રવ્યોપાર્જન ને ધંધાની બાબતમાં જગત અધોગતિ સેવી રહ્યું છે.

ડૉકટરો, વકીલો, દલાલો, મોચીઓ, હજામો, ક્લાર્કો વગેરે સર્વેને પૂછી જોતાં માલૂમ પડે છે કે ધંધામાં પ્રતિદિન વધારે ને વધારે મંદતા આવતી જાય છે. ડૉકટર હજામની ઈર્ષા કરે છે, હજામ વકીલની અદેખાઈ કરે છે, વકીલ મોચીનો ધંધો લીધો હોત તો સારું એમ માને છે. મોચી દલાલ થવાની આકાંક્ષા રાખે છે. દલાલ પોતે માસ્તર ન થયો તેથી શોકાર્ત થાય છે. માસ્તર ગાડીવાળાને

પોતાનાથી વધુ ભાગ્યશાળી માને છે. ગાડીવાળો મિલમજૂર થવાનાં સ્વપ્નાં સેવે છે. મિલમજૂર પોતાને મિલમાલક ન બનાવ્યો માટે ઈશ્વરને દોષ દે છે. મિલમાલિક લેખકનો ધંધો ઠીક માને છે. અને લેખક અડધી રાતે લેખ પૂરા કરી, બધાંના ઊંઘી જવા પછી પોતાના હીણકમાઉ ધંધા માટે આંસુ સારતો ઓસીકું ભીંજવે છે. ખરેખર, જગત પ્રગતિ કરી રહ્યું છે એમ માનનારા હજી જીવતા કેમ રહ્યા છે તે સમજાતું નથી.

ટિપ્પણ :

ક્રમશ = ધીમે ધીમે, **પતનશીલ** = પતન તરફ જતો, નીચે ને નીચે ઊતરતો, **રસોઈયો** = ભોજન બનાવનાર, **માતેલું** = મસ્તીમાં આવવું, **કંતાયેલું** = ક્ષીણ થયેલું, દુર્બળ, **પ્રજાપતિ** = કુંભાર, **કહ્યાગરું** = સામી વ્યક્તિ જે કહે તે કરે ને માને, **નિરુદ્યમી** = આળસુ, ઉદ્યોગ ધંધા વગરનું, **સામ્યવાદી** = ભાંગફોડ કરવાવાળા, **અકુંઠિત** = અટક્યા વિના, **રળિયામણું** = અતિ સુંદર, **ભીંત ભૂલવું** = માર્ગ ચૂકવો, અવળે રસ્તે ચડી જવું, **ઘેલછા** = ગાંડપણ, **કોડભર્યું** = ઈચ્છા રાખનારું, **દ્રવ્યોપાર્જન** = પૈસા કમાવા બાબત, **અધોગતિ સેવી રહ્યું છે** = અધોગતિ કરી રહ્યું છે, **અદેખાઈ** = ઈર્ષા, **ઓસીકું** = માથા નીચે રાખવાનો તકિયો, **હીણકમાઉ ધંધો** = જે ધંધામાં કોઈ ખાસ આવક ન હોય તેવો ધંધો, **પૂરું કરવું** = (કાર્ય) પૂર્ણ કરવું.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. મનુષ્ય સ્વાભાવિકરૂપે પ્રગતિપારાયણ છે. શા માટે ?
2. પહેલાના અને આજના હજામોમાં શો તફાવત છે ?
3. વૃદ્ધ અને જુવાન પ્રજાપતિ ગધેડાઓ માટે કેવો મત ધરાવે છે ?
4. લેખકની નજરે દ્રવ્યોપાર્જનની બાબતમાં જગત અધોગતિ કરી રહ્યું છે. શા માટે ? બે ઉદાહરણ સાથે સમજાવો.

5. લેખકની નજરે કોણ કોની ઇર્ષા કરે છે ?શા માટે?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ આપી સમજાવો.

1. 'એ મતભેદનાં રંસછાંટણાં અવિદ્વાનો ને જુદા જુદા ધંધાદારીઓને ઊડ્યા વિના રહ્યાં નથી'.
2. 'હવે તો રહ્યા છે માત્ર ભેંસમૂંડા'.
3. 'ગોધાઓ પણ હવે તો ગ્રેજ્યુએટ થઈ ગયા છે'.
4. 'દરિયામાં સમાઈ જવાય એટલાં પાણી હોય તો પછી શાળામાં દાખલ થવાનો વિચાર કરવો એ મૂર્ખતા છે'.
5. 'પત્રકાર થવાની ઇચ્છા એ એક પ્રકારના ગાંડપણની નિશાની છે'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. જગત ગતિમાન છે અને રહેશે
2. નોકરી બાબત વ્યવસાયીઓનો વિચાર

પ્ર.4. હાસ્ય સાહિત્યમાં જ્યોતિન્દ્ર દવેનું સ્થાન વર્ણવો.

પ્ર.5. નીચે આપેલા વિષય પર નિબંધ લખો.

શિક્ષકની નોકરી - એક લાચારી

આજનું શિક્ષણ

ભાષાભ્યાસ :

પ્ર.6. અ: નીચે આપેલા અર્થ માટે એક શબ્દ આપો.

1. જે ભોજન બનાવવામાં પારંગત છે તેને ભોજન ..... કહેવાય.
2. જે આપણું કહ્યું માને તેને ..... કહેવાય.
3. જે આળસુની જેમ બેસી રહે તેને ..... કહેવાય.

4. અટક્યા વિનાની ગતિ એટલે ..... ગતિ.

5. પૂર બહારમાં શોભતી રાત એટલે ..... રાત.

બ: શબ્દપ્રયોગનો અર્થ બતાવી વાક્યમાં ઉપયોગ કરો.

1. ભીંત ભૂલવું 2. હીણકમાઉ ધંધો

ક: 'પૂરવું' ક્રિયાપદની સાથે જતા જુદા જુદા અર્થના શબ્દપ્રયોગો બનાવી તેનો વાક્યમાં ઉપયોગ કરો, જેનો અર્થ છે ભરવું, અટકાયતમાં રાખવું, પૂરું પાડવું વગેરે.

દા.ત. રંગોળી પૂરવી

દિવાળીમાં લોકો આંગણામાં રંગોળી પૂરે છે.

ડ: નીચે આપેલાં વાક્યોમાં શબ્દપ્રયોગોની સાથે જતાં ક્રિયાપદોનું યોગ્યરૂપ લખો.

1. નોકરોને પગાર ..... જેટલી પણ કમાણી નથી.
2. દરેક બાબતોમાં અનુભવીની સલાહ ..... વધારે હિતાવહ છે.
3. શું, પહેલાં પણ પત્રકાર થવાની ઈચ્છા ..... હતી.
4. મેં તેને ખબરપત્રી તરીકે રાખી લેવાની વિનંતી .....

- - - - - -

વિશેષ વાંચન :

જ્યોતિન્દ્ર દવેના હાસ્યલેખો જે 'રંગતરંગ' માં ગ્રંથસ્થ છે તે વાંચો.

* * *

રેવાને તીરે

ભોળાભાઈ પટેલ (જન્મ : 1934):

ભોળાભાઈ શંકરદાસ પટેલ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના સોજા ગામના વતની છે. તેઓએ ગુજરાત યુનિવર્સિટીમાં હિન્દીના પ્રાધ્યાપક તરીકે સેવા આપી હતી. ગુજરાતી ઉપરાંત બંગાળી, અસમિયા, ઉડિયા, હિન્દી વગેરે ભારતીય ભાષાઓના તેમ જ પાશ્ચાત્ય સાહિત્યના તેઓ સારા અભ્યાસી છે. 'વિદિશા, પૂર્વોત્તર, કાંચનજંઘા, રાધે તારા ડુંગરિયા પર' ઈત્યાદિ પ્રવાસગ્રંથો તેઓએ આપ્યા છે, એમના પ્રવાસનિબંધોમાં પ્રાસાદિક શૈલી જોવા મળે છે, તથા જે તે સ્થળનાં ઈતિહાસ-ભૂગોળની સંસ્કાર-સંસ્કૃતિની સજીવ છબિ સ્પષ્ટરૂપે ઝિલાતી જોવા મળે છે.

પ્રસ્તુત નિબંધમાં લેખકે રેવાના સૌંદર્યનું સુંદર વર્ણન કર્યું છે. એમાં રેવાનું, નર્મદા નદીનું વિવિધરંગી જીવંત સ્વરૂપ છલકતું જોવા મળે છે. રેવાનું ધાર્મિક માહાત્મ્ય, એને લગતા પૌરાણિક ઉલ્લેખો અને નર્મદાયોજનાની વાત એની સાથે વણી લેવામાં આવી છે. ભાષા કાવ્યાત્મક હોવાથી અને ચિત્રાત્મક શૈલીને કારણે આ નિબંધ વાચકોને આકર્ષિત કરે છે.

નર્મદાને કાંઠે આવ્યા પછી એનું બીજું નામ રેવા જ બોલવાનું મન થાય છે. રેવા બોલતાં એક આત્મીયતા અનુભવાય છે. જાણે એ નામથી નર્મદાનું ગૌરવાન્વિત પુરાણપ્રસિદ્ધ રૂપ પ્રકટે છે. ગુજરાતની 'જીવાદોરી' નર્મદા એવું વારંવાર સાંભળવા મળે છે. નર્મદા પર બંધ બંધાશે ત્યારે લાખો એકર જમીનમાં સિંચાઇ થશે. રાજસ્થાનની મરુભૂમિને પણ એના પાણીનો લાભ મળશે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તો ખરાં જ, અને ગુંજરાત તો નર્યો હર્યોભર્યો મુલક બની જશે. ઠેર ઠેર નર્મદાયોજનાની કારવાઈ ચાલે છે. વડોદરામાં એ માટે નર્મદાભવન બંધાય છે. નર્મદાને, એટલે, હવે પછી થનારા તેના પાણીના ઉપયોગથી જુદી પાડીને જોઈ શકાશે નહિ.

આ લખતાં લખતાં કાગળ પરથી જરા નજર ઊંચી કરું છું તો, સામે જ રેવા વહી રહી છે. એ જોતાં જ આંખને ટાઢક વળે છે. આ જરા પેલી બાજુ

ઓરસંગ નદી આવીને રેવાને મળે છે. આ રમ્ય પવિત્ર સંગમ પાસેના એક પાન્થ-આવાસમાં રેવાને જોતો જોતો આ લખું છું અને લખતાં લખતાં રેવાને જોઉં છું. જે લખું છું તે પણ રેવા જ છે, જે જોઉં છું તે પણ રેવા જ છે.

સવારની વેળા છે. આજે આકાશ જરા ગોરંભાયું છે. વાતાવરણમાં ભીનાશ છે. તેમાં હેમંતની શીતળતા ભળી છે. અહીંથી રેવાનો પ્રવાહ એકદમ આનંદ આપનાર બની રહે છે. એ રીતે પાછું કહેવું પડે, કે એ 'નર્મદા' - નર્મ કહેતાં આનંદ એટલે કે આનંદાત્રી છે.

ચાણોદ, કરનાળી કાંઠેનો રેવાનો આ પ્રવાહ કાશીતલવાહિની ગંગાનો પ્રવાહ જાણે જોઇ લો. બન્નેય નયનરમ્ય. પણ ના ; કાશીમાં ગંગા ઉત્તરવાહિની બને છે, અહીં રેવા દક્ષિણવાહિની છે. પરંતુ કાશીતટે ગંગા બીજત્રીજના ચંદ્ર જેવી જે બંકિમ છટા ધારણ કરે છે, તેવી, બલકે તેનાથી વધારે કામ્ય અને કમનીય બંકિમતા રેવા અહીં ધરાવે છે.

રેવાને કાંઠેથી ગંગાને સ્મરું છું. ગંગાના એ કોલાહલભર્યા ભીડભર્યા અનવરત ગુંજરિત ઘાટ ક્યાં અને ક્યાં આ શાંત વિરલ-અવરજવર ચાણોદનો ઘાટ? અહીંથી તો એવું જ લાગે છે: દૂર નદીના પ્રવાહમાં એક સઢ ચઢાવેલી પનાઈ સરે છે. પરમ સ્તબ્ધતાનો એ બોધ કરાવે છે. હું એક જાતની સભર નીરવતાનો અનુભવ કરું છું.

પણ કૂદતી ઊછળતી જતી હોય તો જ ને આમ તો 'રેવા' કહેવાય ! કેમ કે રેવાનો અર્થ જ થાય છે કૂદતી, ઠેકડા ભરતી. એ રૂપમાં એટલે ખરેખરી 'રેવા'ના રૂપમાં જોઈ છે. આ પણે વહી જતાં એનાં વારિ તો સુપ્ત લાગે છે, પણ મધ્યપ્રદેશની સૈકાઓ પ્રાચીન રાજધાની મહેશ્વર પાસે આવા એક હેમંતના દિવસે પોતાના બૃહત્ ધીર ગંભીર પ્રવાહને સહસ્ત્ર ધારાઓમાં વહેંચી દઈ પથ્થરો વચ્ચે માર્ગ કરતી, પથ્થરો પર અફળાતી, કૂદતી જતી રેવાની દોરડાં કૂદતી કિશોરીસહજ ચંચળતા જોઈ છે.

આમ જ એ અમરકંટકના પહાડોમાંથી નીકળે છે ત્યારથી ઘણે સ્થળે કૂદતી, ભૂસકા મારતી ચાલે છે. કપિલધારા અને જબલપુર પાસે ધુંઆધારના ભૂસકા તો જાણીતા છે, ગુજરાતની ભૂમિ પર સૂરપાણનો. રેવાની તેરસો કિલોમિટરની જાત્રામાં તેનાં અનેક રૂપો જોવા મળે. ક્યાંક ઊંચા પહાડો વચ્ચેથી વહેતી હોય, ક્યાંક ગાઢ આદિમ અરણ્યો વચ્ચેથી, ક્યાંક બૃહત્ પટમાં વહે કે ના

વહેનો ભાસ કરાવતી વિપુલ જલૌધ બની રહી હોય તો ક્યાંક સાંકડી વાટમાંથી સવેગ ધસતી હોય. એક હરણી એને કૂદી જાય.

ગઈકાલે પનાઈમાં બેસીને આખો દિવસ મૈયાના ઉછંગમાં વિતાવ્યો હતો. ધુમ્મસભીની સવારથી આછી ઊતરતી સાંજ સુધીમાં કેટલી વિભિન્ન રેવાની મુદ્રાઓ જોઈ ! સવારમાં ચમકતાં બેડાંવાળી પનિહારીઓથી ચાણોદનો ઘાટ કવિતા બની ગયો હતો. એ ઘાટ છોડ્યા પછી થોડીવારમાં તો વિશાળ જલૌધ જોતાં હોય એવું લાગ્યું. પાણી હલે કે ચલે ! અમારા નાવિક છન્નાલાલને પૂછ્યું કે અહીં પાણી કેટલું ઊંડું છે. તો કહે - અહીં તો જાણે તળિયું જ નથી. ચારપાંચ વાંસની વિસાત જ નહિ. આ તો છે બોડિયો ધરો. અહીં કાયમ ઊંડાં પાણી રહે છે.

બોડિયા ધરાનાં સ્થિર પાણી પરથી અમારી પનાઈ સરકતી હતી. પ્રવાહની દિશાની તો ખબર જ ન પડે. ઊંડાં પાણી વધારે શાંત હોય એ કહેવતને વાચ્યાર્થમાં તો પ્રમાણી પણ પછી ધરાના વિસ્તારમાંથી બહાર નીકળતાં કલકલ વહેતી નદીનો અનુભવ થયો. એટલામાં કરજણ નદી અને રેવાનો સંગમ આવ્યો. કોણ જાણે અત્યાર સુધી પડી ગયેલો પવન હવે એકાએક ઊપડ્યો. અમારી નાવે જેવો સઢ ખોલ્યો કે તે પવનથી ભરાઈ ગયો અને પછી તો ડોલતી ડોલતી હોડી જે ઊપડી છે, જે ઊપડી છે !

આકાશમાં અને ધરતી પર તડકા-છાંયડાની રમત ચાલે. નદીના બન્ને કિનારાના ઘાટ પર પ્રાચીન તીર્થો આવે. પનાઇને કાંઠે લાવી ઊતરી તીર્થસ્થળોનાં દર્શન કરતાં જઈએ. ગામ આવતાં નદીના ઓવારા જીવતા બની જાય. ઢોર-ઢાંખર નદીમાં નાહવા પડ્યાં હોય, બેડાં ભરાઈ ભરાઈને ગામમાં જતાં હોય. વળી પાછા માત્ર નદી અને આપણે. હજારો વર્ષોથી રેવા આમ વહેતી આવે છે, એવું વિચારતા આખો ભૂતકાળ વર્તમાનમાં જીવંત થઈ ઊઠે.

સિન્ધુ નદીની સંસ્કૃતિ કરતાં નર્મદાખીણની સંસ્કૃતિ પુરાણી માનવામાં આવે છે. પાષાણકાલીન અવશેષો નર્મદાને કાંઠેથી મળી આવે છે. જો કે ઋગ્વેદમાં નર્મદાના નામનો ઉલ્લેખ નથી મળતો. કદાચ આર્યો ત્યાં સુધી પહોંચ્યા જ નહિ હોય ; પણ પછી શતપથ બ્રાહ્મણમાં 'રેવાની ઉત્તરે' એવા શબ્દો આવે છે.

સૂર્યવંશના રાજાઓએ નર્મદાના કિનારે માહિષ્મતી નામની નગરી

વસાવી હતી. સહસ્ત્રાર્જુનની વાત પણ આ નદી સાથે સંકળાયેલી છે. એકવાર તેણે પોતાના હજાર હાથોથી નર્મદાના પ્રવાહને રોકવાનો પ્રયત્ન કરેલો !

રેવા ઉત્તરાપથ અને દક્ષિણાપથ વચ્ચેની વિભાજક રેખા બની રહી છે. રેવાની સાથે પણ પુષ્કળ ધર્મમાહાત્મ્ય જોડાયેલું છે. ગંગાનાં પાણીમાં તો સ્નાન કરવાથી મોક્ષ મળે, નર્મદાનાં પાણીનાં તો દર્શન કરવા માત્રથી જ. બીજી કોઈ નદીની નહિ, માત્ર નર્મદાની પરકમ્માની મહત્તા આપણા ધર્મમાં ગણાવાઈ છે. એનાં દર્શનથી મોક્ષ તો મળે ન મળે, નર્મ, મુદા-આનંદ તો આ ક્ષણે જ મળે છે, અહીં બેઠાં બેઠાં.

અમારી પનાઈ સતી અનસૂયાને આરે નાંગરી. અહીં સ્નાન કરવાનો આનંદ તરુણ અવસ્થામાં એક વાર લીધેલો. કાલે ફરી એવો અવસર મળ્યો હતો. એમ થાય કે આ પાણીમાંથી બહાર જ ન નીકળીએ. માએ સર્વ અંગે આશ્લેષમાં લીધા હતા.

અહીં જ્યાં જઈએ ત્યાં સને 1970માં નર્મદામાં આવેલા પ્રલયંકારી પૂરની વાત કર્યા વિના ન રહે. આપણને બતાવે - 'આટલે સુધી પાણી આવી ગયાં હતાં !'- એ સાંભળી રેવાના રૌદ્ર રૂપનું સ્મરણ થાય અને ધ્રૂજી જવાય.

અનસૂયા તીર્થથી ચાણોદ પાછાં જતાં વચ્ચે વ્યાસબેટ અમને મોહ પમાડી ગયેલો. બેટની બંને બાજુએ થઈ દ્વિધાવિભક્ત રેવા વહેતી હતી. જાતજાતના સુંવાળા પથરા અને રેતનો આ બેટ રહી પડવા કહેતો હતો. પણ અહીં તો આ બધા કંકર એટલા શંકર ! મારા સાથીઓને તો અહીંના પથરાઓનું ઘેલું લાગી ગયેલું. પથ્થર વીણે જ જાય. બેટ પર મહાપૂરે ધ્વંસ કરેલી કેટલીક ધર્મશાળાઓ જોઈ.

સાંજે પવનમાં તોફાન હતું. અમારી હોડીનો સઢ ફાટી ગયો ! પાણીમાં ચાંચલ્ય વધી ગયું હતું. હોડી વધુ ને વધુ ડોલવા લાગી હતી. પેલો બોડિયો ધરો, જે જતી વેળા તો એકદમ શાંત હતો, તે હવે ઉન્મત બની સમુદ્રની જેમ મોજાં ઉછાળતો હતો ! જરા 'બીક' લાગી ગઈ. પણ રસ્તે આવતાં તીર્થોનાં દર્શન તો ક્યાં જ.

કરનાળી ઊતર્યા ત્યારે આકાશ સ્વચ્છ બનવા લાગ્યું હતું. રેવાના કાંઠા ઉપર સૂર્યાસ્તની અદ્ભૂત શોભા પથરાઈ. રેવાનું આ મનોહર રૂપ લોભાવી

રહ્યું. જાણે એ કહેતી હતી, આજ ચાંદની રાત છે, નીકળી પડો ! ચાંદનીમાં પનાઈવિહારનો વિચાર ન થઈ આવત એવું નથી, પણ અમને અટકાવવા બોડિયા ધરાનું નામ પૂરતું હતું.

રાતે એક વાર ઊઠી ઓસરીમાં આવી ચૂપચાપ વહી જતી રેવાને નિભૃતપણે જોઈ. આ બાજુ પ્રાચીન મંદિરોની આકૃતિઓ અને ઊંચાં વૃક્ષો પણ સ્તબ્ધ બની એક અદ્‌ભુત ભૂચિત્રણાનો કે નદીચિત્રણાનો અંશ બની જતાં હતાં. અહીંથી થોડાં કદમ ચાલી જુવારનું આ ખેતર વટાવું તો તરત નદીકાંઠે પહોંચી જાઉં તેમ હતું. રાતે તો નહિ, પણ આજે વહેલી સવારે જ્યારે ગાઢ ધુમ્મસમાં નદીના બન્ને કાંઠા ડૂબી ગયા હતા અને જુવારની લીલી પાણેઠો ઝાકળથી ભીની બની ગઈ હતી ત્યારે નદીની પાસે પહોંચી ગયા વિના રહેવાયું નહિ.

નર્મદાની પરકમ્મા કરવાનો વિચાર કેટલાંક વરસોથી મનમાં રમે છે. જોઈએ મૈયાનો હુકમ ક્યારે થાય છે.

અત્યારે તો રેવા સામે એનાં દર્શન થાય તેમ આ પાંથ-નિવાસમાં બેઠાં છીએ. અહીંથી સામેનો લીલોછમ કિનારો, આ તરફનો કાચો ઘાટ, ઓરસંગની ઊંચી ભેખડો, દૂર પ્રવાહ પર સરી જતી હોડીઓ - બધું ચિત્રાત્મક લાગે છે. ઉપર શ્વેત વાદળો વચ્ચે આકાશનો નીલ રંગ ડોકાય છે અને આંખમાં ફરફરે છે દૂરનાં મંદિરોના શિખર પરની ધજાઓ. પ્રવાહની પેલી બાજુનું રેતનું વિસ્તીર્ણ ભાઠું તો ત્યાં બેસવા બોલાવે છે.

એક હોડી ફરી રેવાના પટ પર સરકી આવે છે. તે જાણે રેવાના પટ પર નહિ, મારા ચિત્તના પટ પર સરે છે, કે પછી હું જ એ હોડી છું અને રેવાના પટ પર વહેવા લાગું છું !

('કાંચનજંઘા')

ટિપ્પણ :

આત્મીયતા = આત્મીયપણું એટલે કે પોતાપણું, **ગૌરવાન્વિત** = ગૌરવભર્યું, **જીવાદોરી** = જીવનના આધારરૂપ, જેનાથી જીવન ટકી શકે તે, **મરુભૂમિ** = રણપ્રદેશ, **નર્યો** = બિલકુલ, **ઠેર ઠેર** = જગ્યા જગ્યાએ, **કારવાઈ** = કામકાજ, **ટાઢક** = ઠંડક, શાંતિ, **પાન્થ આવાસ** = મુસાફરોને રહેવા માટેનું

સ્થળ, ધર્મશાળા, **ગોરંભાવું** = વાદળાંથી આકાશ ઘેરાઈ જવું, **આનંદાત્રી** = આનંદ આપનારી, **કાશીતલવાહિની** = કાશી પાસે વહેતી, **બંકિમ છટા** = વાંકી શોભા, **કમનીય** = સુંદર, **કામ્ય** = સુંદર, **અનવરત** = ગુંજરિત સતત અવાજવાળું, **પનાઈ** = હોડી, **નીરવતા** = શાંતિ, **પણે** = ત્યાં, પેલે ઠેકાણે, **સુપ્ત** = સૂતેલું, (અહીં શાંતના અર્થમાં), **બૃહત્** = મોટું, વિશાળ, પહોળું, **આદિમ અરણ્યો** = પુરાણાં જંગલો, **જલૌઘ** = પાણીનો પ્રવાહ, **ઉછંગ** = ખોળો, **ધરો** = પાણીનો ઊંડો ખાડો, **વિસાત નહિ** = ગણતરી નહિ, **વાચ્યાર્થ** = સ્થૂળ અર્થ, શબ્દની અભિધાશક્તિથી નીકળતો મૂળ અર્થ, **સઢ** = હોડી પરનું કપડું જેમાં પવન ભરાવાથી હોડીને ગતિ મળે છે, **ઓવારો** = કિનારો, નાહવા ધોવાનો ઘાટ, **પાષાણકાલીન** = પથ્થરયુગનું, **વિભાજક** = બે ભાગને જુદા પાડનાર, **પરકમ્મા** = પરિક્રમા, નદીના મૂળથી મુખ સુધી આવરી લઈને, પરિભ્રમણ કરવું તે. જે કરવાથી પુણ્ય મળે છે, **નાંગરવું** = થોભાવવું, **આશ્લેષ** = આલિંગન, બાથમાં લેવું તે, **રૌદ્રરૂપ** = ભયંકર સ્વરૂપ, **નિભૃતપણે** = ચૂપકીથી, કોઈ ન જાણે એ રીતે, **ભૂચિત્રણા** = જમીન પરનાં ચિત્રો, **વિસ્તીર્ણ** = વિસ્તાર પામેલું, પથરાયેલું, **ભાઠું** = નદીકાંઠાની રેતાળ જમીન, **સંકળાયેલું** = જોડાયેલું.

નોંધ :

સહસ્ત્રાર્જુન :

કાર્તવીર્ય સહસ્ત્રાર્જુન. માહિષ્મતીમાં એની રાજધાની હતી એવું કહેવાય છે. કાર્તવીર્ય સહસ્ત્રાર્જુનના હજાર હાથ પરશુરામે કાપી નાખ્યા હતા એવી પૌરાણિક કથા છે. કહેવાય છે કે સહસ્ત્રાર્જુને એકવાર પોતાના હજાર હાથોથી નર્મદાના પ્રવાહને રોકવાનો પ્રયત્ન કર્યો હતો.

સ્વાધ્યાય

પ્ર.1. **નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. નર્મદાને ગુજરાતની જીવાદોરી તરીકે કેમ ઓળખવામાં આવે છે ?
2. પાઠને આધારે નર્મદા અને રેવા એ નામની સાર્થકતા સમજાવો.

3. લેખકને હોડીના પ્રવાસ દરમિયાન શું શું જોવા મળ્યું ?
4. રેવા અને ગંગાની તુલના કરો.
5. સાંજે લેખકની હોડીની શી હાલત થઈ?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'એનાં દર્શનથી મોક્ષ તો મળે ન મળે, પણ આનંદ તો આ ક્ષણે મળે જ છે'.
2. 'આપણને બતાવે - આટલે સુધી પાણી આવી ગયાં હતાં'.
3. 'પણ અમને અટકાવવા બોડિયા ઘરાનું નામ પૂરતું હતું'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. નર્મદાયોજના
2. રેવાનું ઉગમસ્થાન
3. રેવાનું ધર્મમાહાત્મ્ય

પ્ર.4. નદીઓને માતા સાથે સરખાવવામાં આવે છે - તે બાબત ચર્ચા કરો.

પ્ર.5. નદીનું રૌદ્રરૂપ - તે વિશે નિબંધ લખો.

ભાષાભ્યાસ:

પ્ર.6. અ : નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

ટાઢક, કમનીય, બૃહત્, કાંઠો,
વેળા, સહસ્ત્ર, અવસર, પુરાણી

બ: નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો.

સુંવાળું, અહીંથી, લીલોછમ, રૂપ,
વધવું, ઊતરવું, ગાઢ, ભીનું

ક: નીચે આપેલાં વાક્યો બીજી કઈ રીતે કહી શકાય.

1. અહીં તો જાણે તળિયું જ નથી.
2. હોડી જે ઊપડી છે, જે ઊપડી છે !
3. આ બેટ રહી પડવા કહેતો હતો.

ડ: કૌંસમાં આપેલા ક્રિયાપદનો ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો.

1. કરનાળી ઊતર્યા ત્યારે આકાશ સ્વચ્છ બન્યું. (લાગવું)
2. રેવાનું આ મનોહર રૂપ લોભાવતું હતું. (રહેવું)
3. ગુજરાત હર્યોભર્યો મુલક બનશે. (જવું)
4. તોફાનને કારણે અમે ધર્મશાળામાં રોકાયા. (પડવું)
5. હજારો વર્ષોથી રેવા આમ વહે છે. (આવવું)
6. તે પાણીમાં માછલીની જેમ તરે છે. (આવડવું)

- - - - - -

વિશેષ વાંચન:

'કાંચનજંઘા' પ્રવાસવર્ણન વાંચો

* * *

ચોપડાની ઈંદ્રજાળ

ચંદ્રકાંત પંડ્યા : (જન્મ : 1920)

ચંદ્રકાંત જેઠાલાલ પંડ્યા ચરોતરના છે. હાલ નવસારીમાં રહે છે. તેઓ નિવૃત્ત શિક્ષક છે. હાલ તેઓ પત્રકારત્ત્વ સાથે સંકળાયેલા છે. સ્વાતંત્ર્યની ચળવળમાં એમણે સક્રિય રીતે ભાગ લીધો હતો. "બાનો ભીખુ, સુદામે દીઠી દ્વારામતી અને ઘડીક સંગ શ્યામ રંગનો" તેમનાં પુસ્તકો છે.

પ્રસ્તુત અંશ "બાનો ભીખુ" આત્મકથામાંથી લેવામાં આવ્યો છે. આ અંશમાં શાહુકાર દ્વારા થતા શોષણનો તાદશ ચિતાર આપ્યો છે. જીવલાનાં અજ્ઞાન અને કંગાલિયત હૈયું વલોવી નાખે એવાં છે. ભીખુનો પશ્ચાતાપ, ઊંડી સંવેદનશીલતા અને અન્યાય પ્રત્યેનો આક્રોશ આપણને સ્પર્શી જાય છે. લેખકની શૈલી ધારી અસર ઉપજાવે છે, જેને કારણે પ્રસ્તુત અંશ હૃદયસ્પર્શી બન્યો છે.

ત્રણેક દાયકા પહેલાંની આ વાત છે. ત્યારે શાહુકારો ગરીબ અને અજ્ઞાન રાનીપરજ ખેડૂતોનું શોષણ કરતા હતા. ઋણરાહતનો ત્યારે કોઈ કાયદો નહોતો. તેમાં દેશી રાજ્યમાં તો આવા શોષણખોરોને ઘી-કેળાં હતાં. રાજા અને અમલદારોના જુલ્મનેય ચઢી જાય એવી આ શરીફ ડાકુઓની લૂંટ ગરીબ પ્રજાનાં હાડમાંસને ચૂંથવામાં જરાય અરેરાટી નહોતી અનુભવતી. કચડાયેલી પ્રજાનો કોઈ ધણીધોરી નહોતો. રાંકડી, ભોળી, લંગોટિયા પ્રજા મૂંગાં ઢોર કરતાં બદતર જીવન જીવતી. ઢેફાં સાથે ઢેફાં જેવાં એ, અરે, ઢેફાં કરતાં પણ વધુ જડતાભર્યું એમનું જીવન ! ઉજ્જડ જમીનમાં થોડું ઘણું પકવે, તેમાં રાજા, અમલદાર, ધગડુ, તલાટી, ભૂવો અને શાહુકાર સૌનો લાગો. પ્રસંગે બધું કામ પડતું મૂકી બધાની વેઠ કરવા એ બંધાયેલો. ગુલામથી પણ બદતર એ જીવે ને ઊજળા ભણેલા લોકો એની લાચારીનો લાભ ઉઠાવે. સત્તર પંચા પંચાણુંનું ગણિત ગણનાર શાહુકાર તો રજવાડાંના શાહુકારો કરતાં વધારે સારો ગણાય. એના ચોપડાની ઇંદ્રજાળ એવી કે એની સાત પેઢી પણ ઋણમાંથી કદી મુક્ત ન થઇ શકે.

મારા પિતાજીને શાહુકારી કરી પૈસા કમાવવાનો કીમિયો કોઈ ભાઈબંધે

બતાવેલો. એટલે લોભે લોભે ખેતી સાથે ધીરધારનો ધંધો પણ કરતા. ધરમપુરની ઉત્તર બાજુની પ્રજા દક્ષિણ વિભાગની પ્રજા કરતાં થોડી સુધરેલી. ઉત્તર વિભાગમાં દૂબળા, ઘોડિયા અને નાયકા કોમ રહે. પિતાજીને "હાઉકાર" કહીને જ સૌ બોલાવે.

પિતાજીનું મૃત્યુ થયું. જમીન ગણોતે ખેડનાર કે તેની દેખભાળ કરનાર કોઈ રહ્યું નહિ. એટલે અમે મૂળ શેઠને સોંપી દીધી. હવે ગુજરાનના સાધન તરીકે દૂઝણું ને પિતાજીની ઉઘરાણી બે જ રહ્યાં. વિધવા બાને માથે બે નાના દીકરા, એક નાની દીકરી, ઉપરાંત ત્રણ પરણેલી બહેનોના વ્યવહાર સાચવવાની બધી જ જવાબદારી હતી. એક નાનું ખેતર બાપુજીને નામે હતું. તે બહુ ઉપજાઉ નહિ. એટલે નાની બહેનનાં લગ્ન વખતે આર્થિક સંકડાશને કારણે વેચી દેવું પડ્યું. બા બિચારી રાત-દિવસ ઢોરવૈતરું કરે, કદી જંપીને ન બેસે. કોઇને ત્યાં જરૂર પડ્યે રાંધી આપે, ત્યારે માંડ બે ટંક રોટલા મળે. બાપુજી શાહુકારીનો ધંધો કરતા, પણ ઘરમાં ભાગ્યે જ કશી બચત મૂકી ગયેલા. એટલે કુટુંબનો બોજો એકલે હાથે ઊંચકતાં તો બાને નવનેજાં પડ્યાં.

દીકરામાં હું મોટો એટલે ચૌદ વરસની ઉંમરે ગામડે ઉઘરાણી કરવા બા મને મોકલે. દેણદારો પ્રામાણિક પણ ખેતીનાં વર્ષો એક પછી એક એવાં ખરાબ આવે કે લેણદારોને રોકડ કશું આપી ન શકે. ક્યારેક થોડુંઘણું આપે, એ તો અમારા કુટુંબને આપદા ન પડે એટલા ખાતર. પોતે પેટે પાટા બાંધી આછુંપાતળું ખાઈને પણ જે મળે તે વ્યાજ પેટે ભરી જતા.

ધરમપુરથી પાંચેક માઈલ દૂર મરઘમાળ ગામે રાનીપરજ કોમના જીવલા નામના ખેડૂત પાસે અમારું લેણું નીકળે. કાઠાં વર્ષોમાં જીવલાની સ્થિતિ બહુ કપરી થઇ ગયેલી. પૈસા તો જે મળે તે આપે, પણ બાપુના મૃત્યુ પછી વર્ષોવર્ષ લાકડાં, ડાંગર, કઠોળ, ગૉળ, કેરી, શાકભાજી, ઢોર માટે ઘાસ ને એવું કંઇ ને કંઇ વ્યાજપેટે ભરે. વર્ષ ગમે તેવું નબળું પડ્યું હોય તોય "હાઉકારનાં પોયરાંને આપદા ની પડવી જોઇએ" એ ભાવનાથી કંઇક તો આપવું જ જોઇએ એવું માનતો જીવલો દાનતનો શુધ્ધ !

બાપુજી જીવતા ત્યારે જીવલો અવારનવાર ઘેર આવતો. મારા ઉપર પુષ્કળ પ્રેમ. તેની સાથે કોઇક વાર તેનો પુત્ર ગોવિંદ પણ "હેર" જોવાની લાલચે આવે. લંગોટી ને મેલું જીર્ણ ડગલું એ એનો પોશાક. જીવલો જુવાનીમાં પણ

ખખડી ગયેલો, હાડપિંજર જેવો. તો એનો પુત્ર ગરીબડો, અર્ધનગ્ન દશામાં ખુદ દરિદ્રતાને પણ શરમ આવે એવો કંગાલિયતના પ્રદર્શન જેવો ! જીવલાના કુટુંબની આવી કરુણ દશા છતાં તેની અજ્ઞાન વફાદારી મૂક સાક્ષી જેવો હું માત્ર જોયા કરતો !

બાપુ ગુજરી ગયા પછી બા મને ઉઘરાણીએ મોકલે. મરઘમાળમાં જીવલા ઉપરાંત પણ એક-બે દેણદાર હતા. તેઓ જીવલાની સરખામણીમાં જરા ઠીક હતા. એટલે બાને તેમના પૈસા નિયમિત મળતા.બીજું પરચૂરણ અનાજ મળતું. પણ બાપુના મૃત્યુ પછી જીવલો તદ્દન ભાંગી ગયેલો. પત્ની મરી ગયેલી, તેનું બારમું કરવા માટે વળી બીજો શાહુકાર કરેલો, એટલે જીવલા ઉપર કડક ઉઘરાણી થાય.

રવિવારે સવારે બા મને વહેલો ઉઠાડે ને ઉઘરાણીએ મોકલે. ભાતામાં કોઇવાર સુખડી, તો કોઇવાર શક્કરપારા બનાવી આપે. દિવાળી પછી તો લગભગ દર રવિવારે ઉઘરાણીએ જવાનો કાર્યક્રમ નક્કી જ હોય. નદીમાં નહાવાનું મળે, ઋતુ ઋતુનાં ફળો ખાવા મળે. ચણાનો ઓળો, શેરડી, બોર, કેરી જે મળે તે પેટ ભરીને ખાવાનું અને ઘર માટે પણ લાવવાનું. સાથે બે-ત્રણ મિત્રો હોય એટલે રસ્તો ક્યાં કપાઈ જાય તે ખબર ન પડે.

એક રવિવારે એ જ રીતે ઉઘરાણી કરવા જીવલાને ત્યાં મરઘમાળ ગામે જવાનું થયું. સાથે મારા મિત્રો, મહંમદ અને રસિક હતા. બીજે ઉઘરાણી કરવા જવાનું નહોતું. એટલે દસ વાગતાં ઘેર આવી જઇશું, એ ગણતરીએ બાએ કશું ભાતું બંધાવ્યું નહોતું. અમે જીવલાને ઘેર પહોંચ્યા, તો માલૂમ પડ્યું કે જીવલો કામ અંગે કશે બહાર ગયો હતો. અમે ગોવિંદને પૂછ્યું કે જીવલો ક્યાં ગયો છે? એ ક્યારે આવશે? તો ગોવિંદે એની ભાષામાં જણાવ્યું, "કોથે ગોયલો ઓહે તે ખબર ની, પણ બારેક વાગતાં આવી પુગહે". એટલે સમયનો સદુપયોગ કરવા અમે એના ખેતરમાં ઊપડ્યા. બોરડી ઉપરથી સરસ મજાનાં મીઠાં રાંદેરી બોર પાડ્યાં, ખાધાં ને ગજવાં ભર્યાં. મરચીના છોડ ઉપરથી મરચાં, તો રીંગણી ઉપરથી રીંગણાં તોડીને થેલી ઠાંસી ઠાંસીને ભરી. ગોવિંદે બાવળનાં દાતણ કાપી આપ્યાં તે લીધાં, નદીમાં નાહ્યા ને જીવલાની ઝૂંપડીએ આવ્યા ત્યારે જીવલો આવી ગયો હતો. તેણે પૂછ્યું, "ભીખલા, બપોર થૈ ગ્યા, કંઈ ખાધું કે ભૂયખો જ? ડોહાડીએ હું બાંધી આયલું છે?" મેં કહ્યું કે અમે તરત પાછા જવાના હતા

એટલે ભાતું નથી લાવ્યા. હવે તો ઘેર જઈને ખાશું. જીવલો કહે, "પોયરા, ભૂયખો તો ની જ જવા દેમ. દાળ ચોખા આપું તે ખીચડી બનાવી લાખ?". ખીચડી કે દાળભાત મને બહુ ભાવે નહીં, ને એ કડાકૂટ કરે કોણ? એટલે ના પાડી, પણ જીવલો એમ શાનો માને? "ભીખલાને હીરો બી ભાવે" એમ કહી ગોવિંદને મોકલી, ક્યાંકથી ગાયનું પાશેર ઘી મંગાવ્યું. મોટી દીકરી પાસે ચોખા દળાવ્યા. થોડો ગૉળ કાઢી આપ્યો. ત્રણ પથ્થર મૂકી ચૂલો બનાવ્યો. પછી કાંસાના તાંસળામાં લાકડાના તવેથાથી આવડે એવો શીરો મેં બનાવ્યો. જીવલો કેળનાં પાન કાપી લાવ્યો. ગોવિંદે થોડા કાંદા સમારી આપ્યા. અને અમે ત્રણ જણા શીરો ખાવા બેઠા. પ્રેમનો શીરો, એનો આનંદ વળી ઓર જ હોય છે. અમે ધરાઇને ખાધું. રસિકે ઓડકાર ખાઇને સંતોષ વ્યક્ત કર્યો. થોડો આરામ કરી અમે જવા નીકળ્યા તે પહેલાં જીવલાને પૂછ્યું, "જીવલા, થોડાક પૈસા આપશે કે?" "પૈહાની જોગવાઈ તો હમણાં ની થવાની" એમ જીવલાએ લાચારી વ્યક્ત કરી. એટલામાં ગોવિંદ વાડામાંથી વાલોર ને રીંગણાં લઇ આવ્યો. પણ અમારી થેલી તો ભરેલી હતી, એને મૂકવાં ક્યાં ? મેં જીવલાને એકાદ થેલી હોય તો આપવા કહ્યું ત્યારે જીવલો કહે, "બોડીને ત્યાં વળી કાંહકી કેવી?" જ્યાં ત્યાંથી ફાટેલો કટકો શોધી આપ્યો, તેમાં રીંગણાં, વાલોળ બાંધ્યાં અને અમે ચાલી નીકળ્યા !

તે રાતે મોડે સુધી ઊંઘ ન આવી. જીવલાના જ વિચાર આવ્યા કર્યા. એક બાજુ જીવલાનો પ્રેમ ને બીજી બાજુ તેની કારમી ગરીબાઈ યાદ આવ્યાં. એનું પેલું વાક્ય, "બોડીને તાં વળી કાંહકી કેવી?" ઘડી ઘડી યાદ આવ્યા કર્યું. રાત આખી અજંપામાં ગાળી. હું શોષણખોર છું, બોડી જેવી જીવલાની દુર્દશા કરનાર હું જ છું, એવો ભાવ જાગ્યો. શીરો જમતા હતા ત્યારે જીવલાનાં નાગુડિયાં ને પેટમાં વેંત વેંત ખાડા પડેલા નાનાં છોકરાં કેવું ટીકીટીકીને જોઈ રહ્યાં હતાં, તે દૃશ્ય ખડું થયું. ભણવાગણવાની અને રમવાની ઉંમરે કોઈ ગોવાળિયામાં જતો, કોઇ ખેતરમાં ચાર કાપતો કે બળતણ માટે લાકડાં કાપતો. કોઇ શેઠિયાને ત્યાં શાહુકારી પેઠે વેઠે કરતો, ત્યાં હું બીજો શાહુકાર બેઠો બેઠો શીરો ખાતો હતો! એનાં છોકરાનાં મોંનો કોળિયો મેં જ ઝૂટવ્યો હોય એમ મને લાગ્યું. ને તે પણ ઓછું હોય તેમ બે થેલીઓ ભરીને શાકભાજી લઇ આવ્યો ! મારી જાત ઉપર મને તિરસ્કાર આવ્યો.

સવારે બાને પૂછ્યું, "બા, જીવલાનું દેવું ક્યારે પૂરું થશે?એ બિચારો તો

કેટલો ગરીબ છે, શી રીતે દેવું ભરી શકશે?" બાએ ગુસ્સે થઈને કહ્યું, "ફોગટ થોડું આપે છે? મૂળાનાં પતીકાં જેવા રૂપિયા રોકડા કાઢીને આપ્યા છે". મારે ગળે એ વાત ન ઊતરી.

વરસ દિવસ પછી જ જીવલો ફસલ લઈને આવ્યો હતો. ગાડું છોડી પછેડીમાં બાંધી લાવેલો નાગલીનો રોટલો, ઓટલે બેસીને ખાતો હતો. બાએ અથાણું ને થોડી દાળ આપ્યાં હતાં. એને ઘેર મને શીરો જમવાનો હક; જ્યારે મારે ઘેર એ પોતાનું ખાવાનું ઓટલે બેસીને ઓશિયાળાની જેમ ખાય? એ વિરોધાભાસ મને ખૂંચ્યો. હું ત્યારે દસમા ધોરણમાં ભણું. બા બહાર પાણી આપવા આવી હતી. એટલે મારા તરફ આંગળી ચીંધી જીવલાએ બાને પૂછ્યું, "બામણી, પોયરો તો હાવ ચુહાઇ ગીયો. કંઈ ખાવાનું આપતી છે કે?" "ઘણુંય ખાય છે, પણ શરીર ક્યાં વળે છે?" બાએ જવાબ આપ્યો. હું એ બંનેની વાતચીત સાંભળતો ત્યાં બેઠો હતો. બા પૈસા માટે તકાદો કરતી હતી. જીવલો એનું દુ:ખ રડતો હતો.

બા ગઈ એટલે મેં જીવલાને પૂછ્યું, "બાપુજીએ તને કેટલા રૂપિયા ધીર્યા હતા?" જીવલાએ અતિશયોક્તિ વિના બધી વાત કહી. જીવલો મૂળ કોઈની ગણોતે ખેતી કરે. તે ખેતર વેચાતું લેવા તેણે બાપુ પાસે રૂપિયા ત્રણસો વ્યાજે લીધેલા. બેત્રણ વર્ષમાં પૈસા વસૂલ કરશે એવી શ્રધ્ધા. પણ વર્ષ એક પછી એક ખરાબ આવ્યાં. રોકડ બહુ નહોતો આપી શક્યો. મેં ચોપડામાં જોયું, તો વ્યાજનું વ્યાજ ચઢીને રૂ. 1500/- લેણા નીકળતા હતા. બાપુના મૃત્યુ પછી હિસાબનું કામકાજ દાસકાકા કરી આપતા. ત્રણ વર્ષ પછી નવું ખાતું પાડવાનું હતું. આજે તેના પર અંગૂઠો પાડવા જીવલો આવ્યો હતો.

વર્ષોવર્ષ ફસલ ભરી જાય. શાકભાજી, લાકડાં, ઘાસ, ગૉળ આપી જાય, તે બધું મફતમાં! ચોપડે રોકડા રૂપિયા સિવાય કશું જમે ન થાય. આવે ત્યારે બાનું થોડુંઘણું કામ પણ કરી જાય, છતાં જીવલો હાઉકારનો જનમોજનમનો ઋણી ! પૈસા ખોટા કરવાની જરાય દાનત નહિ, "તારા પૈહા દૂધે ધોઈને આલવાના" એવી પ્રમાણિકતા. એ જીવલો રાતદિવસ કાળી મજૂરી કરે, તોયે એનાં છોકરાં ભૂખે મરે. આટઆટલું આપવા છતાં ત્રણસોના પંદરસો શી રીતે થયા તે સમજવા જેટલી તેનામાં બુધ્ધિ તો શાની હોય? "શાહુકારનો ચોપડો જૂઠું થોડું વાંચે?" એવો એનો વિશ્વાસ !

આવી અંધ વફાદારીને વરેલા, શોષિત દરિદ્રનારાયણની કરુણ દશા જોઈને મારું હૃદય દ્રવી ઊઠ્યું. મુદ્દલ કરતાં કેટલુંય વધારે એ આપી ચૂક્યો હતો, છતાં પેલા શાહુકારના રાતા ચોપડામાં દેવું પાંચગણું બોલતું હતું. અને આજે દાસકાકા ફરી હિસાબ કરશે, ત્યારે તો એ ક્યાંય વધીને ઊભું રહેશે! જીવલો તો શું, એની સાત પેઢી પણ દેવું ચૂકવી ન શકે એવી ચોપડાની ઈંદ્રજાળ હતી. હૃદય રડી ઉઠ્યું. આદર્શ ગાંધીવાદી જીવન જીવું છું એવા ખ્યાલો માત્ર દંભ લાગ્યા. અને બા હજી તો, હાં, હાં, કરે ન કરે તે પહેલાં જીવલાના દેખતાં, ગરીબોનું લોહી ચૂસી રક્તવર્ણ બનેલા એ શાહુકારી ચોપડાનાં પાનાં મેં ચીરી નાખ્યાં! જીવલાને કહ્યું, "જા, તું હવે અમારા લેણામાંથી છૂટો!" બા તો ચિડાઈ ગઈ, "મૂઆ, અક્કરમી, હવે ખાજે મારું શકોરું. પૈસા કમાતાં તને શું જોર પડ્યું હતું? મોટો ગાંધી મહાત્મા ન જોયો હોય તો!".

ટિપ્પણ :

ઈંદ્રજાળ = છળકપટ, **દાયકો** = દસકો, **ત્રણેક દાયકા પહેલાંની** = (અહીં) ભારત દેશ સ્વતંત્ર થયા તે પહેલાંની, **ઋણ** = દેવું, **રાનીપરજ** = રાન પ્રદેશમાં વસતી આદિવાસી જાત, **અરેરાટી અનુભવવી** = જરા પણ દુ:ખ ન થવું, **ધણીધોરી નહોતો** = કોઈ માલિક કે રક્ષક નહોતો, **કચડાયેલી** = ગરીબીથી પાયમાલ થયેલી, **રાંકડી** = ગરીબડી, **બદતર** = વધારે ખરાબ, ધગડુ = પોલીસ, **લાગો** = હક, **વેઠ** = વગર પૈસાનું વૈતરું (કામ), **વેઠ કરવી** = મરજી વિરુધ્ધ ફરજિયાત પૈસા વિનાનું વૈતરું, કામ કરવું, **હાઉકાર** શાહુકાર, **સત્તર પંચા પંચાણુંનું ગણિત** = છેતરપિંડીવાળો હિસાબ, **કીમિયો** = યુક્તિ, **ધીરધાર** = વ્યાજે પૈસા આપવા તે, **ગણોતે ખેડનાર** = બીજાની જમીન ઉપરના ઉત્પન્નમાંથી ભાગ આપી ખેતી કરનાર, **દુઝાણું** = દૂધ આપતું ઢોર, **ઉઘરાણી** = લેણાની વસૂલાત, **આર્થિક સંકડાશ** = પૈસાની તંગી, મુશ્કેલી, **ઢોરવૈતરું કરવું** = પ્રાણીની જેમ મૂંગે મોઢે ખૂબ કામ કરવું, **માંડ** = જેમતેમ, મુશ્કેલીથી, **સાફ થઈ જવું** = ખલાસ થઈ જવું, **સોંઘારત** = સસ્તાઈ, **નવ નેજાં પડવાં** = ઘણી મુશ્કેલી પડવી, **દેણદાર** = દેવા પેઠે આપનાર, **આપદા** = મુશ્કેલી, **ખાતર** = માટે, **પેટે પાટા બાંધવા** = ભૂખ્યા રહેવું, **આછું પાતળું ખાવું** = જેવું તેવું ખાવું, થોડુંઘણું ખાવું, **કાઠાં વર્ષ** = ખરાબ વર્ષ,

કઠણાઈનાં વર્ષ, **કપરું** = મુશ્કેલ, **નબળું વર્ષ** = ખરાબ વર્ષ, **પોયરાં** = છોકરાં **ખખડી જવું** = જીર્ણ થવું, અશક્ત દેખાવું, **કોથે ગયેલો** = ક્યાં ગયેલો, **ની** = નહિ, **પુગહે** = પહોંચશે, **ઠાંસી ઠાંસીને ભરવું** = દાબી દાબીને ભરવું, **ડોહાડીએ** = ડોશીએ, **આયલું** = આપ્યું, **લાખવું** = નાંખવું, **કડાકૂટ** = માથાકૂટ, **બૌ** = બહુ, **પૈહા** = પૈસા, **નાગુડિયાં** = નાગાં નાનાં બાળકો, **પેટમાં ખાડા પડવા** = ખાવાનું ન મળવાને કારણે પેટ ઊંડું ઉતરી જવું, **ટીકીટીકીને જોવું** = એકીટકે જોવું, **કોળિયો ઝૂંટવી લેવો** = ખાવાનું લઈ લેવું, **ઓશિયાળાની જેમ** = કોઈના ઉપકાર નીચે દબાયેલો હોય તેમ, **વાત ગળે ન ઉતરવી** = વાત સમજમાં ન આવવી, **ફસલ** = કાપણી માટે તૈયાર થયેલો પાક, **હાવ** = સાવ, તદ્દન, **ચૂહાઈ** = ચૂસાઈ, **ચૂસાઈ જવું** = અસક્ત થવું, નબળું પડી જવું, **શરીર વળવું** = શરીર સારું થવું, **તકાદો** = કડક ઉઘરાણી, **નવું ખાતું પાડવું** = દર ત્રણ વર્ષે ધિરાણ રદ ન થાય તે માટે ફરીથી નવું ખાતું ખોલવું, **શોષિત** = શોષણનો ભોગ બનેલા, **રક્તવર્ણા** = લાલ રંગના, **દરિદ્રનારાયણ** = ગરીબના રૂપમાં પરમેશ્વર, **ચીરી નાખવું** = ફાડી નાખવું, **શકોરું** = માટીનું મોટું વાટકા જેવું પાત્ર કે જે ભીખ માગવા માટે વપરાય છે. અહીં ભીખ માગતો થઈશ એમ કહેવાનો અર્થ.

નોંધ :

1. બોડીને તાં વળી કાંહકી કેવી ?

આ એક કહેવત છે. જેમાં સામાજિક જીવનનું પ્રતિબિંબ પડે છે. બોડી એટલે માથું મૂંડેલી સ્ત્રી. પહેલાના જમાનામાં વિધવા થતી સ્ત્રીનું કેશવપન કરવામાં આવતું એટલે કે સ્ત્રીનું માથું મૂંડવામાં આવતું. આવી સ્ત્રીને કાંસકી જે વાળ ઓળવા માટે વપરાય છે તેની જરૂર પડતી નહિ. તેથી બોડીને ત્યાં જાવ તો કાંસકી ન મળે.(આજે હવે આ અન્યાયી રિવાજ નિર્મૂળ થયો છે).

2. આ પાઠમાં આદિવાસી બોલીની ઝલક જોવા મળે છે. દા.ત. હેર - શહેર, હાઉકાર - શાહુકાર, આયલું - આપ્યું, ની - નહિ, લાખવું - નાખવું, વગેરે

3. બારમું

સમાજમાં મરનાર વ્યક્તિ પાછળ કર્મકાંડ કરવામાં આવે છે જેમાં બારમે દિવસે ખાસ ક્રિયા કરવામાં આવે છે. તે દિવસે બ્રહ્મભોજન કરાવે છે અને

નાતને પણ જમાડે છે. જેમાં ખાસ કરીને ચુરમાના લાડવા જમાડે છે.

4.ઘી-કેળાં હોવાં :

આ એક રૂઢિપ્રયોગ છે. ગુજરાતીઓ મૂળે શાકાહારી હોવાથી સ્વાસ્થ્યની દૃષ્ટિએ ઘી-તેલનો વધુ ઉપયોગ કરે છે. પણ રોજ તે ખાઈ શકાતું નથી. કારણ કે તે મોંઘું પડે છે. તેથી જેની સ્થિતિ આર્થિક દૃષ્ટિએ સારી હોય તેઓ અને ઘરમાં જ્યારે પૈસેટકે લાભ થતો હોય ત્યારે કેળાંમાં થોડું ઘી અને સાકર નાખીને ખુશી વ્યક્ત કરવા ખાય છે.

આ રૂઢિપ્રયોગ ગુજરાતમાં ખૂબ જ પ્રચલિત છે. જ્યારે કોઈપણ શુભ સમાચાર હોય કે પૈસેટકે લાભ થયો હોય ત્યારે આ·જ રૂઢિપ્રયોગ વાપરે છે.

5. બાંધી મૂઠી લાખની ને ખૂલી ગઈ તો ખાકની:

આ એક કહેવત છે. મૂઠીમાં તમે કંઈ રાખો તો કોઈને દેખાતું નથી પણ ખોલી નાખો તો તે નજરે પડે છે, તેથી પોતાની ઈજ્જત, આબરૂ સાચવી રાખવા માટે આ કહેવત વપરાય છે. ઈજ્જત, આબરૂ સાચવી રાખવા માણસે મૌન ધારણ કરવું પડે છે. સંયમ રાખવો પડે છે. વસ્તુ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી બોલવું પડે છે. પણ જો આ બધી વસ્તુને ભૂલી જાવ અને ગમે તેમ વર્તો તો આબરૂને ડાઘ લાગે છે. તેથી મૂઠી બંધ જ રાખવી હિતાવહ છે.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. રાનીપરજ ખેડૂતોનું શોષણ કેવી રીતે કરવામાં આવતું?
2. જીવલાએ શા માટે દેવું કર્યું હતું ?
3. જીવલાની પરિસ્થિતિ કેવી હતી ?
4. પૈસાને બદલે જીવલો શું શું આપી જતો ?
5. જીવલો શા માટે લેખકને ઘરે આવ્યો હતો?
6. લેખકે ચોપડાનાં પાનાં શા માટે ફાડી નાખ્યાં?

પ્ર..2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'હાઉકારના પોયરાંને આપદા ની પડવી જોઈએ'.
2. 'ભીખલા, બપોર થૈ ગ્યા, કંઇ ખાધું કે ભૂયખો જ ?'
3. 'ભીખલાને હીરો બૌ ભાવે'.
4. 'બોડીને તાં વળી કાંહકી કેવી ?'.
5. 'ફોગટ થોડું આપે છે ? મૂળાનાં પતીકાં જેવા રૂપિયા રોકડા કાઢીને આપ્યા છે'.
6. 'શાહુકારનો ચોપડો જૂઠું થોડું વાંચે?'
7. 'પૈસા કમાતાં તને શું જોર પડ્યું હતું? મોટો ગાંધી મહાત્મા ના જોયો હોય તો !'

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. શાહુકારોની વૃત્તિ
2. જીવલાનું પાત્રાલેખન
3. જીવલાની આર્થિક પરિસ્થિતિ
4. ભીખુની ઉદારતા

પ્ર.4. જીવલાને ત્યાં લેખકની અને લેખકને ત્યાં જીવલાની જે પરોણાગત થઈ તેમાં શો તફાવત હતો ?

પ્ર.5. લેખક હિસાબની વિગતોને ચોપડાની ઈંદ્રજાળ શા માટે કહે છે ?

પ્ર.6. લેખકની બાએ લેખકને શા માટે ગાંધી મહાત્મા કહ્યો?

પ્ર.7. નિબંધ લખો.

1. ગરીબી એક શ્રાપ
2. શાહુકારોની શોષણ નીતિ

ભાષાભ્યાસ :

પ્ર.૪. અ: નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ બતાવી વાક્યમાં પ્રયોગ કરો.

1. ઘી-કેળાં હોવાં
2. નવ નેજાં પાડવાં
3. આઢું પાતળું ખાવું
4. વાત ગળે ન ઉતરવી
5. પેટમાં ખાડા પડવા
6. પેટે પાટા બાંધવા

બ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

દાયકો, રાંકડી, લાગો, કડાકૂટ, વેઠ,
કપરું, પોયરાં, સોંઘારત, આપદા, ખાતર

ક: નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો.

જડતા, ઉજ્જડ, લાભ, સુધરેલું, ઉદાર,
સોંઘારત, લેણદાર, આઢું, ઉઠાડવું, ઓઢું

ડ: મૂળ શબ્દ આપો.

કચડાયેલું, સંકડાશ, સોંઘારત, દેણદાર,
ગણતરી, ગરીબાઈ, ધીરધાર, ઉઘરાણી

- - - - - -

વિશેષ વાંચન :

ચંદ્રકાંત પંડ્યાની આત્મકથા "બાનો ભીખુ" વાંચો.

* * *

સ્ત્રીમુક્તિ

કુન્દનિકા નરોત્તમદાસ કાપડિયા : (જન્મ : 1926)

કુન્દનિકા કાપડિયા નવલકથાકાર અને ટૂંકી વાર્તાનાં લેખિકા રૂપે જાણીતાં છે. "પરોઢ થતાં પહેલાં, અગનપિપાસા, સાત પગલાં આકાશમાં" વગેરે એમની પ્રસિધ્ધ નવલકથાઓ છે. તેમણે આ ઉપરાંત અનુવાદ, સંપાદન અને વિચારાત્મક લેખો પણ આપ્યાં છે. ભાષાની પારદર્શકતા, સચોટતા અને ઉત્તેજક વિચાર તેમનાં લખાણોની વિશિષ્ટતા છે.

પ્રસ્તુત અંશમાં લેખિકાએ સ્ત્રી અને પુરૂષને એટલે કે સમાજને સ્ત્રીમુક્તિ એટલે શું તે સચોટરૂપે સમજાવ્યું છે. આજના બદલાતા યુગમાં બંનેએ સમજદારીથી એકબીજાને સાથ આપી સંસાર ચલાવવાનો છે કારણ કે આજે સ્ત્રી દરેક ક્ષેત્રમાં પુરૂષની જેમ જ પોતાની કાબેલિયત બતાવવા લાગી છે ત્યારે તેની પ્રતિભાને, કાબેલિયતને ન અવરોધતાં પુરૂષે ઘરસંસાર ચલાવવામાં સાથ આપી, કામની વહેંચણી કરી એકબીજાનો વિકાસ કરવામાં સક્રિય રહેવું યોગ્ય ઠરે છે. જો આમ થશે તો જ ઘર સ્વર્ગ બનશે અને સ્ત્રી સમાનતા યથાર્થ પૂરવાર થશે.

સ્ત્રીની સમાનતા એટલે પુરૂષના આધિપત્યનો ઈનકાર - પુરૂષના સાથનો ઈનકાર નહિ. સ્ત્રીને પુરૂષનો અને પુરૂષને સ્ત્રીનો સાથ, એ જીવનમાં પ્રેમ - શક્તિ - આનંદનો સ્ત્રોત છે. આ પ્રેમ ને સંબંધ દ્વારા બંને ઘણું પામે છે. પોતાના કેન્દ્રની સાંકડી સરહદોમાંથી તેઓ બહાર નીકળી શકે છે. સ્ત્રીમુક્તિમાં પુરૂષવિહોણાં જીવનની કલ્પના નથી, પણ પરસ્પર સ્નેહસંવાદ વડે સમૃધ્ધ બનતા જીવનની વિભાવના છે. પણ આવો સંબંધ સમાનતાના પાયા પર જ રચાઈ શકે.

સમાનતા એટલે શું? વારંવાર કહેવાતું હોય છે કે સ્ત્રીઓએ પુરૂષોની સ્પર્ધા ન કરવી જોઈએ. એક અગ્રણી સાહિત્યકારે મને કહેલું : "પુરૂષ અડધી રાતે ગમે ત્યાં જઈ શકે; સ્ત્રી ન જઈ શકે". એક ભાઈએ લખેલું : "સ્ત્રીઓ તો કાલે પુરૂષોને કહેશે કે અમારી પ્રસૂતિ-પીડામાં પણ ભાગ પડાવો!" આ વાક્યમાં

સમાનતાનો અર્થ સમજ્યા વિના તેની હાંસી ઉડાવતું મૂર્ખ માનસ પ્રગટ થાય છે. (માહિતી ખાતર કહું કે કોલીના "મીસ્ટિક રોઝ"પુસ્તક વ્હાઈટ નાઈલ અને ચીની તુર્કસ્તાનમાં પ્રાચીન રાજ્યોમાં ચાલતા "કુવેડ" નામના રિવાજની વાત છે. જેમાં બાળજન્મ વખતે પુરૂષ પણ પથારીમાં સૂઈ પીડાનો દેખાવ કરતો, વેદનાની બૂમો પાડતો, અને એ રીતે પ્રસૂતિપીડા અનુભવવાનો પ્રયત્ન કરતો.)

સમાનતા એ કંઈ સ્પર્ધા નથી. હરિજનોને મનુષ્ય લેખે સવર્ણ ગણાતા લોકોની સમાન ગણવા જોઈએ એમ આપણે કહીએ ત્યારે તેમાં સ્પર્ધાની વાત આવતી નથી. સ્ત્રી કરતાં પુરૂષની સ્નાયુશક્તિ નિર્વિવાદપણે વધારે છે. બંનેની શરીરરચના અને અંશતઃ માનસરચના ભિન્ન છે. સ્ત્રી ગર્ભ ધારણ કરી શકે છે, પુરૂષ નહિ. પણ આ ભિન્નતાને કારણે કોઈ ચડિયાતું કે ઊતરતું કેમ હોઈ શકે? એકને બીજા પર આધિપત્ય જમાવવાનો અધિકાર શી રીતે હોઈ શકે? ગોરાઓ અને કાળાઓ રંગમાં ભિન્ન છે, તેથી શું ગોરાઓને બિન ગોરાઓ ઉપર અધિકાર સ્થાપવાની છૂટ છે?

સમાનતાનો અર્થ એટલો જ છે કે સ્ત્રીને રાજકીય, કાયદાકીય, સામાજિક, આર્થિક, કૌટુંબિક ક્ષેત્રે પુરૂષના જેટલો જ અધિકાર હોવો જોઈએ. તેને બૌધ્ધિક અને અન્ય શક્તિઓનો વિકાસ કરવા માટે પુરૂષના જેટલી જ તકો મળવી જોઈએ. સમાજનું ને કુટુંબનું માળખું એવું હોવું જોઈએ કે શ્રમ અને સંપત્તિમાં બંનેનો સરખો હિસ્સો હોય. આવી મુક્ત હવા ધરાવતા સમાજમાં સ્ત્રી વસ્તુ નહિ, વ્યક્તિ હશે. "પુરૂષ જેમ માત્ર સ્ત્રીના લાભ કે સુખ માટે સર્જાયો નથી, તેમ સ્ત્રી પણ પુરૂષના લાભ કે સુખ માટે સર્જાઈ નથી. ભિન્ન વ્યક્તિત્ત્વ છતાં સરખી શક્તિઓ ધરાવનાર વ્યક્તિઓ તરીકે ઉભયની ગણના થવી જોઈએ".

સ્ત્રીની સલામતીની ઈચ્છાઓ, તેની ગુલામીને થોડાંક સુંદર નામો આપી હોંશેહોંશે અપનાવી લીધી છે. સ્ત્રીની સૌથી મોટી નબળાઈ છે કે સલામતીની ઈચ્છા. એ વસ્તુએ જ તેને સ્વ-નિર્ભર, સ્વતંત્ર, આત્મદીપ થતાં અટકાવી છે. સ્વતંત્ર થવા માટે શક્તિ જોઈએ છે, જવાબદારી જોઈએ છે, વિચારની જાગૃતિ જોઈએ છે. સ્ત્રીને એ ખપતું નથી, કારણ કે તેમાં મહેનત પડે છે. તેને કોઈ પોતાનું રક્ષણ કરે એ વાત રુચે છે. એને માટે તે બધું જતું કરવા તૈયાર છે. પતિ જતાં, સ્ત્રી બીજું બધું હોવા છતાં પોતાને અસહાય અનુભવે છે, તે આ રક્ષણ છીનવાઈ જવાને કારણે જ.

માણસની જે સૌથી મોટી નિર્બળતા, તે જ તેનું સૌથી મોટું બંધન. આથી તેણે મુક્તિ શોધવાની હોય તો અહીં શોધવાની છે. સ્ત્રીએ પોતે પોતાના પ્રયાસોથી પોતાનું ગૌરવ, મૂલ્ય, જીવનસિધ્ધિ પ્રાપ્ત કરવાનાં છે. આવી સ્ત્રીની ઉત્પાદક શક્તિઓનો રાષ્ટ્રને અને સમાજને પૂરો લાભ મળશે તે આખી પ્રજા અને દેશને લાભકર્તા જ છે. આ માટે સામાજિક- કૌટુંબિક માળખાં બદલવાં પડશે. છોકરા-છોકરીઓને નાનપણથી અમુક ચોક્કસ ભૂમિકા માટે તૈયાર કરવાને બદલે સ્વતંત્રપણે પોતાની કારકીર્દિ પસંદ કરવા મુક્ત રાખવાં પડશે. પરણવું કે કારકીર્દિ ઘડવી? સુખી લગ્નજીવન કે વ્યસાયની સફળતા? એવી આકરી પસંદગી સ્ત્રીને કરવાની ફરજ ન પડવી જોઈએ. પુરૂષે પણ પોતાના પૌરૂષી "અહં" માંથી મુક્ત થઈ ઘરકામમાં અને કુટુંબવ્યવસ્થામાં પૂરો ભાગ લેવો પડશે. આવાં માબાપ પછી દહેજ નહિ માગે, કન્યાનું દાન નહિ કરે, સ્ત્રીઓનાં વેશ-શણગાર નામની ઓળખ પુરૂષઆશ્રયી નહિ હોય, કોઈ પુરૂષને ઘરે રહી ઘર સંભાળવું હોય અને કોઈ સ્ત્રીને ટ્રેક્ટર ચલાવવું હોય તો તેમ કરવામાં કશો અવરોધ ન નડવો જોઈએ. અમારા એક મિત્ર ડૉક્ટરને રસોઈ કરવાનો ખૂબ શોખ છે. તે કહે છે "મારે રસોઈયો બનવું જોઈતું હતું તેને બદલે હું ડૉક્ટર થઈ ગયો". આ સાંભળીને પત્ની નાનપ અનુભવે છે. પણ રસોઈયો ને ડૉક્ટર બંનેની જીવવા માટે જરૂર છે. સ્ત્રી અને પુરૂષ બેઉ, બેમાંથી કયું કામ કરવું તે મુક્તપણે પસંદ કરી શકવાં જોઈએ.

છેલ્લે-

કેટલાક લોકોને લાગે છે કે સ્ત્રી સ્વતંત્ર થશે, પુરૂષની જેમ સત્તાલોભી ને સ્વૈરવિહારી બનશે. પશ્ચિમમાં થયું તેવું આપણે ત્યાં બનશે, કુટુંબવ્યવસ્થા તૂટી જશે.

દરેક પ્રજાને પોતાના સાંસ્કૃતિક વારસાનું ગૌરવ હોય છે. એના પર બીજી સંસ્કૃતિનું આક્રમણ ખાળવા તે મથે છે. સમય બદલાયો છે. સતીની પ્રથાથી આપણે ઘણાં આગળ નીકળી આવ્યાં છીએ. હવે ઘર અને કુટુંબ એટલે પુરૂષ કમાય, સ્ત્રી ઘર ચલાવે ને છોકરાં ઉછેરે તે નહિ. હવે ઘર અને કુટુંબ એટલે સ્ત્રી-પુરૂષ, બાળક દરેકને એકમેકનો સમૃધ્ધ સાથ અને દરેકને એ સાથ વડે પોતાની વિશિષ્ટતાઓ વિકસાવવાની સગવડ. પુરૂષ સત્તાલોભી ને સ્વૈરવિહારી હોય તો તે અંગે ઉપાયો કરવા જોઈએ. એને માટે થઈને સ્ત્રીની સ્વતંત્રતા

છીનવી લેવી તે ક્યાંનો ન્યાય? હવે ઘરસંસાર ચલાવવાની જવાબદારી બંનેની છે. પુરૂષ સ્વતંત્ર હોવાથી ઘર જોખમાતું નથી, સ્ત્રી સ્વતંત્ર થતાં શા માટે જોખમાવાનો ભય રાખવો? પરિવર્તન અને થોડી ઉથલપાથલ જરૂર થશે. અન્યાયી, અત્યાચારી પ્રથાઓને લીધે ઘણાં ઘર ટક્યાં છે. થોડાંક ઘર ન્યાય ખાતર કદાચ તૂટે પણ ખરાં. પણ હવે ઘર તૂટશે તો તેમાં બંનેની જવાબદારી ગણાશે. ઘર સુંદર બનશે તો તે બંનેનું સર્જન હશે. પુરૂષો ઉધ્ધત નથી હોતા? કોઈમાં ઉધ્ધતાઇ હોય તો એ તેના વ્યક્તિગત અજ્ઞાન અને અણઘડતામાંથી ઉદ્ભવતી બાબત છે. સ્ત્રી અને પુરૂષ બંને અપૂર્ણ છે, ગુણ ને દોષથી યુક્ત છે. બંને આ સંઘર્ષમાંથી સમજ પામશે અને એકબીજાના સાથમાં વિકાસ સાધી શકશે.

બહારથી લાદેલાં નિયંત્રણો અને વ્યક્તિની પોતાની સમજમાંથી પાંગરતી આંતરશિસ્ત અને સહજસ્ફૂર્ત સ્નેહ પર રચાયેલા સંબંધો- બે તદ્દન જુદી બાબતો છે. વ્યક્તિને પોતાની સમજ ખીલવવાનો, તે અનુસાર જીવન ગોઠવવાનો, જીવનના ઊંડા અર્થોનું ઉદ્ઘાટન કરવાનો અધિકાર છે. સ્ત્રી પુરૂષની પ્રતિસ્પર્ધી નથી કે તેની સ્વતંત્રતાથી પુરૂષ ભય પામે. બન્ને એકમેકના સાથી છે, જીવનયાત્રાએ નીકળેલા સહપ્રવાસી છે. સ્ત્રી મુક્ત નહિ હોય તો બંદી જ રહેશે. આપણા સાથીનો સર્વાંગી વિકાસ થાય તે આપણા જ હિતમાં છે. સમાજમાં જેટલી વધુ વ્યક્તિઓ જાગ્રત, સ્વાયત્ત, વિચારશીલ બને તે સમાજના જ હિતમાં છે. પ્રજાનાઅડધોઅડધ ભાગને અજ્ઞાનમાં, મહત્તવની બાબતોમાં સક્રિય ભાગ ભજવવામાંથી વંચિત રાખીને કોઈ પ્રજા ઉન્નત થઇ શકશે નહિ. આ માટે સ્ત્રી ને પુરૂષ બંને પોતાના વલણો બદલે, પોતાની માની લીધેલી "ઇમેજ" માંથી મુક્ત થાય, સ્ત્રીઓ પોતે સામૂહિક રસોડાં અને બાળસંભાળકેન્દ્રો ઊભાં કરી સ્ત્રીને સહુથી વધુ જકડી રાખતી કામગીરીને સામાજિક જવાબદારીની ભૂમિકા પર મૂકે તો સંબંધોની એક નવી તરાહ ઊભી થશે. આપણે પ્રેમનું ફલક વિસ્તારીએ અને જગતના સર્વ મનુષ્યોને સમાનભાવે જીવવાનો ને સુખી થવાનો અધિકાર છે એમ સ્વીકારીએ તો માનવ ખરેખર માનવ બનશે અને જીવન વધુ જીવવા જેવું લાગશે.

ફક્ત સ્ત્રીએ જ નહિ, આખા સમાજે આ મુક્તિયાત્રા માટે જાગ્રત થવાનું છે.

ટિપ્પણ :

આધિપત્ય = અધિપતિપણું, ઉપરપણું, સ્વામિત્વ, **સ્રોત** = ઝરો, **પ્રવાહ**, **પામવું** = મેળવવું, **વિભાવના** = સંકલ્પના, ખ્યાલ, **માળખું** = બંધારણ, **હોંશે હોંશે** = ઉમંગથી, **સ્વનિર્ભર** = પોતાની ઉપર જ આધારિત, **આત્મદીપ** = પોતાના તેજથી પ્રકાશિત (અહીં) પોતાનાં જ્ઞાન અને શક્તિઓનાં તેજ પાથરતી, **અટકાવવું** = રોકવું, **ખપતું નથી** = જોઇતું નથી, **બધું જતું કરવું** = બધી વસ્તુનો ત્યાગ કરવો, બધું છોડવું, **આકરું** = મુશ્કેલ, **નાનપ અનુભવવી** = ઓછપ, હલકાઈ અનુભવવી, **સ્વૈરવિહારી** = પોતાની ઈચ્છા પ્રમાણે આચરણ કરનારી, **ખાળવું** = અટકાવવું, **તક** = મોકો, **મથવું** = મહેનત કરવી, **જોખમાવું** = નુકસાન થવું, **ઉથલપાથલ** = ગડબડ, **અણઘડતા** = કેળવાયા વગરનું, **યુક્ત** = ભરેલાં, **પાંગરવું** = અંકુર ફૂટવા, **સ્વાયત્ત** = સ્વાધીન, **વલણ** = વૃત્તિ, **તરાહ** = રીત, પ્રકાર, **ફલક** = સપાટ પાટિયું.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. સ્ત્રી-પુરૂષ સમાનતાનો અર્થ સ્પષ્ટ કરો.
2. સ્ત્રી-પુરૂષની સમાનતાની સ્થાપના માટે લેખિકા કયાં સૂચનો કરે છે?
3. લેખિકા સ્ત્રીની સૌથી મોટી નબળાઈ કઈ ગણાવે છે? તેમાંથી તે શા માટે છૂટી શકતી નથી?
4. સ્ત્રી સ્વાતંત્ર્ય મેળવવા સ્ત્રીઓએ શેનો સામનો કરવો પડશે?
5. સ્ત્રી સ્વાતંત્ર્ય મેળવવા માટે લેખિકાએ કઇ કઇ દલીલો કરી છે?

પ્ર.2. નીચે આપેલાં વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'સમાનતા એ કંઇ સ્પર્ધા નથી'.
2. 'પુરૂષ જેમ માત્ર સ્ત્રીના લાભ કે સુખ માટે સર્જાયો નથી, તેમ સ્ત્રી પણ પુરૂષના લાભ કે સુખ માટે ફક્ત સર્જાઇ

નથી'.

3. 'માણસની જે સૌથી મોટી નિર્બળતા, તે જ તેનું સૌથી મોટું બંધન'.

4. 'કોઇ પુરૂષને ઘરે રહી ઘર સંભાળવું હોય અને કોઇ સ્ત્રીને ટ્રેક્ટર ચલાવવું હોય તો તેમ કરવામાં કશો અવરોધ ન નડવો જોઇએ'.

5. 'સ્ત્રી પુરૂષની પ્રતિસ્પર્ધી નથી કે તેની સ્વતંત્રતાથી પુરૂષ ભય પામે'.

પ્ર.3. સ્ત્રી સમાનતા વિશે તમારા વિચારો સ્પષ્ટ કરો.

અથવા

સ્ત્રી સમાનતા વિશે ચર્ચા કરો.

પ્ર.4. **નિબંધ લખો.**

1. સમાજમાં સ્ત્રીનું સ્થાન
2. સમાજને ભક્ષનાર દહેજ

ભષાભ્યાસ :

પ્ર.5. અ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

સ્રોત, પામવું, હોંશેહોંશે, ખાળવું, વલણ,
તરાહ, વિભાવના, આધિપત્ય, તક, સ્વાયત્ત

બ: નીચે આપેલા શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો આપો.

ચડિયાતું, સમાન, બંધન, લાભ,
સગવડ, જવાબદાર, સમજ, ઊંડા

ક: નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં ઉપયોગ કરો.

1. જતું કરવું 2. નાનપ અનુભવવી 3. વંચિત રહેવું

ડ: કૌંસમાં આપેલા અર્થમાંથી યોગ્ય અર્થ નક્કી કરી લખો.

1. **આકરું** (મુશ્કેલ, કઠણ, અસહ્ય, ગરમ સ્વભાવનું)
2. **ખપતું નથી** (વપરાતું નથી, ખતમ થતું નથી, જોઈતું નથી, ગમતું નથી)
3. **મથવું** (વલોવવું, મહેનત કરવું, માથાકૂટ કરવી, મંથન કરવું)

ઈ: વિશેષણને -તા પ્રત્યય લગાવી નામ બનાવો.

દા.ત. સ્વતંત્ર - સ્વતંત્રતા

નિર્બળ, અણઘડ, સ્વાયત્ત, કદરૂપું, કટુ,

સજ્જ, સજ્જન, વિકટ, માર્મિક, સફળ

ઇ: વિશેષણને -પણ પ્રત્યય લગાવી નામ બનાવો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.

દા.ત. નાનું - નાનપણ

ઘરડું, ભોળું, ગાંડું, શાણું, ગળ્યું

- - - - - -

વિશેષ વાંચન :

કુન્દનિકા કાપડિયાનું પુસ્તક "સાત પગલાં આકાશમાં" વાંચો.

* * *

વૈષ્ણવજનનાં લક્ષણો

નરસિંહ મહેતા :

ગુજરાતી ભાષાના આદિકવિ તરીકેનું બિરુદ મેળવનાર ભક્તકવિ નરસિંહ મહેતા પંદરમા શતકના હતા. નરસિંહના હૃદયમાં જન્મજાત સંસ્કારરૂપે ભક્તિભાવના હતી. તેઓએ પદો, પ્રભાતિયાં લખ્યાં છે. તેમની કવિતાનું કીર્તિશિખર છે એમનાં પ્રભાતિયાં. તેમનાં જ્ઞાન વૈરાગ્યનાં પદો પણ ઉચ્ચ કોટિનાં છે. તેઓનાં કેટલાંક પદોમાં સદાચારનો બોધ છે તો કેટલાંકમાં જ્ઞાન વૈરાગ્યની સૂઝ છે. ઘણાં પદોમાં ઈશ્વરના તાદાત્મ્યમાંથી ઉદ્ભવતી મસ્તી છે. તેઓએ ગૂઢમાં ગૂઢ અને વિશાળમાં વિશાળ તત્વજ્ઞાનને રમતાં રમતાં સર્વોચ્ચ કોટિની કવિતામાં ઉતાર્યું છે. આ પદો તેમણે પ્રેમલક્ષણા ભક્તિમાં ગાયાં છે.. તેમની ભાષા સરળ,મધુર અને અર્થગંભીર છે. કોમળ, સરળ, ભાવવાહી શબ્દો તેમના ખાસ ગુણ છે.

વૈષ્ણવજનનાં લક્ષણો :

નરસિંહ મહેતાનું આ ભજન ઘણું લોકપ્રિય છે. મહાત્મા ગાંધીજીએ તેને આશ્રમનાં પ્રાર્થના ભજનોમાં અગ્રસ્થાન આપ્યું હતું. ભજનમાં રહેલો આદર્શ પોતે જીવનમાં ઉતાર્યો હતો. તેથી જ આ ભજન રાષ્ટ્રીય ભજન બની ગયું. ખરો વૈષ્ણવ કોને કહેવાય એના સાદાં છતાં ભવ્ય લક્ષણો કવિએ પ્રસ્તુત કાવ્યમાં જનતા સમક્ષ મૂક્યાં છે.

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે એ ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે... વૈષ્ણવ...
સકળ લોકમાં સહુને વંદે, નિંદા તે ન કરે કેની રે,
વાચ, કાછ, મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે... વૈષ્ણવ...
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે... વૈષ્ણવ...

મોહ, માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય તેના મનમાં રે,
રામનામશું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે... વૈષ્ણવ...
વણલોભી ને કપટરહિત છે, કામક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ ઈકોતેર તાર્યાં રે... વૈષ્ણવ...

ટિપ્પણ :

વણલોભી = લોભરહિત, **કપટ** = છળ, પ્રપંચ, **નિવારવું** = દૂર કરવું, **તાળી લાગી** = લગની લાગી, ધૂન લાગી, તેમાં જ મગ્ન થવું, **કુળ ઈકોતેર તાર્યાં** = પોતાનો ઉધ્ધાર કર્યો એટલું જ નહિ પણ સઘળા પૂર્વજોનો પણ ઉધ્ધાર કર્યો.

નોંધ :

પ્રભાતિયાં:

પદ્યપ્રકાર છે. કોઇ પણ ટૂંકા અને સાદા ગાઇ શકાય એવા ઊર્મિકાવ્યને પદ કહે છે. પ્રભાતિયું પદનો ઉપપ્રકાર છે. તે વહેલી સવારે પ્રભાત રાગમાં ગવાતાં હોવાને કારણે તેને પ્રભાતિયાં કહે છે. તે ભક્તિપ્રધાન હોય છે. જેમાં ઇશ્વરનું સ્મરણ કરવામાં આવે છે. પ્રભાતિયાં ઘણીવાર ઝૂલણા છંદમાં રચાય છે.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. ષડરિપુ કયા કયા છે? કવિ શા માટે તેને દૂર કરવાનું કહે છે?
2. સાચો વૈષ્ણવ કોને કહેવાય?

પ્ર.2. નીચે આપેલી પંક્તિઓ પૂર્વાપર સંબંધ આપી સમજાવો.

1. 'વાચ, કાછ, મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે...'
2. 'રામનામશું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે...'
3. 'ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ ઇકોતેર તાર્યાં રે,,,'

પ્ર.3. એક વાક્યમાં સમજાવો.

1. પીડ પરાઈ જાણે રે
2. નિંદા તે ન કરે કેની રે
3. જિલ્વા થકી અસત્ય ન બોલે
4. દૃઢ વૈરાગ્ય તેના મનમાં રે

ભાષાભ્યાસ :

પ્ર.4. અ: નીચે આપેલા શબ્દોના અર્થ બતાવો.

વાચ, કાછ, આણવું, કેની,
થકી, નવ, ઝાલવું, નિંદા

બ: નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો.

તારવું, ઝાલવું, ઉપકાર, પરાયું

પ્ર.5. આ ભજન સાથે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને શો સંબંધ છે તે વિસ્તારથી સમજાવો.

- - - - - -

વિશેષ વાંચન :

નરસિંહ મહેતાનાં અન્ય પદો વાંચો.

આ જ પ્રકારનાં વૈષ્ણવજનનાં લક્ષણો દર્શાવતાં બીજાં પદો ગુજરાતી ભાષામાંથી શોધી કાઢો.

* * *

જનની

કવિ દામોદર ખુશાલદાસ બોટાદકર :
(જન્મ : 1870 - મરણ : 1924)

કવિ દામોદર ખુશાલદાસ બોટાદકરે નરસિંહરાવ અને ન્હાનાલાલની અસર ઝીલી હતી. તેમનું કાવ્યફલક મર્યાદિત અને સર્જન ઓછા સત્વવાળું હતું. બોટાદકરે ગૃહજીવનના અને ગ્રામ્યજીવનના તળપદા ભાવોને મોહક રીતે ગાયા છે. તેઓ સરળ અને મુગ્ધ પ્રકૃતિના કવિ હતા. તેમનું દૃષ્ટિબિંદુ હંમેશાં ગુણદર્શી રહ્યું છે. દરેક પદાર્થમાંથી મધુર, સુંદર અને સારું તત્વ તેઓ અપનાવતા. તેથી શ્રી વિશ્વનાથ ભટ્ટે તેમને "સૌંદર્યદર્શન"નું બિરુદ આપ્યું હતું.

શ્રી બોટાદકરે "કલ્લોલિની", "નિર્ઝરણી", "રસતરંગિણી", અને "શૈવલિની" જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે. નીચે આપેલું "જનની" અતિમધુર કાવ્ય "રસતરંગિણી" માંથી લેવામાં આવ્યું છે. આ કાવ્યમાં વાત્સલ્યમૂર્તિ માતાનું સુંદર ચિત્ર આલેખાયેલું છે. કાવ્યમાં માતાની સરખામણી ઘણી બધી વસ્તુઓ સાથે કરી તેની મહત્તા ગાઈ છે.

મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ સખી નહિ જડે રે લોલ... જનનીની...
પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે.... જનનીની...
અમીની ભરેલી એની આંખડી રે લોલ,
વહાલનાં ભરેલ એનાં વેણ રે....જનનીની...
હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે.... જનનીની...

દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,

શશીએ સિંચેલ એની સોડ્ય રે....જનનીની...

જગનો આધાર એની આંગળી રે લોલ,

કાળજામાં કૈંક ભર્યા કોડ રે....જનનીની...

ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,

પળના બાંધેલા એના પ્રાણ રે....જનનીની...

મૂંગી આશિષ ઉરે મલપતી રે લોલ,

લેતાં ખૂટે નહિ એની લહાણ રે....જનનીની...

ધરતી માતાયે હશે ધ્રૂજતી રે લોલ,

અચલા અચૂક એક માય રે.....જનનીની...

ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ,

સરખો એ પ્રેમનો પ્રવાહ રે....જનનીની...

વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ,

માડીનો મેઘ બારે માસ રે....જનનીની...

ચળકતી ચંદાની દીસે ચાંદની રે લોલ,

એનો નહિ આથમે ઉજાસ રે....જનનીની...

ટિપ્પણ :

મોરી = મારી, **મધુ** = મધ, **અમી** = અમુત, અહીં, થાય છે પ્રેમ, વાત્સલ્ય, **દોહયલાં** = મુશ્કેલ, **સોડય** = પડખું, બાજુ, પાસું, **કોડ** = મનોભાવ, અંતરની ઇચ્છા, **મલપવું** = ઉમંગથી ઠાઠથી ધીરે ધીરે ચાલવું, **મેહુલો** = વરસાદ, **જુદેરી** = જુદી, **હીર** = પ્રેમ, સત્વ, તેજ, **શશી** = ચંદ્ર, **લહાણ** = લાભ. **ચાકડો** = કુંભારનો ચાક, **આથમવું** = અસ્ત થવું, **ઉજાસ** = પ્રકાશ (અહીં પ્રેમ, મમતા)

નોંધ :

1. કોડ :

કોડ એટલે અંતરના/મનના મનોભાવ કે લાગણી. યુવાનીમાં પ્રવેશતાં જ દરેક યુવક કે યુવતીના મનમાં પરણવાના કોડ જાગે છે. તે મીઠી મુંઝવણ અનુભવે છે. માતાનું સ્થાન પ્રાપ્ત કર્યા બાદ સ્ત્રીના અંતરમાં પોતાનાં સંતાનો માટે સુંદર, મધુર, ભાવો જાગતા હોય છે, જે તેના જીવન માટેનું અમૂલ્ય ભાથું બને છે.

2. લહાણ :

લહાણ એટલે લાભ કે ભેટ. આ શબ્દ પરથી લહાણી શબ્દ બન્યો છે. લહાણીનો અર્થ છે કે ખુશાલીના પ્રસંગે કે શુભાશુભના પ્રસંગે સગાંસંબંધી અને મિત્રોને અપાતી ભેટની વહેંચણી.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.

1. કવિ શા માટે માતાને જગથી જુદેરી કહે છે?
2. કવિએ માતાની તુલના શા માટે ચાકડા સાથે કરી છે?
3. ગંગા નદી સાથે માતાની તુલના કરતાં કવિ શું કહેવા માંગે છે?

પ્ર.2. નીચે આપેલી પંક્તિઓ પૂર્વાપર સંબંધ આપી સમજાવો.

1. 'દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ...'
2. 'મૂંગી આશિષ ઉરે મલપતી રે લોલ ...'
3. 'ધરતી માતાયે હશે ધ્રૂજતી રે લોલ ...'
4. 'ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ ...'
5. 'માડીનો મેઘ બારે માસ રે ...

પ્ર.3. કવિએ માતાની સરખામણી શેની શેની સાથે કરી છે ? ઉદાહરણ સાથે સમજાવો.

પ્ર.4. 'જનની' કાવ્યનો મધ્યવર્તી વિચાર લખો.

પ્ર.5. નીચેના વિષય પર નિબંધ લખો.

1. માતૃ વાત્સલ્ય
2. મારી બા

ભાષાભ્યાસ:

પ્ર.6. કૌસમાં આપેલા અર્થમાથી યોગ્ય અર્થ નક્કી કરી લખો.

1. જડવું (જડાયેલું, મળવું, શોધવું, મેળવવું)
2. દોહ્યલાં (મુશ્કેલ, શંકા, દોહવું, અઘરું)
3. કોડ (પ્રેમ, ભાવ, ઇચ્છા, સ્નેહ)
4. લહાણ (નફો, લાભ, ભેટ, ફાયદો)

બ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

ચળકવું, ઉજાસ, ખૂટવું, મધુ, પળ

ક. નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો.

મીઠું વધવું આથમવું ઉજાસ

- - - - - -

વિશેષ વાંચન:

'જનની' ને લગતાં અન્ય કાવ્યો શોધી, વાંચો.

* * *

3

એક જ દે ચિનગારી

હરિહર પ્રાણશંકર ભટ્ટ : (જન્મ 1895)

"એક જ દે ચિનગારી" કાવ્ય એટલું સરસ છે કે એ રચીને હરિહર પ્રાણશંકર ભટ્ટે કવિગણમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું. આ કાવ્ય પ્રાસાદિક કવિની વિરલ પ્રસાદી જેવું છે. સરળ ભાષા, સુયોગ્ય અલંકાર, છંદ અને રાગ વાચકને પ્રસન્ન કરી દે એવાં છે.

આ કાવ્ય પ્રાર્થના છે. કવિ પ્રભુ પાસે ધનવૈભવ કે સત્તામહત્તા યાચતા નથી. "મહાનલ"રૂપી પરમાત્મા પાસેથી એ તો માત્ર "એક જ ચિનગારી"ની અપેક્ષા રાખે છે. કેવી નમ્ર છતાં ભવ્ય યાચના!.

એક જ દે ચિનગારી

મહાનલ! એક જ દે ચિનગારી,

ચકમક લોઢું ઘસતાં ઘસતાં,

ખરચી જિંદગી સારી,

જામગરીમાં તણખો ન પડ્યો,

ના ફળી મહેનત મારી.

મહાનલ! એક જ દે ચિનગારી...

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો,

સળગી આભઅટારી,

ના સળગી એક સગડી મારી,

વાત વિપતની ભારી,

મહાનલ! એક જ દે ચિનગારી.....

ઠંડીમાં મુજ કાયા ઠઠરે,

ખૂટી ધીરજ મારી,

વિશ્વાનલ! હું અધિક ન માંગું-

માંગું એક ચિનગારી,

મહાનલ! એક જ દે ચિનગારી.....

ટિપ્પણ :

ચિનગારી = તણખો, લાક્ષણિક અર્થ જ્ઞાનરૂપી કિરણ એટલે કે ચેતના, **મહાનલ** = અગ્નિ સ્વરૂપ પરમાત્મા, ચૈતન્યનો, પ્રાણનો અગ્નિ, પંક્તિ 4 થી 7 માં આખી જિંદગી પ્રયત્ન કર્યા પણ મારા જીવનમાં ચેતનાનો સંચાર થયો નહિ.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.

1. કવિને શા કારણે ચિનગારી જોઇએ છે?
2. ચિનગારી મેળવવા કવિએ શું શું કર્યું?
3. કવિની ધીરજ શા માટે ખૂટી રહી છે?

પ્ર.2. નીચે આપેલી પંક્તિઓ પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભ અટારી'.
2. 'ન સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી'.
3. 'ઠંડીમાં મુજ કાયા ઠઠરે, ખૂટી ધીરજ મારી'.

પ્ર.3. કાવ્યનો મધ્યવર્તી વિચાર લખો.

ભાષાભ્યાસ :

પ્ર.4. નીચે આપેલા શબ્દનો યોગ્ય અર્થ નક્કી કરી લખો.

1. **ખરચવું** (વેડફવું, વાપરવું, વહેંચવું, ઉડાવવું)
2. **વિપત** (દુ:ખ, મુશ્કેલી, ચિંતા, ઉચાટ)
3. **ખૂટવું** (ખલાસ થવું, નાશ પામવું, ઓછું થવું, બાકી ન રહેવું)
4. **ચિનગારી** (અંગારો, બળતો કોલસો, તણખો, અગ્નિ)

પ્ર.5. અર્થ સમજાવો અને વાક્યમાં ઉપયોગ કરો.

1. ધીરજ ખૂટવી
2. જિંદગી ખરચવી
3. મહેનત ફળવી
4. વિપતની વાત

- - - - - -

વિશે :

ઘરની પાસે આવું કંઇક માંગતાં અન્ય કાવ્યો વાંચો.

* * *

જય જય ગરવી ગુજરાત

નર્મદાશંકર લાભશંકર દવે :(જન્મ : 1833 મૃત્યુ : 1886)

ગુજરાતી સાહિત્યને અર્વાચીનનો પાસ લગાવનાર કવિ નર્મદને અર્વાચીનોમાં આદ્ય કહ્યો છે. તેઓએ વિષય, પ્રકાર, શૈલી, ભાવના ઈત્યાદિ બાબતોમાં નવપ્રસ્થાનો કર્યાં છે. દેશપ્રેમ, ઉપદેશ, પ્રકૃતિદર્શન, સમાજસુધારા ઇત્યાદિ વિષયો પર કાવ્ય-અંગુલિ ફેરવી છે.

તેઓએ ગદ્યક્ષેત્રે કરેલું અર્પણ પણ એટલું જ સત્ત્વવાળું છે. ગુજરાતી ભાષાના પહેલા નિબંધકાર પણ એ જ છે. પધ્ધતિસરનું આત્મવૃત્તાંત લખવાનો પણ તેઓએ જ સૌ પ્રથમ પ્રયત્ન કર્યો હતો.

પ્રસ્તુત કાવ્યમાં વ્યક્ત થતો વતનપ્રેમ અને ભાવભીનો આશાવાદ આજે પણ આપણને મુગ્ધ કરે છે.

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત !
દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી, પ્રેમશૌર્યઅંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતી સહુને પ્રેમભક્તિની રીત.
ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત !
ઉત્તરમાં અંબામાત,
પૂરવમાં કાળીમાત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુન્તેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ.

છે સહાયમાં સાક્ષાત

જય જય ગરવી ગુજરાત !

નદી તાપી, નર્મદા જોય,

મહી ને બીજી પણ જોય,

વળી જોય સુભટનાં જુધ્ધરમણ ને રત્નાકર સાગર,

પર્વત પરથી વીર પૂર્વજો દે આશિષ જયકર.

સંપે સોહે સહુ જાત,

જય જય ગરવી ગુજરાત !

તે અણહિલવાડના રંગ,

તે સિધ્ધરાજ જેસંગ,

તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત;

શુભ શુકન દીસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત.

જન ઘૂમે નર્મદા સાથ,

જય જય ગરવી ગુજરાત !

ટિપ્પણ :

દીપવું = શોભવું, **ગરવું** = ગૌરવવાળું, મહાન. (સામર્થ્ય, સૌંદર્ય, સત્તા અને બુદ્ધિશક્તિને શોભાવતી વિનમ્રતાને ગરવું કહે છે.), **અરુણું** = રતુમડું (લાલ રંગનું), **ઝળળ** = ઝળહળવું, તેજથી ઝળકતું, **સુભટ** = બહાદુર લડવૈયો, **સોહવું** = શોભવું, **જાત** = જ્ઞાતિ (અહીં દેશમાં વસતાં સમસ્ત પ્રજાજનો), **જુધ્ધરમણ** = આનંદથી ખેલેલાં યુધ્ધો.

નોંધ :

1. અણહિલવાડ :

અણહિલવાડની જાહોજલાલી અને રંગઢંગ ખૂબ ફૂલ્યાં ફાલ્યાં હતાં. એ ગુજરાતનો સુવર્ણકાળ હતો.

2. સિધ્ધરાજ જેસંગ :

સોલંકી વંશનો ગુર્જરપતિ સિધ્ધરાજ જયસિંગ જેણે ખૂબ પરાક્રમો કર્યાં હતાં. આ કાળમાં ખૂબ જાહોજલાલી હતી અને ગુજરાતનો વિકાસ થયેલો હતો. સિધ્ધરાજની રાજકીર્તિ દૂરદૂર ફેલાઈ હતી. આ કાળ સુવર્ણયુગની જેમ ફૂલ્યોફાલ્યો હતો.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. કવિ સંતાનોને શું શીખવવાનું કહે છે?
2. ગુજરાતની રક્ષા કયા કયા દેવો કરી રહ્યા છે?
3. ગુજરાતની કીર્તિનો મધ્યાહ્ન કોનાથી ચઢિયાતો હશે?

પ્ર.2. નીચે આપેલી પંક્તિઓ પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત'.
2. 'તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત'.

પ્ર.3. નીચે આપેલી પંક્તિઓ એક વાક્યમાં સમજાવો.

1. ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમશૌર્ય અંકિત.
2. છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુન્તેશ્વર મહાદેવ.
3. શુભ શુકન દીસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત.

પ્ર.4. ટૂંક નોંધ લખો.

1. કાવ્યમાં રજૂ થતો આશાવાદ / શ્રધ્ધા

ભાષાભ્યાસ :

પ્ર.5. અ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

સોહે, નિજ, ભણવ, અરુણું, દીપવું

બ: નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દ આપો.

ઊંચી, સુંદર, સંપ, શુકન, નિજ

- - - - - -

વિશેષ વાંચન:

1. "દેશભક્તિ"નાં કાવ્યો વાંચો.
2. કવિ ન્હાનાલાલનું કાવ્ય "ધન્ય હો! ધન્ય જ પુણ્ય પ્રદેશ!
   આપણો ગુણિયલ ગુર્જર દેશ". વાંચો.
   (ન્હાનાલાલ મધુકોશ)

* * *

અખાના છપ્પા

અખો : (જન્મ : 1615 - મૃત્યુ : 1674)

અખો, પ્રેમાનંદ અને શામળ મધ્યકાલીન સાહિત્યને સૌથી વિશેષ સમૃધ્ધ કરનાર કવિઓ છે. આ કવિત્રિપુટીમાં જ્ઞાની કવિ અખો કાળક્રમે પહેલો આવે છે. તે જેતલપુરનો સોની હતો. સંસાર પરથી મન ઊઠી જતાં વૈરાગ્ય જાગ્યો. તેઓએ વેદાંતશાસ્ત્રની સ્વતંત્ર આલોચના કરી છે. "અખેગીતા, અનુભવબિંદુ, પંચીકરણ" વગેરે વેદાંતશાસ્ત્રનું વિવરણ કરતાં કાવ્યો છે. આ કાવ્યો આધ્યાત્મિક અનુભવના નિચોડરૂપ છે.

અખાનું આગવું પ્રદાન છે તેના છપ્પા. આ છપ્પા સમગ્ર લોકસમુદાયમાં પ્રચલિત છે. તેઓએ વેધક વાણીમાં ધાર્મિક અને સામાજિક બદીઓ, દંભ, પાખંડતા પર પ્રહાર કર્યા છે. ઘરગથ્થુ મર્માળ ભાષામાં લખાયેલા તેના છપ્પા મર્મ, કટાક્ષ અને વિનોદથી ભરપૂર છે. તેમાંના કેટલાક છપ્પા નીચે આપ્યા છે.

---

1. કામ સકળ હરિથી નીપજે, પણ હરિ શિર પોતે નવ લે રજે,
   જીવ થકી કાંઇ નવ થાય, હું હું થઇ ફોગટ બંધાય,
   શકટ તળે જેમ ચાલે શ્વાન, એમ અખા! ધરવું સૌ માન.

2. ભાષાને શું વળગે ભૂર? જે રણમાં જીતે તે શૂર,
   સંસ્કૃત બોલે તે શું થયું? કાંઈ પ્રાકૃતમાંથી નાસી ગયું?
   બાવનનો સઘળો વિસ્તાર, અખા! ત્રેપનમો જાણે પાર.

3. તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં,
   તીરથ ફરી ફરી થાક્યાં ચરણ, તોય ન પહોતા હરિને શરણ,
   કથા સુણી સુણી ફુટ્યા કાન, અખા! તો ય ના આવ્યું બ્રહ્મજ્ઞાન.

4. એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
   પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન,
   એ તો અખા! બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત?

ટિપ્પણ :

નવ = ના, નહિ, **રજે** = જરા પણ, **ફોગટ** = નકામું, **ભૂર** = વધારે મૂર્ખ, **બાવન** = બાવન અક્ષરો, **તળે** = નીચે, **ત્રેપનમો** = લિપિના બાવન વર્ણથી વર્ણવી ન શકાય તેવો અનુભવ, **ત્રેપન વહ્યાં** = ત્રેપન વર્ષ વીતી ગયાં, **પહોતાં** = પહોંચ્યાં, **ઉત્પાત** = ધમાલ, **શકટ** = ગાડું, **નીપજવું** = થવું

નોંધ :

છપ્પા :

છપ્પા એટલે છ ચરણવાળી ચોપાઇ. નિશ્ચિત માપ પ્રમાણે પહેલાં ચાર ચરણ કાવ્ય છંદના હોય છે. બાકીનાં બે ચરણ દોહરાનાં હોય છે. તેને છપ્પા કહે છે. કવિ શામળના છપ્પા રીતસરના છપ્પા છે જે બોધક છે. તેમાં અખાના જેવી કર્કશ ભાષા અને પ્રહાર નથી. અખાના છપ્પા વેધક છે. તેઓએ સમાજમાં પ્રવર્તતી ધાર્મિક અને સામાજિક બદીઓ ઉપર ઉગ્ર પ્રહારો કર્યા છે. અંધશ્રધ્ધાને દૂર કરવાનો માર્ગ સૂચવ્યો છે. અખાના છપ્પામાં નર્મ હાસ્ય પણ જોવા મળે છે.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. માનવી પોતાના અહમ્‌ને કઈ રીતે પોષે છે?
2. પોતાની ધાર્મિકતાને પોષવા લોકો શું શું કરે છે?

પ્ર.2. નીચે આપેલી પંક્તિઓ પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'શકટ તળે જેમ ચાલે શ્વાન, એમ અખા! ધરવું સૌ માન'.
2. 'બાવનનો સઘળો વિસ્તાર, અખા! ત્રેપનમો જાણે પાર'.
3. 'કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા! તો ય ના આવ્યું બ્રહ્મજ્ઞાન'.
4. 'એ તો અખા! બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત?'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. અખાએ કરેલો કટાક્ષ
2. છપ્પા

પ્ર.4. ધર્મને નામે પળાતા ખોટા આચાર વિચાર પર ચર્ચા કરો.

પ્ર.5. અંધશ્રધ્ધા નિર્મૂલન પર નિબંધ લખો.

ભાષાભ્યાસ :

પ્ર.6. અ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

શકટ, ફોગટ, નવ, તળે, સૂણવું

બ: કૌંસમાં આપેલા અર્થમાંથી યોગ્ય અર્થ નક્કી કરી લખો.

1. **સકળ** (આખા, બધા, ઘણા, સહુ)
2. **રજે** (છતાં પણ, જરા પણ, હજુ પણ, રજ પણ)
3. **સઘળો** (બધો, પૂરો, બધાનો, આખો)
4. **ટેવ** (લત, મહાવરો, આદત, વ્યસન)

ક: નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો.

ઘણા, જીત, પાર, માન

- - - - - -

વિશેષ વાંચન :

અખાએ રચેલા બીજા છપ્પા વાંચો.

* * *

દૂર શું? નજીક શું?

ઉમાશંકર જેઠાલાલ જોષી : (જન્મ : 1911)

ઉમાશંકર જોષીનો જન્મ ઇડર પાસે આવેલા બામણા ગામમાં થયો હતો. સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રે તેમનું મૂલ્યવાન અર્પણ છે. ગુજરાત યુનિવર્સિટી તથા વિશ્વભારતી યુનિવર્સિટીના તેઓ કુલપતિ હતા. કવિતા, વાર્તા, એકાંકી, સંશોધન, વિવેચન, અનુવાદ વગેરે ક્ષેત્રોમાં તેઓએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેઓએ કલ્પનાના ગગનવિહારી ઊડ્ડયનો કરાવ્યાં છે. ભાષા અને શબ્દોની મૃદુતા, ભાવમય રસિકતા તેમને સહજ હતી. તેમની કવિતા પ્રતિભા નૈસર્ગિક છે. તેમના "નિશીથ" કાવ્યસંગ્રહને ભારતીય જ્ઞાનપીઠનો પુરસ્કાર પ્રાપ્ત થયેલો છે. "સાપના ભારા, શ્રાવણી મેળો, અખો એક અધ્યયન, પુરાણોમાં ગુજરાત" વગેરે તેમનાં પુસ્તકો છે.

દૂર શું? નજીક શું? તેમનું કાવ્ય છે. એકવાર હોડીને વહેતી મૂકી, તેના "સઢ ભર્યા, ફૂલ્યા" પછી તેને દૂર શું કે નજીક શું? જેમ જેમ હોડી આગળ વધે તેમ તેમ ક્ષિતિજની પારના, આભના "આગળા ખૂલે" અને નવા નવા અનુભવો થાય - અને હોડીને અટકવુંયે ક્યાં છે? અટકવાનું તો "ધ્રુવ" આવે ત્યારે ને?

છો ને છોડે એ ભૂમિના કિનારા,
ને શહેરના મિનારા,
કે હોડીને દૂર શું? નજીક શું? 3.
એકવાર સઢ ભર્યા ફૂલ્યા,
ને વાયરા ખૂલ્યા,
કે હોડીને દૂર શું? નજીક શું? 6.
સામે આભના તે આગળા ખૂલે,
ને પન્થ નવા ઝૂલે
કે હોડીને દૂર શું? નજીક શું? 9.

એના પહોળા પાલવ દૂર ફરકે,

ને ઝીણું ઝીણું મરકે,

કે હોડીને દૂર શું? નજીક શું? 12.

કૂદી કૂદી દે તારલાને તાળી,

હસંત મતવાલી,

કે હોડીને દૂર શું? નજીક શું? 15.

કદી ઝંઝાને વીંઝણે રમતી,

તુફાને ભમંતી,

કે હોડીને દૂર શું? નજીક શું? 18.

એ તો સરખાં સમોવડાંને ભેટે,

ત્રિકાળને ત્રિભેટે,

કે હોડીને દૂર શું? નજીક શું? 21.

આજે બીજકલા દેખીને ઊપડી,

પૂનમ એની ઢૂંકડી,

કે હોડીને દૂર શું? નજીક શું? 24.

એણે ધ્રુવનું નિશાન ભલું તાક્યું,

બાકી ન કાંઈ રાખ્યું,

કે હોડીને દૂર શું? નજીક શું? 27.

છો ને છોડે એ શહેરના મિનારા,

ને ભૂમિના કિનારા,

કે હોડીને દૂર શું? નજીક શું? 30.

ટિપ્પણ :

હોડી = નાવ, **ગૂઢતા** = જિંદગીમાં કશુંક મહાન અને ભવ્ય ધ્યેય રાખીને કર્તવ્યક્ષેત્રમાં, ઝંપલાવનાર સાહસિક મનુષ્ય, **ભૂમિના કિનારા** = સ્થિરતાવાળી ને સલામતવાળી જિંદગી, **શહેરના મિનારા** = વૈભવ, વિલાસ અને આરામ, **ઝંઝા** = તોફાન, વિઘ્નો

આ દ્વિઅર્થી કાવ્ય છે. જેમાંની અમુક પંક્તિનો અર્થ નીચે આપ્યો છે.

પં. 4 થી 8 : એકવાર ધ્યેય તરફ જવાની ક્રિયા શરૂ થઈને ઉત્સાહ ઊભરાયો કે જીવન પાસે વિશાળ કર્તવ્યક્ષેત્રો ખુલ્લાં થતાં જાય છે. નવા નવા માર્ગો મળતા જાય છે. પં.13 : તો ક્યારેક આકાશના તારા જેટલું ઊંચું પોતાનું ધ્યેય એને હાથવેંતમાં આવી જતું દેખાય છે.

પં.16 : તો ક્યારેક ભયંકર તોફાનમાં, અણધાર્યા વિઘ્નોમાં એ સપડાઈ જાય છે.

પં.19 : એની નજર પાસે તો હોય છે જુદા જુદા દેશોમાં અને જુદે જુદે સમયે થયેલા પોતાના જેવા ભાવનાશીલ સાહસિકો.

પં.22,23: આજે એની પાસે એના કર્તવ્યની રૂપરેખા આછી ને અસ્પષ્ટ છે, પણ એક વખત એ માર્ગ લીધો એટલે એને પૂરું ને સ્પષ્ટ દર્શન થતાં વાર નહિ લાગે.

પં.25: ધ્રુવ : આકાશનો એક તારો. એ પોતાને સ્થાનેથી કદી ખસતો નથી. હોડીએ પોતાની નજર ધ્રુવ પર ઠેરવી છે. મહાન અને નિશ્ચલ ધ્યેય તરફ રાખી છે. એમાં જ બધું આવી જાય છે. સિધ્ધિ મળે કે ન મળે એ જુદી વાત છે. પણ મનુષ્યનું ધ્યેય મહાન અને ઉચ્ચ હોવું જોઈએ. માણસે એને કદી પણ નજર પાસેથી ખસવા દેવું ન જોઈએ.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. હોડીનું ધ્યેય શું છે?

2. હોડીને માર્ગમાં કેવા કેવા અનુભવો થાય છે?
3. નાવિક શા માટે ધ્રુવનું નિશાન રાખે છે?

પ્ર.2. નીચે આપેલી પંક્તિઓ પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'એક વાર સઢ ભર્યા ફૂલ્યા, ને વાયરા ખૂલ્યા'.
2. 'આજે બીજકલા દેખીને ઊપડી, પૂનમ એની ઢૂંકડી'.
3. 'એણે ધ્રુવનું નિશાન ભલું તાક્યું, બાકી ન કાંઈ રાખ્યું'.

પ્ર.3. ટૂંકનોંધ લખો.

1. કાવ્યનો મધ્યવર્તી વિચાર
2. હોડી અને ધ્રુવનો સંબંધ

પ્ર.4. હોડીને દૂર શું? નજીક શું? કાવ્યમાં કવિ માનવને શો સંદેશો આપે છે?

ભાષાભ્યાસ :

પ્ર.5. અ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

વાયરા, પંથ, ફરકવું, ઝંઝા, ઢૂંકડી

બ: નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો.

પહોળું, ઝીણું, પૂનમ, છોડવું

- - - - - -

વિશેષ વાંચન:

ઉમાશંકર જોષીનાં અન્ય કાવ્યો વાંચો.

* * *

જેસલ-તોળલ

ઝવેરચંદ કાલીદાસ મેઘાણી (જન્મ :1897 - મૃત્યુ : 1940)

ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્યની ભાવમયતા અને રસિકતા પ્રકાશમાં આણી. તેઓએ લોકસાહિત્યને કાવ્યસાહિત્યની હરોળમાં મૂકી દીધું. તેઓ લોકસાહિત્યની શોધમાં ગામડે ગામડે ફર્યા. લોકકથાઓ અને લોકગીતોનો ખજાનો ખોલાવ્યો અને તેનો સંગ્રહ કર્યો. અંત:સ્ફૂરણાથી મેઘાણીએ કરેલું આ કાર્ય મહાન સિધ્ધિરૂપ છે. સાહિત્યક્ષેત્રે તેમણે નવલકથા, નવલિકા સાથે વિવેચનમાં પણ કલમ ચલાવી છે. તેમની સામાજિક નવલકથાઓ કુટુંબજીવનની મીઠી સુવાસ ફેલાવે છે.

જેસલ-તોળલ ભાવવાહી સુંદર સળંગ પ્રસંગકાવ્ય છે. જેસલનો પશ્ચાતાપ અને સતી તોળલનું પ્રોત્સાહન મોહક અને હૃદયંગમ છે.

જેસલ જાડેજો મધ્યકાલીન કચ્છનો નામચીન લૂંટારો હતો. પાપ કરતાં એણે કદી પણ પાછું વળીને જોયું નહોતું. એણે કચ્છના એક ગરાસદાર પાસેથી એની પત્ની તોળલદેને માગી લીધી હતી. તોળલ મહાન સતી હતી. જેસલ અને તોળલ હોડીમાં બેસીને દરિયો ઓળંગતાં હતાં. ત્યાં દરિયો તોફાને ચડ્યો. હોડી ડૂબું ડૂબું થઈ ગઈ. ક્રૂર અને ભયાનક લાગતો મરદ જેસલ મીણ જેવો બની ગયો. જ્યારે અબળા તોળલદે ખડક જેવી અડગ રહી. મૃત્યુના ભયથી થરથરતા જેસલને એણે ધીરજ આપી અને પોતાનાં પાપ કબૂલ કરવાનું કહ્યું. કારણ કે કોઈ પાપી બેઠો હોય તો હોડી ડૂબે એવી લોકમાન્યતા હતી. પાપી માટે પોતાનાં પાપમાંથી મુક્ત થવાનો ઉપાય એક જ હોય - પોતાનાં પાપ કબૂલ કરીને પસ્તાવો કરવો. જેસલ એ પ્રમાણે પોતાનાં બધાં પાપોને સંભારી સંભારીને પશ્ચાતાપ કરે છે અને એ રીતે પાપમુક્ત થાય છે. પછી તોફાન શમી જાય છે અને હોડી પાર ઊતરે છે. જેસલ પોતાનો લૂંટફાટનો ધંધો છોડી દઈને મોટો ભક્ત બની જાય છે. આવી આ લોકકથા છે.

પાપ તારું પરકાશ, જાડેજા! ધરમ તારો સંભાળ રે.

તારી બેડલીને બૂડવા નહિ દઉં, જાડેજા રે!

-એમ તોળલ કહે છે જી. 1.

વાળી ગોંદરેથી ગાય, તોળીરાણી! વાળી ગોંદરેથી ગાય રે,
બહેન ભાણેજાં મારિયાં , તોળલદે રે!

-એમ જેસલ કહે છે જી. 2.

પાદર લૂંટી પાણિયાર, તોળીરાણી! પાદર લૂંટી પાણિયાર રે,
વનના મોરલા મારિયા, તોળલદે રે!

-એમ જેસલ કહે છે જી. 3.

ફોડી સરોવરપાળ તોળીરાણી! ફોડી સરોવરપાળ રે,
વન કેરા મૃગલા મારિયા, તોળલદે રે!

-એમ જેસલ કહે છે જી. 4.

લૂંટી કુંવારી જાન, તોળીરાણી ! લૂંટી કુંવારી જાન રે,
સાત વીસું મોડબંધ મારિયા, તોળલદે રે!

-એમ જેસલ કહે છે જી. 5.

હરણ હણ્યાં લખ ચાર, તોળીરાણી! હરણ હણ્યાં લખ ચાર રે,
એવાં કરમ તો મેં કર્યાં, તોળલદે રે!

-એમ જેસલ કહે છે જી. 6.

જેટલા માથાના વાળ તોળીરાણી! જેટલા માથાના વાળ રે,
એટલાં કરમ તો મેં કર્યાં તોળલદે રે!

-એમ જેસલ કહે છે જી. 7.

પુણ્યે પાપ ઠેલાય, જાડેજા! પુણ્યે પાપ ઠેલાય રે,
તારી બેડલીને બૂડવા નહિ દઉં, જાડેજા રે!

-એમ તોળલ કહે છે જી. 8.

ટિપ્પણ :

બેડલી = હોડી, **બૂડવું** = ડૂબવું, **ગોંદરેથી** = પાદરેથી, **પાણિયારી** = પનિહારી, પાણી ભરીને આવતી સ્ત્રી, **વન કેરા** = વનના, **કુંવારી જાન** = પરણવા જતા વરને લઈ જતી જાન, **સાત વીસું** = એકસો ચાળીસ, **મોડબંધ** = જેના માથા પર મોડ-મુગટ છે એવા કોડભર્યા વરરાજા, **ઠેલાય** = દૂર થાય, આગળ ધકેલાય

નોંધ :

જાન :

લગ્ન પ્રસંગમાં વરરાજા કન્યાને માંડવે પરણવા જાય છે. વરરાજાની સાથે સગાંસંબંધીઓ, મિત્રો હોય છે. વરરાજા સાથે જનારા આ સમૂહને જાન કહે છે. તેના પરથી જાનમાં જવું એટલે કન્યાને માંડવે વરરાજાને પરણાવવા જવું. જાનમાં જનાર પુરૂષને જાનૈયો કહે છે અને સ્ત્રીને જાનેડી કહે છે.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. જેસલે જીવનમાં ક્યાં ક્યાં પાપો કર્યાં હતાં?
2. પાપોમાંથી મુક્ત થવા માટે તોળલ જેસલને શું સૂચવે છે?
3. જેસલ શા માટે મીણ જેવો બની ગયો?

પ્ર.2. નીચે આપેલી પંક્તિઓ પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'લૂંટી કુંવારી જાન તોળીરાણી! લૂંટી કુંવારી જાન રે'.
2. 'જેટલા માથાના વાળ તોળીરાણી! જેટલા માથાના વાળ રે'.
3. 'પુણ્યે પાપ ઠેલાય, જાડેજા! પુણ્યે પાપ ઠેલાય રે,
   તારી બેડલીને નહિ બૂડવા દઉં, જાડેજા રે!'

પ્ર.3. અ: બે-ચાર વાક્યોમાં સમજાવો.

1. પાપ તારું પરકાશ
2. પાદર લૂંટી પાણિયાર
3. સાત વીસું મોડબંધ મારિયા
4. પુણ્યે પાપ ઠેલાય

બ: ટૂંક નોંધ લખો.

1. જેસલે કરેલાં પાપો
2. લોકગીતો

પ્ર.4. "જો કોઈ પાપી નાવમાં બેઠો હોય તો નાવ ડૂબે" આ લોકમાન્યતા પર ચર્ચા કરો.

ભાષાભ્યાસ :

પ્ર.5. શબ્દોનો યોગ્ય અર્થ નક્કી કરી લખો.

1. **ઠેલાવું** (દૂર થવું, ધક્કો મારવો, ખાલી કરવું, ઢોળી નાખવું)
2. **પરકાશ** (બતાવવું, પ્રગટ કરવું, ઉજાસમાં લાવવું,અજવાળું કરવું)
3. **સાતવીસું** (સાત વાર વીસ, સાતસો વીસ, એકસો ચાળીસ, સાતવાર ચાળીસ)

- - - - - -

વિશેષ વાંચન :

જેસલ તોરલનાં જીવનપ્રસંગોને આવરી લેતાં બીજાં કાવ્યો કે ગીતો મેળવીને વાંચો.

* * *

મંગળ મંદિર ખોલો

નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયા :

(જન્મ 1868 - મૃત્યુ 1928)

દલપતરામ, નર્મદ પછી ગુજરાતી કવિતાને નવો વળાંક આપનાર નરસિંહરાવ દિવેટીયા હતા. તેઓએ ગુજરાતી કાવ્ય પ્રવાહને કુંજો અને કુંજગલીઓમાં વહેતો મૂક્યો. તેઓ સાહિત્યપ્રીતિ અને સુધારકતાના સંસ્કારો ગળથૂથીમાં લઈને આવ્યા હતા. તેઓ જાણીતા કવિ, વિવેચક અને ભાષાશાસ્ત્રી હતા.

તેઓએ "કુસુમમાળા, નુપૂરઝંકાર, હૃદયવીણા" જેવા ઉત્તમ કાવ્યસંગ્રહો આપ્યા છે. કુસુમમાળામાં પાશ્ચાત્ય પદ્ધતિનાં પ્રેમ અને પ્રકૃતિવિષયક ટૂંકાં ઉર્મિકાવ્યો છે. આ કાવ્યો આકર્ષક કલાસ્વરૂપ ધારણ કરે છે. પરંતુ તેમની કવિતાનું કીર્તિશિખર છે "સ્મરણસંહિતા". આ કરુણ પ્રશસ્તિ છે. નીચે આપેલું કાવ્ય તેમાંથી લીધું છે. જુવાન પુત્રના અકાળ અવસાનથી આઘાત પામેલા પિતાના અંતરની કરુણમધુર વેદના જોવા મળે છે. તેમાં પ્રભુભક્તિનો મધુર સુમેળ પણ સધાયો છે.

મંગળ મંદિર ખોલો, દયામય! મંગળ મંદિર ખોલો.....ધ્રુવ.
જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લો, લો, દયામય! મંગળ.....
નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો,
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક,
પ્રેમ અમીરસ ઢોળો, દયામય! મંગળ.....

ટિપ્પણ :

વટાવવું = પસાર કરવું, **તિમિર** = અંધકાર, **જ્યોતિ** = તેજ, પ્રકાશ, **ઉર** = હૃદય, **દિવ્ય તૃષાતુર** = દૈવી- ઈશ્વર માટેની ઝંખનાવાળું, **અમીરસ** = અમૃત

નોંધ :

કરુણ પ્રશસ્તિ :

આ એક કાવ્યપ્રકાર છે. કોઇ સ્વજનના કે ગાઢ મિત્રના મરણ ઉપર આ પ્રકારનું કાવ્ય લખાય છે. સાધારણ રીતે આ કાવ્ય સાડા ત્રણસો કે ચારસો પંક્તિનું હોય છે. તેમાં ગત સ્વજનના ગુણની પ્રશસ્તિ હોય છે. તદુપરાંત તેના અવસાનથી લાગેલા આઘાતનું હૃદયસ્પર્શી વર્ણન હોય છે.

કાવ્યના પૂર્વાર્ધમાં શોકનું આલેખન હોય છે. ઉત્તરાર્ધમાં જન્મ, જીવન, મરણ અને તે પછીની સ્થિતિ ઉપર ચિંતન કરવામાં આવે છે. તેના શોકનું પર્યાવસન છેવટે શાંત રસમાં થાય છે.

કવિ દલપતરામનું "ફાર્બસવિરહ" પ્રથમ કરુણ પ્રશસ્તિ છે. નરસિંહરાવની "સ્મરણસંહિતા" બીજી કરુણ પ્રશસ્તિ છે. જેમાં અવસાનની કરુણતામાંથી મરનારનાં સ્મરણો જાગે છે.

સ્વાધ્યાય

પ્ર.1. કવિ હૃદયના પિતા સ્વર્ગીય પુત્ર માટે શી પ્રાર્થના કરે છે?

પ્ર.2. નીચે આપેલી પંક્તિઓ પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
   શિશુને ઉરમાં લો, લો, દયામય !'
2. 'દિવ્ય તૃષાતુર આવ્યો બાળક,
   પ્રેમ અમીરસ ઢોળો દયામય !'

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. "મંગળ મંદિર ખોલો" કાવ્યનો મધ્યવર્તી વિચાર લખો.
2. કરુણ પ્રશસ્તિ

ભાષાભ્યાસ :

પ્ર.4. અ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

ઉર, વેગ, અમીરસ, શિશુ
તિમિર, નિરંતર, જ્યોતિ

બ: નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો.

મંગળ, ભોળું, ખોલવું, પ્રકાશ, મધુર

- - - - - -

વિશેષ વાંચન :

નરસિંહરાવ દિવેટીયા રચિત "સ્મરણસંહિતા" વાંચો.

* * *

અત્તરિયાને

બાલમુકુંદ દવે :(જન્મ : 1916)

બાલમુકુંદ દવેનું વતન વડોદરા જિલ્લામાં આવેલું મસ્તુપુરા ગામ છે. "પરિક્રમા" એમનો કાવ્યસંગ્રહ છે. "સોનચંપો, ઝરમરિયાં" માં એમનાં બાળકાવ્યો સંઘરાયાં છે. સ્વચ્છ અને સુરેખ અભિવ્યક્તિવાળાં છંદોબધ્ધ કાવ્યો, પ્રાચીન લોકગીતો અને ભજનોનાં ઢાળવાળાં એમનાં ગીતો ખૂબ જાણીતાં છે. સરલતા, મધુરતા અને હૃદયસ્પર્શિતા એમનાં કાવ્યોની નોંધપાત્ર વિશેષતાઓ છે.

આ ગીતમાં કવિએ સરળ વાણીમાં ગૂઢ સંદેશ વણી લીધો છે. કવિ અત્તરિયાને મિત્રના સૂરમાં ઉદ્બોધે છે કે અત્તર કાંઈ વેચવાની વસ્તુ નથી. તે તો વહેંચવાની વસ્તુ છે. અત્તરિયાએ સુગંધ વહેંચી વહેંચી જગતને સુગંધી બનાવવું જોઈએ. એમ કરવા જતાં ખોટ ખાવી પડે તો પણ વાંધો નહિ. આપણી પાસે આવનાર આપણા સંસ્કારના બંધનમાં બંધાઈ જાય તે જોવાનું. અત્તરિયાની આડમાં કોઈ ભક્ત કે સંત ચડી આવે તો તેને ના પાડી શકાય નહિ. એ બધાની મસ્તી આ નાનકડા ગીતમાં છે. જો આપણે ફક્ત અત્તર અને અત્તરિયાનો અર્થ જ લઈએ તો પણ અલગ અલગ અત્તરનો મઘમઘાટ આનંદ આપે છે તે વધારામાં. આ નાનકડું ગીત અત્તરના પૂમડાને સૂંઘવું ગમે તેવું છે.

અત્તરિયા! અત્તરના સોદા ન કીજીએ.

અત્તરિયા! અત્તર તો એમનેમ દીજીએ.

હાટડી પૂછીને કોક આવી ચડે તો એને,

પૂમડું આલીને મન રીઝીએ;

દિલની દિલાવરીનો કરીએ વેપાર, ભલે

છોગાની ખોટ ખમી લીજીએ.

ઊભે બજાર લોક આવે હજાર, એની

ઝાઝી ના પડપૂછ કીજીએ;
આપણને વહોરવા આવે, એને તે એલા
ગંધને રે બંધ બાંધી લીજીએ.
આઘેથી પગલાંને પરખી લઈએ, ને એના
ઉરની આરતને પ્રીછીએ;
માછીડો ગલ જેમ નાંખે છે જલ, એમ
નજરુંની ડૂબકી દીજીએ.
આછી આછી છાંટ જરી દઈએ, છાંટીને એવો
ફાયો સલાયો કરી દીજીએ;
રૂંવે રૂંવે સૌરભની લેર્યું લહેરાય, એવાં
ઘટડામાં ઘેન ભરી દીજીએ.

ટિપ્પણ :

અત્તરિયો = અત્તર વેચનાર, **દિલની દિલાવરી** = હૃદયની ઉદારતા, **ગંધને રે બંધ બાંધી લીજીએ** = પ્રેમની સુવાસથી બાંધી લઈએ. **ઉરની આરત** = હૃદયની ઝંખના, હૈયાની ઈચ્છા, **ગલ** = માછલાં પકડવાનો આંકડો, **ફાયો** = અત્તરનું પૂમડું, **વહોરવું** = ખરીદ કરવું, **ઘટડામાં** = શરીરમાં (અહીં)ચિત્તમાં કે મનમાં, **પડપૂછ** = પૂછપરછ.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. આ કાવ્યમાં અત્તરિયાનો શો અર્થ છે?
2. અત્તરનો સોદો ન કરતાં કવિ શું કરવાનું સૂચવે છે?
3. અત્તર વહોરવા આવનારને કવિ કેવી રીતે રાજી કરવાનું કહે છે?
4. કવિ માછીડાની સાથે તુલના કરતાં શું કહેવા માગે છે?

પ્ર.2. નીચે આપેલી પંક્તિઓ પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'દિલની દિલાવરીનો કરીએ વેપાર, ભલે
   છોગાની ખોટ ખમી લીજીએ'.
2. 'આપણને વહોરવા આવે, એને તે એલા
   ગંધને રે બંધ બાંધી લીજીએ'.
3. 'ફૂંવે ફૂંવે સૌરભની લેર્યું લહેરાય, એવાં
   ઘટડામાં ઘેન ભરી દીજીએ'.

પ્ર.3. કાવ્યનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

ભાષાભ્યાસ :

પ્ર.4. અ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

સોદો, હાટડી, કોક, આલવું, ખોટ,
ઝાઝું, આઘેથી, આરત, ઘેન, પડપૂછ

બ: નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો.

ખોટ, આઘેથી, ડૂબવું, આછું.

- - - - - -

વિશેષ વાંચન :

મકરંદ દવેનું "ગમતાંનો કરીએ ગુલાલ" કાવ્ય વાંચો.

* * *

આપની યાદી

કલાપી : (જન્મ 1874 : મૃત્યુ : 1900)

કલાપીનું મૂળ નામ સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ હતું. 'કલાપીનો કેકારવ' તેમનો કાવ્યસંગ્રહ છે. શ્રી અને સરસ્વતી બંને તેને વરી હતી. પ્રેમ અને આંસુની વાત કરતી તેમની કવિતાઓ પ્રસિધ્ધ છે. હૃદયની કોમળતા અને લાગણીની મૃદુતાને લીધે તેમની કવિતાઓ કોમળ, ઊર્મિલ અને હૃદયસ્પર્શી બની છે. 'સંવાદો, કલાપીની પત્રધારા, કાશ્મીરનો પ્રવાસ' એમની અન્ય ગદ્યકૃતિ છે.

'આપની યાદી' - પ્રકૃતિનાં સુંદર દૃશ્યો, માનવસૌંદર્ય અને દેહરચના, માનવ હૃદયની સરસતા - આ સર્વમાં પ્રભુનું અસ્તિત્વ પ્રતીત થાય છે. આ સર્વ પ્રભુની યાદીરૂપ છે. માનવી જ્યાં સુધી એમાંથી પ્રભુની સ્મૃતિ તારવી શકે છે ત્યાં સુધી માનવીને જગતના આઘાતથી ડરવાની જરૂર નથી. એવો ભાવ આ સુંદર ગઝલમાં થયો છે.

---

1. જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની;
   આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની.
   માશૂકોના ગાલની લાલી મહીં લાલી અને,
   જ્યાં જ્યાં ચમન, જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!

2. હું જાઉં છું, હું જાઉં છું, ત્યાં આવશો કોઈ નહીં,
   સો સો દીવાલો બાંધતા, ત્યાં ફાવશો કોઈ નહીં.

3. પેદા થયો છું ઢૂંઢવા, તુંને સનમ,
   ઉંમર ગુજારી ઢૂંઢતા, તુંને સનમ.

4. હા પસ્તાવો! વિપુલ ઝરણું, સ્વર્ગથી ઊતર્યું છે,
   પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

5. કલા છે ભોજ્ય મીઠી તે ભોક્તા વિણ નહિ,
   કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહિ.

6. સૌંદર્ય વેડફી દેતાં ના, ના, સુંદરતા મળે,
સૌંદર્ય પામતાં પહેલાં, સૌંદર્ય બનવું પડે.
સૌંદર્ય ખેલવું એ તો પ્રભુનો ઉપયોગ છે,
પોષવું, પૂજવું એને, એ એનો ઉપભોગ છે.

7. દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની.
થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાંયે આશના,
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની.

ટિપ્પણ :

લાંલી = રતાશ, **ચમન** = બાગ, **ગુલ** = ફૂલ, **વિણ** = વિના, વગર, **ભોક્તા** = ભોગવનાર, **માશૂક** = સૂફીમત પ્રમાણે પરમાત્મા, **ભોજ્ય** = ખાવા કે ભોગવવા યોગ્ય, **વેડફવું** = બગાડવું, નકામું ઉડાવી દેવું, નકામું ખર્ચી નાંખવું, **આશના** = મિત્ર, દોસ્ત, **શરાબી** = નશો, ખુમારી. જે વખતે હું જુલમોથી ત્રાસી ગયો હોઉં છું અને કોઈ જ મિત્ર કે સાથી દેખાતું હોતું નથી તે વખતે આપની યાદી મારા હૃદયમાં તાજી થાય છે અને મારું મન મસ્ત બની જાય છે.

નોંધ :

ગઝલ :

અર્વાચીન યુગનાં કાવ્યસ્વરૂપોનો એક પ્રકાર છે. મૂળ એ ફારસી કાવ્યપ્રકાર છે જેનો અર્થ છે પ્રેમકાવ્ય. ગઝલમાં ફારસી છંદોનો જ ઉપયોગ થાય છે, જે વજન ઉપર આધાર રાખે છે. આપણા છંદોની જેમ તે લઘુ-ગુરુ માત્રા ઉપર આધાર રાખતા નથી.

ગુજરાતી સાહિત્યમાં સૌ પ્રથમ ગઝલ લાવનાર હતા શ્રી. બાલાશંકર કંથારિયા. તેમણે ફારસી ગઝલકાર હાફેઝની ગઝલોનો અનુવાદ કર્યો છે.એમની ગઝલો સૂફીવાદથી ભરેલી છે. ભાવનાની દૃષ્ટિએ કલાપીની ગઝલો ઉત્તમ છે. પ્રેમમસ્ત રહેવું અને તેમાં જ ફના થઇ જવું એ તેની ગઝલોનું વક્તવ્ય છે. આજની પેઢીના શાયરોમાં શૂન્ય પાલનપુરી, સૈફ પાલનપુરી, બેફામ, અનીલ બેકાર વગેરે જાણીતા છે.

સ્વાધ્યાય

પ્ર.1. નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.

1. કવિ ઈશ્વરને ક્યાં ક્યાં જુએ છે?
2. ઈશ્વરને શોધવા કવિએ શું કર્યું?
3. કવિ કલા વિષે શો મત ધરાવે છે?
4. કવિને ઈશ્વરની યાદ કયા સંજોગોમાં આવે છે?

પ્ર.2. નીચે આપેલી પંક્તિઓ પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. 'આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની'.
2. 'પાપી તેમાં ડૂબકી દઇને પુણ્યશાળી બને છે'.
3. 'સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે'.
4. 'ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની'.

પ્ર.3. ટૂંક નોંધ લખો.

1. ગઝલ
2. કવિના મતે સૌંદર્ય

પ્ર.4. કલાપીની ગઝલમાં વ્યક્ત થતી દર્દદિલી વર્ણવો.

ભાષાભ્યાસ:

પ્ર.5. અ: નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

ઢૂંઢવું, ચમન, ગુલ, વિશ, ફિકર, આશના

બ: નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો.

સુંદરતા, વેડફવું, પુણ્યશાળી, તાજું

- - - - - -

વિશેષ વાંચન :

કલાપીનો "કેકારવ" વાંચો.

* * *